
ઇરાની શાહાંનશાહતનો ઇતિહાસ.



મ૦ એ૦ દાદરાવાળા.

A Short Chronicle History of Persia

IN TWO VOLUMES.

Vol. I.

FROM B.C. 558 TO 651 A.D.

BY

Manchershah Erachshah Dadravala.

BOMBAY:

Printed by Maneckjee Nowrojee Printer at the Jam-e-Jamshed Printing Works, Manglore Street, Fort, Bombay and Published by Mr. Manchershah Erachshah Dadravala, Dr. Dajee's Chaul, Bhoypura, Nagpur.

દાદરાવાલાકૃત પુસ્તક ૧ લું.

ઇરાની શાહાનશાહતનો સંક્ષેપ્ત ઇતિહાસ.

બે ભાગોમાં.

વોલ્યુમ ૧ લું.

ઇ૦ પુ૦ ૫૫૮—ઇ૦ સ૦ ૬૫૧.

બનાવનાર

મનચેરસા એરચસા દાદરાવાલા

મુંબઇ:

જામ જમશેદ પ્રીંટીંગ વર્કસ, મેંગલોર સ્ટ્રીટ, કોટ, મુંબઈ મધે

માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે અને મનચેરસા એરચસા

દાદરાવાલાએ ડૉ૦ દાજીની ચૉલ, ભાયપુરા,

નાગપુર મધેથી પ્રગટ કીધું છે.

૧૯૧૫.

અર્પણ પત્ર.

ખાં૦ બાં૦ બેહરામજી પેસતનજી

મરચંટ, કાન્ટ્રેકટર, વિ૦ વિ૦, નાગપુર.

માનવંતે સાહેબ,

નાગપુર અને કામ્પટીની પારસી અંજુમનની તમોએ બજાવેલી
કીંમતી સેવા, ગરીબો પ્રત્યેની તમારી દાઝ, સાહીત્યના સેવકો
તરફની તમારી માયાળુ લાગણી, ન્યાતજાતના ફરક
બીનાની તમારી સખાવતો, કેળવણીના વધારા
માટેની તમારી દિલસોજી

અને

જાહેર પ્રજાના ભલા માટેની તમારી ઊંચી ઉત્કંઠા

તથા.

એ ઉપરાંત બીજાં અનેક તમારાં ભલા કામોની
એક નજીવી ઇધાંણી તરીકે આ મારૂં પ્હેલું
પુસ્તક તમો સાહેબને પુરતા માન

અને

અહેસાનના ઉંડા ઉભરા સહિત અર્પણ કરવાનો
હું રજા લઉં છું.

નાગપોરના પારસી અગ્રેસર.



ખાનબહાદુર બેહેરામજી પેસ્તનજી કંત્રાકટર.

[ખાનબહાદુર બેહેરામજી કંત્રાકટરનાં માનમાં મધ્ય પ્રાંતોના ચીફ કમીશનર સર બેનજામીન રૉબર્ટસને ગયા માસમાં એટ-હોમનો મેળાવડો કરયો હતો, અને એક દરબાર ભરીને એવણને ખાનબહાદુરના ખેતાબનો ચાંદ તથા વાઇસરૉય તરફની સનદ એનાયત કરી હતી. નામદાર શેહેનશાહના રાજ્યાભિષેક વખ્તે પણ એવણને એક સોનાનો ચાંદ એનાયત કરવામાં આવયો હતો. ખા૦ બા૦ બેહેરામજી એક ફર્સ્ટ કલાસ ઑનરરી માજીસ્ત્રેટ, નાગપોર સીવીલ સ્ટેશન કમીટીના મેમ્બર તથા નાગપોર કાંપટીની જરથોસ્તી અંજુમનના સેક્રેટરી છે. તેવણે આરામગાહની જમા ઉપર ઘણાક સુધારા વધારા કરી સગડી માટે સુંદર મકાન બંધાવીને અંજુમનને ભેટ કર્યું છે. બાલાઘાટ જીલ્લામાં એવણની મેંગનીઝની ખાણો છે, જયાં એવણે એક સ્કુલનું મકાન બંધાવી આપ્યું છે. એવણના આશરા હેઠળ જરથોસ્તીઓ તેમજ બીજા સેંકડો ગરીબો રોજી મેળવે છે. એવણની ખાનગી તેમજ જાહેર સખાવતો ઘણી છે ——જામે જમશેદ.]

BYRAMJEE PESTONJEE,

MERCHANT, CONTRACTOR, &c.,

Nagpur.

BYRAMJEE PESTONJEE, Merchant, Contractor, Proprietor of Mines, Honorary Magistrate, First Class, etc., Nagpur was born at Neemuch in 1872 where he had the usual education at the local school. In the year 1889 he migrated to the Central Provinces with his father, who was also a Merchant and Contractor. His father found in him an apt, intelligent, and energetic child who from his boyhood took a keen and lively interest in his father's business, and to the youth was drawn the attention of everyone who came into business contact with the father.

Mr. Byramji lost his father in the year 1892, and since then the burden of his father's business fell on his shoulders, and very soon he not only considerably extended it, but his energies found vent in other directions as well. It may be well said that Mr. Byramji is the maker of his own fortune, and has risen to his present prominent position by his own sheer merits, abilities and exertions.

He has undertaken and carried out successfully big works of the Railway and Public Works Department, in record time; he has earned first class Gold and Silver Medals at Exhibitions for the excellent work turned out from his extensive Cabinet and Coach-building Workshops in Nagpur; and he is in general and great request to undertake the working of Manganese Mines being the contractor for almost all the chief and important mines in the Central Provinces, including those of such premier Companies as the Central Provinces Prospecting Syndicate, Ld., the Tata Iron and Steel Co., Ld., etc.

VIII.

He is also himself a Proprietor of several Manganese Coal and other Mineral Mines in the Central Provinces, being recognised by the Government and possessing a certificate of fitness for Prospecting for Minerals in the Central Provinces and other places in India. In the Mines Department alone he has under him a large expert European and Native Staff commanding no less than 4 to 5 thousand coolies working at his various Mines.

Being a large exporter of Minerals, he took occasion of the Coronation of King George V. to visit with his wife England and Europe, to investigate for himself the European Markets and made a long and detailed tour of over five months for the purpose.

Mr. Byramjee, like all busy men of business, finds from his very engrossing and extensive manifold occupation, time for public works of various kinds and utility and commands the respect and confidence both of the people as well as the Government. He is the Secretary of the Parsee Anjuman of Nagpur and Kamptee, and as such occupies a very influential and prominent position amongst his community to whom he presented a Prayer house at the Parsee Cemetery costing Rs. 10,000. He has been a Municipal Commissioner, and is an Honorary Bench Magistrate of the First-class in Nagpur. He is a prominent Mason, a Member of the Central Provinces and Berar Mining Association, and an Associate of the Geological and Mining Institute of India.

Mr. Byramjee had the honor of being invited with his wife to the Delhi Coronation Durbar of the 12th December, 1911, and is a recipient of the Durbar Medal.

(*Imperial Coronation Durbar, Delhi. 1911. Vol. 2, Khosla.*)



Photo by J. S Taraporevala. આપનો હિતેચ્છુ કેખો.

INTRODUCTION.

The author of this book, Mr. M. E. DADRAVALA, a student of Morris College, Nagpur, is my friend and pupil. He is a careful and enthusiastic student of the History of Persia, our ancient Fatherland. He has long been busy with Persia's past, and there is no book on the subject written in English or in Gujarati which has not passed through his industrious hands. The present book "A Short Chronicle History of Persia from the Earliest times to the Arab Conquest," which I have great pleasure in introducing to all those who can read Gujarati (for it is written in Gujarati) is the product of years of patient study, reflection and industry devoted by the youthful author to this great and interesting subject. Written as it is after a careful and critical perusal of all the available books on the subject, Mr. Dadravala's "Short History" is a valuable contribution to the literature bearing on the History of Persia. The style employed by the author is a mixture of the concise chronicle style and the diffusive style of narrative history. Thus it will meet the requirements of all kinds of readers, of those who seek amusement more than instruction as well as of those who seek instruction more than amusement. For the latter the present volume will be a mine of information about the Persian History, and also the most convenient book for purposes of reference or study available on the subject either in English or in Gujarati.

GOVERNMENT COLLEGE,
JUBBULPORE,
14th November 1914.

B. C. WATCHMAKER

ઊપકાર પત્ર.

આ પુસ્તક પ્રગટ કરવા માટે મ્હને અત્યાર સૂધીમાં ગુજરાતી તેમજ અંગ્રેજીમાં બહાર પડેલા ઇરાન અને તેની સાથે સંબંધ ધરાવનારા દેશોની તવારિખને લગતા અનેક પુસ્તકોની મદદ લેવી પડી છે. એ સર્વ પુસ્તકોના કર્ત્તાઓનો આ પ્રસંગે સામટો ઊપકાર માનવાની તક હાથ ધરૂં છું. આ પુસ્તક પાંચ વર્ષોની ખંતીલી મેહેનત અને લગભગ ૧૫૦ પુસ્તકોના ઉંડા અભ્યાસનું પરિણામ છે.

એક શુદ્ધ તવારિખનવેશની પવિત્ર ફરજ—સચાઇની શોધમાં સદા મશગુલ રહી, પોતાના અંતઃકરણના અચૂક અવાજને સદા આધિન થઇ, લાયકની લ્યાકતને વખાણી બદીની બદીને બાપોકાર બહાર પાડવામાં સમાયલી છે. એજ સચાઇને શ્રણ થઇ, અંતઃકરણના અચૂક અવાજને બહાર પાડતા મ્હારે આજે કબૂલ કરવું જોઇએ કે ઇરાનની તવારિખને લગતો મ્હારો શોખ જો કોઇ પણ ગ્રહસ્થને આભારી હોય તો તે ગ્રહસ્થ શેઠ પાહલનજી બરજોરજી દેશાઇ છે. એવણને ઓળખવાનું મને માન નથી; પણ હું એવણને ફકત એવણના નામ અને ઇરાની સાહિત્યની સેવા બજાવવાને લગતાં એવણના રૂડાં કામથીજ ઓળખુ છું. એવણના ભાઈ શેઠ કેખસરૂ બરજોરજી દેશાઈ મ્હારા એક શિક્ષક હતા. આજે જયારે પ્યારી સરજમીન પણાતા ઇરાનની તવારિખને લગતો શોખ પાર્સી કોમમાં વધુ ને વધુ ફેલાતો જાય છે ત્યારે તેજ શોખને આગળ વધારવા અને જે સબકતી સરજમીને અનેક મહાત્મા મહાવીરો, શમશેરકશ શૂરવીરો, અને જંગી જેહાંગીરોને જન્મ આપી પણાતા પાર્સી નામને આ પૃથ્વી ઉપર પ્રસિદ્ધ કીધું, અને જે જગપ્રસિદ્ધ જોદ્ધાઓની ધર્તિ ધ્રુજાવનારી ધમાધમીએ આ ચોખુંડ જેહાનના ખૂણેખૂણા ધ્રુજાવી મેળી પોતાના પ્રતાપના પ્રકાશથી અસલી જૂલ્મી રાજયોના અંધાધુંધી અંધેર અમલોના અંધારનો અંત આણી પાર્સી કોમની કીર્તિનો વધારો કીધો, તે દેશની અમર કીર્તિનો અચૂક ખ્યાલ આપનારા **તવારીખી સાહિત્યની સેવા બજાવનારી એક મંડળી** સ્થાપવાનો સાહાસ શેઠ પાહલનજી માથે ઉઠાવશે એવી આશા રાખું છું.

મ્હારા કામમાં મ્હને મ્હારા માનવંત ઉસ્તાદ સાહેબ પ્રોફેસર બેહરામજી કાવસજી વ્રૉચમેકર M. A. નું મ્હોટું ઉત્તેજન હતું. એવણુ સાહેબની મ્હારા પ્રત્યેની મમતાળુ લાગણી અને દિલશોજ મેહેરબાનીઓને આજે હું માન અને મગરૂરી સાથે યાદ કરૂં છું. સાદાઇનો સાચો સજ, સદગુણ, સભ્યતા અને સચાઇના સાચા સેવક બની, મ્હોટા નરમાસ સાથે એવણુ સાહેબ જ્યારે અમો ચેલાઓ સંનમુખ પોતાની ઉંચ કેળવણીનો લાહવો આપતા. અને જે દેશે અમને જન્મ આપ્યો તેજ ભારત ભૂમિના ભાવિક ભક્તો બની, ખરા દેશભક્તો તરિકે દેશની દાઝ હૈડે ધરી જે પ્રતાપિ, પ્રસિદ્ધ, પ્રજાપાળક શાહાનશાહતના શિતળ છાયા તળે અમો વસ્યે છિયે તેજ શાહાનશાહતના સાચા શ્હેરીઓ બની, ખોદા, માબાપ, અને જનસમાજ તરફની પવિત્ર ફરજ પૂરતા ભાવ સાથે બજાવવા, અને પોતાની કોમ, દેશ, અને શાહાનશાહતની કીર્તિ વધારવાનો ઉપદેશ આપવા ઉભા રહેતા ત્યારે અમારૂં હૈયું હરખથી હરખાઇ જતું અને એવણુ સાહેબને એક ખરી ગ્રહસ્થાઇના નમુના તરિકે અમારી નજર સનમુખ ધરી એવણુને પગળે ચાલવાનો મક્રમ ઠેડાવ કરતા.

આ તકે માનવંત પ્રો૦ બા૦ બેહરામજી પેસતનજી કૉન્ટ્રેક્ટરની દિલશોજ મદદ માટે એવણુ સાહેબ તરફના મ્હારા એહેસાનનો ઊંડો ઊભરો બહાર કાઢવાની રજા ચાહાવું છુ. છેલ્લે મ્હારા કામમાં મદદ આપનારા સઘળાં દિલશોજ બાનુઓ અને ગ્રહસ્થોનો આભાર માની આ પુસ્તકમાં જો કંઇ ખામીઓ નજરે પડે તો તે ખામીઓ સુધારવાની તસ્દી લેવા માટે તેમને એક નમ્ર અર્જ કરી ખતમ કરૂં છું.

બહનેરા
તા૦ ૧-૧૨-૧૪. } મ૦ એ૦ દાદરાવાળા.

આ પુસ્તક તૈયાર કરવા માટે લીધેલી જૂદા જૂદા પુસ્તકોની મદદ.

પુસ્તકોના નામો.

૧. The Ancient History of the East.... *Smith.*
૨. Ancient Egypt ... ... *Rolinson.*
૩. Stories of the Nations. Media. ... *Ragozin.*
૪. „ „ „ „ . Carthage ... *Church.*
૫. „ „ „ „ . Assyria ... *Ragozin.*
૬. Short History of the Sarassans ... *Ameer Ali.*
૭. Annals of the Early Caliphate...... *Muir.*
૮. Literary History of Persia Vol. I.... *Browne.*
૯. Imperial Gazetteer of India Vol. II.
૧૦. Annals and Antiquities of Rajsthan Vol. I.... ... ... *Tod J.*
૧૧. History of Greece. V—X...... ... *Grote.*
૧૬. „ „ „ ... ... *Smith.*
૧૭. „ „ „ ... ... *Bury.*
૧૪. Problems in Greek History... ... *Mahaffy.*
૧૯. History of Greece ... ... *Tyffe.*
૨૦. History of Rome ... ... *Creighton.*
૨૧. Roman History ... ... *Koch.*
૨૨. Julius Cœsar ... ... *Fowler W.*
૨૩. Outlines of Roman History... ... *Pelham.*
૨૪. The History of Rome Vols. I.—V.... *Mommsen.*
૨૯. The Provinces of Roman Empire I & II. „
૩૧. The Decline and Fall of Roman Empire Vols I.—VI... ... ... *Gibbon.*
૩૩. Xenophone... ... ... *Collins.*
૩૪. Annals of Tacitus ... ... *Brodribb.*
૩૫. Herodotus ... ... *Swayne.*
૩૬. Plutarch's Lives Vols I—IV. ... *Plutarch*

પુસ્તકોના નામો.

૪૦. Encyclopoedea Brittanicca ... ...

૪૧. Herodotus Vols. I and II. ... ... *Rolinson.*

૪૩. Five Ancient Monarchies Vols I–IV. *G. Rolinson.*

૪૭. Seventh Great Oriental Monarchy... ,,

૪૮. Christianity in the Persian Dominions ... ... *E. Rehatzek.*

૪૯. History of Greece, Vols. I and II.... *Sir G. W. Cox*

૫૧. Fifteen Decisive Battles of the World.... ... ... *Sir E. Creasy.*

૫૨. Ancient History Vols I and II. ... *Rolinson.*

૫૪. Bible ... ...

તેમજ અત્યાર સુધીમાં ગુજરાતીમાં બહાર પડેલા એકેએક ઇરાનની તવારિખને લગતા પુસ્તકો.

ERRATA.

પૃષ્ઠ	લિટી	અશુદ્ધ	શુદ્ધ
૪	ફુટનોટ	Encyclopedia	Encyclopaedia
૫	”	”	”
૧૩	૧૯	બળવાખોરે	બળવાખોર
૧૮	૮	નદીનબીરને	નદીતબીરને
૨૩	૧૫	(ફ્રેંચ)	(જર્મન)
૨૮	છેલ્લી	”	”
૪૬	૧	બગબક્ષ	બગબક્ષે
૫૭	૬	નાશભાગમાં	ન્હાસભાગમાં
૬૩	૧૧	થવાની	થવાથી
૬૯	૧૬	ન્હાસાડી	ન્હસાડી
૭૬	૨૫	નીમકહારામ	નિમકહરામ
૯૩	૪	ખનખાર	ખૂનખાર
૧૬૦	૪	શત્ર	શત્રુ
૧૨૦	૧૧	એન્ટીઓકસ	ઍન્ટીઓકસ
૧૨૩	૧૮	કર્યા	કર્યો
૧૨૩	ફુટનોટ	“ આર્મીન્યાનો સંક્ષિપ્ત ઇતિહાસ”	“ આર્મીન્યાના મજદયસ્નાન પાદશાહિ”
૧૬૦	૨૭	પેતાના	પોતાના
૧૭૪	૩	રહ્યા	રહ્યો
૧૯૧	૪	ખનખાર	ખૂનખાર
૨૦૪	મથાળું	શાહપહરી	શાહપ્રુહરી
૨૧૯	૧૫	કર્યા	કર્યો
૨૩૭	૧	બળવાખોરોને	બળવાખોરોનો
૨૫૨	૭	અમીડાન	અમીડાના

સાંકળિયું.

ભાગ ૧.

હખામનીશ શાહાનશાહતનો સંક્ષિપ્ત સાર.

ભાગ ૨.

પશ્ચિમ. એશિયાના પાર્સી સામ્રાજ્યો.

ભાગ ૩.

અશ્કાની શાહાનશાહતનો સંક્ષેપ્ત ઇતિહાસ.

ભાગ ૪.

સાસાની શાહાનશાહતનો સંક્ષેપ્ત ઇતિહાસ.

ભાગ ૧.

હુખઈમનીશ શાહાનશાહતનો

સંક્ષેપ્ત સાર.

પર્સીસના પ્હેલા પાદશાહો.

ઇ૦ સ૦ પૂ૦ ૬૫૮—૫૫૦

૬૫૮. **પર્સીસના પસારગોદી** નામના **પાર્સી** તાયફાના વડા **હખઇમનીશે (હખામનીશે) પર્સીસની** પાદશાહત સ્થાપી.

* **હખઇમનીશ** મરણ પામ્યો. તેનો બેટો **ચીશપાઇશ (ટીસ્પીસ) પર્સીસની** ગાદી ઉપર આવ્યો.

* **મદા (માદ, મીડિયા)**ના મોટા પાદશાહે **ફ્રવર્ટિસે પર્સીસ** ઉપર ચઢાઈ લાવી તેને **મદા (મીડિયા)** નું ખંડિયું રાજ્ય બનાવ્યું.

૫૯૬. **પર્સીસના "મોટા પાદશાહ" ચીશપાઈશે ઍલામની** શાહાનશાહતની પડતીનો લાભ લઈ, **ઍલામ** ઉપર ચઢાઇ કરી, **અન્જન (અન્સાન)** નો પ્રાંત જીતી લઈ, તેને **પર્સીસ** સાથે જોડી દીધો.

‡ **ચીશપાઈસે** પોતાના રાજ્યના બે વિભાગો પાડયા. તેણે **અન્જનનું** રાજ્ય પોતાના વડા બેટા **કુરૂશ ૧.** ને આપી, **પર્સીસનું** રાજ્ય પોતાના બીજા બેટા **આર્યરામનને** બક્ષ્યું.

‡ "**અન્જનનો** મોટો પાદશાહ" **કુરૂશ ૧.** મરણ પામ્યો. તેનો બેટો **કબૂજિય (કમ્બાઈસિસ) ૧.** ગાદીએ બેઠો.

‡ "**પર્સીસનો** પાદશાહ" **આર્યરામન** મરણ પામ્યો. તેનો પૂત્ર **આર્સામ** તખ્તનશીન થયો.

‡ "**અન્જનનો** મોટો પાદશાહ" **કબૂજિય ૧.** મરણ પામ્યો. તેનો બેટો (મહાત્મા) **કુરૂશ (કાંઇરસ, સાઇરસ) ૨.** ગાદીપર આવ્યો.

———o———

* ઊપલા બનાવોની ચોક્કસ તારીખ મળતી નથી.

‡ ઊપલા બનાવોની નક્કી તારીખ આપણને મળી નથી.

કુરૂશ ૨.

મહાત્મા સાઇરસ, ખોરેશ;

ઇ૦ સ૦ પૂ૦ ૫૫૮–૫૨૯.–૨૯ વરસ.

ઇરાનનો પ્હેલો પાર્સીશાહાનશાહ.

૫૫૮. (પાયતખ્ત **એક**બેતાનાવાળા) **મં**દાના રાજ્યના ભટકતા જંગલી તુરાની (સ્કીથ્યન) ટોળાના પાદશાહ **'ઈસ્તુવેગૂ' (એસ્તિયાજીસ)** એ "અન્જનના મોટા પાદશાહ" **કુરૂશ ૨.** નું રાજ્ય જીતવા **કુરૂશ** સામે ચઢાઈ કીધી. **ઈસ્તુવેગૂ**ના બેદીલ લશ્કરે તેના જૂલ્મથી કંટાળી જઈ, તેની સામે બળવો ઉઠાવ્યો. બળવાખોરોએ **ઈસ્તુવેગૂ**ને કેદ કરી, તેને તેના શત્રુ **કુરૂશ**ને સોંપી દીધો.

૫૫૮. મહાત્મા **કુરૂશે ઈસ્તુવેગૂ** સામે વેર લેવા તેના '**મં**દા'ના રાજ્ય ઉપર ચઢાઈ કીધી. **કુરૂશે મં**દાનું પાયતખ્ત **એક**બેતાના ફત્તેહ કરી ત્યાંની સઘળી દોલત **પર્સીસ** ખાતે લઈ જઇ '**મં**દા'ના રાજ્યને પોતાના રાજ્ય સાથે જોડી દીધું.

૫૫૧. * **મદા** (**માદ, મીડિયા**) ના શાહાનશાહ સામે તેના **"ન્હાના ગુલામ"** (ખંડિયા રાજા) **"અન્જનના મોટા પાદશાહ" કુરૂશે** તેનાથી સ્વતંત્ર થવા બળવો ઉઠાવ્યો.

૫૫૦. * મહાત્મા **કુરૂશે** (**મીડિયા** ઉપર ચઢાઈ કરી, ત્યાંના શાહાનશાહને હરાવી કેદ પકડી, **મદા** (**મીડિયા**) ની શાહાનશાહતની આખરી આણી. **કુરૂશ મદા** (**મીડિયા**) નો શાહાનશાહ થયો.

૫૪૯. લીડિયાના બજ્યા શાહાનશાહ **ક્રીસસે** પોતાના બનેવી-**મદા** (**મીડિયા**) ના છેલ્લા શાહાનશાહનું વેર લેવા, **બાબિરૂશ** (**બૅબીલોન**) **મુદ્રાય** (**મિસર, ઈજીપ્ત**) અને **સ્પર્દ** (**સ્પાર્ટા**) સાથે અરસપરસ મદદ આપવાના કોલકરારો કરી, **કુરૂશ** સામે લડાઈ જાહેર કીધી.

૫૪૬. ક્રીસસે હેલિસ નદી પસાર કરી **કતપતુક** (**કૅપેડોશિયા**)

---

* Encyclopedia Britannica.

ઉપર ચઢાઈ કીધી. **ક્રીસસે** કતપતુકના પાયતખ્ત **ટીર્યા**ને ફતેહ કરી, ત્યાંના રહેવાસીઓને તેણે ગુલામ દાખલ વેંચ્યા.

૫૪૬. મહાત્મા **કુરૂશે ક્રીસસ** ઉપર **ટીર્યા** ખાતે હુમલો કીધો. **ટીર્યા**ના ખુનખાર જંગમાં **ક્રીસસ**નો જબરો પરાજય થયો * અને **લીડિયનો** (**લીડિયા**ની રાજધાની) **સાર્દિસ** તરફ નાઠા. મહાત્મા **કુરૂશે હેલિસ** નદી ઓળંગી **લીડિયા** ઉપર ચઢાઈ કીધી. **સાર્દિસ**ના મેદાનમાં થયલી બીજી મહાભારત અસાધારણ લડાઈમાં **લીડિયનો** પાછા હાર્યા અને **સાર્દિસ**ના કિલ્લામાં ભરાયા. **ઈરાનીઓએ સાર્દિસ**ને ઘેરો ઘાલ્યો. મહાત્મા **કુરૂશે** ૧૪ દિવસના ઘેરા પછી **સાર્દિસ** જીતી લઈ **ક્રીસસ**ને કેદ પકડયો. **કુરૂશે લીડિયા**ની શાહાનશાહતને પોતાના રાજ્ય સાથે જોડી દઈ, **ક્રીસસ**ને પોતાનો સલાહકાર બનાવ્યો.

૫૪૬. મહાત્મા **કુરૂશે** ઈરાની સરદાર **તાબાલુસ**ને **લીડિયા**નો શત્રપ (હાકમ) બનાવી, **પેકત્યાસ** નામે **લીડિયન**ને **સાર્દિસ**નો ખજાનો ભેગો કરી **ઈરાન** લાવવા ફરમાવી, પોતે **હમદાન** પાછો ફર્યો.

૫૪૬. પેકત્યાસે લીડિયનોને ઉશ્કેરી, **કુરૂશ** સામે બળવો ઉઠાવી ભાડુતી લશ્કર ઊભું કરી, **સાર્દિસ**ને ઘેરો નાખ્યો. મહાત્મા **કુરૂશે માજારીસ** નામે **મીડિયન** સરદારને મોટા સૈન્ય સાથે **પેકત્યાસ** સામે લડવા મોકલ્યો. બળવાખોરો વગર લડાઈએ ઘેરો ઉઠાવી ન્હાસભાગમાં પડયા. **પેકત્યાસ** ઘણી ન્હાસભાગો પછી કેદ પકડાઇ માર્યો ગયો.

૫૪૬–૫૪૫. સરદાર **માજારીસે** ઈયોન્યાના સરકશ ગ્રીક (યુનાની) સામ્રાજ્યો સામે ચઢાઇ કીધી. **માજારીસે પ્રાએન** શહેર જીતી, ત્યાંના રહેવાસીઓને ગુલામ દાખલ વેંચ્યા. તેણે **મીઆન્ડર** નદી ઉપર આવેલું **મેગ્નીશ્યા**નું શહેર અને કિલ્લો સર કરી લૂટ ચલાવી. **માજારીસ** માંદો પડી મરણ પામ્યો. તેની જગા પર **કુરૂશ**નો મોટો મદદગાર મીડિયન સરદાર **હાર્પેગસ** નિમાયો.

---

* Encyclopedia Britannica.

૫૪૫. સરદાર **હાર્પેગસે** ઈયોન્યાને લગતા–**ફોશિયા, ટીઑસ, માયુસ, પ્રાએન, ઈફીસસ,** કોલોફૉન, લેબેડસ, **કલેજોમીની, ચીઓસ, ઈરીથ્રી** અને **સ્પર્નો**ના રાજ્યો, તેઓને લગતા ટાપુઓ સાથે જીતી લીધા.

૫૪૫. હાર્પેગસે ઈયોલ્યાને લગતાં ૧૧ **ગ્રીક** સામ્રાજ્યો ફત્તેહ કીધા.

૫૪૪. હાર્પેગસે કારિયન, કૉન્યન અને ડોરિયન (ગ્રીક) પ્રજાઓને તાબે કીધી. **હાર્પેગસે લીશિયા** ઉપર ચઢાઇ કીધી. જેન્થસના ખુનખાર યુદ્ધમાં **લીશિયનો**નો સંહાર થયો અને **લીશિયા ઈરાન**ને તાબે થયું.

૫૪૬–૫૪૦. મહાત્મા **કુરૂશે બાખ્ત્રિશ** (**બલ્ખબામી**) ઉપર ચઢાઈ કીધી. એક વગર હારજીતની લડાઇ પછી **બેકત્રિયનો કુરૂશ**ને શરણ થયા. * **કુરૂશે સકા** (**સકયા**) ઉપર સ્વારી કીધી. **સકા**નો રાજા **અમોર્જીસ** પ્હેલી જંગમાં માર ખાઇ કેદ પકડાયો.* બીજી લડાઇમાં **અમોર્જીસ**ની રાણી **સ્પારેથ્રાએ કુરૂશ**નો પરાજય કર્યો.* મહાત્મા **કુરૂશે અમોર્જીસ**ને જીવતદાન બક્ષવાથી **સકી** લોકો **કુરૂશ**ને તાબે થયા.* મહાત્મા **કુરૂશે હીર્કેન્યા** (**વેહેરકાન**), ઉવાર્ઝ્મ્ (**ખોરાસ્મ્યા**), **પર્થવ** (**પાર્થ્યા**), **શુઘુદ** (**સોગ્દિયાના**), હરઈવ (**આર્યા**), **દ્રાન્જિયાના**, હરઉવતિશ (**એરેકોશિયા**), **ગદાર** (**ગંદાર્યા**), વિ૦ રાજ્યો **જીતી** લીધા. **કુરૂશે 'સાઈરસચાતા'** શ્હેર સ્થાપ્યું.

૫૩૯. ઈરાન અને **બૅબીલોન** (**બાબિરૂઉશ**) વચ્ચે લડાઇ જાગી. **બાબિરૂઉશ**ના શાહાનશાહ **નબુનાહિદ** (**નેબોનેડસ**) ના અમલના ૧૭ માં વર્ષમાં મહાત્મા **કુરૂશે બાબિરઉશ** ઉપર ચઢાઈ કીધી. (**તમ્મુજ**) જુન મહિનામાં **નિજ્લ્લત** નદીને કિનારે થયલી લડાઈમાં **ઈરાનીઓએ** અકકડ (**શ્હેર**) ના સૈન્યનો મોટો પરાજય કર્યો. ઉપલાજ મહિનાની ૧૪ મી તારીખે **સિપ્પારા** શ્હેર વગર લડાઇએ **ઈરાનીઓને** તાબે થયું. **નબુનાહિદ**

* ડારયસ.

સિખ્પારા ખાતેથી નાઠો. માર્ખેશ્વન મહિનાની ૩ જી તારીખે (૧૦ મી અક્ટોબરે) **બાબિરઉશ** (**બૅબીલોન** પાયતખ્ત) **ઈરાની** સરદાર **ગવબરૂવ** (**ગોબ્રાયસ**) ને તાબે થયું. **નબુનાહિદ** **કુરૂશ**ના હાથમાં કેદ પકડાયો. **કુરૂશે** તેને જીવતદાન બક્ષ્યું. **બાબિરઉશ**ની શાહાંનશાહતને **કુરૂશે** પોતાના રાજ્ય જોડે જોડી નાખી.

શાહાનશાહ **કુરૂશ** પોતાના **બૅબીલોનિયન** લેખમાં **બૅબીલોનની** ફત્તેહ માટે નીચે મૂજબ જાહેર કરે છે†:—

"હું **કુરૂશ** છું, ખલ્કનો પાદશાહ, મોટો બળવાન પાદશાહ, **બૅબીલોનનો**, સુમર અને **અક્કડનો**, **ચાર** કેશ્વરનો પાદશાહ છું..............., જેને **અમ**, **બૅલ** અને **નબુ** દેવતાઓ ચાહે છે. **બૅબિલોન**માં હું સુલેહસંપજથી દાખલ થયો, ખુશાલીથી મેં પાદશાહોના મેહેલમાં મ્હારૂ તખ્ત સ્થાપ્યું. **બૅબીલોનના** બેટાઓએ મ્હારો અમલ કબૂલ રાખવાથી મેં તેમના જાન, તેમના ઘરબાર, તેમના ખંડિયરો પાછાં હવાલે કીધાં. તેમના બંધવાઓને મેં છોડી મૂક્યા. જે સઘળાં રાજાઓ ઉપલા સમુદ્ર (ઉરૂમિયા અથવા **ભૂમધ્ય**) થી નીચલા સમુદ્ર (ઈરાની અખાત) ની વચ્ચેના મુલ્કમાં રાજ્ય ચલાવે છે, તથા જે રહેવાસીઓ માંહેલા ભાગોમાં વસે છે, તેમજ **સિરિયા** દેશના રાજાઓ, તંબુઓમાં વસનારા લોકો; એ સઘળાંઓ કિંમતી હદિયા મ્હારે માટે **બૅબીલોનમાં** લાવ્યા ને મ્હારી કદમબોસી કીધી. કુર્દીસ્તાનની સરહદ સૂધીના સઘળાં શેહેરો, **ટાઈગ્રીસ** નદી ઉપરના શેહેરો, જેઓ પુરાતન જમાનાનાં વસાયલા છે, ત્યાંના દેવતાઓને તેમની યોગ્ય જગાઓમાં મેં પાછાં સ્થાપ્યાં.........વિ૦."

પ૩૯. *. મહાત્મા **ખોરેશે** (**કુરૂશે**) યહુદી લોકોને

---

† બૅબીલોનની ફતેહના વિગતવાર બ્યાન માટે જુઓ "બૅબીલોનીયન લેખોની શોધ—પારસી તવારીખ ઉપર છેલ્લાં પચાસ વર્ષમાં પડેલું નવું અજવાળું." લેખક—મી૦ પા૦ બ૦ દેશાઈ. (સ્ત્રીબોધ અને સંસાર સુધારો.) (જુબિલી વૉલ્યુમ.)

* Bible.

બૅબીલોન ખાતેની તેમની ૭૦ વર્ષો સૂધીની કેદી હાલતમાંથી છોડવી, તેમને તેમના અસલ વતન **પેલેસ્ટાઈન** જવાની છૂટ બક્ષી. ૪૨૩૬૦ **યહુદી** કેદીઓ **કુરૂશની** મેહેરબાનીથી છૂટા થઇ, સરદાર **જેરૂબાબેલની** સરદારી તળે **પેલેસ્ટાઈન** જઈ વસ્યા. મહાત્મા **કુરૂશે યહુદીઓનું "બેત-ઉલ-મુકદસ"** નું દેહેરૂં બંધાવી આપ્યું.

૫૨૯. "સૌથી વડો પાદશાહ," "મોટો પાદશાહ," "ઘણોજ જબરદસ્ત પાદશાહ," "**દીનતીરનો** પાદશાહ—**સુમીર** અને **અંખાદનો** પાદશાહ." "ચારે ટોળીઓનો પાદશાહ," **યહુદીઓના 'જીહોવા'નો 'મેસીયાહ,'** "પાર્સી શાહાનશાહત સ્થાપનાર," "એશ્યાખંડનો પાદશાહ" મહાત્મા **કુરૂશ** મરણ પામ્યો.

—:o:—

'કમ્બૂજિય.'

કમ્બાઇસિસ ૩. ઇ૦ સ૦ પૂ૦ ૫૨૯—૫૨૨.—૭ વરસ.

મહાત્મા કુરૂશનો વડો બેટો.

મહાત્મા **કુરૂશે** પોતાની હૈયાતીમાંજ પોતાના વડા બેટા **કમ્બૂજિયને** પોતાની વ્હોળી બળવંત શાહાનશાહત સ્વાધીન કરી પોતાના બીજા બેટા **બર્દિય (સ્મર્દિસ)** ને કેટલાક પ્રાંતોની શત્રપી (હાકમી) સોંપી હતી. **કમ્બૂજિય** પોતાના પેદર જેવોજ બહાદુર અને ગુણવંતો હોવાથી પોતાના પેદરની છેલ્લી ધારણા—મુદ્રાય (મિસર) ફત્તેહ કરવાનો સાહાસ તેણે પોતાને માથે ઉઠાવ્યો. **કમ્બૂજિયનો** ન્હાનો ભાઈ **બર્દિય** પ્રજાનો ઘણો માનીતો હોવાથી તે પ્રજાની કુમક પર ઇરાનનું તખ્ત મેળવવા બળવો નહિ ઉઠાવે તેટલા માટે **કમ્બૂજિયે** મુદ્રાય (મિસર) જવા આગમજ **બર્દિયનું** છુંપ્યું ખૂન **પ્રિક્ષાસ્પિસ (પોરૂષસ્પ)** નામે ઇરાની સરદાર પાસે કરાવ્યું. આ ખૂનની વાત કોઈ બીજાને માલમ હતી નહિ.

૫૨૯—૫૨૫. **મિસરપર** ચઢાઈ કરવા શાહાનશાહ **કમ્બૂજિયે** મહાભારત તૈયારીઓ ચલાવી.

ઇ૦ સ૦ પૂ૦ ૫૪૬ માં જ્યારે લીડિયાના શાહાનશાહ **ક્રીસસે** **કુરૂશ** સામે ચઢાઈ કીધી ત્યારે તેણે મુદ્રાય (મિસર) ના ફેરો (રાજા) **એમેસિસ** તથા બીજા બળવંત રાજ્યો જોડે અરસપરસ મદદ આપવાના કોલકરારો કીધા હતા. એ બાદ મહાત્મા **કુરૂશે** **ક્રીસસનો** પરાજય કરી બીજા મદદગાર રાજ્યોને પણ ઘટતે ફેજે પૂંગાડયા પણ મજકુર **એમેસિસની**. સરકશી માટે તેને સજા કરવાનો તેને વખત મળ્યો નહિ. **કુરૂશના** મરણ બાદ તેના બેટા **કમ્બૂજિયે** સાથે પણ **એમેસિસે** પ્રપંચો રચી કાવાદાવા કરવા ચાલું રાખ્યા આથી **કમ્બૂજિયે** **એમેસિસ**. સામે ચઢાઇ લઈ જવાનો મક્કમ વિચાર કીધો. તેને તેની સંખ્યાબંધ તાબેદાર પ્રજાઓએ મોટી મદદ આપી. ફિનિશ્યા, **સૈપ્રસ** અને સિલીશ્યાનો રાજા **સાયેનેસિસ** પોતાની રાજીખુશીથી **કમ્બૂજિયને** તાબે થયા. આ સઘળી મદદોથી **કમ્બૂજિયે** મોટું લશ્કર ઊભું કીધું અને એક જોરાવર દરિયાઈ કાફલો પણ પોતાની દરિયાવર્ધી પ્રજાઓની મદદથી તૈયાર થયો. મિસર જવાના માર્ગમાં એક મોટું જંગલ હતું જેમાંની પ્રજા ઇરાનને

તાબે હતી નહિ. તે પ્રજા અરબ હતી. એ પ્રજાના શેખ (અરબ હાકમ) સાથે **એમેસિસથી** કંટાળી કબૂજિયને આવી મળેલા હેલિકર્નાસસના રહેવાસી ફાનિસે કબૂજિયને દોસ્તી કરાવી આપી. શેખે કબૂજિય તરફ વફાદાર રહી તેના લશ્કરને જંગલ પસાર કરતા કશી મૂશ્કેલી નહિ પડે એટલા માટે પાણી વિગેરેનો ઉતમ બંદોબસ્ત કીધો.

પ૨૬. શાહાનશાહ **કબૂજિયે** પ્રખ્યાત ઈરાની સરદાર **હુતન (ઑતાનિસ)** ની બેટી **ફ્રિદિમા** સાથે શેહાદી કીધી.

પ૨પ. **કબૂજિયે મુદ્રાયં** (**મિસર**) પર ચઢાઇ કીધી. ઈરાનીઓએ "**મિસરની મજબૂતી**" અથવા "**મિસરની કુંચી**" ને નામે ઓળખાતા **પેલ્યુશિયમના** મજબૂત કિલ્લાપુર હલ્લો કરી કિલ્લો સર કર્યો.

કબૂજિય જ્યારે મુદ્રાય ઉપર ચઢાઈ લઇ ગયો ત્યારે ત્યાંનો ફેરો **એમેસિસ** મરણ પામ્યો હતો અને તેની ગાદીપર તેનો બેટો **સેમેનિટસ** આવ્યો હતો.

પ૨પ. **પેલ્યુશિયમની** ખુનખાર મહાભારત લડાઇમાં **ઈરાનીઓની** મોટી ફત્તેહ થઇ; ૭૦૦૦ **ઈરાનીઓ** અને ૫૦,૦૦૦ દુશ્મનો માર્યા ગયા. **મિસરીઓ** માર ખાઈ રાજધાની શેહેર **મેમ્ફીસમાં** ન્હાસી ભરાઇ બેઠા.

શત્રુઓ **મેમ્ફીસમાં** દાખલ થયાં. **કબૂજિયે** એક **મૈટીલીન્યન** બારકસને મેમ્ફીસ મોકલી શત્રુઓ પર પોતાને તાબે આવવાનું કેહેણુ મોકલાવ્યું. દુશ્મનોએ આ બારકસપરના લગભગ ૨૦૦ સિપાહોને પકડી ધાતકીપણે તેમનો બારીક ખીમો બનાવી નાખ્યો. પોતાની દયાનો શત્રુઓએ આ મુજબ ગેરલાભ લીધાથી **કબૂજિયે** લશ્કરને આગળ વધવાનો હુકમ આપ્યો.

પ૨પ. **કબૂજિયે મેમ્ફીસને** ઘેરો ઘાલી તેને તાબે કીધું અને ફેરો **સેમેનિટસને** કેદ પકડયો. **મુદ્રાય** (**મિસર**) **ઈરાનને** તાબે થયું.

કબૂજિયે મેમ્ફીસ ખાતે માર્યા ગયલા ૨૦૦ સિપાહોના, વેરમાં ઉચ્ચા ખાનદાનના ૨,૦૦૦ **મિસરવાસીઓને** મારી નખાવ્યા, જેઓમાં ફેરો **સેમેનિટસનો** શાહજાદો પણ હતો. તેણે **મિસરના** ગર્વિષ્ઠ

ઉમરાઓનું ગુમાન તોડવા તેમની બેટીઓને તેમની સામે ગુલામડી દાખલ પાણી ભરવા જવાની ફરજ પાડી. ઉપલા કામો કરવાની તેની મતલબ ફક્ત મિસરવાસીઓમાં પોતાનો ધાક પાથરવાની હતી. આ પછી **કબૂજિયે** પોતાના દુશ્મનો જોડે વધારે અંટસ નહિ રાખતા તેમની જોડે દયાથી વર્તવા માંડયું. તેણે પોતાનો દયાળુ ખવાસ બતાવી ઈરાનીઓની હંમેશની રીત મુજબ **સેમેનિટસને** તેનું રાજ્ય પાછું હવાલે કીધું. રાજ્યના સઘળાં મોટા ઓદ્ધાઓ તેણે ત્યાંનાજ ઉમરાઓને આપ્યા અને મિસરના રહેવાસીઓને છૂટાપણું બક્ષ્યું. એટલાથી નહિ અટકતા **કબૂજિયે** ત્યાંના ધર્મગુરૂઓને રાજી રાખવા પોતાને તેમના દેવતાઓનો પૂંજારી જાહેર કીધો અને તેમના મંદિરોમાં પુષ્કળ ભેટ સોગાદો મોકળાવી "**કેમ્બેથ**" (મિસરવાસીઓએ પોતાના પવિત્ર મંદિરોમાં કોતરેલું કબૂજિયનું નામ) ની ભલમનસાઈથી મિસરવાસીઓએ તેને "**રેમસોટ**" ("**આફતાબી વંશનો**") નો ભપકામંદ ખિતાબ બક્ષ્યો. **કબૂજિયે** આ પછી "**મુદ્આય (મિસર) નો ફેરો (રાજા)**" નો એલ્કાબ ધારણ કર્યો.

૫૨૫. લીબ્યા, કાઇરીન (સાઇરીન) અને બાર્કાના આફ્રિકાના રાજ્યો કબૂજિયને વગર લઢાઇએ તાબે થયા.

મિસર, લીબ્યા, સાઇરીન અને બાર્કાની ફતેહ બાદ **કબૂજિયે** આફ્રિકાની બાકી રહેલી ત્રણ પ્રજાઓ (કાર્થેજીન્યન, ઇથીઓપિયન અને એમોનિયન) ને તાબે કરવા માંગી. તેણે પ્હેલી **ચઢાઇ કાર્થેજની** બળવંત શાહાનશાહત ઉપર કરવાની ગોઠવણો કરવા માંડી. **કાર્થેજની** શાહાનશાહત ફિનિશી લોકોએ સ્થાપી હતી માટે **કબૂજિયના** કાફલાના ફિનિશી લોકોએ શાહાનશાહ તરફની સઘળી તાબેદારી છતા **કાર્થેજ** સામે લડવા જવા ના પાડી. ઇરાની કાફલાનો મોટો ભાગ ફિનિશી લોકોની મદદથી ઉભો થયો હતો માટે **કબૂજિયે** તેમની મરજી ઉપરાંત **કાર્થેજ** પર ચઢાઇ કરવાનું માંડી વાળ્યું. **કાર્થેજની** શાહાનશાહત મહાત્મા **દારયવુશને** ખંડણી આપતી હતી તે આગળ ચાલતા આપણે જોઇશું. **કબૂજિયે** ઇથીયોપિઆપર ચઢાઈલઈજવા **મેમ્ફીસ** છોડી **થીબ્સ** તરફ કુચ કીધી.

૫૨૫–૫૨૩. * થીબ્સ ખાતેથી ૫૦,૦૦૦ **ઈરાનીઓના**

---

* ઉપલા બનાવની ચોક્કસ તારીખ મળતી નથી.

લશ્કરને **એ**મોન્યન લોકોને તાબે કરવા **કબૂજિયે** રવાના કર્યું. **કબૂજિયે** પોતે **ઇ**થીયોપિયા ઉપર ચઢાઇ કીધી. તેણે **મિસર**ની સરહદપર વસતા **ઇ**થીયોપિયનોને તાબે કીધા. ખોરાકીની ખુટથી **ઇ**રાની લશ્કર હેરાન થઇ પાછું **થી**બ્સ તરફ ફર્યું.

શાહાનશાહ **કબૂજિય**ના વખ્તમાં ઇથીયોપિયા ગોયા તે વખ્તે જણાયલી દુનિયાનો દક્ષિણ ધ્રુવ હતો. હાલના વખ્તમાં દક્ષિણ ધ્રુવ તરફ જવાને જેટલી મૂશ્કેલી નડે છે તેના કરતા વધારે મૂશ્કેલી **કબૂજિય**ના વખ્તમાં ઇથીયોપિયા તરફ જવાને પડતી હતી. **કબૂજિય** જોકે ઇથીયોપિયાના ભિત્તરમાં પેઠો હતો નહિ છતા તે દેશનો મોટો ભાગ તેણે તાબે કીધો હતો એમ મહાત્મા **દારયવુશ**ના લેખો અને કોતરકામો ઉપરથી માલમ પડે છે.

૫૨૫-૫૨૩.* **એ**મોન્યન લોકોને તાબે કરવા ગયલા લશ્કરે **થી**બ્સથી તે '**ઓ**એસીસ' નામે શ્હેર સૂધીનો મુલ્ક તાબે કીધો. **ઓ**એસીસ છોડી આગળ વધતા **લી**બ્યાના રેતાળ જંગલમાં સીમુનથી ઉપલા ૫૦,૦૦૦ માણસોના લશ્કરનો સદંતર નાશ થયો.

૫૨૫-૫૨૨.* **મિસ**રે શાહાનશાહ **કબૂજિય**ની ગેરહાજરીનો લાભ લઇ તેની સામે બળવો ઉઠાવ્યો. **કબૂજિયે** સેહેલાઇથી એ બળવો બેસાડી દીધો.

બળવાનું મૂખ્ય કારણ મિસરના ધર્મગુરૂઓ હતા. ફેરો **સેમનિટ્સ** જેનાપર કબૂજિયે મેહેરબાની બતાવવામાં કશી બાકી રાખી હતી નહિ તેણે પણ બેવફાઈ બતાવી બળવામાં ભાગ લીધો. મિસરના ધર્મગુરૂઓ અને રહેવાસીઓ એપીસ નામે ગોધાને પોતાનો દેવતા ગણી તેને પૂંજતા હતા. તેઓ તેને ૨૫ વર્ષો તળક માન આપી તે મુદત પૂરી થવે નવો ગોધો મેળવી તેનું પૂંજણ કરતા અને જૂના ગોધાને નદીમાં ડુબાવી મેળતા. જ્યારે **કબૂજિય** ઇથીયોપિયા તરફથી પાછો ફરતો હતો ત્યારે મિસરના ધર્મગુરૂઓએ નવો ગોધો (દેવતા)

---

*ઉપલા બનાવની ચોક્કસ તારીખ મળતી નથી પણ તે શાહાનશાહ **કબૂજિયના** મરણની આગમજ અને મિસરની ફતેહ પછી બન્યો હતો.

મળવ્યો આથી તેઓ બેહદ ખુશાલીમાં આવ્યાં અને તેને સારા સગણ ગણી મિસરના રહેવાસીઓને તેઓએ કબૂજિય સામે બળવો કરવા ઉશ્કેર્યા. આથી જ્યારે કબૂજિય થીબ્સથી મેમ્ફીસ ખાતે આવી પૂગ્યો ત્યારે બળવાની આગ પૂર જોશમાં ફેલાઇ હતી. કબૂજિયે જ્યારે પોતાની મોટી મેહેરબાનીઓ અને દયાળુ ખવાસનો એવો ગેરલાભ લેવાયલો જોયો ત્યારે તેણે સરકશ બેવફા મિસરીઓ સાથે સખ્તપણે વર્તવા માંડયું. તેણે નીમકહરામ ફેરો સેમેનિટસ અને મિસરના બીજા બેવફા ઓધ્ધેદારોને મોતની સજા ફરમાવી. બળવાખોરોની ખુશાલી તોડવા અને તેમને નાહિંમત કરવા તેણે "ઍપીસ" ગોધાને મરાવી નખાવ્યો અને ધર્મગુરૂઓની ઉશ્કેરણી માટે તેમને મોતની સજા નહિ કરતા ફક્ત બાંધીમારની સજા ફરમાવી. કબૂજિયના આ પગલાંથી બળવો બેસી ગયો અને લગભગ બીજા ૩૫ વર્ષો સુધી મિસરીઓ ઇરાન સામે ચલવલ કરવાનું ભૂલી ગયા.

૫૨૨. "ગઉમત (ગોમાતિસ) નામના એક મગુસે (મીડિયાનો ધર્મગુરૂ) આરાક્રાદ્રીસ નામે પર્વત તરફના, પીસ્યાચાદા નામે મુલ્ક તરફથી બળવો ઉઠાવ્યો. તે વિયાખ્ન મહીનાને ૧૪ મે રોજે એવું જુઠું સમજાવવા નિકળ્યો કે "કુરૂશનો બેટો અને કબજિયનો ભાઇ બર્દિય હું છું." આથી આખું રાજ્ય બળવાખોર થયું. કબૂજિયને છોડી ઇરાન, માદ (મીડિયા), અને બીજા પ્રાંતો તેને મળી ગયા. તેણે શાહાનશાહતની લગામ લીધી."‡

કંબૂજિયે પોતાના ભાઈ બર્દિય (સ્મર્દિસ) ના કરાવેલા ખૂન વિષે ઇરાની પ્રજાઓ સદંતર અંજાણી હતી. એ ખૂનની વાત બર્દિયના સ્હેરાને સદંતર મળતા આવતા સ્હેરાના ગઉમત નામના મગુસને માલમ પડી. કબૂજિય જ્યારે મિસર ગયો ત્યારે તેણે રાજ્યનો સઘળો વહીવત ઉપલા મગુસને સોંપ્યો હતો માટે જ્યારે કબૂજિયની મિસર ખાતેની ગેરહાજરીને લાંબો વખ્ત થયો ત્યારે ઉપલા ગઉમતે વિશ્વાસઘાત કરી બર્દિય નામ ધારણ કરી ઇરાનની ગાદી પચાવી પાડી. આ

---

‡ બીહીસ્તુન પર્વત ઉપરનો મહાત્મા દારયવુશનો બિલારોકો લેખ.

વિશ્વાસઘાતની ખબર જ્યારે કબૂજિયને મિસર ખાતે મળી ત્યારે તેણે મુસાફરી તર રાહ ધરી. તેણું બર્દિયના ખૂનની સઘળી વાત પોતાની સાથેના ઈરાની ઉમરાઓને કહી અને તખ્ત પાછું હાથ કરવા તેમની મદદ માંગી પણ તે સુસા સુધી આવી શક્યો નહિ. રાજ્ય ખોહવાની નાસિપાસીથી તે ઘણો દલગીર થયો અને માર્ગમાંજ મરણ પામ્યો.

પરર. મહાન, બહાદુર, ફતેહમંદ, ઘાતકી શાહાનશાહ "**કબૂજિય** (રાજ્ય ખોહવાનો ગમ) નહિ ખમી શકાયાથી મરણ પામ્યો."‡

‡ બીહીસ્તુન પર્વત ઉપરનો મહાત્મા દારયવુશનો ખિલારોકો લેખ.

'ગઉમત (મગુસ)'

બર્દિય; સ્મર્દિસ. ઇ૦ સ૦ પૂ૦ ૫૨૨.

શાહાનશાહ **કબૂજિયે** પોતાના ભાઇ **બર્દિયને** છૂપી રીતે કત્લ કરાવ્યા બાદ તે **મુદ્રાય** (**મિસર**) ગયો. આ કત્લની વાત **ગઉમત** (**ગોમાતિસ**) નામે **મગુસ** કે જેને તેણે રાજવહીવત સોંપ્યો હતો, તેને; અને **પ્રિક્ષાસ્પિસ** નામે **પાર્સી** સરદાર જેણે પોતે ખુન કીધું હતું, તેને, માલમ હતી. **ગઉમતે** એકવાર રાજ્ય પચાવી પાડી પોતાને **બર્દિય** તરીકે જાહેર કીધો કે, "**કબૂજિયને** છોડીને **ઈરાન**, **મીડિયા**, અને બીજા પ્રાંતો તેને મળી ગયા. તેણે શાહનશાહતની લગામ લીધી." ભવિષ્યનો શાહાનશાહ **દારયવુશ** પોતાની **બીહીસ્તુન** ખાતેની ખીલારોકી તખ્તીઓમાં **ગઉમત** વિષે ભરોશાદાર બયાન કરે છે તેમાં તે મહાત્મા શાહાનશાહ જણાવે છે કે—

"**ગઉમત મગુસે** જે શાહાનશાહત **કબૂજિય** કનેથી પડાવી લીધી તે જૂના વખ્તથી અમારા ખાનદાનના હાથમાં હતી. એ પછી તે એ શાહનશાહતનો માલેક થયો.

"**ગઉમત મગુસના** હાથમાંથી તાજ પડાવી લે એવો **ઈરાની** કે **મીડ** કે અમારાં ખાનદાનવાળો કોઇ પણ ધણી હતો નહિ. રાજ્યને તેનાથી અતિ ઘણી ધાસ્તી પેઠી. ઘણાકો જેઓ ખરેખરા **બર્દિયને** ઓળખતા હતાં તેમને તેણે કાપી નાખ્યા. 'રખેને તેઓ મને ઓળખી કાઢે કે હું **કુરૂશનો** બેટો **બર્દિય** નથી,' એ કારણ થકી તેણે તેમને મારી નાખ્યા. હું આવી પૂગ્યો ત્યાં સૂધી **ગઉમત મગુસ** સંબંધી કંઇબી કહેવાની કોઇએ હિંમત કીધી નહિ. પછી મેં **હોરમજ્દની** બંદગી કીધી અને તેણે મને મદદ આપી. **બાગ્યાદીશ** મહીનાને ૧૦ મે રોજે મારા નીમકહલાલ માણસો સાથે મેં **ગઉમત મગુસને** અને તેના મૂખ્ય મદદગારોને કાપી નાખ્યા. **સીકતાચોતીસ** (**સીકથઉવતીશ**) નામે

કિલ્લો, જે **મીડિયાના નીસ્યા** નામે જીલ્લામાં આવેલો છે, ત્યાં મેં તેને કાપી નાખ્યો. મેં તેના કનેથી રાજ્ય લઇ મેળ્યું." *

ગઉમત મગુસને મારી નાખંવામાં શાહજાદા **દારયવુશને** બીજા છ પાર્સી અમીરોએ મદદ આપી હતી. ઉપલા છ અમીરોએ (**હુતન [ઓતાનિસ], અસ્પચન [અસ્પાથિનિસ], ગઓબરૂવ [ગોબ્રાયસ], વીદફ્રન [ઇન્તાફ્રર્નિસ], બગબક્ષ [મગાબીઝસ], અને વીદર્ને [હાઇદાર્નિસ]**) શાહજાદા **દારયવુશને** પોતાના કરતા ઘણોજ બાહોશ અને ભાગ્યશાળી જોયાથી તેને **ઈરાનના** શાહાનશાહ દાખલ પસંદ કીધો. **દારયવુશનો** પિતા **વીસ્તાસ્પ (હીસ્તાસ્પિસ)** આ વખ્તે હૈયાત હતો પણ તેણે પોતાનો **ઈરાનની** ગાદી માટેનો દાવો છોડી દીધો. **દારયવુશના** લેખો મુજબ તો **દારયવુશ ગઉમતની** કત્લ આગમજ પાદશાહ ઠરી ચૂકયો હતો.

---

* બીહીસ્તુન ઉપરનો દારયવુશનો લેખ: ફકરા ૧૦ થી ૧૩ સૂધી.

—>⊰⊙⊱<—

'દારયવુશ'

મહાત્મા દારાયસ હીસ્તાસ્પિસ.

ઈ૦ સ૦ પૂ૦ ૫૨૧-૪૮૫.-૩૬ વરસ.

શાહજાદા વીશ્તાસ્પનો બેટો.

૫૨૧. "**દારયવુશ,** મોટો પાદશાહ, પાદશાહોનો પાદશાહ, ઈરાનનો પાદશાહ, (તાબેના) પ્રાંતોનો પાદશાહ, **વીશ્તાસ્પ**નો બેટો, (અને) હખામની **અર્શામ**નો પૌત્ર,"* ગાદીએ આવ્યો (તા૦ ૧લી જાન્યુઆરી).

૫૨૧. **લીડિયાના** શત્રપ **ઓરોઈતિસે** (**ઓરો-ન્તિસે**) શાહાનશાહ **કબૂજિય**ના મોટા મિત્ર—**સામોસ** ટાપુના ગ્રીક રાજા **પોલીક્રેટિસ**નું દગાથી ખૂન કરી તેનું રાજ્ય પોતાની શત્રપી સાથે જોડી દીધું.

૫૨૧. **ઉપદર્મ** (**ઉપાદાર્મિસ**) ના બેટા **અત્રીને** (**અત્રીનિસે**) ઉવજ (**સુસિયાના**) માં બળવો ઉઠાવ્યો અને પોતે ઉવજનો પાદશાહ થઇ બેઠો.

૫૨૧. **બાબિરુશ** (**બૅબીલોન**) ખાતે **ઐનર** (**અનિ-રીસ**) ની પૂત્ર **નદીતબીરે** (**નીદીન્તાબીલસે**) **દારયવુશ** સામે બળવો ઉઠાવી એવું ખોટું જાહેર કીધું કે "હું માજી રાજા **નબુનીત** (**નેબોનાઇયસ**) નો બેટો **નબુકુદ્રચર** (**નેબો-ચોદ્રોસર**) છું."*

૫૨૧. શાહાનશાહ **દારયવુશે** પોતાના બહાદુર **સરદાર ગઓબરૂવ** (**ગોબ્રાયસ**) ને ઉવજ (**સુસિયાના**) નો બળવો બેસાડી દેવા મોકલી, પોતે **બાબિરુશ** (**બૅબીલોન**) ઉપર ચઢાઈ કીધી.

૫૨૧. **ગઓબરૂવે** **અત્રીન**ને હરાવી, કેદ પકડી, બળવો બેસાડી દીધો. **દારયવુશે** **અત્રીન**ને કત્લ કરાવ્યો.

---

* દારયવુશનો બીહીસ્તુન પર્વત ઉપરનો ખીલારેકો લેખ.

૫૨૧. શાહાનશાહ **દારયવુશે ટાઈગ્રીસ** નદી પસાર કરી, **બાબિરૂઉશ**માં દાખલ થઈ, (**અત્રીયતીય** મહીનાને ૨૯ મે રોજે), **ટાઇગ્રીસ**ના કાંઠા ઉપર થયલી પ્હેલી લડાઈમાં બળવાખોર **નદીતબીર**નો મોટો પરાજય કર્યો. **યુફ્રેટિસ** નદીના કિનારા ઉપર **ઝાઝાન** નામે કશબા આગળ, (**અમાનક** મહીનાને બીજે રોજે) થયલી બીજી મોટી લડાઈમાં **નદીતબીર**ની પાછી શિકસ્ત થઈ. **નદીતબીર** ન્હાસી **બાબિરૂઉશ**ના કિલ્લામાં ભરાયો. **દારયવુશે** કિલ્લાને ઘેરો ઘાલી તાબે કીધો અને **નદીનબીર**ને કેદ પકડયો.

૫૨૧. **પર્સીસ**ના **કુગનકા** (**કાઇગોનાકા**) શહેરના રહેવાસી **ચીચીખ્રઈશ** (**સીસીક્રીસ**) ના બેટા **મર્ત્યે** (**માર્તિસે**) પોતાને ઉવજ (**સુસિયાના**) ના રાજા **ઈમાનિસ** તરીકે જાહેર કરી ઉવજમાં બળવો ઉઠાવ્યો. શાહાનશાહ **દારયવુશ**ના બળથી ડર ખાઇ ઉવજના રહેવાસીઓએ **મર્ત્ય**ને હરાવી કેદ પકડી મારી નાખ્યો.

૫૨૧. **ફ્રુવર્તિશ** (**ફ્રેઑર્ટિસ**) નામે **મીડિયન**ે પોતાને **ઉર્વક્ષતર** (**કયેકસરિસ**) ના ખાનદાનના નબીરા **ક્ષથ્રીત** (**જાથ્રીતિસ**) તરીકે જાહેર કરી **માદ** (**મીડિયા**) ખાતે બળવો ઉઠાવ્યો. ‘**માદ**’ની પાદશાહી ફોજ **ફ્રુવર્તિશ**ને મળી ગઇ. **દારયવુશ**ના સરદાર **વીદર્ને** (**હાઈદાર્નિસે**) (**અમાનક** મહીનાને ૬ થે રોજે) ‘**માદ**’ના ‘**મરૂસ**’ નામે ગામમાં થયલા મોટા યુદ્ધમાં **ફ્રુવર્તિશ**ને હરાવ્યો.

૫૨૧. **ફ્રુવર્તિશ**ની મદદમાં **અથુરા** (**ઍસીર્યા**) એ બળવો ઉઠાવ્યો. **દારયવુશ**ના સરદાર **વુમીસે** (**વૉમીસિસે**) **અચીતુ** (**અચીદસ**) નામે મેદાનમાં (**અમાનક** મહીનાને ૧૫ મે રોજે) થયલી લડાઈમાં બળવાખોરોને હરાવી તેમના ૨૦૨૪ માણસોને કત્લ કીધા. **વુમીસે** **અથુરા**ના બળવાખોરોને, **આરમ** (**આર્મીન્યા**) ના **ઔત્યાર** ગામમાં (**થુર્વાહર** મહીનાના પર્વને દિવસે) થયલા બીજા મોટા યુદ્ધમાં મોટો પરાજય આપી, તેમના ૨૦૪૫ માણસોને કત્લ કરી, ૧૫૫૯ ને કેદ પકડયા.

૫૨૧. **માદ** (**મીડિયા**) ને મદદ કરવા **અરમે** (**આર્મીન્યાએ**) બળવો જગાડયો. સરદાર **દાદર્શીશે** (**દાદાર્સિસે**) **જોજા** નામે ગામમાં (**થુરવાહર** મહીનાની ૮ મી તારીખે) થયલા પ્હેલા યુદ્ધમાં **અરમના** બળવાખોરોને મોટી શિકસ્ત આપી. **દાદર્શીશે** **તીગ્ર** નામે **અરમના** કિલ્લા આગળ (થુરવાહર માસની ૧૮મી તારીખે) થયલી બીજી જંગમાં બળવાખોરો ઉપર બીજી જીત મેળવી. **દાદર્શીશે** **અરમના** ઉહ્યામ નામે કિલ્લા આગળ બળવાખોરો સાથે (**થાઇગરચઇશ** મહીનાને ૯ મે રોજે) થયલી છેલ્લી (ત્રીજી) લડાઇમાં તેઓનો પૂરેપૂરો સંહાર કર્યો.

૫૨૧. શાહાનશાહ **દારયહુશ બાબિરુશ** (**બૅબીલોન**) છોડી **માદ** (**મીડિયા**) માં દાખલ થયો. શાહાનશાહે (**અદુકનીશ** મહીનાને ૨૯ મે રોજે) **કુદુસ** ખાતે થયલા મોટા યુદ્ધમાં **માદના** બળવાખોર **ફ્રવર્તિશનો** જબરો પરાજય કર્યો. **ફ્રવર્તિસ** **રગીસ** (**રએ**) તરફ નાઠો. શાહાનશાહની ન્હાની ફોજે **ફ્રવર્તિસની** પુંઠ પકડી તેને કેદ કીધો. **દારયહુશે** **ફ્રવર્તિસને** **માદની** રાજધાની હગમતાન (હમદાન) આગળ મારી નખાવ્યો.

૫૨૧. **માદની** મદદમાં હીર્કેન્યા (વેહરકાન) અને **પર્થવે** (**પાર્થ્યાએ**) બળવો ઉઠાવ્યો. બળવાખોરોએ **ફ્રવર્તિસની** મદદમાં એક ફોજ **માદ** ખાતે મોકળી. શાહાનશાહના પિતા **વીશ્તાસ્પે** (**હીસ્તાસ્પિસે**) **માદના** **વીસ્પઉજતીશ** (હીસ્પઓસ્તીસ) નામે ગામમાં (**વીયખ્ન** મહીનાને ૨૨ મા રોજે) થયલા જંગમાં ઉપલા મદદગાર લશ્કરનો નાશ કર્યો. **વીશ્તાસ્પે** નવા મોટા લશ્કર સાથે **પર્થવ** (**પાર્થ્યા**) ઉપર ચઢાઇ કીધી. **વીશ્તાસ્પે** **પર્થવના** **પતીગ્રબના** (**પતીગ્રબાન**) નામે શ્હેર આગળ ઉપલા બળવાખોરો જોડે (**ગર્મપદ** માસને ૧ લે રોજે) થયલા મહાભારત યુદ્ધમાં તેમનો જબરો સંહાર કીધો, અને **પાર્થ્યા** પાછું તાબે કીધું. બળવાખોરોના ૬૫૬૦ માણસો માર્યા ગયા અને ૪૧૬૨ કેદ પકડાયા.

૫૨૧. **સીગર્શ્યાના** • **ચીત્રતખ્મ** **(સીત્રન્તખમિસ)** નામના રહેવાસીએ પોતાના શાહાનશાહ સામે બંડ મચાવી એવું જાહેર કીધું કે " હું **કયાકસરિસ**ની ઓલાદનો છું, અને **સીગર્શ્યા**નો રાજા છું " **દારયવુશ**ના **મીડિ**યન સરદાર **તખ્માસ્પતિસે** ઉપલા બળવાખોરને હરાવી કેદ પકડયો અને શાહાનશાહે તેને **આર્બેલા** ખાતે મારી નખાવ્યો.

૫૨૧. **માર્જ**ર્યાના રહેવાસીઓએ બળવો ઉઠાવી, ત્યાંના **ફ્રવર્તિસ** **(ફ્રેઑર્ટિસ)** નામે રહેવાસીને પોતાનો રાજા બનાવ્યો. **બાખ્ત્રિશ્** (**બૅક**ત્રિયા) ના શત્રપ **દાદર્શીશે** (**અ**મીયદીય મહીનાને ૨૩ મે રોજે) બળવાખોરોનો એક મોટી લડાઇમાં જબરો પરાજય કર્યો. બળવાખોરોના ૪૨૦૩ માણસો માર્યા ગયા અને ૬૫૬૨ કેદ પકડાયા.

૫૨૦. **પર્સીસ** પ્રાંતના **યુતીઆ** જીલ્લાના **તાર્વા** (**તર્બા**) નામે શહેરનું **વહ્યજ્દાત** **(વૈસાદાતિસ)** નામે રહેવાસીએ બળવો ઉઠાવી પોતાને "**કુરૂશ**ના બેટા **બર્દિય**" તરીકે જાહેર કીધો. સરદાર **અર્તવર્દીયે** **(આર્તાબાર્દિસે)** (**થુ**રવાહર મહીનાને ૧૨ મે રોજે) **રખા** (**રચા**) શહેર ખાતે થયેલા જબરા યુદ્ધમાં બળવાખોરો ઉપર મોટી ફત્તેહ મેળવી. બળવાખોરો ન્હાસી **પીશીયાઉવાદ** (**પીસ્યાચ્યાદા**) ના કિલ્લામાં ભરાયા. (**ગર્મ**પદ મહીનાને ૬ થે રોજે) **પર્ગ** (**પર્ગા**) પર્વત આગળ થયલી બીજી લડાઈમાં બળવાખોરો પાછા હાર્યા અને **વહ્યજ્દાત** કેદ પકડાયો. **દારયવુશે** તેને ઈરાનના ઉવાદૈદય (**ઓ**દેદીયા) નામે શહેર ખાતે મારી નખાવ્યો.

૫૨૦. બળવાખોર **વહ્યજ્દાતે** હરાઉવત (**આ**રાકોશ્યા) ના શત્રપ **વીવાના** (**વી'આનસ**) નો નાશ કરવા મોકળેલા સૈન્યનો **વીવાને** **કા**પીશકાનીશ્ (કેપીસ્કેનીસ) ખાતે (અમાનક મહીનાને ૧૩ મે રોજે) થયલી જંગમાં પરાજય કર્યો. ઉપલીજ ફોજનો **વીવાને** (**વી**યખ્ન મહીનાને ૭ મે રોજે) **ગદુતવ** (**ગદીશ્યા**) જીલ્લામાં થયલી બીજી લડાઈમાં બીજો પરાજય કર્યો. બળવાખોરો-

એ ન્હાસી હુરાઉવત (**આરાકોશ્યા**) ના **અર્શાદ** (**અર્શાદા**) નામે કિલ્લામાં આશ્રો લીધો. **વીવાને** બળવાખોરોને ત્રીજી શિકસ્ત આપી તેમનો નાશ કીધો.

૫૧૯. અરખ (**અરેકસ**) નામે **આર્માની**એ **બાબિર્-ઉશ** (**બૅબીલોન**) ના **દુબાંન** (**દોબાના**) નામે જીલ્લા ખાતે બળવો ઉઠાવી પોતાને "**નબુનીત** (**નેબોનાઇડસ**) ના બેટા **નબુ-કુદ્રચર** (**નેબોચોદ્રોસર**)" તરીકે જાહેર કીધો. **દારયવુશ**ના **મીડિયન** સરદાર **વીદફ્રને** (**ઇન્તાફ્રર્નિસે**) બળવાંખોરોને હરાવી **બાબિર્ઉશ** જીતી લીધું અને **અરખને** કેદ પકડી કત્લ કીધો.

૫૧૯. ઉવજ (**સુસિયાના**) ખાતે ત્રીજી મરતબે બળવો જાગ્યો. **દારયવુશ**ના હુમશરીક **ગબ્રોબરૂવે** બળવાખોરને હરાવી, કેદ પકડી, મારી નાખ્યો.

૫૧૯. સકા (**સક્યા**) ના રહેવાસી **સ્કુકે** બળવો ઉઠાવ્યો. શાહાનશાહ **દારયવુશે સકુકને** હરાવી, કેદ પકડી, કત્લ કીધો.

૫૧૯–૫૧૬. લીડિયાના શત્રપ **ઑરોઇતિસે** (**ઑરો-ન્તીસે**) ડેસ્કાલ્યમના વફાદાર શત્રપ **મેહરબાદ** (**મીત્રો-બાતિસ**) તથા તેના બેટાઓના ખૂન કરવા માટે, તેમજ **દારય-વુશ**ના પેગામચીનું ખૂન કરી શાહાનશાહને અપમાન કરવા માટે, **દારયવુશે** સરદાર **બગાયસ**ની મારફતે **ઑરોઇતિસને** મારી નખાવ્યો.

૫૧૮. મુદ્રાય (**મિસર**) ના શત્રપ **આર્યાન્દીસે આફ્રિકા**માં આવેલા **સાઇરીનાઇકા**ના **ગ્રીક** રાજ્ય ઉપર ચઢાઈ કીધી. **આર્યાન્દીસે બાર્કા**ના બીજા **ગ્રીક** રાજ્યની રાજધાની **બાર્કાને** ઘેરો નાખી તેને યુકિતથી હાથ કીધું અને મોટી લૂટ ચલાવી. **બાર્કા** અને **સાઇરીનાઇકા**ના **ગ્રીક** રાજ્યો શાહાનશાહ **દારયવુશ**ને તાબે થયા.

૫૧૮–૫૧૬. મુદ્રાયના શત્રપ **આર્યાન્દીસે** પોતાને નામના સિક્કાઓ પડાવી આપખુદી ચલાવ્યાથી **દારયવુશે** તેને મોતની સજા ફરમાવી.

૫૧૮-૫૧૬. દારયવુશે પોતાના હમશરીક **હુતન** (**ઓતાનસ**) ને **સામોસ** મોકળી, તેના પાયતખ્તને તાબે કીધું, અને **સામોસ**નું રાજ્ય **પોલીક્રેટિસ**ના ભાઇ **સાઈલોસન**ને આપ્યું.

૫૧૨. * શાહાનશાહ **દારયવુશે** કારિયાના પ્રખ્યાત **ગ્રીક** ભૂગોળશાસ્ત્રી **સ્કાઈલેક્સ**ને, **સિંધુ** નદીનું મુળ અને મૂખ શોધી કાઢવા એક દરિયાઇ કાફલા સાથે કેસ્પારટીસ શેહેર ખાતેથી **હિંદુસ્તાન** તરફ રવાના કીધો.

સ્કાઈલેક્સે અટકથી પોતાની મુસાફરી શરૂ કીધી અને ૩૦ મહીનાની લાંબી મૂદત સૂધી મોટી શોધખોળો ચલાવી એ મૂદત બાદ તે શાહાનશાહ **દારયવુશને સુસા**ના મહેલમાં આવી મળ્યો અને સઘળો હેવાળ **દારયવુશ** આગળ જાહેર કીધો. **દારયવુશ સ્કાઈલેક્સ**ના બ્યાનથી ઘણો ખુશી થયો અને તેણે **હિંદુસ્તાન** જીતવાનો મક્કમ વિચાર કરી **હિંદુસ્તાન** ઉપરની ચઢાઈ માટે મોટી તૈયારીઓ ચલાવી.

૫૧૦. મહાત્મા **દારયવુશે હિંદુસ્તાન** (**હિંદુશ**) ઉપર ચઢાઈ કીધી. **દારયવુશે સિંધુ** નદીની પૂર્વના **પંજાબ** અને **સિંધ**ના પ્રાંતો ફત્તેહ કરી પોતાની શાહાનશાહત સાથે જોડી દીધા.

• **હિંદુશ** (**હિંદુસ્તાન**) ની ફત્તેહથી ઇરાની શાહાનશાહતની પૂર્વ સરહદને ઘણી મજબૂતી મળી. એ ફત્તેહ પછી ઈરાનનો કાબૂ છેક ટિબેટના જંગલો સૂધી વધી પડયો. **હિંદુસ્તાન**ની ફત્તેહ પછી જે મહાભારત સાહાસ મહાત્મા **દારયવુશે** માંથે ઉઠાવ્યો તે "**દરિયાની પેલી પારના સક** (**સ્કીથ્યન**) **લોકો**"ની ફત્તેહને લગતો હતો. **સક** લોકો હાલના **યૂરોપ્યન રશયા**ના દક્ષિણ ભાગમાં વસતાં હતા અને **કૉકેસસ** પર્વતોને માર્ગે અવારનવાર ઇરાન ઉપર દરોડો પાડતા હતા. તેઓના આ દરોડાઓ ઘણા સાધારણ હતા અને તેથી ઇરાનની રૈયતોને ભારે ખમવું પડતું. **દારયવુશે** પ્રથમ તો **કૉકેસસ** પર્વતો તરફ અને **કાળા સમુદ્ર**ના

---

* આ તેમજ હિંદુસ્તાનની ફત્તેહને લગતી તારીખ ચોક્કસ નથી. જૂદાં જૂદાં ઇતિહાસકર્તાઓ ઉપલી ફત્તેહને માટે જૂદી જૂદી તારીખો આપે છે પણ લગભગ સઘળાંઓ એ તારીખ ઇ૦ સ૦ પૂ૦ ૫૧૮ થી ૫૦૦ સૂધીના વર્ષોમાં મેળે છે.

ક્રોસ્ટાઓ ઉપર વસતા સક જંગલીઓનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો અને પોતાની શાહાનશાહતની વધુ મજબૂતી માટે ખુદ તેમના મુલ્ક ઉપર ચઢાઈ લઈ જઈ તેમને પૂરેપૂરા જેર કરવાનો તેને વિચાર કીધો. સક લોકોના નાશમાં ઇરાનની સલામતી સમાયલી હતી. આથી મહાત્મા **દારયવુશે** સ્કીથ્યા ઉપરની ચઢાઈ માટે મોટું લશ્કર ભેગું કીધું અને પોતાની ભૂમધ્ય સમુદ્રના કાંઠા ઉપર વસનારી પ્રજાઓની મદદથી તેણે એક જબરો દરિયાઈ કાફલો ઊભો કીધો. તેણે **બૉસ્ફોરસ,** અને ડેન્યુબ નદી ઉપર પુલો નખાવ્યા અને શાહાનશાહતને બચાવભરી હાલતમાં મેળી, **દારયવુશે સુસાંથી યૂરોપ** તરફ કુચ શરૂ કીધી.

૫૦૭. મહાત્મા **દારયવુશે યૂરોપિયન સ્કીથ્યાં** ઉપર ચઢાઈ કરવા, **બૉસ્ફોરસની** ખાડી ઉપર નાખેલો પૂલ વટાવી, **થ્રેસમાં** દાખલ થયો.

૫૦૭. મહાત્મા **દારયવુશે** સ્કીથ્યા તરફ જવાના માર્ગમાં મળતી સઘળી જંગલી પ્રજાઓને તાબે કીધી. **દારયવુશે ગૉથ** (ફ્રેંચ) લોકોના વડવા **ગેટી** લોકોને, તેમની સરકશી માટે તેમનો ભારે પરાજય કરી, તેમને ફત્તેહ કીધા. **સેલ્મીડેસસ, સ્કીર્મ્યાદી** અને **નીપ્સ્યન** લોકો પોતાની રાજી ખુશીથી **દારયવુશને** તાબે થયા.

૫૦૭. મહાત્મા **દારયવુશે** ડેન્યુબ (ઈસ્ટર) નદી ઓળંગી "**દરિયાની પેલે પારના**" **સક** (સ્કીથ્યન) લોકોના મુલ્ક (**રશીયા**) ઉપર ચઢાઇ કીધી. સ્કીથ્યન રાજા **ઇદાનથીર્સસને** સ્કીથ્યાની ઉતરે વસનારી **બુદીનાઇ, ગેલોનાઇ,** અને **સૌરોમાટી** પ્રજાઓએં મદદ આપી. મહાત્મા **દારયવુશે સૌરોમાટી** જંગલીઓનો મુલ્ક ફત્તેહ કીધો, **દારયવુશે બુદીનાઇ** પ્રજાના મુલ્કમાંથી પસાર થઇ, **ગેલોનાઇ** લોકોના દેશમાં પેસી, તેમનું **ગેલોન્સ** શહેર જીતીને બાળી નાખ્યું. મહાત્મા **દારયવુશ વૉલ્ગા** નદી સૂધીના **સ્કીથ્યન** મુલ્કોની ફત્તેહ કરી, **થ્રેસ** પાછો ફર્યો.

૫૦૯. મહાત્મા **દારયવુશ યૂરોપની** સરકશ પ્રજાઓને ફત્તેહ કરવાનું કામ પોતાના બહાદુર સરદાર **બગાબક્ષ** (**મગાબાઝસ**) ને સોંપી પોતે **સાર્દિસ** ખાતે પાછો ફર્યો.

૫૦૬. સરદાર **બગાબક્ષેએ**સની ૧૮ પ્રજાઓને ફત્તેહ કીધી.

૫૦૬. **બગાબક્ષે પીચો**ન્યા જીતી લઈ, **યૂરો**પની બીજી જંગલી પ્રજાઓને જીતી લીધી.

૫૦૬. સરદાર **બગાબક્ષે,** શાહાનશાહ **દારયવુશની** તાબેદારીનો સ્વીકાર કરાવવા માટે **મેસિડ**નના રાજા **અમીન્ટાસ** ઉપર એલચીખાતું મોકલ્યું. **અમીન્ટાસ ઈરા**નને તાબે થયો અને તેણે પોતાની બેટી **ગાઈગીયાને બગાબક્ષ**ના બેટા **બુબારીસ** જોડે પરણાવી.

૫૦૬. સરદાર **બગાબક્ષ** સઘળાં **પીચો**ન્યનોને પોતાની સાથે લઈ **સાર્દિસ** ગયો. **દારયવુશે બ**ગાબક્ષની જગા ઉપર સરદાર **હુતન**ને નિમ્યો.

૫૦૬. **દારયવુશ લી**ડિયાની હાકમી પોતાના ભાઈ **આર્તાફર્નિસ**ને સોંપી **સુસા** ખાતે પાછો ફર્યો.

૫૦૬. સરદાર **હુતને બાઈ**ઝેન્શ્યમ અને **ચૅલ્સી**ડનના મોટા પ્રખ્યાત શ્હેરો જીતી લીધા. **હુ**તને **યુરો**પની બીજી જંગલી પ્રજાઓને તાબે કીધી.

૫૦૦(?) **મૈ**લિટસના **ગ્રીક** હાકમ (રાજા) **એરીસ્તા-ગોરાસ**ની માંગણી મુજબ **લી**ડિયાના શત્રપ **આર્તાફર્નિસે** **નૅક**સોસનો ટાપુ ફત્તેહ કરવા ૨૦૦ બારકસોનો એક કાફલો પોતાના ભાણેજ **મગબાતીસ**ની સરદારી તળે તેને સોંપ્યો. **મગબાતીસ** સાથની શત્રુવટને લીધે **એરીસ્તાગોરાસ નૅ**કસૉસ જીતવામાં નિષ્ફળ થઇ પાછો ફર્યો.

૫૦૦. **મૈ**લિટસના હાકમ **એરિસ્તાગોરાસે** પોતાના સસરા **હિસ્ટીયસ**ની ઉશ્કેરણીથી બળવો ઉઠાવી, શાહાનશાહ **દારયવુશ**ની સત્તાનો અનાદર કર્યો.

૫૦૦-૪૯૫. **એ**થન્સ અને **ઈરી**ત્રિયાના લોકોએ **એરિસ્તાગોરાસ**ને મદદ આપવા **એ**શિયાના કાંઠા ઉપર **ઈફીસસ** ખાતે ઉતરી, **લી**ડિયાની રાજધાની **સાર્દિસ** ઉપર હુમલો કરી, તેનો

કબજો લઇ, તેને બાળી મેલ્યું. લીડિયાના શત્રપ **આર્તાફ્રર્નિસને** વધુ મદદ મળતા, **એથીન્યનો** તેનાથી ડર ખાઈ **સાર્દિસ** છોડી નાઠા. શત્રપ **આર્તાફ્રર્નિસે** શત્રુઓની પુઠ પકડી, **ઈફીસસના** ખુનખાર યુદ્ધમાં તેમનો જબરો પરાજય કર્યો. **એથીન્યનો** અને **ઇરિત્રિયનો** એશિયા છોડી પાછા **એથન્સ** અને **ઇરિત્રિયા** ખાતે નાઠા.

૫૦૦-૪૯૫. બળવાખોર **એરિસ્તાગોરાસને** મદદ આપવા **હેલેસ્પોંટ**, **કારિયા**, **ર્કોનસ**, વિગેરે પ્રાંતોને લગતા **ગ્રીક** શ્હેરો અને ટાપુઓએ **ઈરાન** સામે બળવા ઉઠાવ્યા.

૫૦૦-૪૯૫. એરિસ્તાગોરાસની મદદમાં **સૈપ્રસના** **ઈરાનના** તાબેદાર રાજા **ગોર્ગસના** ભાઈ **ઓનેસિલસે** **ઈરાન** સામે બળવો ઉઠાવી **ગોર્ગસને** પદભ્રષ્ટ કીધો. **એમેથ્યુસિયન** લોકો સિવાય **સૈપ્રસની** સઘળી પ્રજાઓ **ઓનેસિલસના** બળવામાં જોડાઈ. **ઓનેસિલસે** **એમેથ્યુસિયન** પ્રજાના શ્હેરને ઘેરો ઘાલ્યો.

૫૦૦-૪૯૫: **ઈરાની** સરદાર **આર્તિબાયસે** બળવાખોર **ઓનેસિલસના** રાજધાની શ્હેર **સાલામિસ** ઉપર હુમલો કરી, તેનો કબજો લેવા તેને ઘેરો ઘાલ્યો. **સાલામિસના** ખૂનખાર જંગમાં **આર્તિબાયસે** બળવાખોર **ઓનેસિલસનો** મોટો પરાજય કરી તેનો જીવ લીધો અને **સાલામિસ** પાછું તાબે કીધું. **ઈરાનને** તાબેના **ફિનિશ્યન** કાફલાએ બળવાખોર **ઇયોન્યન** કાફલાને જબરી હાર આપી. સરદાર **આર્તિબાયસે** **સૈપ્રસના** સઘળાં બળવાખોર શ્હેરોને ઘેરા નાખી તાબે કીધા. **આર્તિબાયસે** પદભ્રષ્ટ રાજા **ગોર્ગસને** પાછું તેનું રાજ્ય અર્પ્યું.

૫૦૦-૪૯૫. મહાત્મા **દારયવુશના** જમાઈ **દારીસિસે** **હેલેસ્પોંટના** બળવાખોરોને પાછા તાબે કીધા, અને તેમના મદદગાર **કારિયાના** બળવાખોરોને બે જબરી લડાઇમાં મહાભારત શિકસ્તો આપી.

૫૦૦-૪૯૫. મહાત્મા **દારયલુશે** બળવાખોર **એરિસ્તાગોરાસ**ના સસરા **હિસ્તીયસ**ને બળવો બેસાડી દેવા ઈયોન્યા (યઉન) મોકલ્યો. **હિસ્તીયસે** બળવાખોરોને મળી જઈ **દારયલુશ** સામે બંડ જગાડ્યું.

૫૦૦-૪૯૫. **લાડી**ના ખુનખાર દરિયાઈ જંગમાં ઈરાનીઓએ બળવાખોરોના દરિયાઈ કાફલાનો સદંતર નાશ કર્યો. ઈરાનીઓએ **મૈલિટસ**ના મોટા બળવાખોર શેહેરને ઘેરો ઘાલી તાબે કીધુ. **દારયલુશે** **મૈલિટસ**ના બળવાખોર રહેવાસીઓને તેમના શેહેરમાંથી હાંકી કઢાવી ઈરાની અખાતને કિનારે આવેલા **એમ્પી** શેહેર ખાતે વસાવ્યા.

૫૦૦-૪૯૫. ઈરાની સરદાર **હાર્પેગસે** બળવાખોર **હિસ્તીયસ**ને (**એશિયા મૈનર**માં આવેલા શેહેર) **મલીના**ની જબરી લડાઈમાં હરાવી કેદ કીધો. **લીડિયા**ના શત્રપ **આર્તોફર્નિસે** **હિસ્તીયસ**ને મરાવી નખાવ્યો.

૫૦૦-૪૯૫. ઈરાની કાફલાએ **ચીયૉસ**, **લેસબૉસ**, **ટેનિડૉસ** વિ૦ બળવાખોર ટાપુઓ પાછા તાબે કીધા.' ઈરાની કાફલાએ **બાઇઝેન્શ્યમ**, અને **હેલેસ્પોંટ**. તથા **ગ્રેસ**ના બળવાખોર શેહેરોને પાછા જીતી લઇ તેમનો નાશ કીધો;' અને **ક્રિમ્યા**ના શેહેરોને ફત્તેહ કરી બાળી મેલ્યા.

૪૯૫. ઈયોન્યન બળવાનો અંત આવ્યો.

૪૯૩. ઈયોન્યાએ ત્રીજીવાર બળવો ઉઠાવ્યો. ઈરાનીઓએ બળવાખોરોને હરાવી બળવો બેસાડી દીધો.

૪૯૨. મહાત્મા **દારયલુશે** પોતાના જમાઈ **મર્દુનિય** (**માર્દોન્યસ**) ને, ઈયોન્યાના બળવાખોરોને મદદ આપવા માટે **એથન્સ** અને **ઈરીત્રિયા**ને સજા કરવા, મોટા સૈન્ય અને કાફલા સહિત **યૂરોપ** મોકલ્યો. **મર્દુનિયે** **થેસોસ**નો ટાપુ ફત્તેહ કીધો, અને **મેસિડન**ના અર્ધ-સ્વતંત્ર રાજ્યને પૂરેપૂરું તાબે કીધું. **મર્દુનિયે** **ગ્રીસ** ઉપર ચઢાઈ કીધી. **એથૉસ**ના પર્વત આગળનો તુફાની

દરિયો ઓળંગતા નાશકારક દરિયાઈ તુફાનથી ઇરાની કાફલાના ૩૦૦ બારકસો અને ૨૦,૦૦૦ માણસો નાશ પામ્યા. દરિયાઇ કાફલાનો નાશ થવે નાચાર થઈ **મર્દુનિય** પાછો **થ્રેસ** ફર્યો. **બ્રીગાઇ** નામની જંગલી **મેસિડોન્યન** પ્રજાએ રાતની વખ્તે **ઇરાની** લશ્કર ઉપર અચાનક હુમલો કરી તેની મોટી કત્લ ચલાવી. **મર્દુનિયે** **બ્રીગાઇ** જંગલીઓને સજા કરવા તેમના મુલ્ક ઉપર ચઢાઈ કરી તેમને તાબે કીધા. **મર્દુનિય** **એશિયા** ખાતે પાછો ફર્યો.

૪૯૧. **ઇરાનીઓએ** **થૅસૉસના** ટાપુના રહેવાસીઓને **દારયવુશ** સામે બંડ મચાવતા અટકાવ્યા.

૪૯૦. મહાત્મા **દારયવુશે** **મીડિયન** સરદાર **દાતિસ** અને પોતાના ભત્રીજા **આર્તાફર્નિસની** સરદારી તળે **એથન્સ** અને **ઇરીત્રિયા** સામે બીજી ચઢાઇ મોકળાવી. **ઈજીના** **ઇરાનને** વગર લડાઇએ તાબે થયું. **ઇરાનીઓએ** **નૅક્સૉસ** તેમજ **સાઇક્લેડીસ** (**સકયા?**) ના બીજા સઘળાં ટાપુઓ ફત્તેહ કીધા. **ઇરાનીઓએ** **ઇયુબ્યા** ઉપર ચઢાઇ કીધી. **ઇયુબ્યાનું** **કારીસ્ટસ** શેહેર **ઇરાનીઓને** તાબે થયું. **ઇરાનીઓએ** **ઇરીત્રિયાના** **સરકશ** શેહેરને ઘેરો ઘાલી ૭ દિવસ બાદ તેને તાબે કરી, ત્યાંના સઘળાં રહેવાસીઓને **ઇજીલ્યા** ખાતે લઈ જઈ કેદ કીધા.

૪૯૦. **ઇરાનીઓએ** **ગ્રીસના** કાંઠા ઉપર **મેરેથનના** જગપ્રસિદ્ધ મેદાનમાં પડાવ નાખ્યો. **મેરેથનની** દુનિયાની પંદર પરિપૂર્ણ લડાઇઓમાંની પ્હેલી લડાઇમૂાં **એથીન્યનોએ** **ઇરાનીઓનો** મોટો પરાજય કર્યો. **ઇરાનીઓ** **ઇરીત્રિયન** કેદીઓને સાથે લઇ ઇરાન પાછા ફર્યા.

મેરેથનની હારથી મહાત્મા **દારયવુશને** ઘણુંજ દુઃખ થયું. હવે એ શાહાનશાહે પોતાના દેશની શિકસ્તનું વેર લેવા માટી તૈયારીઓ કરવા માંડી અને ભવિષ્યની **ગ્રીસ** ઉપરની ચઢાઈની સરદારી પોતેજ લેવાને દરૂસ્ત વિચાર્યું. મહાત્મા **દારયવુશ** **ગ્રીસ** ઉપર જરૂર ચઢાઈ લઈ જતે પણ તેટલામાં **મુદ્રાય** (**મિસર**) ખાતે બળવો ઉઠવાથી ઉપલી ચઢાઇ ઢીલમાં પડી.

૪૮૬. મુદ્આય (મિસર)ના રહેવાસીઓએ બળવો ઉઠાવી, ઈરાની શત્રપને મુદ્આયમાંથી હાંકી કાઢી, પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. મુદ્આયમાં રાજ્ય કરનારા ઈરાનીઓના ૨૭માં વંશની આખેરી આવી.

૪૮૫. મહાત્મા **દારયવુશ** મરણ પામ્યો.

દારયવુશ મરણ પામ્યો ત્યારે તેની ઉમ્મર ૬૪ વરસની હતી. ઈરાનના તખ્ત ઉપર તેના જેવા મહામ શાહાનશાહો થોડાજ ખીરાજી ગયા હશે. તેની જેટલી વખ્ખાણ કર્યે તેટલી કમતીજ છે. કેટલાક તવારીખનવેશો મૂજબ તે પ્હેલવહેલો રાજદ્વારી સુધારક હતો. મહાત્મા **કુરૂશે** જીતેલા સંખ્યાંબંધ મુલકોની વાજબી વ્યવસ્થા કરનાર પણ તેજ હતો. તે ગાદીએ આવ્યો ત્યારે જરથોસ્તી ધર્મની હાલત ઘણીજ બારીક થઈ પડી હતી પણ તે હાલતમાંથી તેની અસલી સર્વોપરી હાલતમાં તેણે તેને પાછો લાવી મેળવ્યો. તેણે પોતાની શાહાનશાહતને ૨૦ ભાગો (શત્રપીઓમાં) માં વ્હેંચી નાખી, અને દરેક ભાગમાં અકેકો શત્રપ (હાકમ), લશ્કરી સેનાપતિ અને મુનશી નેમ્યા. આ દરેક શત્રપી પાસેથી તેણે ચોક્કસ રકમ ખંડણી તરીકે લેતી કીધી.

દારયવુશની શાહાનશાહતનો વિસ્તાર ઘણો વ્હોળો હતો. એશિયા ખંડની સઘળી પ્રજાઓ અને રાજ્યો તેને તાબે હતા, આફ્રિકાખંડમાં મિસર, બાર્કા, અને સાઈરીનના રાજ્યોમાં ઈરાની વાવટો ફડફડતો હતો. શાહાનશાહ **કબૂજિયે** ઇથ્યોપિયાનો એક ભાગ જીતી લઈ, કાર્થેજની બળવંત શાહાનશાહતને જીતવાની તલપ કીધી હતી પણ તે પોતાની ધારણા પાર પાડી શક્યો હતો નહિ. **દારયવુશ**ના વખતમાં ઇથ્યોપિયા ઈરાનને તાબે થયું અને કાર્થેજની શાહાનશાહતે ઇરાનને ખંડણી આપતી કરવામાં પોતાની સલામતી જોઈ. કાર્થેજ ખાતે **દારયવુશ**નું વ્હોળું ચલણ હતું. તેણે કાર્થેજની વ્હેમી મૂર્તિપૂજક પ્રજાઓના વ્હેમો અને તેમની જંગલી રીતભાતો તોડવાની ઘણી કોશેશો કીધી. યૂરોપખંડમાં પણ **દારયવુશ**નો અમલ કેટલાક ભાગો ખાતે ચાલતો હતો. દક્ષિણ રશીયા, ક્રિમ્યા, થ્રેસ, પીયોન્યા મેસીડન, અને ઇજીયન સમુદ્રના સઘળાં ટાપુઓ તેના તાબામાં હતા. એથન્સ, સ્પાર્ટા અને બીજા થોડા ન્હાના રાજ્યો સિવાય આખા ગ્રીસના સઘળાં ગ્રીક રાજ્યોએ ઈરાનની સતા કબૂલ રાખી હતી. હાલના ફ્રેંચ લોકોના વડીલો 'ગેટી' લોકોએ **દારયવુશ**નો અમલ સ્વીકાર્યો હતો,

ઇટલીના ટારેન્ટમ શ્હેરના રાજ્યે અને સિસિલીના ટાપુએ તેનો બ્હોળો લાગવગ પોતાના રાજ્યોમાં ચાલવા દીધો હતો. **દારયવુશના** તાબામાં એ રીતે તે વખ્તની સુધરેલી દુનિયાનો ગોયા ૠ ભાગ હતો. પોતાની આવી મોટી સતાનું વર્ણન કરતા મહાત્મા **દારયવુશ** પોતાના **નક્ષે રૂસ્તમ** ખાતેના યાદગાર લેખમાં જણાવે છે કે—

"**હોરમજદ** બુજર્ગ ભગવાન (છે),............જેણે **દારયવુશને** પાદશાહ કીધો, સઘળાંઓનો એકલો પાદશાહ, સઘળાંઓનો એકલો ફરમાવનાર; હું છું **દારયવુશ** પાદશાહે બુજર્ગ, પાદશાહોનો પાદશાહ, પાદશાહ મુલુકોનો સઘળી જાત જાતના, પાદશાહ આએ ભૂમીનો મોટી દૂરવેરની......"

રૉલીન્સન **દારયવુશને** માટે લખતા જણાવે છે કે **દારયવુશમાં** "યોજના કરનાર, સપેહસાલાર, પ્રધાન, રાજવહીવટ કરનાર, ઇમારતો બાંધનાર, હુનર અને વિદ્યાના કામોનો મુરબ્બી" એ સઘળાંના ગુણો હતા.

'ક્ષયાર્શા.'

મહાત્મા જર્કસિસ. ઇ૦ સ૦ પુ૦ ૪૮૫–૪૬૫.–૨૦ વરસ.

મહાત્મા દારયવુશ અને મહાત્મા કુરૂશની બેટી એતોસ્સાનો બેટો.

મહાત્મા **જર્કસિસ** જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેને માટે બે મહાભારત કામો હાર પાડવાના રહ્યા હતા. તેમાં પ્હેલું કામ **મિસરનો** બળવો બેસાડી દેવાનું અને બીજું કામ એથેન્સને સજા કરવાનું હતું.

૪૮૫. મહાત્મા **જર્કસિસે** **મિસર**પર ચઢાઈ કીધી. મહાત્મા **જર્કસિસે** **મેમ્ફીસ**પર હુમલો કરી તેને હાથ કીધું.

૪૮૪. **મિસરનો** બળવો બેસાડી દઈ, **મિસર** દેશને ત્રીજી મરતબે **ઇરાન**ને તાબે કરી, પોતાના ભાઈ **હખઈમનીશ** (**એકીમીનિશ**)ને ત્યાંનો શત્રપ નેમી મહાત્મા **જર્કસિસ** પાછો **ઇરાન** આવ્યો.

૪૮૪–૪૮૧. **ગ્રીસ** (**યુનાન**) દેશપર ચઢાઇ કરવા **જર્કસિસે** મહાભારત તૈયારીઓ કરવા માંડી.

મિસરનો બળવો બેસાડી દઈ મહાત્મા **જર્કસિસે** **એથેન્સ**ને સજા કરવાનું મૂસ્કેલ કામ હાથ ધર્યું. જાતે બહાદુર અને મક્કમ મનનો હોવાથી પોતાના મહાત્મા પેદરની ઉમેદો તેના મરણ બાદ પણ પાર ઉતારવા **જર્કસિસે** માથે લીધું. તેના આ મહાભારત કામમાં તેને ઇરાની સપેહસાલાર **માર્દોન્યસ**, **એથેન્સ**ના પદભ્રષ્ટ રાજા **હિપ્પીઆસ**, **સ્પાર્ટા**ના ન્હાસભાગમાં પડેલા પાદશાહ **ડીમારેટસ**, વિગેરે સરદારોએ મોટું ઉત્તેજન આપ્યું. આ મુજબ **એથેન્સ**ને સજા કરવાનો પક્કો નિશ્ચય કરીને મહાત્મા **જર્કસિસે** પોતાની બળવંત શાહાનશાહતના સઘળાં શત્રપોપર લશ્કર જમા કરવા ફરમાનો મોકલ્યા. તેણે **ગ્રીસ**પર ચઢાઈ કરવાની આગમજ બે મહાભારત સાહાસો માંથે ઉઠાવ્યા. **એશિયા** અને **યુરોપ** ખંડની વચ્ચે આવેલી **બૉસ્ફોરસ**ની સાંકડી ખાડીપર તેણે બોટોનો પુલ બંધાવ્યો. તેનો બંધાવેલો પ્હેલો પુલ તો ખાડીમાં થયલા મોટા તોફાનથી નાશ પામ્યો. આથી મહાત્મા **જર્કસિસે** સાવચેતી વાપડી બીજો ઘણો મજબૂત બેવડો પુલ બંધાવ્યો.

આ તેનું મહાભારત કામ કોઈ પણ સુધરેલા દેશને જેબ આપનારૂં હતું. મહાત્મા જર્કસિસનું બીજું મુશ્કેલ કામ એથૉસ પર્વત કોતરાવી મોટી નેહેર બંધાવવાને લગતું હતું. ઈ૦ સ૦ પૂ૦ ૪૯૨ માં સરદાર માર્ડોન્યસનો દરિયાઈ કાફલો એથૉસ પર્વતનો તુફાની દરિયો પસાર કરતા નાશ પામ્યો હતો તેટલા માટે ઈરાની કાફલાના બચાવ અર્થે એથૉસની નેહેર ઘણી ઉપયોગી થઈ પડશે એવું વિચારી મહાત્મા જર્કસિસે આ સાહાસકર્મ માથે લીધું. એથૉસ પર્વતનો સૌથી સાંકડો ભાગ કોતરી ૧॥ માઈલ લાંબી આ નેહેર બાંધતાં ૩ વર્ષો વહી ગયા. એ બન્ને સાહાસકર્મો ઉપરાંત મહાત્મા જર્કસિસે ઈરાનથી ગ્રીસ સુધીનાં માર્ગમાં પુષ્કળ અનાજ ભરાવી રાખી લશ્કરના બચાવની તારીફલાયક ગોઠવણો કીધી. આખરે પોતાની ખ્હોળી શાહાનશાહતનું મોહું લશ્કર કેપેડોશિયાના ક્રિટાલા શેહેર ખાતે ભેગું મળ્યું. લશ્કરની ખરી ચોક્કસ સંખ્યાં આપણુને મળી નથી. એ ઉપરાંત મોટો દરિયાઈ કાફલો પણ ભેગો થયો. જર્કસિસની ચઢાઈમાં નીચે મુજબ આશરે ૫૦ પ્રજાઓએ ભાગ લીધો હતો:—

ઇરાની, મીડ, સીસિયન, હીર્કેન્યન, એસીર્યન, ખાલ્ડિયન, બેક્ત્રિયન, સકી, ઇન્ડિયન, આર્યન, પાર્થ્યન, ખોરાસ્મિયન, સોગ્દિયન, ગંદાર્યન, દેદીકાઈ, કાસ્પિયન સરન્જિયન, પેકટાઈ, યુશિયન, માઇકયન, પેરીકેનિયન, અરબ, ઇથિયોપ્યન (એશિયાખંડના), ઇથિયોપ્યન, (યૂરોપના), લીબ્યન, પેફલેગોનિયન, માટિયેનિયન, લીગાઈ, માર્યન્દિયન, કેપેડોશિયન, ફ્રીજયન, આર્મીન્યન, લીડિયન, મીસ્યન, થ્રેસ્યન (એશિયાના), કેબેલિયન, માઇલિયન, મોસ્કિયન, ટીબારીન્યન, મેક્રોનિયન, મોસીનીશ્યન, મારાઈ, કોલ્ચિયન, એલેરોડિયન, સેસ્પિર્યન, ઇરીથ્રીયન, સગર્શિયન અને કેસ્પિઇર્યન.

દરિયાઈ કાફલાની ફોજમાં નીચલી પ્રજાઓ પણ હતી:—

ફીનિશી, સિરિયન, ઇજીપ્શ્યન, સાઇપ્રયન, સીલિશિયન, પેમ્ફીલિયન, લીશ્યન, ડોર્યન, કાર્યન, ઇયોન્યન, એઓલિયન અને હેલેસ્પોન્શ્યન.

મહાત્મા જર્કસિસે પોતાના જમીનપરના લશ્કરની સરદારી માર્ડોન્યસ, ત્રૈતનતિકમિસ (ફેરેદુન-તોખ્મ), સ્મર્ડોમિનિસ, મસિસ્તીસ, ગર્ગીસ અને મગબીજસને સોંપી હતી, જ્યારે તેના દરિયાઈ સેનાધિપતિઓ આર્યાબીજ્નિસ, હખામનીશ, પ્રિક્ષાસ્પિસ

(પેરોષસ્પ) અને મગબાજૂસ (મેહબાજુ) નામના સગાઓ હતા. મહાત્મા જર્કસિસ સઘળી તૈયારી કરીને ક્રિટાલા ખાતે પોતાના ભેગા મળેલા લશ્કરને જઈ મળ્યો.

૪૮૧. મહાત્મા **જર્કસિસે ક્રિટાલા** છોડી **સાર્ડિસ** તરફ કુચ કીધી (આશરે જુન યા જુલાઈ.)

સાર્ડિસ તરફ કુચ કરતા મહાત્મા **જર્કસિસે** માર્ગમાં **ફ્રીજયાના સીલીની** શ્હેરમાં વિસામો લીધો જ્યાં **પીથ્યાસ** નામે આખી દુનિયામાં સૌથી તવંગર ગણાતા ઇરાનીએ તેની ઘણી મેહેમાનદારી કીધી. મહાત્મા **જર્કસિસ** તેને નવાજી **સાર્ડિસ** જઈ પ્હોંચ્યો.

૪૮૧. મહાત્મા **જર્કસિસે સાર્ડિસથી ગ્રીસના** સઘળાં સ્વતંત્ર રાજ્યો (**એથેન્સ** અને **સ્પાર્ટાના** બળવંત રાજ્યો સિવાય) પાસેથી તાબેદારીની નિશાની તરીકે **"ખાક અને આબ"** (માટી અને પાણી) ની માંગણી કરવા એલચીઓ મોકલ્યા.

૪૮૧. ઈરાની લશ્કર કુચ કરતું **સાર્ડિસથી એબાઇડોસ**ના બંદર ખાતે આવી પ્હોંચ્યું.

સાર્ડિસથી એબાઇડોસ તરફ ભપકામંદ-દનામદાર ઈરાની લશ્કરે કરેલી કુચનું વર્ણન વાંચતાં આપણી છાતી ખુશાલીથી ધડકી રહે છે. મહાત્મા **જર્કસિસે એબાઇડોસ** ખાતે જશનની ગંભીર ક્રિયા કરી તે સર્વવ્યાપક સાહેબ પાસે પોતાની ફત્તેહ માટે મદદ માંગી.

૪૮૧. મહાત્મા **જર્કસિસ** પુલ વટાવી **યૂરોપી**ભૂમિમાં પગ મેલી **થ્રેસ**માં દાખલ થયો.

મહાત્મા **જર્કસિસ થ્રેસ**માં દાખલ થઈ **મીલાસ** નદી પસાર કરી **ડોરિસ્કસ** શ્હેરમાં આવી પૂંગ્યો. **ડોરિસ્કસ** ખાતે તેને પોતાની તરી તેમજ ખુશ્કીની ફોજોની કવાયદ લીધી. તેથી સંતોષ પામી શ્હેરની છાંકમી પોતાના વફાદાર સરદાર **માસ્કામિસ**ને સોંપી તેણે **સ્ટ્રાઇમન** નદી તરફ કુચ કીધી. તે નદી પસાર કરી દરિયાને કિનારે કિનારે આગળ વધી **એકેન્થસ** શ્હેર જઈ પ્હોંચ્યો જ્યાંનાં યુનાનીઓએ તેની તાબેદારી વગર લડાઇએ સ્વીકારી. **એકેન્થસથી જર્કસિસ** દરિયાઇ કાફલો છોડી **થર્માના મેસિડોન્યાના** બંદર ખાતે આવી પૂંગ્યો જ્યાં તેની દરિયાઈ ફોજ તેને પાછી આવી મળી. **જર્કસિસે સાર્ડિસથી** મોકલેલા

કાસદો તેને થર્મા ખાતે પાછા આવી. મળ્યા. નીચલી પ્રજાઓએ જર્કસિસની તાબેદારી કબૂલ રાખી માટી અને પાણી મોકળી આપ્યા:—

થેસેલ્યન, ડૅલોપ્યન, ઇનીયેન્યન પર્હિબિયન, લૉક્રીયન, મેગનેશિયન, માલ્યન, એકયન, થીબન અને બિયોસ્યન.

૪૮૦. મહાત્મા **જર્કસિસ ઓલીમ્પસ** પર્વત ઓળંગી **થેસલી (ગ્રીસ)** માં દાખલ થયો. મહાત્મા **જર્કસિસે થેસલી** વગર લડાઇએ તાબે કર્યું.

જર્કસિસની મહાભારત ચઢાઈની વાત જ્યારે ગ્રીસમાં ફેલાઈ ત્યારે ગ્રીક રાજ્યોની ધાસ્તીનો પાર રહ્યો નહિ. એથેન્સ, સ્પાર્ટા, ફોસીસ અને બીજા બે ત્રણ ન્હાના રાજ્યો સિવાય બીજા સઘળાં ગ્રીક રાજ્યોએ મહાત્મા જર્કસિસની તાબેદારી કબૂલ રાખી. ઉપલા બહાદુર રાજ્યોએ આર્ગોસ, સિસિલી, કોર્સીર્યરા, ક્રિટ, વિગેરે ગ્રીક રાજ્યો પાસ મદદ માંગી જે તેઓએ જૂદાં જૂદાં બહાણાંઓ બતાવી આપવાને ના પાડી. તે છતા મોટી રીકગ્રીક પછી આખરે ઇરાન સાથે છેવટ સુધી લડવા એથેન્સ, સ્પાર્ટા, વિગેરે રાજ્યોએ ઠરાવ કીધો. આ ઠરાવ મુજબ ૧૦,૦૦૦ (આશરે:) સ્પાર્ટનો, આર્કેડિયનો, કોરિંથિયનો, થેસ્પીયનો, થીબનો, મેન્ટીનિયનો, વિગેરે ગ્રીક પ્રજાઓનું બહાદુર લશ્કર મહાત્મા જર્કસિસનો દક્ષિણ ગ્રીસમાં દાખલ થવાનો એકનો એક માર્ગ રોકવા. થર્મોપીલીની સાંકડી નાળ રોકવા ત્યાં જઈ પૂંગું અને થર્મોપીલીનો મુશ્કેલ માર્ગ શત્રુઓ સામે બંધ કીધો.

૪૮૦. મહાત્મા **જર્કસિસે** એકાયા અને **માલીસ**ના પ્રગણાઓ ફત્તેહ કરી **થર્મોપીલી** તરફ આવી પ્હોંચી **ત્રેચીનાં** ખાતે પડાવ નાખ્યો (જૂન યા જુલાઇ.)

ઇરાની કાફલાએ થર્મા છોડી આગળ વધ્યો. સ્કિઆથસના ટાપુ આગળ ઇરાની કાફલાના ૧૦ બારકસોએ ઇરાની કાફલાની છૂપી હિલચાલ તપાસવા આવેલા ૩ ગ્રીક બારકસો ફત્તેહ કીધા. ઇરાની કાફલાએ મેગ્નિશિયા ખાતે આવી લંગડ નાખ્યું જ્યાં તેને મોટું તોફાન નડયું.

૪૮૦. **મેગ્નીશિયા** ખાતે થયલા ૩ દિવસના નાશકારક દરિયાઈ તુફાનમાં ૪૦૦ ઈરાની બારકસો નાશ પામ્યા.

ઈરાની કાફલાને આવતો જોઈ ગ્રીક કાફલો ન્હાસભાગમાં પડયો હતો તેના પગમાં ઇરાની કાફલાના ઉપલા સંકટથી પાછું જોર આવ્યું. તે આર્ટીમિસ્યમ છોડી ઈરીત્રિયાના મોટા ટાપુની પડોશમાં આવેલા ચૅલ્સીસના અંદર તરફ નાઠો હતો ત્યાંથી પાછો આર્ટીમિસ્યમ આવ્યો. ઈરાની કાફલો મેગ્નીશિયા છોડી પેગેસિયાના અખાતમાં દાખલ થયો પણ પાછલે પડી ગયલા ૧૫ ઈરાની બારકસો આર્ટીમિસ્યમ ખાતે ગ્રીક કાફલાના હાથમાં સપડાઈ ગયા.

હવે જર્કસિસે થર્મોપીલીની સાંકડી નાળનો કબજો લેવા પોતાના લશ્કરની મીડ, સીસિયન, વિગેરે બહાદુર ફોજોને મોકળાવી પણ તેઓ તે નાળનો કબજો લઈ શકયા નહિ. બે દિવસો સુધી ઇરાનીઓ કશુ કરી શકયા નહિ. આખરે કેટલાક ત્રેચીન્યનોએ પર્વતો પર થઇને નાળની બીજી બાજુએ જવાનો છૂપો માર્ગ બતાવ્યાથી મહાત્મા જર્કસિસે બહાદુર સરદાર હાઇદાર્નિસની સરદારી તળે ૧૦૦૦૦ ઇરાનીઓની ચુનંદી "અમર" નામની ટુકડીને રાતોરાત રવાના કીધી. આ પહાડી માર્ગનો બચાવ કરવા ૧૦૦૦ ફોશ્યન ફોજ ઉભી હતી તેને હાઇદાર્નિસે હરાવી ન્હસાડી મેળી. ફોશ્યનોની આ હારની ખબર પડતા અને ઈરાની ફોજના સમાચાર મલતાજ નાળનો બચાવ કરવા ઉભેલા ગ્રીકોમાં ધાસ્તી ફેલાઈ. લગભગ ૪,૫૦૦ સિવાય બીજા સઘળાંઓ ન્હાસી ગયા. સહવાર પડતાજ એક તરફથી મહાત્મા જર્કસિસે અને બીજી બાજુથી હાઇદાર્નિસે થર્મોપીલી પર હુમલો કીધો. આથી ગ્રીક લશ્કર બન્ને બાજુથી ઘેરાઈ ગયું.

૪૮૦. થર્મોપીલીની ખુનખાર મહાભારત લડાઈમાં સઘળાં દેશહિતકારી, બહાદુર ગ્રીક યોદ્ધાઓ માર્યા ગયા. ઈરાનીઓની મોટી ફત્તેહ થઈ (જૂન યા જુલાઈ.).

આ લડાઈમાં ગ્રીકોનો વડો-સ્પાર્ટાનો રાજા—લિયોનિડાસ તેમજ મહાત્મા જર્કસિસના બે ભાઇઓ માર્યા ગયા. ૪૦૦ થીબનો ઈરાનીઓને તાબે થયા.

થર્મોપીલીની નાશકારક લડાઈ આગમજ આર્ટીમિસ્યમના દરિયાઈ યુદ્ધો થયા. થર્મોપીલીની લડાઈ આગમજ આર્ટીમિસ્યમ ખાતેના ગ્રીક કાફલાએ કોરિંથની સંયોગી ભૂમિ તરફ ન્હાસવાનો વિચાર કીધો. પણ યુબિયન લોકો તે કાફલાના વડા થેમિસ્ટોકિલસને લાંચ આપી ગ્રીક

કાફલાને આર્ટીમિશ્યમ આતેજ પોભાવવાને શકિતવાન થયા. બીજી તરફથી ઇરાની કાફલાના વડાએ ગ્રીક કાફલાને બન્ને તરફથી ઘેરી લેવાની મકસદથી ૨૦૦ બારકસોને યુબિયાના ટાપુનો ચક્રાવો લઈ બીજી તરફથી ગ્રીક કાફલા પર હુમલો કરવા રવાના કીધા.

૪૮૦. ગ્રીક કાફલા પર બીજી બાજુથી હુમલો કરવા ગયલો ૨૦૦ વહાણોનો ઈરાની કાફલો .બીજા મોટા દરિયાઇ તુફાનથી નાશ પામ્યો.

૪૮૦. ગ્રીક કાફલાએ ઈરાની કાફલા પર હુમલો કીધો. પ્હેલે દિવસની લડાઈ રાત પડવાથી બંધ પડી.

પ્હેલા દિવસની લડાઈ હારજીત વગરની (Indecisive) હતી. બીજે દિવસે ગ્રીક કાફલાને નવી મદદ મળી.

૪૮૦. ગ્રીક કાફલા સાથે બીજે દિવસે પાછી વગર હાર જીતની લડાઈ થઇ.

ત્રીજે દિવસે ઈરાની કાફલાએ ગ્રીક કાફલાપર હુમલો કરી તેને મોટી શિકસ્ત આપી ન્હસાડયો.* ઈરાની કાફલાએ શત્રુઓની પૂઠ પકડી યુબિયાના બંદરો ફત્તેહ કીધા. (જુલાઈ.)

૪૮૦. મહાત્મા જર્કસિસે ફોસિસ અને બીજા બાર ગ્રીસના પ્રગણાઓ જીતી ઉજ્જડ કીધા, અને ગ્રીક દેહેરાંઓ લૂટી બાળી નાખ્યા.

મહાત્મા જર્કસેસે ફોસિસ્ની દક્ષિણે આવેલા પેનોપિસ શ્હેર આતે પોતાના લશ્કરના બે ભાગો પાડી એકને ડેલ્ફીનું દેહેર લૂટવા મોકલ્યો અને પોતે બીજા ભાગ સાથે એથેન્સની રાહ પકડી. જર્કસેસને આવતો સમજી એથેન્સ અને પ્લટીના સઘળાં રહેવાસીઓ પોતાના ઘરબાર છોડી સાલામિસના ટાપુમાં જઈ વસ્યા.

૪૮૦. ઈરાનીઓએ થેસ્પિયન અને પ્લેટયન લોકોના શ્હેરો જીતી ફના કરી ડેલ્ફીનું જગપ્રસિદ્ધ દેહેરૂં લૂટી બાળી નાખ્યું.

---

* Encyclopaedia Britannica.

૪૮૦. મહાત્મા **જર્કસિસે ગ્રીસનું બીયોશ્યાનું** પ્રગણું તાબે કરી **એથીન્યનોના** રાજ્ય **એટિકા** પર ચઢાઇ કીધી. મહાત્મા **જર્કસિસે એથેન્સને** ઘેરો ઘાલી, **એથીન્યનોને** હરાવી, **એથેન્સ** જીતી, લૂટી બાળી મૂક્યું (ઑગસ્ટ.)

આ રીતે પોતાના મહાત્મા પિતા **દારયવુશની** ધારણા તેના તેવાજ મહાત્મા ફરમાનબરદાર બેટાએ લાંબી મૂદતે પાર પાડી. મહાત્મા **જર્કસિસ** આ રીતે સરકશ **એથીન્યનોને** સજા કરી પરવાર્યો. તેની આ મહાભારત ફત્તેહનો સઘળો હેવાલ મહાત્મા **જર્કસિસે** પોતાના કાકા **અર્દેવાન (આર્તાબાનસ)** પર ઈરાન લખી વાળ્યો. આ વખતે **ગ્રીક** દરિયાઈ કાફલાના સરદારોમાં ફાટફુટ પડી ચૂકી હતી. **ગ્રીક** કાફલાનો **સ્પાર્ટન** વિભાગનો વડો **યુરીબાયદીસ** સ્પાર્ટાના બચાવ અર્થે કોરિંથની સંયોગીભૂમિ તરફ હંકારી જવા માંગતો હતો, જ્યારે **એથીન્યન** વિભાગનો વડો **થેમિસ્ટોક્લીસ સાલામિસના** ટાપુમાં આશરો લઇ પડેલા **એથીન્યનોનું** રક્ષણ કરવા **સાલામિસની** ખાડીમાંજ લંગડ નાખી પડાવ કરવા માંગતો હતો. આથી તેણે એક યુક્તિ રમાડી જોઇ. તેણે, પોતે મહાત્મા **જર્કસિસનો** કેવોક ભલું ઈચ્છનાર હોય તેમ એક પેચભર્યો પત્ર તેના પર લખ્યો. તેણે જણાવ્યું કે અગરજો ઇરાની કાફલો **સાલામિસ** તરફ વેળાસર આવી નહિ પ્હોંચશે તો સઘળો **ગ્રીક** કાફલો કોરિંથ તરફ છટકી જશે. મહાત્મા **જર્કસિસ** આ ખબરથી ઉતાવલમાં પડયો. તેણે સઘળાં ઈરાની કાફલાને એકદમ **સાલામિસ** તરફ કુચ કરવાને હુકમ ફરમાવ્યો. **સાલામિસની** ખાડી ઘણી સાંકડી હોવાથી ઈરાની કાફલો છૂટથી ફરી શકયો નહિ. અંત્રે **ગ્રીક** અને ઈરાની કાફલા વચ્ચે દુનિયાની પંદર પરીપૂર્ણ લડાઇઓમાંની બીજી જગઆશકાર દરિયાઈ લડાઈ થઈ.

૪૮૦. **સાલામિસની** જગપ્રસિદ્ધ મહાભારત દરિયાઈ લડાઈમાં **ગ્રીક** કાફલાએ ઈરાની કાફલાનો મ્હોટો પરાજય કર્યો (સપ્ટેમ્બર).

૪૮૦. **એટિકા** અને **સાલામિસના** ટાપુ વચ્ચે આવેલા **સાઈટેલ્યાના** ન્હાના ટાપુ ખાતે રાખેલી ઈરાની ફોજ પર હુમલો કરી **ગ્રીક** સરદાર **એરિસ્ટાઇડીસે** તેને વગર લડાઈ લડવે કત્લ કીધી.

સાલામિસની લડાઈમાં ઇરાની કાફલાની ધૂળધાણી થયા બાદ તે ન્હાસભાગમાં પડયો. ગ્રીક કાફલાએ યુબીયાના મોટા ટાપુની અગ્નીખુણે આવેલા એન્દ્રોસના ટાપુ સુધી તેની પુઠ પકડી પણ તેને પકડી પાડવામાં તે નિષ્ફળ થયો.

મહાત્મા **જર્કસિસ** પોતાની ધારણા પાર પાડી ચૂકયો હતો. ઇરાની કાફલાનો સંહાર થવે પોતાની **એશિયા** ખંડની શાહાનશાહત સાથે સંબંધ રાખવાનું મોટું સાધણ તેણે ખોયું. આ વખ્તે પોતાની વ્હોળી શાહાનશાહતના કેટલાક બેદિલ લોકો બળવો ઉઠાવે એવા ચિન્હો જણાવા લાગા. બૅબીલોનનાં સરકશ લોકોની બેવફાઇ જાહેર પડી. આ સઘળાંથી મહાત્મા **જર્કસિસ** બિહીધો કે મબાદા કોઈ નવો દાવાદાર ઊભો થઈ તેનું તખ્ત પચાવી પાડે. તેને માલમ હતું કે પૂર્વ દેશોના પાદશાહોએ પોતાના રાજધાની શ્હેરથી લાંબો વખ્ત દૂર રેહેવું એ ગોયા પોતાનું રાજ્ય ખોવા બરાબર છે. મહાન શાહાનશાહ **કમ્બૂજિયની** કહાણી તે વિસર્યો હતો નહિ. જેમ **કમ્બૂજિયની** મિસર ખાતેની ગેરહાજરીએ **ગઉમત મગુસ** જેવા દાવાદારો ઊભા કીધા તેમ કદાચ પોતાની **ગ્રીસ** ખાતેની ગેરહાજરી નવા દાવાદારો પેદા નહિ કરે એવું ચોક્સ તો હતુંજ નહિ. આ સઘળાંનું તોલ મહાત્મા **જર્કસિસે** કરવાનું હતું. એટલા માટે જ્યારે તે પોતાની ધારણા પાર પાડી ચૂકયો ત્યારે વધુવાર પરદેશમાં પડી રેહી પોતાની શાહાનશાહત ખરાબ કરવામાં તેણે ફાયદો જોયો નહિ. તે કદાચ પોતાના **સઘળાં** લશ્કર સાથે પોતે ઉજ્જડ વાળેલા **ગ્રીસ** દેશ છોડી **એશિયા** જતે પણ તેના વીરલા યોદ્ધા **માર્દોન્યસને ગ્રીસ** દેશની શત્રપી ભોગવવાની મોટી હોંશ હોવાથી તેની મરજીને માન આપી તેણે થોડુંક લશ્કર તેને સ્વાધીન કીધું.

૪૮૦. ફતેહમંદ શાહાનશાહ મહાત્મા **જર્કસિસ ગ્રીસમાં** સરદાર **માર્દોન્યસને** રાખી પોતે **એશિઆ** તરફ પાછો ફર્યો.

મહાત્મા **જર્કસિસને** વિદાય કરવા સરદાર **માર્દોન્યસ થેસેલી** સુધી ગયો અને પોતે **થેસેલીમાં** પડાવ નાખી પોતાના એક સરદાર **આર્તાબાજસ (અર્દાબાજુ)** ને છેક હેલેસ્પોંટ સુધી **જર્કસિસ** સાથે જવા તેણે ફરમાવ્યું. હેલેસ્પોંટ ખાતેનો પુલ તુફાનથી નાશ પામ્યો

હતો. આથી મહાત્મા **જર્કસિસને** હોડીઓની મારફતે ખાડી પસાર કરવાની ફરજ પડી. આમાની એક હોડી કે જેમાં મહાત્મા **જર્કસિસ** સવાર થયો હતો તેને માર્ગમાં તુફાન નડયું. હોડીમાં ભાર વધારે હોવાથી કેટલાક વહાણવટીઓએ ધાસ્તી આણી કે ભારથી હોડી ડુબી જશે. આથી હોડીમાં બેઠેલા માતબર ઉમરાઓએ 'જ્યારે પોતાના નામદાર શાહાનશાહનો જાન જોખમમાં જોયો ત્યારે તેના પરથી પોતાના પ્યારા જાનો સદકે કરવા તેઓ એકદમ દરિયામાં કુદી પડયા! ખરી વફાદારી તે એનું નામ! મહાત્માં **જર્કસિસ** આથી ઘણોજ દલગીર થયો. તે સાર્દિસથી બૅબીલોન જઇ પૂંગ્યો. અને બૅબીલોન ખાતે બળવો ઉઠયો હતો તે બેસાડી દઇ, ત્યાંની મૂર્તિપૂજક રૈયતને સખ્ત સજા કરી, તેમની મૂર્તિઓનો નાશ કરી, **જરતોશ્તનો** આ ચૂસ્ત ચેલો સુસા પાછો ફર્યો.

પેલી તરફથી સરદાર **આર્તાબાજસે** **જર્કસિસને** રવાના કરી **ગ્રીસ** તરફની રાહ પાછી પકડી પાલીન ખાતે માર્ગમાં પડાવ નાખ્યો.

૪૭૯. **ચૅલ્સીડીક** ભૂશલાકાના **પોટીડીયા** શેહેરના લોકોએ બળવો ઉઠાવ્યો. સરદાર **આર્તાબાજસે** **પાલીન** ખાતેથી જઇ **પોટીડીયાને** ઘેરો નાખ્યો.

૪૭૯. **પોટીડીયાને** મદદ કરવા **ઑલીન્થસ** શેહેરે બંડ ઉઠાવ્યું. **આર્તાબાજસે** બંડ બેસાડી દઇ **ઑલીન્થસ** પાછું તાબે કર્યું.

સપેહસાલાર **માર્દોન્યસે** આખો શીયાળો **થેસેલી** ખાતેજ ગુજાર્યો. જ્યારે મહાત્મા **જર્કસિસ** **એટિકા** છોડી ગયો ત્યારે **એથીન્યનો** પાછા પોતપોતાના ઘરબારોમાં આવી વસ્યા હતા. બહાદુર **માર્દોન્યસે** તેમને વધુવાર હેરાન નહિ કરતા પોતાની **પક્ષમાં** તેઓને લેવા તેમની પચ્ છ માંગણી મોકલી પણ સ્પાર્ટનોની ઉશ્કેરણીથી તેઓએ તેની દોસ્તી કરવા ના પાડી. આથી નાસિપાસ થઈ મોટી દલગીરી સાથે એટિકા તરફ તેણે કુચ કીધી.

૪૭૯. સુનંદા વીર **માર્દોન્યસે** **એટિકા** પર ચઢાઈ કરી **એથેન્સ** પર હુમલો કરી તેને પાછું સર કીધું (જૂન.)

માર્દોન્યસની ચઢાઇની ખબર મલતાજ સઘળાં **એથીન્યનો** પોતાના ઘરબાર છોડી પાછા ન્હાસભાગમાં પડયા. **તેઓએ** **સ્પાર્ટાનાં**

બહાદુર લડાયક રાજા પૉસૅન્યસની મદદ માંગી જે તેણે ખુશી સાથે આપી. ઍથેન્યનો અને સ્પાર્ટનોએ મોટું લશ્કર જમા કીધું અને આ મોટા સૈન્ય સાથે તેઓએ પ્લેટી તરફ કુચ કીધી. માર્ડોન્યસને જ્યારે આ મોટા ગ્રીક લશ્કરની ખબર પડી ત્યારે તે કુચ કરતો પ્લેટી શેહેરની પડોશમાંથી પસાર થતી અસોપસ નદીનાં કિનારા પર આવી પ્હોંચ્યો. અહિંઆ તેને ગ્રીકો સાથે લડાઈ થઈ.

૪૭૯. **અસોપસ** નદીના કાંઠા પર થયલી લડાઈમાં **ગ્રીક** લશ્કર માર ખાઇ પ્લેટી શેહેર તરફ નાઠું.

આ ન્હાસતા શત્રુઓનો ઇરાની લશ્કરે કુંબાલો પકડયો. સ્પાર્ટનોમાં ઇરાનીઓ માટે મોટી ધાસ્તી ફેલાઈ હતી. ન્હાસતા ગ્રીકો પ્લેટી ખાતે જઈ ઊભા. આ જગોએજ ઇરાનીઓ સાથે તેમને લડાઈ થઈ.

૪૭૯. પ્લેટીની નાશકારક કમનશીબ લડાઇમાં બહાદુર સપેહસાલાર **માર્ડોન્યસના** માર્યા જવાથી ઇરાનીઓ હાર્યા અને ન્હાસભાગમાં પડયા.

૪૭૯. ઇરાની લશ્કરે ગ્રીસ છોડી સરદાર **અર્ટાબા-જુની** સરદારી તળે **એશિયા** પાછું ફર્યું. ઇરાનીઓના પાછા ફરવાથી **ગ્રીસ, મેસિડોનિયા, થીયોન્યા** અને (**ડોરિસ્કસ,** ઇઓન તથા **બાઇજેન્શ્યમ** શેહેરો સિવાય આખું) **થ્રેશ દેશો** પાછાં સ્વતંત્ર થયા.

સાલામિસની લડાઈ પછી ઈરાની કાફલો વિખરાઈ ગયો. તેમાંનો એક વિભાગ **એશિયા માઈનરમાં** ઈયોન્યાનાં બચાવ અર્થે મહાત્મા **જર્કસિસે** રાખેલા બહાદુર સરદાર **તાઇગ્રીનીસ (તીગ્રન)** ની સરદારી હેઠળના લશ્કરનો બચાવ કરવા **માઇકેલ** ખાતે પડાવ નાખી પડયો હતો. પ્લેટીની નાશકારક લડાઈ આગમજ ગ્રીક કાફલાએ **માઇકેલ** તરફ કુચ કીધી. ઈરાની લશ્કરમાં ઈયોન્યન, ઈમીયન, વિગેરે ગ્રીક સિપાહો દુશ્મનોને મળી ગયલા હોવાથી સરદાર તીગ્રને તેમના હથિયારો ઉતરાવી લીધા. ઇરાની લશ્કરની

મદદે **માઇલિટસ** ખાતેથી એક ફોજ આવી લાગવાથી ગ્રીક કાફલાના ગ્રીક લશ્કરે કિનારે ઉતરવાની હીમત કીધી નહિ પણ ઉપલા **માઇલીશ્યનોના** છુપા પેગામથી તેઓએ હીમત પકડી કિનારે ઉતરી ઈરાની લશ્કર પર હુમલો કીધો. પ્લેટીની લડાઈ જે દહાડે થઈ તેજ દહાડે **માઇકેલનું** યુદ્ધ પણ થયું.

૪૭૯. **માઇકેલના** મોટા જંગમા ઇરાની લશ્કરનો ગ્રીક વિભાગ દુશ્મનોને મળી જવાથી ઈરાનીઓની મોટી હાર થઇ.

૪૭૮. **એથીન્યન,** સ્પાર્ટન તેમજ **ગ્રીસના** બીજા રાજ્યોના કાફલાના વડા—સ્પાર્ટાના બહાદુર રાજા **પૉસેન્યસે** **સૈપ્રસના** મોટા ટાપુના કેટલાક ગ્રીક શહેરોને ઈરાનથી સ્વતંત્ર કરી, **થ્રેસના** મોટા ઈરાની શહેર **બાઈઝેન્શ્યમને** ઘેરો ઘાલ્યો.

૪૭૭. **પૉસેન્યસે** **બાઈઝેન્શયમ** તાબે કીધું.

આ ફત્તેહ પછી **પૉસેન્યસ** ઘણો ફુલી ગયો. ઈરાની શાહાનશાહતની જાહોજલાલી તથા ઇરાની પોશાકના દમામ અને ભપકાએ તેના મનપર મોટી અસર કીધી. સ્પાર્ટન લોકોની સાદાઈ તથા તેમના સાદા પોશાકથી તે સંતોષ પામ્યો નહિ. તેણે ભપકામંદ ઇરાની પોશાક પ્હેરી ઈરાની બડેખાઓના જેવા દમામદાર ઠાઠથી રહેવાનું પસંદ કીધું. એટલુંજ નહિ પણ મહાત્મા **જર્કસિસ** જેવા આખી દુનિયાના મહાન રાજકર્તાની મેહેરબાની મેળવવા તેણે **બાઇજેન્શ્યમ** ખાતેથી પકડાયલા બહાદુર ઈરાનીઓને માન સાથે છોડી મેજ્યા. તેણે હવે ઈરાન સાથની દુશ્મની છોડી દઈ તેના એક સેવક થવાનું પસંદ કીધું. વળી તેણે મહાત્મા **જર્કસિસના** દામાદ થવાની ઉમેદમાં ઈરાન તરફથી લડી આખો ગ્રીસ દેશ ઇરાનના તાબામાં લાવવા કબૂલ કીધું. આથી મહાત્મા **જર્કસિસે** ભવિષ્યની ગ્રીસ દેશની ચહાઇની ગોઠવણો કરવા પોતાના વિશ્વાસુ સરદાર **આર્તાબાજસ** (**અર્દાબાજુ**) ને **થ્રેસના** ઈરાની પ્રગણાઓની હાકમી આપી મોકલ્યો. પણ **પૉસેન્યસનો** દગો માલમ પડતાજ સ્પાર્ટનોએ તેને સ્પાર્ટા ખાતે બોલાવી મારી નાખ્યો (ઇ૦ સ૦ પૂ૦ ૪૭૭.)

ગ્રીસ સાથની લડાઈ બંધ પડવા બાદ પોતાની શાહાનશાહતને શણગારવા મહાત્મા **જર્કસિસે** પર્સપોલીસના દુનિયાને હેરત કરનારા મેહેલો બંધાવ્યા. એના વખ્તમાં આફ્રિકા ખંડની પ્રદક્ષિણા કરવાની ઇરાનીઓની કોશેશ રદ ગઈ. આફ્રિકા ખંડની કાર્થેજની બળવંત શાહાનશાહમાં મહાત્મા **જર્કસિસનુ** મ્હોટું ચલણ હતું.

૪૬૫. હીમતવાન, બહાદુર, મક્કમ મનના, દયાળુ, પણ મગરૂર મહાત્મા **જર્કસિસનું** તેના લશ્કરી અમલદાર **આર્તાબાનસે (અર્દવાને)** તેના આરામગાહમાં દાખલ થઇ ખૂન કીધું.

'અર્તક્ષત્ર'

આર્તાજર્કસિસ (લોંગીમાનસ); અર્દશીર (દરાઝદસ્ત);

અથવા બહમન ઈ૦ સ૦ પૂ૦ ૪૬૫-૪૨૫.—૪૦ વરસ.

મહાત્મા જર્કસિસ અને સરદાર હુતનની બેટી એમેસ્ત્રિસનો બેટો.

મહાત્મા **જર્કસિસ**ના ખૂન પછી તેના બે મોટા બેટાઓમાંનો વડો **દારયવુશ** દરબારમાં હતો જ્યારે બીજો બેટો **વીશતાસ્પ** (**હીસ્તાસ્પિસ**) બેકત્રિયા ખાતે હાકમી ભોગવતો હતો. સૌથી ન્હાનો અને ત્રીજો બેટો **અર્તક્ષત્ર** (**આર્તાજર્કસિસ**) **દારયવુશ** સાથે દરબારમાંજ હતો. ખૂની **અર્દવાને** (**આર્તાબાનસે**) મહાત્મા **જર્કસિસ**નું ખૂન કરી **અર્તક્ષત્ર**ને ભમાવ્યો કે ત્હારા પેદરનું ખૂન ત્હારા વડા ભાઈ **દારયવુશે** તખ્તની લાલચનો ગુલામ બની કર્યું છે. આ ખોટી ઉશ્કેરણીથી **અર્તક્ષત્રે** **દારયવુશ**નું ખૂન કર્યું. **આર્તાબાનસ**ની ખરી મતલબ તો ઈરાનનું તખ્ત પોતે હાથ કરવાની હતી. આથી તેણે ન્હાના બેટા **અર્તક્ષત્ર**ને દરબારીઓમાં પોતાનો ભારે લાગવગ ચલાવીને તખ્તનશીન કીધો. ઇરાની દરબારના **જર્કસિસ**ના વચલા બેટા **વીશતાસ્પ**ના મિત્રોએ આથી મોટો વાંધો ઉઠાવ્યો પણ **આર્તાબાનસ** જેવા દરબારના વગવાળા અમીર સામે તેઓનું કશુ ચાલ્યું નહિ. આ પછી ખૂની **આર્તાબાનસે** **અર્તક્ષત્ર**નું કાટલું કાઢી તખ્ત પચાવવાની યુક્તિઓ રચી પણ તેમાં તો આ ખૂની સપડાઈ ગયો.

૪૬૫. શાહાનશાહ **અર્તક્ષત્રે** ખૂની **આર્તાબાનસ**ને મરાવી નાખ્યો. તેના બેટાઓનો બળવો **બગબક્ષે** બેસાડી દીધો.

જર્કસિસના, વડા બેટા **દારયવુશ**ના ખૂન બાદ તખ્તનો ખરો હકદાર વારેસ—તેનો વચલો બેટો **વીશતાસ્પ** હતો. પણ **અર્તક્ષત્રે** ખૂની **આર્તાબાનસ**ને સજા કરી તખ્ત **વીશતાસ્પ**ને સ્વાધીન નહિ કરતા પોતે પચાવી પાડયું. આથી ઘણી ફરીયાદો બાદ આખરે **વીશતાસ્પ**ને તેની સામે લડાઈ ઉઠાવવી પડી.

૪૬૪. **બેક્ટ્રિયા**ના શત્રપ, શાહાનશાહ **અર્તક્ષત્ર**ના વડા ભાઈ **વીશ્તાસ્પે** **ઈરાન**નું તખ્ત મેળવવા **અર્તક્ષત્ર** સામે ચઢાઇ કીધી. **અર્તક્ષત્રે** બે મોટી લડાઇઓમાં **વીશ્તાસ્પને** હરાવી **બેક્ટ્રિયા** પાછું તાબે કીધું.

૪૬૦. **મિસર**ના લોકોએ **ઈરાન**થી સ્વતંત્ર થવા બળવો ઉઠાવ્યો. તેઓએ **લીબ્યા**ના **ઇરાન**ના તાબેદાર રાજા **સેમેનિટસ**ના બેટા **ઇનારસ** અને **સઇસ**ના રહેવાસી **અમિર્ત્યુસ**ને પોતાના રાજાઓ ગણી તેમને બળવાખોર લશ્કરની સરદારી આપી.

મહાત્મા **જર્કસિસે** ઇ૦ સ૦ પૂ૦ ૪૮૪ માં **મિસર**ને તાબે કીધા બાદ **મિસર**ના લોકોએ ઈરાન સામે માથું ઉંચકવાની પાછી હીમ્મત કીધી નહિ. ઇ૦ સ૦ પૂ૦ ૪૬૫માં મહાત્મા **જર્કસિસ**નું ખૂન થયું અને ઈરાનમાં તેના બેટાઓ વચ્ચે તખ્તના દાવા માટે યુદ્ધો ચાલ્યા. આથી બળવાખોર **મિસરીઓ**ના પગમાં પાછું જોર આવ્યું. ઇરાનનું ઇનસાફી દયાળુ રામ-રાજ્ય તેઓને પસંદ હતું નહિ. તેઓને માટે તો **અસીરિયા** અને **બેબીલોન** જેવા જૂલ્મી જાલેમ રાજ્યોજ જોઇતા હતા. તેઓના આ બળવામાં ઈરાનના મોટા શત્રુ **એથીન્યનો**ની મોટી ઉશ્કેરણી અને દીલશોજી હતી. તેઓએ બળવાખોરોની મદદમાં ૨૦૦ વહાણોનો મોટો દરિયાઈ કાફલો મોકળી આપ્યો. આ મોટા કાફલા અને બળવાખોરોના મોટા સૈન્ય સામે **મિસર**ના શત્રપ—મહાત્મા **જર્કસિસ**ના ભાઈ **હખામનીશ**થી ટકી શકાયું નહિ.

૪૫૯. **નાઈલ** નદીના મુખ આગળ **પેપ્રેમિસ** ખાતે થયલી મ્હોટી લડાઇમાં **મિસર**ના બળવાખોર લશ્કરે **મિસર**ના શત્રપ **હખામનીશ**ને હરાવી જખમી કીધો. **હખામનીશ** જખમથી મરણ પામ્યો. ઈરાની લશ્કર ન્હાસી **મિસર**ની રાજધાની **મેમ્ફીસ**ના કિલ્લામાં ભરાઈ બેઠું. બળવાખોર લશ્કરે **મેમ્ફીસ**ને ઘેરો નાખ્યો.

૪૫૯. શાહાનશાહ **અર્તક્ષત્રે** **પેલેસ્ટાઈન**ના **યહુદીઓ**ની હાલત સુધારવા પોતાની યહુદણ રાણી **ઈસ્થર**ની ભલામણથી યહુદી સરદાર **એજરા**ને **જુડિયા**ની હાકમી બક્ષી.

૪૫૯. મિસરના બળવાખોરોને સજા કરવા શાહાનશાહ **અર્તક્ષત્રે** **સિરિયા**ના બહાદુર શત્રપ મહાત્મા **જર્કસિસ**ના જમાઈ **બગબક્ષ** (**મગબીજસ=મેહબાજુ=મઘબાજુશ્**) ને મોટા લશ્કર સાથે **મિસર** મોકલ્યો.

સરદાર **બગબક્ષે** **મેમ્ફીસ**ની મોટી લડાઇમાં બળવાખોર **મિસરી**ઓ તથા તેમના મદદગાર **એથીન્યનો**નો મોટો પરાજય કર્યો. રાજા **ઈનારસ** ન્હાસી **બી**બ્લસના કિલ્લામાં ભરાયો. **અમિર્ત્યુસે** ન્હાસી **એલ્બો**ના ટાપુમાં આશરો લીધો. એથીન્યનો હીમ્મત હારી **પ્રોસોપીટીસ**ના ટાપુમાં ભરાઈ બેઠા. સરદાર **બગબક્ષે** ઈરાની લશ્કરને બળવાખોરોથી બચાવી બળવાખોર રાજા **ઇનારસ**ને જીવતદાન બક્ષવાની સરતે તાબે કરી તેને **ઈરાન** મોકલ્યો અને **પ્રોસોપીટીસ**ના ટાપુને ઘેરો ઘાલ્યો.

આ ઘેરો ૧॥ વરસ ચાલું રહ્યો. પ્રોસોપીટીસનો ટાપુ **નાઈલ** નદીની શાખાઓ વચ્ચે આવેલો હોવાથી **બગબક્ષ** **એથીન્યનો**ને એકદમ તાબે કરી શકયો નહિ. આથી તેણે **નાઈલ** નદીની એક શાખાને સુકવી નાખી સુકી જમીન મારફતે તે ટાપુ પર હુમલો કીધો.

૪૫૭. સરદાર **બગબક્ષે** **પ્રોસોપીટીસ**ના ટાપુમાં આશરો લઇ પડેલા **એથીન્યનો**નો મોટા યુદ્ધમાં સંહાર કીધો અને તેમના ૨૦૦ બારકસોના મોટા કાફલાનો સદંતર નાશ કીધો.

૪૫૭. **એથીન્યનો**ની મદદે આવેલા બીજા ૫૦ વહાણોના કાફલાનો **બગબક્ષે** હુમલો કરી હરાવી નાશ કર્યો.

૪૫૫. સરદાર **બગબક્ષ** **મિસર**ને પૂરેપૂરૂ તાબે કરી **સિરિયા** પાછો ફર્યો. શાહાનશાહ **અર્તક્ષત્રે** **મિસર**ની હાકમી સરદાર **સાર્સમસ**ને સોંપી.

૪૫૨. **પારસી** વજીર **હામાન**ની ઉશ્કેરણીથી શાહાનશાહ **અર્તક્ષત્રે** **હામાન**ના શત્રુઓ ઈરાની શાહાનશાહતના સઘળાં **યહુદી** લોકોને તેમના બારમાં માસ (આદર)ની ૧૩ મી તારીખે કત્લ કરવાનો હુકમ બહાર પાડયો.

હામાનને અર્તક્ષત્રની યહુદણ રાણી **ઇસ્થરના** એશી **મોર્દેકાઈ** સાથ શત્રુવટ હોવાથી તેણે સઘળાં યહુદીઓ પર વેર લેવાની યુક્તિ રચી. તેણે **અર્તક્ષત્રને** ભમાવ્યો કે યહુદીઓ એકસંપ કરી ત્હારૂં રાજ્ય ફના કરનાર છે આથી **અર્તક્ષત્રે** ઉપલું ફરમાન બહાર પાડયું. જ્યારે **અર્તક્ષત્રની** માનીતી યહુદણ રાણી **ઇસ્થરને હામાનના** આ પ્રપંચની ખબર પડી ત્યારે **અર્તક્ષત્રને** પોતાની યુક્તિઓથી રાજી કરી ઉપલું ફરમાન રદ કરવા તેણીએ અરજ કીધી. હવે ઇરાનમાં એવો કાયદો હતો કે એક વખ્તે ઇરાની શાહાનશાહે બહાર પાડેલું ફરમાન કોઇ કાળે પણ ફેરવી શકાય નહિ. આથી **અર્તક્ષત્ર** પોતાનું એક વખ્તે બહાર પાડેલું ફરમાન રદ કરી શકયો નહિ તો પણ તેણે બીજું ફરમાન બહાર પાડી યહુદીઓને પોતાનો બચાવ કરવાની સત્તા બક્ષી.

૪૫૨. **યહુદીઓના** બારમા મહીના (આદર) ના ૧૩ માં રોજે **યહુદીઓ** અને તેમના શત્રુઓ વચ્ચે થયલી મારફાડમાં ૭૫,૦૦૦ માણસો માર્યા ગયા.

૪૪૯. **એથીન્યન** સરદાર **સાઇમને સૈપ્રસના** ઇરાની ટાપુ પર ચઢાઈ કરી **કીશ્યમ** શ્હેરને ઘેરો ઘાલ્યો. **સૈપ્રસના** મૂખ્ય શ્હેર **સાલામિસ** આંગળ થયલી દરિયાઇ તેમજ જમીનપરની બન્ને લડાઇઓમાં **સાઇમને** ઇરાનીઓને હરાવ્યા. **સાઇમન** જખમી થઈ મરણ પામ્યો તેથી તથા આરાકીની ખૂટને લીધે **એથીન્યનો** ઘેરો ઉઠાવી **કીશ્યમ** શ્હેર છોડી ગયા.

ઇરાન સાથની આ છેલ્લી લડાઈ પછી **એથીન્યનો** ઠંડા પડી ગયા. અને તેઓએ ઇરાન સાથ લડવાની વધુવાર હીમત કીધી નહિ.

૪૪૭. **સિરિયાના** બહાદુર શત્રપ **બગાબક્ષે અર્તક્ષત્ર** સામે બળવો ઉઠાવ્યો.

બગાબક્ષે લીબ્યાના બળવાખોર રાજા **ઇનારસને** જીવતદાન બક્ષવાની સરતે તાબે કરી ઇરાન મોકળ્યો હતો. **અર્તક્ષત્રે** તેને જીવતાદાન બક્ષ્યું પણ પોતાની બપાઇની ભારે કાકલુદીથી કંટાળી આખરે વચન ભંગ કરી **ઇનારસને** તેણે તેણીને સોંપ્યો. **અર્તક્ષત્રની** બપાઇએ **ઇનારસને** પોતાના વહાલા ફરજંદ—મિસરના **ઇનારસના** હાથે માર્યા ગયલા શત્રપ—**હખામનીશના** કીનામાં મારી નખાવ્યો. આથી **બગાબક્ષને** ઘણું માઠું લાગ્યું અને તેણે બળવો ઉઠાવ્યો.

૪૪૭. **બગાબક્ષ** **અર્તક્ષત્ર**ના લશ્કરને અનેક લડાઈઓમાં હરાવ્યું. **અર્તક્ષત્રે** કંટાળી **બગાબક્ષ** સાથે સુલેહ કીધી.

૪૪૬. **બગાબક્ષ**ના બેટા **જોપિરસે** કાર્યા અને **સીસ્યા** ખાતે બળવો ઉઠાવ્યો.

ઈ૦ સ૦ પૂ૦ ૪૪૭ માં શાહાનશાહ **અર્તક્ષત્રે** **બગાબક્ષ** સાથે સુલેહ કરી તેને પોતાનો સલાહદાર બનાવ્યો પણ તેના હાથ પર પોતાના લશ્કરની થયલી શિકસ્તોનું વેર લેવા એક નજીવી ખટપટ પરથી તેને રાતા સમુદ્રના એક શહેરમાં દેશનિકાળ કાઢયો. એ ઉપરથી પોતાના બાપનું વેર લેવા **જોપિરસે** બંડ ઉઠાવ્યું. પણ **બગાબક્ષ** **અર્તક્ષત્ર**નો બનેવી થતો હોવાથી રાજ્યકુટુંબની બાનુઓની સમજાવટથી તેને **અર્તક્ષત્રે** પાછો ઈરાન બોલાવ્યો (ઈ૦ સ૦ પૂ૦ ૪૪૨ યા ૪૪૧.) **બગાબક્ષ**ના પાછા ફરવાથી **જોપિરસ**નો બળવો નરમ પડયો.

૪૪૬. શાહાનશાહ **અર્તક્ષત્રે** **યહુદીઓ** પર મેહેરબાન થઇ **નેહેમ્યાને** **જુડિયા**ની હાકમી સોંપી **જેરૂસેલમ**ના કિલ્લાની દીવાલો મરામત કરવા અને **જીહોવા**નું નામીચું મંદિર પાછું બાંધવાની પરવાનગી આપી.

૪૩૧. ગ્રીસમાં **એથેન્સ** અને સ્પાર્ટા વચ્ચે જગપ્રસિદ્ધ ખુનખાર **"પેલોપોનિશયન વૉર (જંગ)"** જાગી.

સાલામિસ અને **પ્લેટી**ના યાદગાર યુદ્ધો પછી **ગ્રીસ**માં **એથેન્સ**ની સત્તા વધી પડી. ઈરાન સાથની ખુનખાર લડાઇઓ બંધ પડયા પછી ગ્રીક રાજ્યોની એક મોટી મંડળી સ્થાપાઈ. આ મંડળીનું વડપણ **એથેન્સ**ને મળ્યું. દિન પર દિન **એથેન્સ**ની સત્તા વધતી ચાલી. તેની રાજદ્વારી મોટાઈ જોડે સંસારી મોટાઇ પણ વધી પડી. **એથીનીયનો** વકતૃત્વ, અક્ષરવિદ્યા, હુન્નર અને તત્ત્વજ્ઞાનમાં આખી દુનિયામાં મશહુર થયા. "**પેલોપોનિશયન વૉર**" ની આગમજ **એથેન્સ**માં દુનિયામાં વિખ્યાતી મેળવી ગયલા મહાન કવિઓ, ઇતિહાસકર્તાઓ, શિલ્પીઓ, ફિલસુફો, વક્તાઓ અને તત્ત્વવેત્તાઓ હૈયાતી ભોગવી ગયા. **એથેન્સ**નું નૌકાસૈન્ય પણ બળવાન હતું. આ સઘળી મ્હોટાઇએ તેના મનમાં મગરૂરી ને ગર્વિષ્ટપણાનું ઘર બાંધ્યું. તેની આપખુદી વધી પડી. ન્હાના રાજ્યો પર આપખુદ સત્તા ચલાવી તેમને **એથેન્સે** લૂટી પજવવા માંડ્યાં.

આ આપખુદી અને મ્હોટાઈ સ્પાર્ટાના બહાદુર લડાયક લોકોથી દખી શકાઈ નહિ. કોઈ કારણ મલતાંજ **એથેન્સ** અને **સ્પાર્ટા** વચ્ચેની દુશ્મની ભડકું લઈ ઉઠી. તેઓ વચ્ચે મોટો વિગ્રહ ઉઠયો જે લાંબા કાળ પર્યંત રહ્યો. આ બન્ને રાજ્યોની મારામારીથી ઇરાનને મોટા લાભો થયા.

૪૩૦. સ્પાર્ટાના રાજાઓએ **ઇરાન** પાસ નાણાંની મદદ મેળવવા ત્રણ એલચીઓ ઇરાન મોકલ્યા. આ એલચીઓ માર્ગમાં **એથીન્યનોના** હાથમાં સપડાઇ જવાથી ઘાતકી મોતે માર્યા ગયા.

સ્પાર્ટનોએ અનેક વાર એલચીઓ મોકુળી ઇરાનની મદદની તલબ કીધી પણ **અર્તક્ષત્રે** તેમની માંગણી થોડા વર્ષો સુધી કબૂલ રાખી નહિ. આખરે તેમની ભારે અરજ પર તેણે ધ્યાન પૂંગાડયું અને તેમને શું મદદ જોઇએ છે તે નક્કી કરવા એલચીઓ મોકલ્યા.

૪૨૫. શાહાનશાહ **અર્તક્ષત્રે અર્દાખોરેહ** (**આર્તાફર્નિસ**) નામે સરદારને સ્પાર્ટનોને શાની મદદ જોઈએ છે તે નક્કી કરવા સ્પાર્ટા મોકલ્યો. **અર્દાખોરેહ એથીન્યનોના** હાથમાં સપડાઈ ગયો. તેઓએ **અર્તક્ષત્રની** મેહેરબાની હાંસલ કરવા **અર્દાખોરેહને** સહીસલામત ઇરાન મોકળી મદદ માટે શાહાનશાહને અરજ કીધી.

૪૨૫. ભલો, દયાળુ, નેક, સખી, નમ્ર શાહાનશાહ **અર્તક્ષત્ર** મરણ પામ્યો.

'ક્ષયાર્શા.'

જર્કસિસ ૨. ઇ૦ સ૦ પૂ૦ ૪૨૫.—૧।। મહીનો.

અર્તક્ષત્ર ૧. અને રાણી દામાર્સિપયાનો બેટો.

૪૨૫. **જર્કસિસનું** તેના સાવકા ભાઈ **સોગ્દિયાનસે** ખૂન કીધું.

સોગ્દિયાનસ.

ઇ૦ સ૦ પૂ૦ ૪૨૫.—૬।। મહીના.

અર્તક્ષત્ર ૧. નો બેટો.

૪૨૫. **સોગ્દિયાનસના** સાવકા ભાઇ **ઓકસે** પોતાની રાણી **પૂરીજાદ** (પેરીસાટિસ) 'સાથે મળી **સોગ્દિયાનસનું** ખૂન કીધું. **ઓકસ 'દારયવુશ'** નામ ધારણ કરી તખ્તે બેઠો.

'દારયવુશ.'

દારાયસ (નોથસ) ૨.

ઇ૦ સ૦ પૂ૦ ૪૨૫-૪૦૪.-૨૧ વરસ.

અર્તક્ષત્ર ૧. અને તેની બૅબીલોન્યન રાણીનો બેટો.

શાહજાદો **ઓકસ** તખ્તે આવ્યા આગમજ હીર્કેન્યાનો શત્રપ હતો. તેણે **દારયવુશ** નામ ધારણ કર્યું અને ગાદીએ બેઠો. એના વખતથી ઇરાનની હુખામની શાહાનશાહતની દુર્દશા બેસી ચૂકી. શાહાનશાહના શત્રપોમાં સંપ નહિ હોવાથી તેઓ આપસઆપસમાં ખૂનરેજી ચલાવવા લાગા અને ઇરાની રાજ્યદરબારમાં ચાલતા મ્હોટા ફેસાદો અને કાવાદાવાઓનો લાભ લઈ શત્રપોએ સ્વતંત્ર સત્તા હાથ કરવા બળવાઓ ઉઠાવ્યા. **દારયવુશ**નો આખો અમલ આવા ફેસાદો અને બંડો બેસાડી દેવામાંજ ગુજર્યો. પણ ઇરાનના મ્હોટા નસીબ કે ઇરાનની રાજકર્તિ કોમની આપસઆપસની મારામારી અને ખટંસનો લાભ ઇરાનના શત્રુઓ મ્હોટે ભાગે લઈ શક્યા નહિ.

૪૨૪. દારયવુશના ભાઈ **આર્સીતિસે** સરદાર **બગબક્ષ**ના બેટા **આર્તિફ્રિયસે** તથા **ગ્રીક** લશ્કરની મદદથી બળવો ઉઠાવ્યો. **આર્સીતિસે** શાહાનશાહ **દારયવુશ**ની ફોજોને બે લડાઇઓમાં હરાવી. **ગ્રીક** લશ્કર બળવાખોરોની પક્ષ છોડી ગયું તેથી બળવાખોરો ત્રીજી લડાઈમાં માર ખાઈ તાબે થયા. **આર્સીતિસ** તેમજ **આર્તિફ્રિયસ દારયવુશથી** મોતની ટેપ મેળવી માર્યા ગયા.

૪૧૪. વીશ્તાસ્પ (હીસ્તાસ્પિસ)ના બેટા **પશુતને (પીસુથિનસે) એથી**ન્યન સરદાર **લાઇકન**ની ભોડુતી **એથી**-ન્યન ફોજની કુમકથી પોતાની **લીડિયા**ની શત્રપીને ઇરાની શાહાનશાહતથી સ્વતંત્ર કરવા **દારયવુશ** સામે બળવો ઉઠાવ્યો. **દારયવુશે** બળવો બેસાડી દેવા પોતાના વફાદાર બહાદુર સરદાર

ચેહેરખોરેહ (**તિસાફર્નિસ**)ને **પશુતન** સામે મોકલ્યો. **ચેહેરખોરેહે** સરદાર **લાઈકિન**ને લાંચ આપી પોતાની પક્ષમાં તેને ખેંચી લઈ બળવાખોર **પશુતનનો** મ્હોટો પરાજય કર્યો. **પશુતન** તાબે થયો અને **દારયવુશના** હોકમથી માર્યો ગયો. **દારયવુશે ચેહેરખોરેહને લીડિયાની** હાકમી બક્ષી (૪૧૩.)

૪૧૪. પશુતનના બેટા **એમોર્જીસે** બળવો ઉઠાવ્યો.

૪૧૪-૪૧૨. બળવાખોર **એમોર્જીસે એશિયા મૈન**-રના બંદરો લૂટફાટ ચલાવી વેરાન કીધા અને પોતે **કાર્યાના** કિનારા પર આવેલા **યાસસના** મજબૂત કિલ્લામાં આશરો લઈ બેઠો.

૪૧૨. ચીયૅાસના એથીન્યન શાહાનશાહતના તાબેદાર ટાપુએ **એથેન્સ** સામે બળવો ઉઠાવ્યો. **લીડિયાના** શત્રપ **ચેહેર-ખોરેહની** માંગણીથી **સ્પાર્ટાએ ચીયૅાસના** બળવાખોરોને મદદ આપી.

બળવાખોર **એમોર્જીસને એથેન્સે** ઇરાન સામે મદદ આપી હતી માટે **એથેન્સની** સરકશી તોડવા **ચેહેરખોરેહે એથેન્સના** મોટા શત્રુ **સ્પાર્ટા** સાથે અરસપરસ મદદ કરવા કોલકરાર કર્યા. આ કોલકરારો કરવા **એથેન્સથી** દેશનિકાળ થયલા **એથીન્યન** સરદાર **આલ્સિબાયડીસે સ્પાર્ટા** પર દબાણ કીધું. **સ્પાર્ટાએ ચીયૅાસના** બળવાખોરોને મદદ આપી શાહાનશાહ **દારયવુશ** જોડે નીચલી મતલબના કોલકરારો કીધા:—

શાહાનશાહ **દારયવુશ** અને તેના બાપદાદાઓના તાબામાં જે જે મુલુકો અને શહેરો હતા તે સઘળાં પાછાં **દારયવુશને** સોંપી દેવા, અને ઉપલા મુલુકો અને શહેરો કનેથી પૈસા યાતો કોઈપણ જાતનો બીજો ફાયદો હાંસલ કરતા **સ્પાર્ટા** અને તેના દોસ્તોએ ઇરાનના શાહાનશાહને મદદ કરી **એથીન્યનોને** અટકાવવા. તેઓ સઘળાંઓએ એકસંપ કરી **એથેન્સ** સાથે લડાઈ કરવી અને તેઓ સઘળાંઓની ભેગી સંમત્તિ વિના લડાઈનો છેડો લાવવો નહિ. ઈરાનના શાહનશાહ સામે બળવો ઉઠાવનાર રાજ્યને **સ્પાર્ટા** અને તેના મિત્રોએ પોતાનો દુશ્મન ગણવું, એજ પ્રમાણે શાહાનશાહે **સ્પાર્ટા** અને તેના મિત્રોના દુશ્મનને પોતાનો શત્રુ ગણવો.

૪૧૨. **ચેહેરખોરેહે** **મૈલિટસ**ના ટાપુનો કબજો લઇ ત્યાં મજબૂત કિલ્લો બાંધી કિલ્લામાં ઈરાની લશ્કર રાખ્યું.

૪૧૨. ઈરાની લશ્કરે જમીનને માર્ગે અને ઈરાનના મદદગાર **સ્પાર્ટન** કાફલાએ દરિયાઈ માર્ગે **યાસસના** મજબૂત કિલ્લા પર હલ્લો કરી તેને ઘેરો ઘાલ્યો. સ્પાર્ટન કાફલાએ **એમૉર્જીસ**ના મદદગાર **એથીન્યન** કાફલાને યુક્તિથી તાબે કીધો. **ચેહેરખોરેહે** **એમૉર્જીસ**ને હરાવી કેદ કરી **સુસા** મોકળી આપ્યો.

ચેહેરખોરેહે પોતાના મદદગાર **સ્પાર્ટન** લશ્કરનો દરમાયો આપવાને પોતે માથે લીધું હતું. પણ **એમૉર્જીસ**ની હાર પછી **એથીન્યન** સરદાર **આલ્સિબાયડીસ**ની ઉશ્કેરણીથી **ચેહેરખોરેહે** સ્પાર્ટન ફોજનો પગાર ઘટાડી નાખ્યો. **ચેહેરખોરેહ**ના આ પગલા સામે જોકે સ્પાર્ટન સરદાર **થીરામિનિસે** કશો વાંધો ઉઠાવ્યો હતો નહિ તોપણ નવા સરદાર **એસ્તાઈયોકસ**થી તેનો આ ગેરઇનસાફ ખમી શકાયો નહિ. આથી ઈરાન અને સ્પાર્ટા વચ્ચે બીજા નવા કોલકરાર થયા તેમાં પ્હેલા કોલકરારોની સરતોમાં નીચે મુજબનો વધારો થયો:—

ઈરાન અને સ્પાર્ટાએ એકબીજાનાં રાજ્ય પર હુમલો કરવો નહિ અને બન્નેએ એકબીજા સાથે કશી છેડતી શોધવી નહિ. શાહાનશાહ પોતાની મદદે જો સ્પાર્ટન લશ્કરને બોલાવે તો તે લશ્કરનો સઘળો પગાર તેને પોતે ચૂકવવો, વિગેરે.

ઉપલા કોલકરાર છતા **ચેહેરખોરેહ** સ્પાર્ટન મદદગાર લશ્કરને પૂરતું નાણું પૂરૂં પાડતો હતો નહિ. ઈરાનની મદદથી સ્પાર્ટાનો કાબૂ વધી પડયો હતો માટે **ચેહેરખોરેહે** સ્પાર્ટા અને એથેન્સને લડવા જ દઈ બન્નેને નબળા પાડવાનો ઇરાદો રાખ્યો. આ વખતે **એથીન્યન** સરદાર **આલ્સિબાયડીસ** તેને આવી મળ્યો જેણે એથેન્સ તરફ મેહેરબાન થઈ તેને મદદ કરવા **ચેહેરખોરેહ**ને ઉશ્કેર્યો પણ તેનું કશુ વળ્યું નહિ. ઇરાનની મદદ વગર સ્પાર્ટનો એથેન્સને તાબેના ટાપુઓ મ્હોટી કોશેશો છતા ફતેહ કરી શકયા નહિ એથી કદાચ સ્પાર્ટનો ઉશ્કેરાઈ જઈ પોતાની સામે લડાઈ ઉઠાવશે એવો ભય

રાખી **ચેહેરખોરેહે** તેઓ સાથે ત્રીજી મરતબે કોલકરાર કીધા (૪૧૨.) આ કોલકરારોમાં આગલા બે કોલકરારોની સરતોમાં નીચે મૂજબ વધારો કરવામાં આવ્યો:—

એશિયા ખંડમાં ઇરાની શાહાનશાહે પોતાની મરજી મુઆફક પોતાનો મુલક નક્કી કરવો; ઇરાનને તાબેના ટાપુઓના રક્ષણ માટે શાહાનશાહનો દરિયાઇ કાફલો આવી પ્હોંચે ત્યાં સૂધી **સ્પાર્ટન** કાફલાએ ત્યાં થોભવું જેનો ખર્ચ **ચેહેરખોરેહે** ચૂકવવો; ઇરાની કાફલાનર આવી પ્હોંચ્યા બાદ જો **સ્પાર્ટનોની** ગરજ હોય તો **સ્પાર્ટન** કાફલાનો ખર્ચ તેઓએ કરવો; અથવા **સ્પાર્ટનોએ** કાફલાના ખર્ચ માટે **ચેહેરખોરેહ** પાસથી ઉછીકી રકમ કઢાવી "**પેલોપોનિશ્યન જંગ**" ની આખરી આવવે તે પાછી ઇરાનને ચૂકતે કરી દેવી; ઇરાની કાફલાના આવી પ્હોંચ્યા બાદ બન્ને કાફલાઓએ પોતાના ભેગા બળથી **એથેન્સ** સામે યુદ્ધ મચાવવું, તથા બન્નેની સંમતિથી લડાઇનો અંત આણવો.

ચેહેરખોરેહે આ કોલકરાર પણ દગો કરી તોડયા. પોતાની ગરજ સરવે તેણે **સ્પાર્ટન** કાફલાનો ખર્ચ પૂરો પાડવા ના પાડી. જ્યારે **સ્પાર્ટા** સાથે **ચેહેરખોરેહને** પ્હેલા કોલકરાર થયા ત્યારે **હેલસ્પોંટ** અને **થ્રેસના** ઇરાનને તાબેના પ્રગણાઓના શત્રપ **ખોરેહબાજુએ** પણ **સ્પાર્ટા** સાથે કોલકરારો કરવા માંગણી કીધી હતી જે **એલ્સિબાયડીસની** ઉશ્કેરણીથી તેઓએ ના પાડી **ચેહેરખોરેહ** જોડે તેઓએ કોલકરાર કર્યા. પણ જ્યારે **ચેહેરખોરેહે** **સ્પાર્ટા** સાથના કોલકરારો ત્રણે મરતબે તોડયા ત્યારે **સ્પાર્ટનોએ** નાસિપાસ થઈ **ખોરેહબાજુ** (**ફાર્નાબાજસ**) સાથે અરસપરસ મદદ કરવા કોલકરારો કર્યા. એ પછી **ચેહેરખોરેહે** **સ્પાર્ટા** સાથે દોસ્તી સાંધવા અનેક વાર માંગણી કીધી જે તેને તુચ્છકારી કાઢી. આ વખતે **એથીન્યનોએ** **એલ્સિબાયડીસની** તકસીર માફ કરી તેને **એથીન્યન** કાફલાની સરદારી બક્ષી.

૪૧૧. સ્પાર્ટાની દોસ્તી મેળવવા શત્રપ **ચેહેરખોરેહે** યુક્તિથી **એથીન્યન** કાફલાના વડા અધીકારી **એલ્સિબાયડીસને** કેદ પકડી **સાર્દિસ** મોકલ્યો. **એલ્સિબાયડીસ** માર્ગમાં છૂટો થઈ ન્હાસી ગયો.

૪૧૦. **સાઇજીકસ** (**કાઇજીકસ**) ની મ્હોટી લડાઈમાં **એથીન્યનોએ** સ્પાર્ટનોનો મ્હોટો પરાજય કર્યો.

૪૦૯. **મીડિયન** લોકોએ સ્વતંત્ર થવા **દારયવુશ** સામે બળવો ઉઠાવ્યો. બળવાખોરો માર ખાઈ પાછા તાબે થયા.

૪૦૯. શાહાનશાહ **દારયવુશના** જમાઈ **ત્રીતોખમીસે** બળવો ઉઠાવ્યો.

ત્રીતોખમીસ **દારયવુશની** ખૂબસુરત બેટી **એમેસ્ત્રિસ** જોડે પરણ્યો હતો. તે પોતાના બાપ **વીદર્ન** (**હાઇદાર્નિસ**)ના મરણ બાદ તેની હાકમીએ આવ્યો. પણ તેણે **રોષન** (**રોક્ષાના**) નામની એક અતિ મનોહર સુંદર નાજનીન પર આશક પડી પોતાની બાનું **એમેસ્ત્રિસનું** ખૂન કરવા ૩૦૦ ખોજાઓ સાથે પ્રપંચ રચ્યો. તેનું આ કાવત્રું ઉઘાડું પડવે **દારયવુશે** પોતાના સરદાર **ઉરિયાસ્ત્રિસ** પાસે તેનું કાટલું કઢાવી તેના બેટાઓના બંડો બેસાડી દઈ તેના ખાનદાનના ખિલા ઉપાડ કરી નાખ્યા.

૪૦૮. હેલેસ્પોંટના શત્રપ **ખોરેહબાજુ** (**ફર્નાબાજસે**) એ **એથેન્સ** સાથે દોસ્તી કરી **એથીન્યન** એલચીઓને તે **સુસા** લઇ ગયો.

સાઇજીકસની લડાઇમાં **સ્પાર્ટાનો** પરાજય થયા બાદ **સ્પાર્ટન** લશ્કરનો સઘળો ખર્ચ **ખોરેહબાજુને** માથે પડયો પણ તેનાથી તે કશો ફાયદો મેળવી શકયો નહિ. બીજી બાજુથી **એથીન્યનોએ** **સ્પાર્ટાને** **ખોરેહબાજુએ** મદદ આપી હતી માટે તેનું વેર લેવા તેની શત્રપી પર હુમલાઓ કરી લૂટફાટ ચલાવવા માંડી આથી તેને **એથેન્સની** દોસ્તી શોધવાની ફરજ પડી.

૪૦૭. શાહાનશાહ **દારયવુશે** **એથેન્સનો** નાશ કરવા, **સ્પાર્ટા** સાથે મળી **એથેન્સ** સામે જોશબંધ લડાઇ ચલાવવા પોતાના ન્હાના બહાદુર બેટા **કુરૂશ** (**સાઈરસ, કોઈરસ**) ને **લીડિયા**, મ્હોટા **ફ્રીજ્યા** અને **કેપેડોશિયાની** હાકમી બક્ષી **સાર્દિસ** મોકલ્યો (એપ્રીલ યા મે.)

કુરૂશને માર્ગમાં બોરેહબાજુ એથીન્યન એલચીઓ સાથે મળ્યો. કુરૂશે બોરેહબાજુને સુસા જતો અટકાવી એથીન્યન એલચીઓને પોતાના સ્વાધીનમાં લઈ જાપ્તા તળે રાખ્યા અને જ્યાં સુધી એથેન્સનો નાશ થયો નહિ ત્યાં સૂધી તેમનો તેણે છૂટકારો કર્યો નહિ.

૪૦૭. સ્પાર્ટાનો દરિયાઇ સેનાધિપતિ **લૈસેન્ડર સાર્દિસ** ખાતે શાહજાદા **કુરૂશની** મુલાકાતે આવ્યો. **કુરૂશે** તેને મ્હોટું આદરમાન આપી નાણાંની કિંમતી મદદ કીધી.

૪૦૬. લૈસેન્ડરની ઓહ્વાની મુદત્ત પૂરી થવાથી સ્પાર્ટન ફોજનો વડો **કાલીક્રેટિડાસ** નિમાયો.

લૈસેન્ડરની મરજી સ્પાર્ટન કાફલાની સરદારી પોતાનાજ હાથમાં રાખવાની હોવાથી પોતાના મિત્ર શાહજાદા **કુરૂશની** મારફતે તેણે **કાલીક્રેટિડાસને** ઘણો પજવ્યો. **કુરૂશે** તેને કશી મદદ કીધી નહિ અને જ્યારે **કાલીક્રેટિડાસ** મદદ મેળવવા માટે **કુરૂશની** મુલાકાતે **સાર્દિસ** આવ્યો ત્યારે **કુરૂશે** તેની મુલાકાત લેવા જૂદાં જૂદાં બહાણાંઓ બતાવી ના પાડી. આથી **કાલીક્રેટિડાસ** નાચાર થઈ **એથેન્સ** સામે કશું કરી શકયો નહિ.

૪૦૬. એથીન્યનો સાથે લડતા **કાલીક્રેટિડાસ** માર્યો ગયો.

૪૦૫. એશિયા ખાતેની સ્પાર્ટન ફોજોનો વડો પાછો **લૈસેન્ડર** નિમાયો.

૪૦૫. શાહાનશાહ **દારયવુશ** મરણતોલ માંદો પડયો. શાહજાદો **કુરૂશ** મ્હેસુલી ખાતાનો કારોબાર **લૈસેન્ડરને સોંપી,** પોતાનું સઘળું ફાજલ નાણું તેને સ્વાધીન કરી, પોતાના પિતા નજદીક પાછો **સુસા** આવ્યો.

લૈસેન્ડરના હાથમાં નાણાંની મોટી રકમ આવવાથી હવે તેણે **એથેન્સ** સામે ધમધોકાર કામ આગળ ચલાવ્યું. **કુરૂશ** પોતે **એથેન્સનો** સૌથી કટ્ટો શત્રુ હતો અને આખરે તેનીજ મોટી મદદથી સ્પાર્ટાએ **એથેન્સનો** ઘાણ કાઢી નાખ્યો.

૪૦૫.* **મિસર ઈરાન સામે બળવો ઉઠાવી સ્વતંત્ર થયું.**

આ બળવાની આગમજ **મિસરની** હાકમી ત્યાંનાં લોકોને રાજી રાખવા **દારયવુશે** **મિસરના** બે દેશી હાકમોને સોંપી હતી પણ **મિસરનો** લશ્કરી કબજો ઈરાનના હાથમાં હોવાથી અસંતોષી બની **મિસરીઓએ** બળવો ઉઠાવ્યો હતો.

૪૦૫. સરદાર **લૈસેન્ડરે** લેંપ્સેક્સને ઘેરો ઘાલી તાબે કીધું. ઈગૉસપૌટેમૈની ખુનખાર દરિયાઇ લડાઇમાં **લૈસેન્ડરે** **એથીન્યન** કાફલાનો પૂરેપૂરો સંહાર કર્યો; ૧૮૦ વહાણોનો મ્હોટો કાફલો વગર લડાઇએ તાબે કીધો; અને ૪૦૦૦ **એથીન્યન** કેદીઓની નિર્દયપણે કત્લ ચલાવી (સપ્ટેંબર.)

૪૦૫. **સામોસ** ટાપુ સિવાયના સઘળાં **એથેન્સના** મદદગાર રાજયોને **લૈસેન્ડરે** તાબે કીધા (નવેમ્બર.)

૪૦૫. ઈરાનના મદદગાર સ્પાર્ટાના રાજા **એજીસે** નામીચા **એથેન્સ** શ્હેરને ઘેરો નાખ્યો. **એથેન્સના** બચાવ અર્થે બાંધેલી **પિર્યુસની** કિલ્લેબંદીનો સ્પાર્ટનોએ નાશ કરી **એથેન્સ** તાબે કીધું. ઈરાનના મ્હોટા શત્રુ **એથેન્સનો** સેવટનો પરાજય થયો. **એથેન્સની** શાહાનશાહતનો અંત આવ્યો.

૪૦૪. ઘાતકી, અસ્થિર, નબળો શાહાનશાહ **દારયવુશ** મરણ પામ્યો.

---

* મિસરના સ્વતંત્ર થવાની તારીખ જૂદા જૂદા તવારીખનવેશોએ જૂદી જૂદી આપી છે. કેટલાક ઇતિહાસકર્તાઓ ૪૧૪ અને ૪૧૧ ના વર્ષમાં મિસર સ્વતંત્ર થયું એમ જણાવે છે પણ ૪૦૫ નું વર્ષ વધારે બંધબેસતું છે.

'અર્તક્ષત્ર

આર્તાજર્કસિસ (નીમન) ૨.

ઇ૦ સ૦ પૂ૦ ૪૦૪-૩૫૯.—૪૬ વરસ.

દારયવુશ ૨. નો વડો બેટો.

દારયવુશ ૨. ના ૧૭ બેટાઓ હતા, તેમાં **અર્તક્ષત્ર** અને **કુરૂશ** એ બે બેટાઓજ લાંબી ઉમ્મર ભોગવી શકયા. **દારયવુશ** ઉપર તેની બાહોશ રાણી **પેરીસાટિસનો** મોટો કાબૂ હોવાથી તેણીએ પોતાના ન્હાના અને માનીતા બેટા **કુરૂશને** તખ્ત અપાવવા ઘણી કોશિશો કીધી પણ **દારયવુશે** વડા બેટા **અર્તક્ષત્ર (આર્સીસિસ, અશ્ક)** નેજ પોતાનો વારેસ નિમ્યો. **દારયવુશના** મરણ બાદ **પેરીસાટિસની** ઉશ્કેરણીથી શાહજાદો **કુરૂશ અર્તક્ષત્રનો** જાન લેવાનું કાવત્રું રચતા પકડાઇ ગયો પણ પોતાની માના કાલાવાલાથી પીંગળી જઇ **અર્તક્ષત્રે** તેને માફી બક્ષી, **એશિયા મૈનરની** શત્રપી તેને પાછી હવાલે કીધી.

૪૦૪-૪૦૧. શાહજાદા **કુરૂશે** ઇરાન ઉપર ચઢાઇ કરવા છૂંપી તૈયારીઓ કરવા માંડી.

કુરૂશે કલિયાર્કસ નામે સ્પાર્ટન સરદારની સરદારી તળે આશરે ૧૪,૦૦૦ ગ્રીકોનું ભાડુતી લશ્કર ઊભું કીધું અને એ ઉપરાંત બીજું મ્હોટું ઇરાની સૈન્ય ભેગું કીધું.

૪૦૧. શાહજાદા **કુરૂશે** ઇરાન ઉપર ચઢાઇ કીધી.

કુરૂશની છૂપી મતલબ શત્રપ **ચેહરફોરેહને** માલમ પડતાંજ તે **અર્તક્ષત્રને** ખબર કરવા **સુસા** તરફ દોડયો. **કુરૂશે સાર્દિસથી** પોતાની કુચ શરૂ કરી (માર્ચ) **ફ્રીજયામાંથી** પસાર થઇ **સિલીશિયામાં** તે દાખલ થયો. **સિલીશિયાનો** રાજા **સાયેનેસિસ** અને તેની રાણી **કુરૂશને** મળી ગયા. **કુરૂશે સારસ** અને **પીરામસ** નદીઓ પસાર કરી **'સિરિયાની પાસ'** વટાવી **સિરિયામાં** પગ મેલ્યો. **સિરિયાના** હીચકારા શત્રપ **એબ્રોકોમાસે કુરૂશના** માર્ગમાં કશો અટકાવ નાખ્યો નહિ. **કુરૂશ થેપ્સેકસ** ખાતેથી **યુફ્રેટિસ** નદી પસાર કરી **એબીલા-**

નમાં દાખલ થયો. બેબીલોનથી આશરે ૭૦ માઈલ દૂર કુનેકસાના મેદાનમાં **કુરૂશને** શાહાનશાહ **અર્તક્ષત્ર**ના લશ્કર જોડે મેળાપ થયો અને એજ મેદાનમાં આ બન્ને ભાઈઓ વચ્ચે યાદગાર યુદ્ધ થયું.

૪૦૧. કુનેકસાની ખુનખાર જંગમાં શાહજાદો **કુરૂશ** માર્યો ગયો. તેના ઈરાની સૈન્યે **અર્તક્ષત્ર**ની તાબેદારી સ્વીકારી. **કુરૂશનું** ભાડુતી **ગ્રીક** લશ્કર શરમભરી નાશભાગમાં પડી ઇરાન છોડી ગયું. **ગ્રીક** ફોજની છાવણી ઇરાનીઓના હાથમાં આવી.

૪૦૧. ઇયોન્યન ટાપુઓ અને **એ**શિયા **માઈ**નરના **ગ્રીક** શ્હેરોએ બળવો ઉઠાવ્યો.

૪૦૧. શાહાનશાહ **અર્તક્ષત્રે ચેહેરખોરેહ** (**તિસા-ફર્નિસ**) ને **એ**શિયા **માઈ**નરની હાકમી બક્ષી.

૪૦૦. **ચેહેરખોરેહે** બળવાખોર બંદર **કાઈમી**ને પાછું ફત્તેહ કરી બીજા બળવાખોર **ગ્રીક** શ્હેરોને તાબે કીધાં.

૪૦૦. બળવાખોર **ગ્રીક** શ્હેરોને મદદ કરવા **સ્પાર્ટા**એ સરદાર **થીમ્બ્રન**ને ૬,૩૦૦ માણસોના લશ્કર સાથે **એ**શિયા મોકલ્યો..

૩૯૯. સ્પાર્ટનોએ **થીમ્બ્રન**ની જગોએ **ડર્કીલીડાસ**ને નિમ્યો.

૩૯૮. **ચોલિસ**ની ઈરાનની તાબેદાર રાણી **માન્યા**નું ખૂન કરી તેણીના જમાઇ **મૈડયાસે** **ચોલિસ**ની હકુમી હાથ કરી ઇરાન સામે બંડ મચાવ્યું.

૩૯૮. સરદાર **ડર્કીલીડાસે** શત્રપ **ચેહેરખોરેહ** જોડે થોડોવાર સુલેહ (Truce) કરી શત્રપ **ખોરેહબાજુ** (**ફાર્નાબાઝુસ**)ની શત્રપી ઉપર ચઢાઇ કીધી.

૩૯૮-૩૯૭. ડર્કીલીડાસ ઓરેહબાજુને તાબેના પ્રાંત **ચોલિસમાં** દાખલ થયો. **ચોલિસનું ગ્રીક** લશ્કર દુશ્મનોને મળી ગયું **ડર્કીલીડાસે** બળવાખોર હાકમ **મૈડયાસને** હરાવી **ચોલિસમાંથી** તેને હાંકી કાઢયો અને આખા પ્રાંતમાં લૂટ ચલાવી સઘળાં મુખ્ય બંદરો હાથ કીધા.

૩૯૭. ડર્કીલીડાસે શત્રપ **ઓરેહબાજુ** સાથે થોડોવારની સુલેહ (Truce) કરી શિયાળો નજદીક આવવાથી **બીથીન્યામાં** જઈ પડાવ નાખ્યો.

૩૯૬. ડર્કીલીડાસે કાર્યા ઉપર હુમલો કીધો. શત્રપ **ચેહેરખોરેહે** સરકશ **ગ્રીક** શ્હેરોને સજા કરવા તેઓ ઉપર ચઢાઈ કીધી. **ડર્કીલીડાસે** ગાભરા પડી **કાર્યા** છોડી ન્હાસવા માંડયું. **ડર્કીલીડાસ** જોડે ઇરાની શત્રપોને થોડોવાર સુલેહ (Truce) થઈ.

૩૯૬. ડર્કીલીડાસની નબળાઇ માટે **સ્પાર્ટનોએ** તેને પાછો **સ્પાર્ટા** બોલાવી લીધો. **સ્પાર્ટાનો** લંગડો રાજા **એજીસિલેઅસ ઈરાનીઓ** સામે લડવા **એશિયા** આવી **ઈફીસસ** ખાતે ઉતર્યો. **એજીસિલેઅસે** શત્રપ **ચેહેરખોરેહ** જોડે ત્રણ માસની નવી સુલેહ કીધી

૩૯૬. એજીસિલેઅસે કાર્યા ઉપર ચઢાઇ કીધી. **ચેહેરખોરેહ** સામે લડવાની હીમ્મત નહિ ચાલવાથી હીચકારો બની **એજીસિલેઅસ ઈફીસસ** પાછો ફર્યો.

૩૯૬. એજીસિલેઅસે ઓરેહબાજુની શત્રપી **ફ્રીજ્યા** ઉપર હુમલો કીધો. દગાખોર **ઈરાની** સરદાર **સ્પીથ્રિદાતિસ (અરૂપંદીયાર)** તેને મળી ગયો. **એજીસિલેઅસે ફ્રીજ્યાની** રાજધાની **દાસ્કીલ્યમને** ઘેરો નાખ્યો. બહાદુર ઇરાની સરદારો **રાહથીનીસ** અને **બગિયુસે એજીસિલેઅસને** જબરો પરાજય કરી તેને **ફ્રીજ્યામાંથી** હાંકી કાઢયો.

૩૯૫. **એજીસિલેઅસે** શત્રપ **ચેહેરખોરેહ**ની કાર્યા ખાતેની ગેરહાજરીનો લાભ લઇ, તેની રાજધાની **સાર્દિસ** ઉપર સ્વારી કરી, ૩ દિવસ સૂધી લૂટ ચલાવી. **ચેહેરખોરેહે** પોતાના પાયતખ્તના બચાવ માટે દોડતા આવી **સાર્દિસ**ના પ્હેલા યુદ્ધમાં **એજીસિલેઅસ**નો પરાજય કર્યો. **સાર્દિસ**ની બીજી લડાઇમાં **ચેહેરખોરેહ**ની મોટી શિકસ્ત થઇ.

૩૯૫. **ચેહેરખોરેહ**ની શિકસ્ત માટે શાહાનશાહ **અર્તક્ષત્રે** પોતાની માતા **પેરીસાટિસ**ની ઉશ્કેરણીથી તેને બરતરફ કરી તેની જગા પર સરદાર **તીથ્રૌસ્તિસ**ને નિમ્યો. **એજીસિલેઅસ** આ નવા શત્રપ સાથે છ માસની સુલેહ (Truce) કરી, તેની શત્રપી (**લીડિયા**) છોડી જઇ, **સ્પીથ્રિદાતિસ**ની ઉશ્કેરણીથી **ખોરેહબાજુ**ની શત્રપી **ફ્રીજ**યામાં લૂટફાટ ચલાવવા દાખલ થયો.

૩૯૫. **અર્તક્ષત્ર**ની ઉશ્કેરણીથી **લારીસા**ના **પાર્સી** શત્રપ **એરજે** **ચેહેરખોરેહ**ને મસલત કરવા બોલાવી તેનો દગાથી જીવ લીધો

૩૯૪. શત્રપ **ખોરેહબાજુ** અને તેના મદદગાર **એથીન્યન** સરદાર **કોનને** સ્પાર્ટા સામે લડવા મ્હોટો દરિયાઇ કાફલો ઊભો કીધો.

૩૯૫. **તીથ્રૌસ્તિસ**ની ઉશ્કેરણીથી **એથન્સ**, **કોરિંથ**, **થી**બ્સ, વિગેરે **ગ્રીક** રાજ્યોંએ ઇરાનને મદદ કરવા સ્પાર્ટા સામે લડાઇ ઉઠાવી.

૩૯૪. **એજીસિલેઅસ** સ્પાર્ટાનો બચાવ કરવા **એ**શિયા છોડી સ્પાર્ટા તરફ ઊભી પૂંછડીએ નાઠો.

૩૯૪. **ઇરાન**ના **ગ્રીક** મદદગારોએ સ્પાર્ટા સામે ચઢાઇ કીધી. સ્પાર્ટન સરદાર **લૈસેન્ડરે** **થીબ**નો ઉપર હુમલો કીધો.

એથીન્યનોની મદદથી **થીબનો**એ **હેલિયારટસ**ની લડાઈમાં **લૈસેન્ડર**ને હરાવી તેનો જીવ લીધો. **કૉરિંથના યુદ્ધમાં સ્પાર્ટનો**એ **ઇરાન**ના મદદગાર **ગ્રીકો**નો પરાજય કર્યો. (જુલાઈ.)

૩૯૪. સરદાર **કોનને** ૪૦ વહાણોના **ઈરાની** કાફલા સાથે **લિશ્યાં**ની દક્ષિણે આવેલા **કૉનસ**ના બંદર ખાતે લંગડ નાખ્યું. સ્પાર્ટન સરદાર **ફેરેકસે** ૧૨૦ વહાણોના મ્હોટા કાફલા સાથે **કોનન**ને ઘેરી લીધો. **કોનનં**ની મદદે બીજા ૪૦ **ઇરાની** બારકસો જઈ ચઢ્યાથી **ફેરેકસે** ઘેરો ઉઠાવી **રહોડસ** તરફ ન્હાસવા માંડયું.

૩૯૪. **રહોડસ**ના ટાપુએ સ્પાર્ટા સામે બળવો ઉઠાવ્યો.

૩૯૪. **મિસર**ના ફેરો (રાજા) **નીફેર્યુસે** સ્પાર્ટાની મદદે મોકળેલા ખોરાકી અને અસ્બાબોથી ભરેલા બારકસો **ઇરાની**ઓના હાથમાં સપડાયા.

૩૯૪. **નાઇડસ**ના બંદર ખાતે સ્પાર્ટાના કાફલાના વડા **પૈસેન્ડરે** ૮૫ બારકસો જોડે, **કોનન** અને (શત્રપ) **ફોરેહબાજુ**ની સરદારી તળેના ૯૦ વહાણોના **ઇરાની** કાફલા ઉપર હુમલો કીધો. **નાઇડસ**ના નાંશકારક દરિયાઇ યુદ્ધમાં સ્પાર્ટનોની મહાભારત શિકસ્ત થઈ, સરદાર **પૈસેન્ડર** માર્યો ગયો, ૪૦ સ્પાર્ટન બારકસો કેદ પકડાયા અને ૪૫ ફના થયા.

૩૯૪. સઘળાં બળવાખોર **ગ્રીક** શ્હેરો અને ટાપુઓ **ઇરાન**ને પાછા તાબે થયા. **એશિયા** ખાતેની સઘળી સ્પાર્ટન ફોજો વગર લડાઈએ **ઇરાન**ને તાબે થઈ.

૩૯૩. **ઈરાની** કાફલાએ **ઈજીયન** સમુદ્ર વટાવી સ્પાર્ટા ઉપર ચઢાઈ કીધી. **ઈરાની**ઓએ **લૅકોન્યા**નો સઘળો કોસ્ટો ઉજ્જડ વાળ્યો. તેઓએ **સીથીરા**નું બંદર જીતી, બાળી મૂક્યું અને તેના કિલ્લામાં **એથીન્યનો**ની એક ફોજ રાખી. **ઈરાની** કાફલાએ **ઇરાન**ના **ગ્રીક** મદદગારોને મદદ આપવા **કૉરિંથ**ની **સંયોગીભૂમી**

તરફ કુચ કીધી. શત્રપ **ઓરેહબાજુ** ઇરાની કાફલાની સરદારી **કોનન**ને સ્વાધીન કરી **એશિયા** પાછો ફર્યો.

૩૯૩. શાહાનશાહ **અર્તક્ષત્રે** **એથન્સ**ની નાશ પામેલી કિલ્લેબંદી પાછી બંધાવી આપી.

૩૯. સ્પાર્ટાના રાજા **એજીસિલેઅસે** **સૈપ્રસ**ના શત્રપ **તીરીબાજુસ**ની દરબારમાં એલચીઓ મોકળી **ઈરાન** સાથે સુલેહ કરવા અરજ કીધી. **તીરીબાજુસ** સ્પાર્ટન એલચીઓને લઇ **સુસા** ગયો. **અર્તક્ષત્રે** તેની જગોએ સરદાર **સ્ત્રુથીશ**ને નિમ્યો.

૩૯૦. શત્રપ **સ્ત્રુથીસે** સ્પાર્ટન સરદાર **થીમ્બ્રન**નો મ્હોટો પરાજય કરી ઇરાની મુલુકોમાં તેને લૂટફાટ કરતો અટકાવ્યો.

૩૯૦. મિસરના ફેરો **એકોરીસ** અને **એથીન્યનો**ની મદદથી **સૈપ્રસ**માં આવેલા **સાલામિસ**ના ઇરાનના ખંડિયા રાજા **ઈવાગોરાસે** ઇરાનથી સ્વતંત્ર થવા બળવો ઉઠાવ્યો. **ઈવાગોરાસે** **સૈપ્રસ**ના કેટલાક શ્હેરો તાબે કરી, **ફિનિશિયા** ઉપર ચઢાઈ લાવી, તેનું **ટાયર** શ્હેર જીતી લીધું અને **સિલીશિયા**ના ખંડિયા રાજાને **ઇરાન** સામે બંડ મચાવવા ઉશ્કેર્યો.

સાલામિસનો બળવો છેક ૩૮૦ સુધી ચાલું રહ્યો હતો.

૩૮૭. શાહાનશાહ **અર્તક્ષત્રે** સુચવેલી, સ્પાર્ટા અને બીજા **ગ્રીક** રાજ્યોને નીચું જોવાડનારી સુલેહની સરતો દુશ્મનોએ સ્વીકારવાથી, **ઈરાન** અને **ગ્રીસ** વચ્ચે "**એન્ટાલ્સીડાસની સુલેહ**" થઈ. **ગ્રીસે** ઇરાનની તાબેદારી કબૂલ રાખી.

સુલેહની સરતો નીચે મુજબ હતી:—

"શાહાનશાહ **અર્તક્ષત્ર** **એશિયા**માંના **ગ્રીક** શ્હેરો અને **કુલેઝોમીન** તથા **સૈપ્રસ**ના ટાપુઓ પોતાના સ્વાધીનમાં રાખવા વાજબી વિચારે છે, તથા શાહાનશાહ બીજા સઘળાં ન્હાના મોટા **ગ્રીક** શ્હેરોને પોતાના હાકમો નિમવાની છૂટ નવાજવાને પણ દુરસ્ત ધારે છે—સિવાય કે **લેમ્નૉસ**, **ઇમ્બ્રૉસ** અને **સ્કાઇરૉસ**ના ટાપુઓ, જેઓ

અસલથી **એથેન્સ**ના કાબૂમાં હતા માટે તેઓ તેને મળશે. અગર જો કોઈ પણ પક્ષ ઉપલી સુલેહની સરતો સ્વીકારવાને ના પાડશે તો જેઓ તે સ્વીકારશે તેઓ સાથે હું તે નહિ સ્વીકારનાર સામે ખુશ્કી તેમજ તરીને માર્ગે જંગ મચાવશ."

૩૮૫–૩૮૩. સ્પાર્ટાને **ઇરાન** સામે મદદ આપવા માટે **મિસર**ના ફેરો **એકોરીસ**ને સજા કરવા, શાહાનશાહ **અર્તક્ષત્રે** શત્રપ **ખોરેહબાજુ** અને **એથીન્યન્** સરદાર **આઇફીક્રેટિસ**ની સરદારી તળે **મિસર** ઉપર મ્હોટી ચઢાઈ મોકળાવી. ઈરાનીઓએ **નાઇલ** નદીના મૂખ આગળ થયલી મોટી લડાઈમાં **મિસર**ના સૈન્યનો જબરો પરાજેય કર્યો અને **મિસર**નું એક અગત્યનું શ્હેર હાથ કીધું. **ઈરાની** સરદારોમાં ફાટફુટ પડવાથી **મિસર**ની ચઢાઇ અધુરે ગઇ અને **ઈરાનીઓ** પાછા **એશિયા** આવ્યા.

૩૮૦. **સૈપ્રસ**ના બહાદુર શત્રપ **તીરીબાજુસે** **સાલામિસ**ના બળવાખોર રાજા **ઈવાગોરાસ**ને **સાલામિસ**ના ખુનખાર દરિયાઈ યુદ્ધમાં જબરી શિકસ્ત આપી તેના પાયતખ્ત શ્હેર **સાલામિસ**માં તેને ઘેરી લીધો. **તીરીબાજુસ** શાહાનશાહ **અર્તક્ષત્ર**ની દરબારમાં **સુસા** ગયો. **તીરીબાજુસ**ના હમશરીક **અર્વંદે** **ઈવાગોરાસ**ની તાબેદારી સ્વીકારી તેને તેનું રાજ્ય પાછું સોંપ્યું.

શાહાનશાહ **અર્તક્ષત્ર**ની મરજી ઈવાગોરાસનો સદંતર નાશ કરવાની હોવાથી અર્વંદે તેને તેનું રાજ્ય પાછું સ્વાધીન કરવાથી ગુસ્સે થઈ અર્તક્ષત્રે તેને દેશનિકાળ કીધો.

૩૮૦. **કેદુશિયન** લોકોએ **ઈરાન** સામે બળવો ઉઠાવ્યો. શાહાનશાહ **અર્તક્ષત્રે** **કેદુશિયા** ઉપર ચઢાઈ કીધી. **સૈપ્રસ**ના શત્રપ **તીરીબાજુસે** કેદુશિયાનો બળવો યુકિતથી બેસાડી દઇ ત્યાંના જોડયા રાજાઓને પાછા **ઈરાન**ના તાબેદાર બનાવ્યા.

૩૭૪–૩૭૨. શાહાનશાહ **અર્તક્ષત્રે** **મિસર** ઉપર બીજી ચઢાઈ મોકળાવી. **ઈરાનીઓ** નિષ્ફળ થઈ પાછા આવ્યા.

૩૭૨. **ગ્રીસ**માં સ્પાર્ટા અને **થીબ્સ** વચ્ચે લડાઇ જાગી. સ્પાર્ટાએ એલચીઓ મોકળી **ઈરાન**ની મદદ માંગી.

૩૭૧. શાહાનશાહ **અર્તક્ષત્રે ગ્રીસ** ખાતે એલચીઓ મોકળી લડતા **ગ્રીક** રાજયોને લડાઈ બંધ પાડવા તાકીદ કીધી.

૩૬૮. **એથેન્સ**ની અરજને માન આપી **હેલેસ્પોંટ** અને **પ્રોપોન્ટીસ**ના શત્રપ **આર્યોબાર્જેનિસે (આર્યબુર્જીને) ગ્રીસ** ખાતે એલચીઓ મોકળી, **ડેલ્ફી** ખાતે સઘળાં **ગ્રીક** રાજયોના પ્રતિનિધિઓને ભેગા કરી, તેઓ સનમુખ સુલેહ જાળવવાનું **અર્તક્ષત્ર**નું ફરમાન વાંચી સંભલાવ્યું.

૩૬૬. **એથન્સ** અને **સ્પાર્ટા** સાથની લડાઈમાં પોતાની ફત્તેહ થવાની **થીબ્સે ગ્રીસ**નું વડપણ ભોગવવાનું માન મેળવવા શાહાનશાહ **અર્તક્ષત્ર**ને અરજ કીધી. **અર્તક્ષત્રે થીબ્સ**ને **ગ્રીક** રાજયોનું વડાપણું બક્ષ્યું.

૩૬૬. શાહાનશાહ **અર્તક્ષત્રે મેસીની**ના **ગ્રીક** રાજયને સ્વતંત્રતા બક્ષી.

૩૬૩. હેલેસ્પોંટ અને **પ્રોપોન્ટીસ**ના શત્રપ **આર્યબુર્જીને અર્તક્ષત્ર**થી સ્વતંત્ર થવા બળવો ઉઠાવ્યો.

૩૬૩. કેપેડોશિયાના શત્રપ **આર્યબુર્જી**ને બળવો ઉઠાવ્યો. **અર્તક્ષત્રે આર્યબુર્જીન**ને હરાવી તેની હાકમી છીનવી લીધી. **આર્યબુર્જીને** ન્હાસી **પૉન્ટસ**ના સ્વતંત્ર **પાર્સી** રાજયનો પાયો નાખ્યો.

૩૬૩. **પેફ્લેગોન્યા** અને **પીસીડિયા**ના શત્રપોએ બંડ મચાવ્યું. **એશિયા માયનર**ના લશ્કરના સપેહસાલાર અને **સિલીશિયા**ના શત્રપ બહાદુર **દાતામીસે (દાદમેહે)** ઉપલા બળવાઓ નરમ પાડયા.

૩૬૨. **સિલીશિયા**ના શત્રપ **દાદમેહે** બળવો ઉઠાવ્યો. **અર્તક્ષત્રે** તેની સામે લડવા **લીડિયા**ના હાકમ **ઓતો-**

ક્રેટાતિસને મોકલ્યો. **દાદમેહે ઓતોક્રેટાતિસ**નો પરાજય કર્યો. કેપેડોશિયાના બળવાખોર શત્રપ **આયબુર્ઝીન**ના બેટા **મિથ્રિદાતિસે (મેહરદાદે) દાદમેહ**ને હરાવી તેનો જીવ લઇ બળવો બેસાડી દીધો.

૩૬૨. કારિયાના શત્રપ **મૌસોલસે, મીશ્**યાના શત્રપે, **લીડિ**યાના હાકમ **ઓતોક્રેટાતિસે,** તથા **રીયોમિથ્રિસે (રએમેહેરે)** શાહાનશાહ **અર્તક્ષત્ર** સામે સામટા બળવાઓ ઉઠાવ્યા. બળવાખોરોએ **અર્તક્ષત્રે** દેશનિકાળ કાઢેલા **સૈપ્રસ**ના સરદાર **અર્વંદ**ને પોતાનો વડો બનાવ્યો.

૩૬૧. **મિસર**ના ફેરો (રાજા) **ટાચોસે, એથીન્**યન સરદાર **ચાબ્રિયાસ**ને પોતાના દરિયાઇ કાફલાની સરદારી આપી, સ્પાર્ટાના રાજા **એજીસિલેઅસ**ને પોતાની જોડે લઈ, ઈરાન ઉપર ચઢાઈ કરવા **મિસર**થી કુચ શરૂ કીધી. **ટાચોસ**ના પીત્રાઈ **નેકટેનીઅસે મેમ્ફીસ** ખાતે **ટાચોસ** સામે બળવો ઉઠાવી તેનું રાજ્ય પચાવી પાડયું. દગલબાજ **એજીસલેઅસ નેકટેનીબસ**ને મળી ગયો. **ઈરાન** ઉપરની **મિસર**ની ચઢાઇ અધુરે ગઇ.

૩૬૦. બળવાખારોનો વડો **અર્વંદ** અને **રીયોમિથ્રિસ** વગર લડાઇએ શાહાનશાહ **અર્તક્ષત્ર**ને તાબે થયા. શાહાનશાહ **અર્તક્ષત્રે** બીજા સઘળાં બળવાઓ બેસાડી દીધા.

૩૬૦. **અર્તક્ષત્ર**નો ગાદીવારેસ બેટો **દારયવુશ** શાહાનશાહનો જાન લેવાનું કાવત્રું રચતા પકડાઈ જઇ માર્યો ગયો.

૩૫૯. નેક, દયાળુ, બુર્જોર્ગ, ઈનસાફી, નમ્ર, લોકરક્ષી શાહાનશાહ **અર્તક્ષત્ર** ૯૪ વરસની વૃદ્ધ વયે મરણ પામ્યો.

અર્તક્ષત્રના વખતમાં **ઇરાની** શાહાનશાહતમાં મ્હોટો વધારો થઈ તેની જાહોજલાલી વધી પડી. એનાજ વખતમાં **ઇરાન**માં **મિથ્ર**પરસ્તીનો ફ્હેળો ફેલાવો થયો.

'દારયવુશ.'

દારાયસ (ઓકસ) ૩; અર્તક્ષત્ર ૩.

ઇ૦ સ૦ પૂ૦ ૩૫૯-૩૩૮.—૨૧ વરસ.

અર્તક્ષત્ર ૨. નો બેટો.

શાહાનશાહ **અર્તક્ષત્ર** બીજાએ પોતાના ઘડપણના વખતમાં પોતાના વડા બેટા **દારયવુશને** પોતાના તખ્તનો વારેસ નેમ્યો હતો પણ કોઈ સબબથી શાહાનશાહની તેના પર ઇતરાજી થવે તેની નેમણુંક રદ કરી પોતાના ન્હાના બેટા **ઓકસને** ગાદી આપવાના તેણે ઇરાદો કીધો. **દારયવુશે** આથી નાસિપાસ થઈ **અર્તક્ષત્રના** એક બેવફા સરદાર **તીરબાજુની** ઉશ્કેરણીથી શાહાનશાહનો જાન લેવા કાવત્રું રચ્યું પણ પકડાઈ જવાથી માર્યો ગયો. **અર્તક્ષત્રનો** ન્હાનો બેટો **ઓકસ** બડો યુક્તિબાજ હોવાથી તેણે **અર્તક્ષત્રના** બીજા બેટા **અર્સામ** (**આર્સામિસ**)ને ખોટી બિહીક આપી ભમાવ્યાથી તેણે આપઘાત કીધો. આ પછી તેણે **અર્તક્ષત્રનાં** ત્રીજા માનીતા બેટા **આર્યાસ્પિસને** છૂપી રીતે કત્લ કરાવ્યો અને આ રીતે ખૂનરેજી ચલાવી શાહજાદા **ઓકસે** પોતાનો દાવો મજબૂત કીધો. શાહાનશાહ **અર્તક્ષત્ર** બેટાઓના ગમથી મરી ગયો. તેના મરણ બાદ શાહજાદો **ઓકસ દારયવુશ** નામ ધારણ કરી તખ્તે આવ્યો. **ઓકસ અર્તક્ષત્રના** નામે પણ ઓળખાતો હતો.

૩૫૬.* **ફ્રીજ્યાના** શત્રપ **અર્દબાજુ** (**આર્તાબાઝસ**) એ બળવો ઉઠાવ્યો.

આર્તાબાજસની મદદમાં એથીન્યનોએ સરદાર **ચારીસની** સરદારી હેઠળ એક ફોજ મોકળી પણ શાહાનશાહ **દારયવુશની** ધમકીથી તેઓએ તે મદદ પાછી ખેંચી લીધી.

૩૫૩. થીબનોએ સરદાર **પામેનિસના** હાથ હેઠળ ૫,૦૦૦ માણસોનું એક લશ્કર **આર્તાબાઝસની** મદદે મોકળ્યું.

---

*હીરીન મુજબ ૩૫૮; સ્મિટજ અને રૉલિન્સન મુજબ ૩૫૬; પાર્સી તવારીખ મુજબ ૩૫૫.

૩૫૨. **થીબ**નોની મદદથી બળવાખોર **આર્તાબાઝુસે** **દારયુશ**ની ફોજોને બે લડાઈઓમાં હરાવી.

૩૫૧. શાહાનશાહ **દારયવુશે** **મિસર** પર ચઢાઈ કીધી. **મિસર**ના પાદશાહ (ફેરો) **નેકટેનિબસ**ના **ગ્રીક** સરદારોએ **દારયવુશ**ના લશ્કરને **મિસર**માંથી મારી કાઢયું.

૩૫૦. શાહાનશાહ **દારયવુશ**ના સરદાર **બગ્વાસે** બળવાખોર સરદાર **આર્તાબાઝુસ**ને હરાવી બળવો બેસાડી દીધો. **દારયવુશે** **આર્તાબાઝુસ**ને તેના મદદગાર સરદાર **મેમ્નન** જોડે દેશનિકાળ કાઢયો. તેઓએ **મેસિડન**ના રાજા **ફિલિપ**ની દરબારમાં આશરો લીધો.

આર્તાબાઝસનો બળવો લગભગ ૭ વરસ ટકી રહ્યો હતો.

૩૫૦. **ફિનિશ્યા**ના મૂખ્ય શહેરો **સૈડન**, **ટાયર** અને **અરાદુસે** **ઈરાન** સામે સ્વતંત્ર થવા બળવા ઉઠાવ્યા.

આ બળવાનું મૂખ્ય કારણ **દારયવુશે** **મિસર** જીતવામાં મળવેલી નિષ્ફળતા હતું. મિસરના રાજાઓની આ બળવાખોરોને મ્હોટી મદદ હતી. બળવાખોરોએ **સૈડન**ના હાકમ **ટેનિસ**ને પોતાનો રાજા બનાવ્યો. **ટેનિસે** મ્હોટી દોલત ખરચીને જબરૂ ભાડુતી લશ્કર ઉભું કર્યું અને શહેરના સઘળાં ઇરાનીઓને હાંકી કાઢી ઈરાની શત્રપોના સુંદર મહેલો ફના કીધા. તેણે **મિસર**ના સરકશ રાજા **નેકટેનિબસ** જોડે અરસપરસ મદદ આપવાના કોલકરારો કીધા. આથી તે લાંબી મૂદ્દત સૂધી ઇરાનીઓને હંફાવી શકયો.'

૩૫૦. "**ટેનિસ**ની ઉશ્કેરણીથી **સૈપ્રસ**ના ટાપુના નવ મૂખ્ય શહેરના હાકમોએ **દારયવુશ** સામે બળવા ઉઠાવ્યા.

સૈપ્રસના બળવાઓ બેસાડી દેવાનું કામ **દારયવુશે** **કાર્યા**ના વફાદાર બહાદુર શત્રપ ઈદ્રિયુસને સોંપ્યું. **ઇદ્રિયુસ** **કાર્યા**ના આગલા બળવાખોર શત્રપ **મૌસોલસ**નો ભાઈ હતો. **ઇદ્રિયુસે** ૮,૦૦૦ ગ્રીકોની

એક ભાડુતી ફોજ ઉભી કરી એથીન્યન સરદાર ફોશયનની સરદારી તળે તેને સૈપ્રસ લડવા મોકળી. ફોશયનને સાલામિસના બળવાખોર હાકમ ઇવાગોરાસના દેશનિકાળ થયલા બેટા ઇવાગોરાસે મ્હોટી મદદ આપી.

૩૫૦–૩૪૬. ઇરાની લશ્કરે સૈપ્રસના બળવાખોર મૂખ્ય શ્હેર સાલામિસને ઘેરો ઘાલી, સાલામિસના હાકમ પ્રોતાગોરાસને મ્હોટી લડાઈમાં હરાવી બંળવો બેસાડી દીધો. ઇરાનીઓએ સૈપ્રસના બીજા સઘળાં (૮) બળવાખોર શ્હેરોને તાબે કીધા અને સૈપ્રસમાં પાછી સમાધાની ફેલાવી.

૩૫૦.–૩૪૬. બળવાખોર હાકમ ટેનિસે સીલીશિયા અને સિરિયાના શત્રપો માઝિઉસ અને બેલેસિસની ભેગી ઈરાની ફોજોનો પરાજય કર્યો. ટેનિસે ૧૦૦ બારકસોનો દરિયાઇ કાફલો ઉભો કીધો. મિસરના ફેરો (રાજા) નેકટેનિબસે ૪,૦૦૦ ગ્રીકોનું ભાડુતી લશ્કર રહોડસ ટાપુના બહાદુર રહેવાસી મેન્ટરની સરદારી તળે ટેનિસની મદદે મોકળ્યું.

ફિનિશ્યાનો બળવો ૪ વરસ ચાલું રહ્યો પણ ઇરાની શત્રપો તે બેસાડી શકયા નહિ. આથી શાહાનશાહ દારયવુશને પોતાની હાજરીની જરૂર જણાતા તેણે ૩,૦૦,૦૦૦ પાયદળ અને ૩૦,૦૦૦ ઘોડેસ્વારોની મ્હોટી ફોજ ભેગી કીધી.

૩૪૬. મહાન શાહાંનશાહ દારયવુશે મ્હોટા સૈન્ય સાથે ફિનિશી બળવાખોરો સામે ચઢાઇ કીધી. સૈડનનો હિચકારો હાકમ ટેનિસ પોતાના વતનીઓને દગો કરી દારયવુશને તાબે થયો. સૈડનના ૪૦,૦૦૦ રહેવાસીઓ ઘાતકી દારયવુશને તાબે નહિ થતા પોતાના કાફલાનો નાશ કરી સૈડન શ્હેરને આગ લગાડી આગમાં બળી મૂઆ. દારયવુશે દગાખોર હાકમ ટેનિસને

સૈડનના દેશહિતકારી જોદ્ધાઓના વેરમાં મરાવી નાખ્યો. ફિનિશ્યાનો બળવો નરમ પડયો. સરદાર **મેન્ટર** પોતાના સઘળાં લશ્કર સાથ **દારયવુશ**ને તાબે થયો.

૩૪૬. શાહાનશાહ **દારયવુશે મિંસર** પર ચઢાઈ કીધી.

ઈ૦ સ૦ પૂ૦ ૪૦૫ માં **મિસર** સ્વતંત્ર થયું ત્યારથી તેણે ઇરાનના શત્રુઓને મદદ આપી ઇરાન સાથે દુશ્મની ચાલું રાખી. શાહાનશાહ **અર્તક્ષત્ર** બીજાએ **મિસર** જીતવા અનેકવાર કોશેશ કીધી પણ તે તેને તાબે કરી શક્યો નહિ. **દારયવુશે મિસર**ની પ્હેલી ચઢાઈ નિષ્ફળ ગયા બાદ આ વેળા તેને ફત્તેહ કરવાનો નક્કી વિચાર કીધો. તેને ૧૪,૦૦૦ ગ્રીકોનું બીજું ભાડુતી લશ્કર આવી મલ્યું. તેણે પોતાના મ્હોટા સૈન્યને ત્રણ ભાગોમાં વ્હેંચી નાખી ત્રણ જૂદે જૂદે ઠેકાણે **મિસર** દેશમાં રવાના કીધું. મિસરના ફેરો પાસેબી ૧,૦૦,૦૦૦ માણસોનું લશ્કર હતું. અને તેણે દેશના બચાવનો ઉત્તમ બંદોબસ્ત કર્યો હતો.

૩૪૬. દારયવુશના લશ્કરના પ્હેલા વિભાગે **પેલ્યુશિયમ** શ્હેરપર ધ્ધસારો કીધો. બીજા વિભાગે **મિસર**ના ભિત્તરમાં ચઢાઈ કીધી; **ઈરાનીઓએ ગ્રીક** સરદાર **કલિન્યાસને** ખૂનખાર લડાઇમાં હરાવી **કલિન્યાસ** જોડે ૫,૦૦૦ બહાદુર **ગ્રીકો**ને કાપી નાખ્યા; **મિસર**નો ફેરો **નેકટેનિબસ** હિચકારો બની ન્હાસી **મેમ્ફીસ**ના બચાવ અર્થે **મેમ્ફીસ**ના કિલ્લામાં ભરાયો. ત્રીજા વિભાગનાં સરદારો **મેન્ટર** અને **બગવાસે** ઉત્તર તરફ ધસી જઇ ઉપલું **મિસર** વગર લડાઇએ તાબે કરી **મેમ્ફીસ** પર હલ્લો લાવી તેને સર કર્યું; હિચકારો **નેકટેનિબસ મિસર**નો બચાવ કરવાનું છોડી **ઈથ્યોપિયા**ના જંગલો તરફ ન્હાઠો. **ઈરાનીઓએ પેલ્યુશિયમ** ફત્તેહ કીધું.

૩૪૫. મિસરની મહાભારત ફત્તેહ મેળવી સરદાર **ઓરેહદાદ** (**ફારનદાતિસ**)ને ત્યાંનો શત્રપ બનાવી મહાન **દારયવુશ** પાછો **ઈરાન** ફર્યો.

દારયવુશે મિસર જીતી લઈ ત્યાંનાં બેવફા સરકશ રહેવાસીઓને પૂરતી સજા કીધી. તેણે મિસરની મૂતઓનો નાશ કીધો અને

ત્યાંનાં લોકોને એવો તો સખ્ત દાંત બતાવ્યો કે ઈરાની શાહાનશાહતની આખેરી પર્યંત તેઓ કશી ચલવલ કરી શકયા નહિ. મિસરની ફત્તેહ એટલી મહાભારત હતી અને તેની ફત્તેહથી ઈરાનની મ્હોટાઇ એટલે સૂધી વધી પડી કે ફક્ત ઈરાનના નામથીજ તેના શત્રુઓ થરથર કાંપવા લાગ્યા. મિસરની ફત્તેહે મહાત્મા શાહાનશાહ દારયવુશ ૧. ના વખ્તમાં ઈરાન જે સપાટી પર હતું તે સપાટી પર પાછું તેને લાવી મેલ્યું. અને ઈરાનના શાહાનશાહોનો દાબ તેના શત્રુઓ પર પાછો મક્કમપણે બેઠો.

૩૪૫. શાહાનશાહ **દારયવુશે** સરદાર **મેન્ટરને** તેની સેવાઓના બદલામાં **એશિયાના** કાંઠા પરના સઘળાં ટાપુઓ અને શ્હેરોની હાકમી બક્ષી, બહાદુર સરદાર **બગ્વાસને** પોતાનો વડો કારભારી બનાવ્યો.

૩૪૫-૩૩૯. સરદાર **મેન્ટરે એશિયાના** કાંઠા પરના સરકશ શ્હેરો અને ટાપુઓને **ઈરાનના** તાબેદાર બનાવ્યા.

૩૩૯. **મેસિડનના** રાજા **ફિલિપે** **ઈરાનને** તાબેના પેરીન્થસ બંદરને ઘેરો નાખ્યો. **ઈરાનીઓએ** **ફિલિપને** હરાવી ન્હાસાડી મેલ્યો.

૩૩૯. શાહાનશાહ **દારયવુશે** **મેસિડન** પર ચઢાઇ કરી ત્યાંના રાજા **ફિલિપ (ફિલ્કુસ)** નો મ્હોટો પરાજય કરી તેને **ઈરાનને** ખંડણી ભરવા ફરજ પાડી.

ફિલિપ મહાત્મા **સીકંદરનો** પિતા થતો હતો. તેણે ઘણી ફત્તેહો મેળવી **મેસિડનના** ન્હાના રાજ્યની મ્હોટાઈ આખા **યૂરોપ**ખંડમાં વધારી મેલી. **સ્પાર્ટા** સિવાયના સઘળાં ગ્રીક રાજ્યોએ **ફિલિપની** સતા કબૂલ રાખી. **ફિલિપ** પોતાની આ ફત્તેહોથી ફૂલી જઈ ઈરાનના શાહાનશાહ મહાન **દારયવુશ** જોડે પંજો અજમાવવા ગયો પણ **દારયવુશે** તેનો સેહેજમાં ચૂરો કરી નાખ્યો. આ પછી તેણે **દારયવુશની** હેયાતીમાં ઈરાન સાથે સરકશી કરવાનું છોડી દીધું.

* **આરબ** રાજા **સઈબે** ૧,૦૦,૦૦૦ માણસોના મ્હોટા લશ્કર સાથે **ઈરાન** પર ચઢાઇ કીધી. એક ખૂનખાર જબરા જંગમાં મ્હોટી હાર ખાઈ **સઈબ** માર્યો ગયો અને **આરબો** ન્હાસભાગમાં પડયા. **ઈરાનીઓએ** મ્હોટી લૂટ મેળવી.

૩૩૮. મહાન, ફતેહમંદ, બહાદુર, ઘાતકી શાહાનશાહ **દારયવુશનું** તેના વડા કારભારી **બગ્વાસે** રાજ્યગાદી મેળવવાની લાલચે ખૂન કીધું. **બગ્વાસે** શાહજાદા **આર્સિસને** ગાદી આપી સઘળાં રાજવંશીઓને કત્લ કીધા.

આર્સિસઃ અર્ષ.

ઇ૦ સ૦ પૂ૦ ૩૩૮–૩૩૬.–૨ વરસ.

૩૩૭. **મેસિડનના** રાજા **ફિલિપે** પોતાના સરદારો **એટેલસ** અને **પાર્મિન્યોને** **ઈરાન** સામે લડવા **એશિયા** **મૈનર** મોકલ્યા.

૩૩૬. શાહાનશાહ **અર્ષે** આપખૂદ અમલ ચલાવી **બગ્વાસની** સત્તા કમ કરવાથી ખૂની **બગ્વાસે** **અર્ષનું** ખૂન કરી તેના કુંટુંબનો નાશ કર્યો.

આવી ખૂનરેજીઓથી ઈરાન નબળું પડી ગયું અને તેના શત્રુઓની ચઢતી થઇને ઇરાનનો રોશન સેતારો અસ્ત પામવાનો વખત નજદીક આવ્યો.

* આ ચઢાઇની ખરી તારીખ મળતી નથી.

'દારયવુશ.'

દારા–દારાયસ (કોડોમાનસ).

ઇ૦ સ૦ પૂ૦ ૩૩૬–૩૩૦.—૬ વરસ.

હખામની વંશનો છેલ્લો શાહાનશાહ.

દારયવુશ શાહાનશાહ **દારયવુશ** (નોથસ)ના **ઉસ્તાનીસ** નામે બેટાનો બેટો હતો. જ્યારે શાહાનશાહ **અર્તક્ષત્ર** **(દારયવુશ–દારાયસ ઓકસ)** ત્રીજાએ હખામની ખાનદાનના સઘળાં શાહજાદાઓને કત્લ કીધા ત્યારે **દારયવુશ** કોઈ તદબીરથી છટકી જઈ છૂપે નામે અને વેશે ભટકતો થયો. પાછળથી શાહાનશાહ **અર્તક્ષત્રે** **દારયવુશે** કેડુશિયન લોકો સામે બતાવેલી બહાદુરી માટે **દારયવુશને** વગર ઓળખ્વે આર્મીન્યાનો શત્રપ નિમ્યો. જ્યારે **બગવાસે** **આર્સિસનું** ખૂન કીધું ત્યારે તેણે **દારયવુશને** એવું સમજી તખ્ત બક્ષ્યું કે તે **બગવાસની** મરજી મૂજબ ચાલશે પણ તખ્ત ઉપર બેસતાજ **દારયવુશે** પોતાની મરજી મૂજબ રાજ્ય ચલાવવા માંડયુ એથી **બગવાસે** નાસિપાસ થઈ **દારયવુશનું** પણ કાટલું કાઢવાની પેત્રણો કરવા માંડી પણ તેમાં તો તેનોજ નાશ થયો.

૩૩૬. ખૂની **બગ્વાસુનો** અંત આવ્યો.

૩૩૬. **મેસિડોનના** રાજા **ફિલિપનું** ખૂન થયું. **ફિલિપનો** બેટો મહાત્મા **સીકંદર (અલેકઝાંડર)** **મેસિડોનની** ગાદીએ આવ્યો.

ફિલિપના ખૂનમાં **સીકંદરનો** પણ હાથ હતો એવું કેટલાક ઇતિહાસકર્તાઓ જણાવી જાય છે. **સીકંદરે** તખ્તે બેઠા પછી **મેસિડોનની** ગાદીના ઉમેદવારોનો નાશ કર્યો અને જાતે બહાદુર અને લોભી હોવાથી પોતાની આસપાસની પ્રજાઓ તરફ નજર દોડાવી.

૩૩૬. મહાત્મા **સીકંદરે** **ગ્રીસ** (યુનાન) દેશ પર ચઢાઇ કરી **સ્પાર્ટા** સિવાયના બીજા સઘળાં **ગ્રીક** (યુનાની) રાજ્યો તાબે કીધા (અકટોબર.)

૩૩૫. મહાત્મા **સીકંદરે થ્રેસ**ની જંગલી પ્રજાઓને તાબે કરી, ડેન્યુબ નદીની પેલી મેર વસતાં જંગલી **'ગેટી'** લોકોને હરાવ્યા. ઈયોનિક સમુદ્રના કોસ્ટા પર વસનારી બહાદુર **"ગૉલ"** લોકોની એક ટોળી **સીકંદર**ને પોતાની રાજીખુશીથી તાબે થઈ.

૩૩૫. ગ્રીસના બહાદુર **થીબનો**એ **સીકંદર** સામે બળવો ઉઠાવી તેની ફોજને ઘેરી લીધી. મહાત્મા **સીકંદરે થીબ્સ** પર ચઢાઈ કરી **થીબ્સ**ને ઘેરો ઘાલી તાબે કીધું અને **થીબનો**નો નાશ કીધો.

સીકંદરે ઘાતકીપણું બતાવી ૬,૦૦૦ **થીબનો**ને રેંહેંશી નાખી ૩૦,૦૦૦ કેદીઓ પકડયા.

૩૩૫. બહાદુર સરદાર **મેમ્નને** મહાત્મા **સીકંદર**ના સરદાર **પાર્મિન્યો** પર **એશિયા માઇનર**માં અનેક ફત્તેહો મેળવી.

૩૩૫. મહાત્મા **સીકંદરે ઈરાન** પર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી.

સીકંદર પોતે **ગ્રીસ, થ્રેસ** વિગેરે દેશોપર ફત્તેહો મેળવવાથી ફૂલાઇ ગયો હતો. તે જ્યારે તખ્તે આવ્યો ત્યારે તે ફક્ત ૨૦ વરસનો નવજુવાન હોવાથી ઈરાની શાહાનશાહ તેને બચ્ચું સમજી નભરવશ રહ્યો. **દારયવુશે સીકંદર**ની સત્તાને વધતી અટકાવવા કશા ઉપાયો લીધાજ નહિ અને **સીકંદર** સામે **ગ્રીસ**ના માંગવા છતા તેને કશી મદદ આપી નહિ. આવી બેદરકારીના કડવા ફળ પાછળથી તેને ચાખવા પડયા. **સીકંદરે** ઇરાન પર ચઢાઈ કરવાની તૈયારીઓ સંપૂર્ણ કરી ૪૩૦૦૦ પેદળ અને ૫૦૦૦ ઘોડેસ્વારોની અજીત ફોજ ઊભી કરી.

૩૩૪. મહાત્મા **સીકંદરે ઈરા**ની શાહાનશાહત પર ચઢાઈ કીધી.

સીકંદરે પોતાની ગેરહાજરીમાં **મેસિડોન**ની હાકમી પોતાના વફાદાર સરદાર **એન્ટીપેટર**ને સોંપી. **સેકંદરે** પોતાની રાજધાની છોડી **થ્રેસ**ના બંદર **સેસ્ટૉસ**થી ખાડી ઓળંગી પોતાના લશ્કરને **એબોઇડૉ**-

સુના બંદરે ઉતાર્યું અને ત્રોય શહેર ખાતે જઈ ત્યાંનાં દેવતાઓને ભોગો આપ્યા. ઈરાનીઓએ તેના લશ્કરને કિનારે ઉતરતું નહિ અટકાવતા ફ્રીજ્યાનો બચાવ કરવા ગ્રેનાઈકસ નદીને કિનારે સફ સમારી ઊભા. ઈરાની લશ્કરની સરદારી ફ્રીજ્યાના હાકમ અર્સીતીસ, લીડિયાના હાકમ સ્પીથ્રીદાતીસ તથા ફાર્નાકીસ, મિથ્રિદેતિસ, રિયોમિથ્રિસ જેવા ચુનંદા લડવૈયાઓનાં હાથમાં હતી. સીકંદર કુચ કરતો છ સાત દિવસમાં ગ્રેનાઇકસ નદીને કાંઠે આવી પ્હોંચ્યો.

૩૩૪. ગ્રેનૈકસની જબરી લડાઈમાં **ઈરાની** લશ્કરની ભારે બળત્વારી છતા **ઈરાનીઓ** હાર્યા; શાહાનશાહ **દારયવુશનો** જમાઇ **મેહેરદાદ (મિથ્રિદાતિસ,) રીહસાકીસ, દારયવુશનો** સાળો **ફાર્નાકિસ,** કેપેડોશિયાનો શત્રપ **મેહેરબુર્જીન (મિથ્રોબાર્ઝેનિસ)** વિગેરે ચુનંદા **ઈરાની** સરદારો માર્યા ગયા (૨૨ મી મે.)

એ લડાઈ આગમજ સરદાર **મેમ્નને** ઈરાનીઓને ઘણી કિંમતી સલાહ આપી પણ કમનશીબે ઈરાનીઓએ તેની સલાહ માન્ય રાખી નહિ. **મેમ્નને** એવી સલાહ આપી કે ઈરાનીઓએ **સીકંદર** સાથે લડાઇ નહિ કરતા માર્ગમાંનાં સઘળાં શહેરો અને ગામડાંઓ વેરાન કરી અનાજના ખેતરોનો નાશ કરવો. આથી દુશ્મનોનો ભુખમરાથી નાશ થઇ કદાચ તેમની ચઢાઈ અધુરે જતે. ઈરાનીઓએ પોતાને તાબેના શહેરોનો પોતાનેજ હાથે નાશ કરવાનું કબૂલ કીધું નહિ અને પોતાની બહાદુરીથીજ શત્રુઓનો નાશ કરવા માંગ્યું; પણ શત્રુઓની સરજતમાં ઈરાની શાહાનશાહત ફતેહ કરવાનું સરજાયલું હોવાથી તેમની બહાદુરી કશા રૂડા પરિણામો નિપજાવી શકી નહિ.

૩૩૪. મહાત્મા **સીકંદરના** સરદાર **પાર્મિન્યોએ ફ્રીજ્યાની** રાજધાની **દાસ્કીલ્યમ** પર ચઢાઇ કીધી. **ફ્રીજ્યાનો** પ્રાંત વગર લડાઇએ તાબે થયો. **સીકંદરે** સરદાર **કાલાસને ફ્રીજ્યાનો** શત્રપ નિમ્યો.

૩૩૪. મહાત્મા **સીકંદરે** **લીડિયા** પર ચઢાઈ કીધી. **લીડિયાનો** હિચકારો હાકમ **મિથ્રિનિસ** વગર લડાઈએ **સીકંદર**-ને શરણ થયો.

લીડિયા તાબે થવાથી **સીકંદરને** મોટો ખજાનો મળ્યો. **લીડિયા** ફત્તેહ કરી **સીકંદર** ભૂમધ્ય સમુદ્રના કિનારા તરફ ગયો.

૩૩૪. ઈફીસસ વગર લડાઈએ **સીકંદરે** હાથ કર્યું. **સીકંદરે** **મૈલિટસ** મ્હોટી મૂશ્કેલીં ખમી ફત્તેહ કીધું.

૩૩૪. મહાત્મા **સીકંદરે** **કાર્યા** પર ચઢાઈ કરી **કાર્યાના** મજબૂત શ્હેર **હેલિકર્નાસસને** ઘેરો નાખ્યો.

કાર્યાનો હાકમ **પ્રિક્ષોડારસ** ઘણો બહાદુર હતો. વળી વફાદાર ઇરાની સરદાર **મેમ્નન** પોતાનો ફતેહમંદ ઇરાની દરિયાઈ કાફલો **પ્રિક્ષોડારસની** મદદે લઈ આવ્યો. હેલિકર્નાસસના કિલ્લાની સરદારી ચુનાની ફોજના વડા **એફિયાલ્ટિસના** હાથમાં હતી. આ બહાદુર સરદારો આગળ થોડા વખત સુધી **સીકંદર** કશું કરી શકયો નહિ. કિલ્લાના ઉત્તર વિભાગ પર હુમલો કરતા **સીકંદરે** માર ખાધો અને એવોજ સખ્ત માર **મીન્ડસ** શ્હેર શબેખૂન કરવા જતા પણ ખાધો. આ હારોથી **સીકંદરે** **એફિયાલ્ટિસ** પર સુલેહ કરવા માંગણી મોકળાવી. **એફિયાલ્ટિસ** છેલ્લી ઘડી સુધી **સીકંદર** સાથે બાથોબાથ લડયો અને માર્યો ગયો. કિલ્લો વધુવાર બચાવ કરી શકશે નહિ એમ લાગવાથી **મેમ્નન** શ્હેરના રહેવાસીઓને વહાણોપર ચઢાવી શ્હેરનો કિંમતી અસબાબ ખાલી કરી તેને આગ લગાડી શ્હેર છોડી ગયો.

૩૩૩. **સીકંદરે** **હેલિકર્નાસસ** સર કરી **કાર્યાની** હાકમી **કાર્યાની** પદભ્રષ્ટ રાણી **આદાને** પાછી સ્વાધીન કીધી.

હેલિકર્નાસસ જીત્યા બાદ **સીકંદરે** **એશિયા માઈનરની** દક્ષિણની હિચકારી પ્રજાઓને તાબે કીધી. આ બનાવો પછી **ફ્રીજ્યાની** ઉત્તરે આવેલા ગૉર્ડિયમ શ્હેર ખાતે **સીકંદરે** જઈ (માર્ચ) વિસામો લીધો.

૩૩૩. નામાંકિત ઈરાની દરિયાઈ સેનાધિપતિ **મેમ્નને** **ચિયૉસ** અને **લેસ્બોસના** મ્હોટા ટાપુઓ જીતી લીધા. તેણે **મેસિડોનને** તાબેના **લેસ્બોસના** મ્હોટા શ્હેર **મૈટિલીનને** ઘેરો

ઘાલી ફત્તેહ કીધું. બહાદુર **મેમ્નન** માંદગી ભોગવી મરણ પામ્યો. **દારયવુશે** તેની જગાએ તેના ભત્રીજા **ખોરેહબાજુ (ફાર્નાબાજસ)** ની નેમણુંક કીધી.

મેમ્નન મેટિલીનની ફત્તેહ બાદ મેસિડોન પર ચઢાઈ કરવાની ઉમેદમાં હતો. તે જો મેસિડોન પર ચઢાઈ કરતે તો કદાચ મહાત્મા **સીકંદરને** સઘળી ફત્તેહો પડતી નાખીને ત્યાં દોડી જવું પડતે પણ **દારયવુશના** કમનશીબે **મેમ્નનના** મરણથી મેસિડોનની ઈરાની ચઢાઇ અધુરે ગઈ.

૩૩૩. ગૉર્ડિયમથી ઉપડી (મે) મહાત્મા **સીકંદરે** **પેફ્લેગોનિયા** અને **કેપેડોશિયાના** પ્રાંતો હાથ કરી ત્યાં નવા હાકમો નિમ્યા.

૩૩૩. મહાત્મા **સીકંદરે સીલીશિયા** પર ચઢાઈ કીધી. **સીલીશિયાનો** શત્રપ **અર્શામ (આર્સામિસ)** રાજધાની શહેર **ટાર્સસ** છોડી ગયો તેથી **સીકંદરે** વગર લડાઈએ **ટાર્સસ** હાથ કીધું.

ટાર્સસ ખાતે આવ્યા પછી **સીકંદર** ઘણોજ માંદો પડયો પણ **ફિલિપસ** નામના પ્રસિદ્ધ વૈદ તેને સાજો કીધો. **સીકંદરે** ટાર્સસ છોડી મૉલસ બંદર તરફ કુચ કીધી. મૉલસ ખાતેથી ઈરાનીઓની હીલચાલની ખબરો કાઢી ઈસસ ખાતે પોતાના લશ્કરના અશક્ત અને જખ્મી આદમીઓને થોડા પાસબાન ફોજ સાથે રાખી તેણે ફીનિશિયા તરફની રાહ પકડી.

૩૩૩. **સીકંદરે** **ફીનિશિયા** પર ચઢાઈ કરી ત્યાંનાં **મીરિયેન્ડ્રસ** બંદર ખાતે પડાવ નાખ્યો.

૩૩૩. ઈરાની શાહાનશાહ **દારયવુશે** મ્હોટું લશ્કર ભેગું કરી **સિરિયાના સોચાઇ** નામે પ્રગણાંના મોટા મેદાનમાં છાવણી નાખી. **દારયવુશે** દુશ્મનો સામે બચાવ કરવાની (Defensive) રાજનીતિ છોડી દઈ દુશ્મનો પર હુમલો કરવાની (Offensive)

ઈરાનને ગેરલાભ કરનારી રાજનીતિ અખ્ત્યાર કીધી. **દારયવુશે** ઈસસ પર હુમલો કરી **સીકંદરે** ત્યાં રાખેલી ફોજનો સંહાર કીધો.

દારયવુશે સોચાબનું મ્હોટું મેદાન છોડી પિનારસ નદીને કાંઠે પહાડો અને પાણીથી ઘેરાયલી મૂશ્કેલ જગોએ પડાવ નાખ્યો. મહાત્મા **સીકંદરે** પણ **મીરિયેન્ડ્રૂસ** બંદર છોડી **ઈસસ**ના ઉપલા પહાડી મેદાન તરફ કુચ કરી **ઍસિર્યા** અને **સીલિશિયા**ના દરવાજાને નામે ઓળખાતી **અમાનસ** પર્વત અને દરિયા વચ્ચે આવેલી સાંકડી '**પાસ**' વટાવી તે ઈસસ આવી પ્હોંચ્યો.

૩૩૩. ઈસસની ખનખાર જબરી લડાઇમાં **દારયવુશ** ભારે બહાદુરી બતાવ્યા છતા હાર્યો અને **થેપ્સેકસ** તરફ નાઠો (નવેમ્બર.)

આ લડાઈમાં મહાત્મા **સીકંદર દારયવુશ** સાથ હાથોહાથ લડતા જખમી થયો. **સીકંદરે** ઇરાની છાવણી લૂટી અને ૬,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતની દોલત હાથ કીધી. છાવણીમાં **દારયવુશ**ની માતા, **દારયવુશ**ની શાહાનશાહબાનું, બ્હેનો, બાળક બેટો તથા બે બેટીઓ હતી તેઓ સઘળાં **સીકંદર**ના કેદી થયા. **સીકંદરે** આ પાદશાહી કુંટુંબ સાથે ઘણી વખાણવાલાયક ચાલ ચલાવી તેમની ઠીક મદારત કરી હતી. ઈસસની નાશકારક લડાઈમાં પ્રખ્યાત ઇરાની યોદ્ધાઓ **અર્શામ, રયમેહર, અતિજાઇસિસ** વિગેરે સરદારો માર્યા ગયા.

ઇસસની લડાઈ આગમજ **સ્પાર્ટા**ના બહાદુર રાજા **એજીસ** જોડે મળી-ઈરાની દરિયાઈ સેનાધિપતિ **ઓરેહબાજુએ મેસિડન** પર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી હતી. પણ ઇસસની ખૂનખાર લડાઈ પછી **ઓરેહબાજુએ** પોતાનો વિચાર માંડી વાળ્યો.

૩૩૩. **દમાસ્કસ**ના હિચકારા નીમકહારામ હાકમે કિલ્લામાંનો કિંમતી ખજાનો **દારયવુશ**ને દગો કરી **મેસિડોનિયન** સરદાર **પાર્મિન્યો**ને સ્વાધીન કીધો. નામાંકિત ઈરાની સરદારો **હુક્ષથ, મેન્ટર, મેમ્નન, અર્દબાજુ, ઓરેહબાજુ** વિગેરેના કુંટુંબો **પાર્મિન્યો**ના બંધવાં થયા.

૩૩૨. સીકંદરે ફીનિશિયા પર ચઢાઇ કરી **મેરેથસ બીબ્લસ** અને **સૈડન**ના મ્હોટા બંદરો વગર લડાઈએ તાબે કીધા.

જ્યારે **સીકંદર મેરેથસ** ખાતે હતો ત્યારે **દારયવુશે સીકંદર** પર પોતાના કુંટુંબનો છૂટકારો કરવા નમનતાઈ ભર્યો પત્ર લખ્યો પણ મગરૂર **સીકંદરે** તેનો ઘણોજ તુંડીભર્યો જવાબ લખ્યો.

૩૩૨. મહાત્મા **સીકંદરે ટાયર**ના મજબૂત વફાદાર **ફીનિશિયન** શ્હેરને ઘેરો ઘાલ્યો. સાત મહિનાના મૂશ્કેલ ઘેરા પછી અનેક દુઃખો ખમી **સીકંદરે ટાયર** ફત્તેહ કર્યું, સઘળાં મર્દ રહેવાસીઓનો નાશ કરી નિર્દોષ બચ્ચાં અને ઓરતોને ગુલામ દાખલ વેંચ્યા. આખું **ફીનિશિયા સીકંદરે** હાથ કર્યું.

ટાયરની ફત્તેહ વેળા **દારયવુશે** બીજું સલુકાઈભર્યું કાગજ લખી **સીકંદર** પાસ પોતાના કુંટુંબને પોતાને સ્વાધીન કરવા માંગણી કીધી અને તેના બદલામાં **યુક્રેટિસ** નદીની પશ્ચિમે આવેલો સઘળો મુલક અને ૨૪ લાખ રૂપિયા આપી તે **સીકંદરને** પોતાનો દામાદ બનાવવાને તૈયાર થયો. ગર્વિષ્ટ જંગલી **સીકંદર** પર એથી કશી અસર થઈ નહિ. **દારયવુશ**ની રાણી **દીલારાય** મુસાફરીની થાકે મરણ પામી.

૩૩૨. સીકંદરે સિરિયા અને **પેલેસ્ટાઈન** તાબે કરી **ગાજા**ના વફાદાર શ્હેરને ઘેરો નાખ્યો. **ગાજા**ના દેશહિતકારી બહાદુર હાકમ **બાતીસે** (**બાતીસ** જાતે અરબ હતો) **ગાજાનો** મજબૂત બચાવ કરી પ્હેલી લડાઈમાં **સીકંદરનો** પરાજય કર્યો; બીજી ખનખાર લડાઈમાં એકેએક રહેવાસી માર્યો ગયો ત્યાં સૂધી **ગાજા**નાં શૂરવીરો લડયા. **ગાજા સીકંદરે** તાબે કર્યું.

૩૩૨. મહાત્મા **સીકંદરે મિસર** પર ચઢાઈ કીધી (અકટોબર.) **મિસર** વગર લડાઈએ તાબે થયું.

મિસરના લોકો ઇરાનને સદંતર બેવફા હોવાથી **મિસરનો** શત્રપ **માજીકિસ** કશો બચાવ કરી શકયો નહિ **સીકંદરને મિસર**માં તેનો દરિયાઈ કાફલો આવી મળ્યો. ઈસસની લડાઈ પછી ઇરાનીઓએ પોતાનો અજીત કાફલો વિખેરી નાખ્યો. એથી મેસિડોનિયનો વગર લડાઇએ ઇજીયન સમુદ્રના માલેક થયા.

૩૩૨. સીકંદરે નાઇલ નદીના મુખ આગલ **સિકંદરીયા** (અલેકઝાંડ્રિયા) શ્હેર વસાવ્યું.

સીકંદરે મિસર ખાતે **જુપિટર એમન**નાં **મંદિરની** મુલાકાત લઈ પુષ્કળ ભેટશોગાદ મંદિરના પૂજારીઓને આપી. પોતાની મહાભારત ફતેહોથી છકી જઈ તે હવે પોતાને **જુપિટર** દેવતાની ઓલાદનો સમજવા લાગ્યો અને પોતાના માણસાઈ બાપ **ફિલિપનો** તુચ્છકાર કરી પોતાને **જુપિટર** એમનનું ફરજંદ તરીકે જાહેર કીધો!

૩૩૧. મહાત્મા **સીકંદર મિસર** છોડી **ફીનિશિયા** ખાતે પાછો ફર્યો (જાન્યુઆરી.)

૩૩૧. મહાત્મા **સીકંદરે યુક્રેટિસ** અને **ટાઈગ્રીસ** નદીઓ પસાર કરી ઈરાન પર ચઢાઇ કીધી (૨૦ **મી સપટેમ્બર.)**

ઇસસના નાશકારક યુદ્ધ પછી શાહાનશાહ **દારયવુશે યુક્રેટિસ** નદીની પૂર્વ બાજુની પોતાની શાહાનશાહતના બચાવ માટે બીજુ મ્હોટું લશ્કર ભેગું કીધું. આ લશ્કરને તેણે મેસિડોનિયન શત્રુઓ પાસના મજબુત હથિયારો જેવાજ હથિયારોથી સજ્જ કીધું. આ મ્હોટા **સૈન્ય** સાથે પ્રથમ તો **દારયવુશે આર્બેલા** ખાતે છાવણી નાખી પણ જ્યારે મહાત્મા **સીકંદરે ટાઈગ્રીસ** નદી પસાર કરી ત્યારે **દારયવુશે આર્બેલાથી** છાવણી ઉઠાવી **લાઈકસ (મોટી જાબ)** નદી પસાર કરી **ગોગેમેલાના** મ્હોટા મેદાનમાં પડાવ નાખ્યો. મહાત્મા **સીકંદર** કુચ કરતો **ગોગેમેલા** આવી પ્હોંચ્યો. આ મેદાનમાં જે લડાઈ થઈ તે પ્રાચીન કાળના ઇતિહાસમાં મ્હોટી અગત્ય ધરાવે છે. તે **આર્બેલાની** લડાઇને નામે દુનિયાની તવારીખમાં અગત્યનો સફો રોકે છે.

૩૩૧. આર્બેલાની મહાભારત, દુનિયાની પંદર પરીપૂર્ણ લડાઈઓમાંની ચોથી જગપ્રસિદ્ધ લડાઇ થઇ. **ઈરાની લશ્કરમાંની** ચુનંદી **બૅકટ્રિયન** અને **સકિયન** ફોજે **સીકંદરના** સરદાર **મેનિડાસની** ઘોડેસ્વાર ફોજનો પરાજય કર્યો; **દારયવુશના** મરણની ખોટી ખબરથી **ઈરાની** લશ્કર મેદાન છોડી ન્હાસભાગમાં

પડયું; શાહાનશાહ **દારયવુશ** મેદાન છોડી નાસિપાસ થઇ **હમદાન** તરફ (**મીડિયાનું** પાયતખ્ત) નાઠો; **સીકંદર**ની મહાભારત ફત્તેહ થઇ (૧ લી અકટોબર.)

૩૩૧. **બૅબીલોન**નો બહાદુર લડાયક હાકમ **માઝાયુસ** **સીકંદર**ને વગર લડાઇએ શરણ થયો. **સીકંદરે** મ્હોટો ખજાનો હાથ કરી **બૅબીલોન**ની હાકમી **માઝાયુસ**ને બક્ષી.

૩૩૧. **સુસિયાના**નો પ્રાંત વગર લડાઇએ તાબે કરી, તેની હાકમી ત્યાંનાં **ઈરાની** હાકમને સોંપી **સીકંદરે** ત્યાંથી ૧૧॥ કરોડ રૂપિયાનો ખજાનો મેળવ્યો.

સુસા ખાતે **સીકંદર**ને નવું લશ્કર આવી મળ્યું. **સુસિયાના** અને **પર્સીસ** વચ્ચે **યુકસાઈ** નામે પહાડી ભરવાડોની જંગલી લડાયક પ્રજા વસ્તી હતી. તે પ્રજાએ **સીકંદર**ને ઘણો પજવ્યો પણ આખરે તેઓએ ખુવારી સિવાય બીજું કશું જોયું નહિ.

૩૩૦. મહાત્મા **સીકંદરે** **પર્સીસ** (**પારસ**) ઉપર ચઢાઈ કીધી. **પર્સીસ**માં દાખલ થવાના સાંકડા માર્ગ "**સુસિયન પાસ**" આગળ **પર્સીસ**ના બહાદુર દેશહિતકારી શત્રપ **આર્યબુર્ઝીને** (**આર્યોબાર્ઝેનિસે**) મહાત્મા **સીકંદર**નો મોટો પરાજય કર્યો.

આ રીતે **સીકંદર**ની હાર થઈ. પણ એક બદમાશ બેવફા **યુનાની** સિપાહીએ **પર્સીસ**માં દાખલ થવાનો છૂપો માર્ગ **સીકંદર**ને બતાવ્યાથી **સીકંદરે** પાછલે માર્ગે દાખલ થઈ **આર્યબુર્ઝીન**ને બન્ને બાજુએથી ઘેરી લીધો.

૩૩૦. દગાંનો ભોગ થઇ બહાદુર **આર્યબુર્ઝીન** **સીકંદર** સાથની બીજી મ્હોટી લડાઇમાં હાર્યો.

આર્યબુર્ઝીન ન્હાસી **પર્સીપોલીસ**ના રાજધાની શહેરનો બચાવ કરવા દોડયો. **પર્સીપોલીસ**ના કિલ્લાનો વડો **તીરીદાતિસ** (**તીરદાદ**) **સીકંદર**ને મળી ગયો હતો. તેણે કિલ્લાનો કિંમતી ખજાનો **સીકંદર**ને

હવાલે કરી દીધો. આવા દગાઓ છતા પણ સ્વદેશાભિમાની યોદ્ધા **આર્યબુર્જીને** હીમત છોડી નહિ. **સીકંદર** હવે કુચ કરતો **પર્સીપોલીસ** આવી પ્હોંચ્યો.

૩૩૦. **પર્સીપોલીસ**ના ખુનખાર યુદ્ધમાં બહાદુર **જોદ્ધો** **આર્યબુર્જીન** પોતાના સઘળાં લશ્કર સાથ કપાઈ મૂઓ. મહાત્મા **સીકંદરે** **પર્સીપોલીસ** ફત્તેહ કીધું; દુનિયાને હેરત કરનારા, ઈરાની શાહાનશાહો મહાત્મા **દારયવુશ** અને મહાત્મા **ક્ષયાર્શા (જર્કસિસ)** ના જગપ્રસિદ્ધ, મહાભારત, સુંદર મેહેલોનો જંગલી, અજ્ઞાન, વિદ્યા હુન્નરના શત્રુ, **ગૉથ** **અને** **વૅન્ડૉલ**ના સાથી, ગર્વિષ્ટ **સીકંદરે** આગ લગાડી નાશ કર્યો; શ્હેરના મર્દ રહેવાસીઓને કાપી નાખી--નિર્દોષ અબળાઓ અને બાળકોને ગુલામ દાખલ વેંચ્યા અને શ્હેરને લૂટી તારાજ કીધું. **પાર્સાગર્દ** શ્હેર **સીકંદર**ને તાબે થયું. મહાત્મા **સીકંદરે** **પર્સીસ**નો પ્રાંત ફત્તેહ કરી તેની હાકમી દગલબાજ સરદાર **તીરદાદ**ને સોંપી.

૩૩૦. મહાત્મા **સીકંદરે** **મીડિયાં** પર ચઢાઇ કીધી.

આર્બેલાના જંગ પછી શાહાનશાહ **દારયવુશ** હમદાન તરફ નાઠો હતો. હમદાન ખાતે તે છ માસ રહ્યો. એ મુદત્ત દરમ્યાન તેણે **સીકંદર** સાથે લડવા નવી ફોજો ભેગી કરવાની ઘણી કોશેશો કીધી પણ તે પોતાની ધારણામાં નિષ્ફળ થયો. જો કે તેની પાસે ૩૯,૦૦૦ માણસો અને લગભગ ૧॥। કરોડ રૂપિયા હતા પણ તેના સરદારો લડવાને રાજી હતા નહિ. જ્યારે **સીકંદરે** **મીડિયા** પર ચઢાઈ કીધી ત્યારે **દારયવુશે** હમદાનથી ન્હાસવા સિવાય બીજો ઉપાય જોયો નહિ. તેણે **બલ્ખબામી** (**બેકત્રિયા**) તરફ ન્હાસવા માંડયું. તેની સાથે બેક્ત્રિયાનો શત્રપ **બિસસ**, **ઑડીગાર્ડસો**નો વડો **નાબુર્જીન** (**નબાર્જેનિસ**) તથા દ્રાન્જિયાના અને **એરે**-કોશિયાનો હાકમ **બાર્સાએન્તિસ** વિગેરે સરદારો હતા. આ સરદારોએ એકસંપ કરી ઈરાનની શાહાનશાહતના માલેક થવાની ઉમેદમાં **દારયવુશ** તરફ બેવફાઈ બતાવી **પાર્થ્યા** ખાતે તેને પકડી સોનાની બેડી પહેરાવી બંધ ગાડીમાં બેસાડી કેદ કીધો. જ્યારે મહાત્મા

સીકંદરને દારયવુશના કેદ થવાની ખબર પડી ત્યારે કહે છે કે **દારયવુશને** બચાવવા તેણે ઝડપથી કુચ કરવા માંડી. તેણે ટુંકો પણ મૂશ્કેલ રસ્તો પકડયો અને પેલા બેવફા ઇરાની સરદારો ગભરાટમાં પડયા. તેઓએ **દારયવુશને** ઘોડેસ્વાર થઈ પોતાની સાથે ન્હાસવા અરજ કીધી જે તેણે તુચ્છકારી કાઢી બહાદુર મોતે મરવાનું પસંદ કીધું. આથી તે બદમાશ, બેવફા, હિચકારા અને લોભી સરદારોએ શાહાનશાહ **દારયવુશને** મરણતોલ જખમી કરી તેને પેલીજ બંધ ગાડીમાં નાખી ન્હાસવા માંડયું. **સીકંદર** આખરે આવી પ્હોંચ્યો પણ તે **દારયવુશને** જીવતો જોવા પામ્યો નહિ. મરવા આગમજ એક મેસિડોનિયન સિપાહી **દારયવુશની** ગાડી આગલ જઈ પ્હોંચ્યો. તેની પાસે શાહાનશાહે છેલ્લી ઘડીએ પીવાનું પાણી માંગ્યું જે તે દયાળુ મેસિડોન્યને લાવી આપ્યું. **દારયવુશે** કહે છે કે પોતાની છેલ્લી વસિયતો તેની આગળ કહી **સીકંદરની** તારીફ કીધી. આ પછી આ કમનશીબ શાહાનશાહે પોતાનો પ્યારો જાન પોતાના સર્વશકિતમાન સાહેબને હવાલે કીધો. **સીકંદરે દારયવુશના** મરણથી ઘણી ઝારી કીધી.

૩૩૦. હખામની શાહાનશાહતની આખરી આવી (જુલાઈ.)

હખામની શાહાનશાહતની વંશાવળી.

- (૧) હખામનીશ
  - (૨) ચીશપાઇશ
    - (૩) કમ્બૂજિય ૧
      - (૪) કુરૂશ ૧
        - (૫) કમ્બૂજિય ૨
          - (૬) કુરૂશ (મહાત્મા) ૨
            - (૭) કમ્બૂજિય ૩
    - આર્ય રામન
      - અર્શામ
        - વીશ્તાસ્પ
          - (૮) દારયવુશ ૧
            - (૯) ક્ષયાર્શા ૧
              - (૧૦) અર્તક્ષત્ર ૧
                - (૧૨) સોગ્દીયાનસ
                - (૧૩) દારયવુશ ૨
                  - (૧૪) અર્તક્ષત્ર ૨
                    - (૧૫) દારયવુશ ૩
                      - (૧૬) અર્ષ
                  - હુતન
                    - અર્સામ
                      - (૧૭) દારયવુશ ૩
                  - કુરૂશ
                - ૧૧ ક્ષયાર્શા ૨

ભાગ ૨.

પશ્ચિમ એશિયાના પાર્સી સામ્રાજ્યો.

મહાત્મા **સીકંદરે** ઈરાની શાહાનશાહતનો અંત આણ્યા બાદ થોડા વખ્તમાં તેના મરણ પછી તે શાહાનશાહત ભાંગી પડી. કહે છે કે તે બળવંત શાહાનશાહત ૨૪૦ ન્હાના રાજ્યોમાં વ્હેંચાઈ ગઇ. આ ન્હાનકડા રાજ્યોમાંના કેટલાક તો **પાર્સીઓનાં** હાથમાં હતા અને તે રાજ્યો લાંબી મુદ્દત સુધી ટકી રહ્યા હતા. **પૉન્ટસ**, **કેપેડોશિયા**, **આર્મીન્યા**, **ઐબીર્યા**, **આજરબાઇજાન**, વિગેરે પ્રાંતો ખાતે **પાર્સી** રાજાઓ રાજ્ય ચલાવતા હતા. તેઓ સ્વતંત્ર હતા અને તેઓમાંના કેટલાક રાજ્યો તો પાછળથી મ્હોટી શાહાનશાહતોમાં ફેરવાઈ ગયા હતા. ઉપલા **પાર્સી** રાજ્યોનો આપણે એક ટુંક સંક્ષેપ્ત હેવાલ નીચે ઉતારી લઇશું:—

પૉન્ટસની બળવંત શાહાંનશાહત.

ઇ૦ સ૦ પૂ૦ ૩૬૩—૪૭.

૩૬૩. **કેપેડોશિયાના** **પાર્સી** શત્રપ **આર્યબુર્જીને** શાહાનશાહ **અર્તક્ષત્ર** (**આર્તાજર્કસિસ નીમન**) સામે બળવો ઉઠાવ્યો. **અર્તક્ષત્રે** **આર્યબુર્જીનને** હરાવી **કેપેડોશિયામાંથી** હાંકી કાઢયો. **આર્યબુર્જીને** ન્હાસી જઈ **કાળા સમુદ્ર** (**યુકસાઇની 'પૉન્ટસ**)ના દક્ષિણ કાંઠા પર આવેલા **પૉન્ટસના** ન્હાના પ્રાંતમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું.

૩૩૭. **આર્યબુર્જીન ૧.** મરણ પામ્યો; તેનો બેટો **મેહેરદાદ ૧.** ગાદીએ બેઠો.

૩૦૨. **મેસિડોન્યન** સરદાર **એન્ટીગોનસના** પ્રપંચથી (૮૪ વરસના વૃદ્ધ) **મેહરદાદે** પોતાનો જાન ખોયો. તેનો બેટો **મેહરદાદ ૨.** તખ્તનશીન થયો.

૩૦૨-૨૬૬. **મેહરદાદ ૨.** એ **કેપેડોશિયા** અને **પેફ્લેગોનિયાના** કેટલાક પ્રગણાંઓ પોતાના રાજ્ય સાથે જોડી દીધા.

૨૬૬. **મેહરદાદ ૨.** મરણ પામ્યો. **આર્યબુર્જીન ૨.** ગાદીએ બેઠો.

૨૪૫. આર્યબુર્જીન ૨. મરણ પામ્યો. તેનો બેટો **મેહરદાદ ૩.** ગાદીએ આવ્યો.

૨૪૫-૧૯૦. મેહરદાદે સિરિયાના શાહાનશાહ **સિલ્યુકસ કેલિનેકસ**ની બ્હેન સાથે શેહાદી કીધી. **મેહરદાદ**ને પદમાં ફ્રીજયાનો પ્રાંત મળ્યો.

૧૯૦. મેહરદાદ ૩. મરણ પામ્યો. તેનો બેટો **ફાર્નાક ૧.** તખ્તનશીન થયો.

૧૯૦-૧૬૦. ફાર્નાકે સિનેપીનું મ્હોટું **એક** શ્હેર જીતી લઈ તેને પોતાનું પાયતખ્ત બનાવ્યું. **ફાર્નાકે** પર્ગામસના રાજા **યુમીનિસ**ને હરાવી તેના ઘણા પ્રાંતો ફત્તેહ કીધા. કેપેડોશિયાના **પાર્સી** પાદશાહ **આર્યરથ ૪.** ની મદદથી **યુમીનિસે** પોતાના ફાર્નાકે જીતેલા પ્રાંતો પાછા જીતી લીધા.

૧૬૦ બહાદુર **ફાર્નાક ૧.** મરણ પામ્યો. તેનો બેટો **મેહરદાદ ૪.** ગાદીએ આવ્યો.

૧૬૦-૧૨૦ મેહરદાદને તેની મદદોના બદલામાં **રૂમી**-ઓએ **ફ્રીજયા**નું ન્હાનું રાજય ભેટ આપ્યું.

૧૨૦. મેહરદાદ ૪. નું તેના દોસ્તોએ ખૂન દીધું. તેનો બેટો **મેહરદાદ ૫.** (૧૨ વરસની વયે) ગાદીએ આવ્યો.

મહાત્મા મેહરદાદ.

ઈ૦ સ૦ પૂ૦ ૧૨૦-૬૪.—૫૬ વરસ.

૧૨૦. મેહરદાદની માતા રાજ્યરક્ષક નેમાઇ.

૧૧૨-૧૦૫. મહાત્મા **મેહરદાદે આર્મીન્યાંના** કેટલાક પ્રગણાઓ, **કોલ્ચીસ, બૉસ્ફેરસ** (કર્સૉનિસ), **કાળા** સમુદ્રનો પૂર્વ કોસ્ટો, વિગેરે• ફત્તેહ કીધા. **મેહરદાદે** ડેન્યુબ અને **યુરલ** નદીઓ વચ્ચે વસ્તા **તુરાનીઓ** (**સ્કીથ્યનો**) ને તાબે કીધા.

૧૦૫-૯૫. મહાત્મા **મેહરદાદે** પોતાની બ્હેન **લાઓડિસેને કેપેડોશિયાના પાર્સી** પાદશાહ **આર્યરથ ૬.** સાથે પરણાવી અને પોતાની બેટી **કિલયોપેત્રાને આર્મીન્યાના પાર્થ્યન** પાદશાહ **તીગ્રાન** જોડે પરણાવી. **મેહરદાદે** બિથિન્યાના રાજા **નૈકોમિડિસ** જોડે એકસંપ કરી **પેફલેગોન્યાનું** (**રોમના** સંરક્ષણ હેઠળનું) રાજ્ય ફત્તેહ કરી વ્હેંચી લીધું. મહાત્મા **મેહરદાદે** ગેલેશ્યા સર કર્યું.

૯૫. મહાત્મા **મેહરદાદે કેપેડોશિયાંનું** રાજ્ય પચાવી પાડવા ત્યાંના **પાર્સી** પાદશાહ—પોતાનાં બનેવી **આર્યરથ ૬.** નું ખૂન કરાવ્યું. **મેહરદાદે** પોતાના ભાણેજ (**આર્યરથ ૬.** ના બેટા) **આર્યરથ ૭.** ને **કેપેડોશિયાની** ગાદી બક્ષી.

૯૪. મેહરદાદે આર્યરથ ૭. ને પોતાની મુલાકાતે બોલાવી તે નિર્દોષ બાળકનો પોતાને હાથે જીવ લીધો. **મેહરદાદે** પોતાના (૮ વરસની ઉમ્મરના ન્હાના) બેટાને **આર્યરથને** નામે **કેપેડોશિયાની** ગાદીપર બેસાડયો. **કેપેડોશિયાના** રહેવાસીઓએ બળવો ઉઠાવી, **મેહરદાદના** બેટાને પદભ્રષ્ટ કરી, **આર્યરથ ૬.** ના બીજા ન્હાના બેટા **આર્યરથ ૮.** ને ગાદીએ

બેસાડયો. મહાત્મા **મેહરદાદે** બળવાખોરોને મ્હોટી શિકસ્ત આપી **આર્યરથ ૮.** ને પદભ્રષ્ટ કીધો. **આર્યરથ ૮. મેહ-રદાદની** બિહીકથી મરણ પામ્યો.

૯૩. રૂમીઓએ કેપેડોશિયાના રહેવાસીઓને મદદ કરી તેઓએ પસંદ કરેલા ઉમરા **આર્યબુર્જીન ૧.** ને કેપેડોશિયાના તખ્ત પર બેસાડયો.

૯૩. મહાત્મા **મેહરદાદના** જમાઈ **આર્મીન્યાના** પાદશાહ **તીગ્રાને** કેપેડોશિયા ઉપર ચઢાઈ કરી, **આર્યબુર્જીન ૧.** ને હરાવી પદભ્રષ્ટ કરી, કેપેડોશિયાની ગાદી પાછી **મેહરદાદના** બેટા **આર્યરથને** બક્ષી.

૯૨. રૂમીઓએ **આર્યબુર્જીનને** પાછો તખ્તનશીન કીધો.

૮૮. બિથિન્યાના હલકી બુન્યાદના રાજા **નેકોમિડિસે રૂમીઓની** ઉશ્કેરણીથી **પૉન્ટસ** ઉપર ચઢાઇ કરી ત્યાં લુટફાટ ચલાવ્યાથી, અને **રૂમીઓએ** મહાત્મા **મેહરદાદના** પિતા (**મેહરદાદ ૪.**) ને ભેટ આપેલું **ફ્રીજયાનું** રાજ્ય **મેહરદાદ** પાસેથી ખૂંચવી લેવાથી, મહાત્મા **મેહરદાદ** અને **રોમ** વચ્ચે "**૧ લું મિથ્રિડેટક યુદ્ધ**" (**મેહેરદાદ** સાથેની ૧ લી જંગ) જાગ્યું.

૮૮. મહાત્મા **મેહરદાદના** જમાઈ **તીગ્રાને** કેપેડોશિયા ઉપર ચઢાઈ કરી ત્યાંના પાદશાહ **આર્યબુર્જીન ૧.** ને હરાવી બીજી વાર પદભ્રષ્ટ કરી, **મેહરદાદના** બેટા **આર્યરથને** ત્રીજીવાર ત્યાંની ગાદી ઉપર બેસાડયો.

૮૮. રૂમીઓએ કેપેડોશિયા ફત્તેહ કરવા એ દેશ ઉપર ચઢાઇ કીધી. મહાત્મા **મેહરદાદે** એક ખુનખાર યુદ્ધમાં **રૂમી-ઓને** હરાવી **કેપેડોશિયામાંથી** તેમને મારી કાઢયા.

૮૮. મહાત્મા **મેહરદાદે** બિથિન્યા ઉપર ચઢાઇ કરી ત્યાંના રાજા **નૈકોમિડિસની** ગંજાવર ફોજોનો નાશ કર્યો. **મેહરદાદે નૈકોમિડિસની** મદદે આવેલા **રૂમી** સરદારને હરાવી, કેદ પકડી, ગધેડે બેસાડી આખા શહેરમાં ફેરવી, ઘાતકી મોતે મારી નાખ્યો.

૮૮. **"એશિયાના તારનાર"** મહાત્મા **મેહરદાદે** **એશિયા** ખાતેના સઘળાં **રૂમી** લશ્કરોનો નાશ કરી, **એશિયાના** સઘળાં **રૂમી** પ્રાંતો ફત્તેહ કીધા. ૨૨ જૂદાં જૂદાં **રોમના** તાબેદાર રાજ્યો મહાત્મા **મેહરદાદને** તાબે થયા.

૮૮. **એશિયા** ખાતેના **રૂમી** રહેવાસીઓએ મહાત્મા **મેહરદાદ** સામે પ્રપંચ રચવાથી, **મેહરદાદે** ૮૦,૦૦૦ **રૂમીઓને** કત્લ કરાવ્યા.

૮૭. મહાત્મા **મેહરદાદે** પોતાના **ગ્રીક** સરદાર **આર્કિલેયસને** ૧,૨૦,૦૦૦ માણસોના મ્હોટા લશ્કર અને મજબૂત દરિયાઈ કાફલા સાથે, **રૂમીઓને** તાબેનો **ગ્રીસ** (**યુનાન**) દેશ ફત્તેહ કરવા મોકલ્યો. **આર્કિલેયસે ગ્રીસના** પાયતખ્ત **એથન્સને** જીતી લઈ, **ગ્રીસ** દેશ તાબે કર્યો.

૮૬. **રૂમી** સરદાર **સીલાએ ગ્રીસ** ઉપર ચઢાઇ કીધી. **સીલાએ ગ્રીસના** કેટલાક પ્રાંતો પાછા સર કરી **એથન્સને** ઘેરો ઘાલ્યો. **સીલાએ એથન્સ** ફત્તેહ કરી રહેવાસીઓને કત્લ કીધા. મહાત્મા **મેહરદાદે આર્કિલેયસની** મદદે તેના ભાઈને મ્હોટા લશ્કર સાથે **ગ્રીસ** મોકલ્યો. **પાર્સીઓએ ગ્રીસના રૂમી** શહેરોમાં લૂટફાટ ચલાવી. **સીલાએ કિરોન્યાના** ખુનખાર જંગમાં **પાર્સી** ફોજોનો સંહાર કર્યો.

૮૫. મહાત્મા **મેહરદાદે** મોકલેલું બીજું મ્હોટું લશ્કર **ગ્રીસમાં સીલાના** હાથ ઉપર માર ખાઈ નાશ પામ્યું.

૮૪. રૂમીઓ **ગ્રીસ** પાછું ફત્તેહ કરી **એશિયા**માં દાખલ થયા. **રૂમીઓએ બિથિન્યા**માં મહાત્મા **મેહરદાદ**નો મ્હોટો પરાજ્ય કર્યો. **મેહરદાદે** ન્હાસી **મૈટિલીની** ખાતે આશ્રો લીધો.

૮૪. રોમ અને **પૉન્ટસ** વચ્ચે સુલેહ થઇ.

મેહરદાદને રૂ. ૩૦,૦૦,૦૦૦ નો લડાઇનો દંડ ભરવો પડયો અને પોતાના દરિયાઈ કાફલાના ૭૦ બારૂકસો તે ઉપરના સઘળાં લશ્કરી સાજ સાથે તેણે રૂમીઓને સ્વાધીન કર્યા. મેહરદાદને **પેફલેગોનિયા** પાછું રૂમીઓને આપી દઈ, **નૈકોમિડિસ**ને **બિથિન્યા**ના અને **આર્થ-બુર્જીન**ને **કેપેડોશિયા**ના પાદશાહ તરીકે કબૂલ રાખવાની ફરજ પડી.

૮૩. **મેહરદાદ**ની તાબેદાર પ્રજાઓએ તેની સામે બળવો ઉઠાવ્યો મહાત્મા **મેહરદાદ** તેઓનો બળવો બેસાડી દીધો.

૮૩. રૂમી સરદાર **મ્યુરિના**એ મહાત્મા **મેહરદાદ** સાથે છેડતી શોધવા **કેપેડોશિયા** ઉપર ચઢાઇ કરી **કોમાનું** મજબૂત શ્હેર જીતી લીધું. **મ્યુરિના**એ **પૉન્ટસ** ઉપર હુમલો કરી લૂટફાટ ચલાવી. **"બીજું મિથ્રિડેટિક યુદ્ધ"** જાગ્યું.

૮૨. મહાત્મા **મેહરદાદે હેલિસ** નદી પસાર કરી **રૂમી** મુલુકો ઉપર ચઢાઇ કીધી. **મેહરદાદે** એક મહાભારત ખુનખાર જંગમાં સરદાર **મ્યુરિના**નો મ્હોટો પરાજય કરી તેને **ફ્રીજયા**માંથી હાંકી કાઢયો.

૮૨. મહાત્મા **મેહરદાદે કેપેડોશિયા** સર કીધું.

૮૧. **રૂમીઓ**ની સુલેહ માટેની માંગણી કબૂલ રાખી મહાત્મા **મેહરદાદે** તેઓ સાથે પોતાને લાભ કરનારી સુલેહ કીધી.

૮૧. મહાત્મા **મેહરદાદે** પોતાની સામે ફેસાદ મચાવનારા સઘળાં રાજ્યોને પાછા ફત્તેહ કીધા.

૭૪. બિથિન્યાનો રાજા **નૈકોમિડિસ** મરણ પામ્યો. તેણે, પોતાને પેટે કશાં ફરજંદો નહિ હોવાથી પોતાનું રાજ્ય **રૂમી**ઓને પોતાના વસિહતનામા મારફતે સ્વાધીન કર્યું. **પર્ગામ**સના રાજા **એટેલસે** પણ પોતાનું રાજ્ય **રૂમી**ઓને આપી દીધું. મહાત્મા **મેહરદાદે** **પર્ગામસ** અને બિથિન્યાના રાજ્યો પચાવી પાડવાથી **રૂમી**ઓએ તેની સામે લડાઇ ઉઠાવી. **ત્રીજું મિથ્રિડેટિક યુદ્ધ** શરૂ થયું.

૭૪. મહાત્મા **મેહરદાદ** સામે લડવા **રૂમી** સરદારો **કોટા** અને **લુકુલસ** એશિયા આવ્યા.

૭૪. **રૂમી** સરદાર **કોટા**એ મહાત્મા **મેહરદાદ** ઉપર હુમલો કીધો. મહાત્મા **મેહરદાદે** એક નાશકારક જંગમાં **કોટા**નો જબરો પરાજય કરી તેના ૮૦૦૦ ઘોડેસ્વારોનો નાશ કર્યો. **કોટા**એ ન્હાસી **ચેલ્સીડન** શહેરમાં આશ્રો લીધો. બીજા ખુનખાર દરિયાઇ યુદ્ધમાં મહાત્મા **મેહરદાદે** **રૂમી** કાફલાને શિકસ્ત આપી, ૬૦ **રૂમી** બારકસો ફના કીધા. **મેહરદાદે** **ચેલ્સીડન**ને ઘેરો ઘાલ્યો.

૭૩. મહાત્મા **મેહરદાદે** ચેલ્સીડન તાબે કરી, **રૂમી**ઓના મદદગાર શ્હેર **સીજીકમ**ને ઘેરો નાખ્યો.

૭૧. મહાત્મા **મેહરદાદે** ખોરાકીની ખૂટને લીધે નાચાર થઈ **સીજીકમ**નો ઘેરો ઉઠાવી લઇ, **બિથિન્યા**માં જઇ છાવણી નાખી.

૭૧. **રૂમી** સરદાર **લુકુલસે** **મેહરદાદ**ના હેલેસ્પોંટ ખાતેના દરિયાઇ કાફલાને હેરાન કરવાથી તે કાફલાએ **ઇટલી** ઉપર ચઢાઈ કરી કાંઠા પરના **રૂમી** શ્હેરોમાં લૂટાફાટ ચલાવી તેમને વેરાન કર્યા.

૭૦. કબીરાની પ્હેલી ખૂનખાર લડાઈમાં મહાત્મા **મેહરદાદે** **રૂમીઓને** હરાવ્યા. બીજા મ્હોટા જંગમા **રૂમીઓ** હાર્યા. ત્રીજી નાશકારક લડાઈમાં **રૂમી** સરદાર **લુકુલસે** **મેહરદાદનો** મ્હોટો પરાજય કર્યો. **રૂમીઓએ** કબીરાનું મજબૂત **પાર્સી** શૈહેર ફત્તેહ કીધું. મહાત્મા **મેહરદાદે** **પૉન્ટસ** છોડી પોતાના જમાઈ, **આર્મીન્યાના** પાદશાહ **તીગ્રાનની** દરબારમાં આશ્રો લીધો.

૬૯. **તીગ્રાને** **મેહરદાદને** **રૂમીઓને** સ્વાધીન કરવા ના પાડવાથી **રૂમીઓએ** તેની સામે લડાઈ ઉઠાવી.

૬૯. **લુકુલસે** **પૉન્ટસની** રાજધાની **સિનોપે** ફત્તેહ કરી, **પૉન્ટસનું** રાજ્ય તાબે કરી, **આર્મીન્યા** ઉપર ચઢાઈ કીધી. **તીગ્રાનકર્દની** મ્હોટી લડાઇમાં **લુકુલસે** **તીગ્રાનની** ફોજનો સંહાર કરી, **તીગ્રાનકર્દ** (પાયતખ્ત)ને ઘેરો ઘાલ્યો. **લુકુલસે** એક બીજી ખૂનખાર લડાઇમાં **તીગ્રાનનો** જબરો પરાજય કર્યો. પાયતખ્ત **તીગ્રાનકર્દે** **તીગ્રાન** સામે બળવો ઉઠાવી, **રૂમીઓની** તાબેદારી કબૂલ રાખવાથી, **રૂમીઓએ** **આર્મીન્યા** તાબે કીધું.

૫૮. **પૉન્ટસના** પદભ્રષ્ટ શાહાનશાહ મહાત્મા **મેહ-રદાદ** અને **આર્મીન્યાના** પદભ્રષ્ટ શાહાનશાહ **તીગ્રાને**, નવું સૈન્ય ઊભું કીધું. **અર્સામીની** નદી આગળ થયલા નાશકારક યુદ્ધમાં સરદાર **લુકુલસે** **મેહરદાદ** અને **તીગ્રાનને** મ્હોટી શિકસ્ત આપી.

૬૭. મહાત્મા **મેહરદાદ** પાછો **પૉન્ટસમાં** દાખલ થયો. પોતાની આગળી તાબેદાર પ્રજાઓની મદદથી મહાત્મા **મેહર-દાદે** એક મ્હોટું લશ્કર ઊભું કીધું. મહાત્મા **મેહરદાદે** રૂમી

સરદાર **ફ્રેબ્યસ**ને જબરો માર મારી કુબીરાના કિલ્લામાં તેને ભરાઈ બેસવાની ફરજ પાડી. મહાત્મા **મેહરદાદે** કુબીરાને ઘેરો ઘાલી તાબે કીધું. **મેહરદાદે** બીજા બે **રૂમી** સરદારોને એક ખનખાર જબરી લડાઈમાં હરાવી, તેમના ૭૦૦૦ સિપાહીને કત્લ કીધા. મહાત્મા **મેહરદાદે રૂમી**ઓએ ફત્તેહ કીધેલી પોતાની શાહાનશાહત પાછી ફત્તેહ કરી, **આર્મીન્યા** પાછું સ્વતંત્ર કીધું.

૬૧. મહાત્મા **મેહરદાદે** કેપેડોશિયા જીતી લીધું.

૬૬. પ્રખ્યાત, ફતેહમંદ **રૂમી** સરદાર **પૉમ્પી મેહરદાદ** સામે લડવા **એશિયા** આવ્યો. **પૉમ્પી**ની સુલેહ માટેની માંગણી **મેહરદાદે** નાકબૂલ રાખી. **યુફ્રેટિસ** નદીને કાંઠે **રૂમી**ઓએ રાતને વખતે **મેહરદાદ**ની છાવણી ઉપર એકાએક હુમલો કરી શબે ખૂન ચલાવ્યાથી **મેહરદાદ**ની ફોજનો નાશ થયો. મહાત્મા **મેહરદાદે** પોતાના **બૉસ્ફોરસ**ના રાજ્યમાં જઈ આશ્રો લીધો. **પૉમ્પી**એ મહાત્મા **મેહરદાદ**ને તાબેના તેના સઘળાં **એશિયાટિક** રાજ્યો જીતી લીધા.

૬૪. મહાત્મા **મેહરદાદે ઈટલી** ઉપર ચઢાઈ કરવા **યુરોપ** ખંડના ભટકતા **સ્કીથ્યન તુરાની**ઓનું મોટું લશ્કર ભેગું કીધું. **ગૉલ** (**ફ્રેંચ** લોકોના વડવાઓ) લોકોના પાદશાહે **મેહરદાદ**ને મ્હોટી મદદ આપવા કબૂલ કીધું. **મેહરદાદ**ના બેવફા બેટા **ફાર્નાક**ની ઉશ્કેરણીથી **મેહરદાદ**ના લશ્કરે બળવો ઉઠાવી તેને પદભ્રષ્ટ કીધો. બહાદુર, રાક્ષસી કદ અને બળના પેહેલવાન, (૨૦ વરસની ઉમ્મરે ૨૫ ભાષાઓ સ્પષ્ટ બોલી જાણનાર), લડવૈયા મહાત્મા **મેહરદાદે** ૭૨ વરસની વયે પોતાનો જાન પોતાનેજ હાથે મ્હોટી બહાદુરી બતાવી ખોયો. બેવફા **ફાર્નાક** ૨. ગાદીએ બેઠો. (પૉન્ટસનું રાજ્ય રૂમીઓએ જીતી

લીધેલું હોવાથી હવે પાર્સીઓના હાથમાં ફક્ત બૉસ્ફોરસનુંજ રાજ્ય રહ્યું હતું.)

૪૭. જુલિયસ સીઝરે ફાર્નાકને મોટી લડાઈમાં હરાવી તેના રાજ્યનો અંત આણ્યો. પૉન્ટસની પાર્સી શાહાનશાહતની સમાપ્તિ આવી.

પૉન્ટસના રાજ્યની વંશાવળી.

(૧) આર્યબુર્જીન ૧.
|
(૨) મેહરદાદ ૧.
|
(૩) મેહરદાદ ૨.
|
(૪) આર્યબુર્જીન ૨.
|
(૫) મેહરદાદ ૩.
|
(૬) ફાર્નાક ૧.
|
(૭) મેહરદાદ ૪.
|
(૮) મહાત્મા મેહરદાદ
|

(૯) ફાર્નાક ૨. આર્યરથ મહાચેહર ક્લિયોપેત્રા (બેટી) અને બીજાઓ

કેપેડોશિયાની પાર્સી પાદશાહત.

ઈ૦ સ૦ પૂ૦ ૩૩૧—૩૬.

૩૩૧. કેપેડોશિયાના **પાર્સી** શત્રપ **આર્યરથ ૧.** એ ઈરાનથી સ્વતંત્ર થઇ કેપેડોશિયાની સ્વતંત્ર **પાર્સી** પાદશાહતનો પાયો નાખ્યો.

૩૨૧. **આર્યરથ ૧.** મેસિડોન્યન સરદાર **પર્ડીકાસ** સાથે લડતા માર્યો ગયો. મેસિડોન્યન સરદાર **યુમોનિસે** કેપેડોશિયામાં અમલ ચલાવવા માંડયો.

૩૧૫. **આર્યરથ ૧.** ના ભાઈ **હોલોફર્નિસ**ના બેટા **આર્યરથ ૨.** એ **આર્મીન્યા**ના **પાર્સી** પાદશાહની મદદથી કેપેડોશિયા ઉપર ચઢાઇ કરી, ત્યાંના **ગ્રીક** હાકમ **એમિન્ટાસ**ને હરાવી, કેપેડોશિયા જીતી લઇ, ત્યાં પાછું **પાર્સી** રાજ્ય સ્થાપ્યું.

૨૮૦. **આર્યરથ ૨.** મરણ પામ્યો. તેનો બેટો **આર્યમન ૨.** ગાદીએ બેઠો.

આર્યમને પોતાના પ્યારા બેટા **આર્યરથ ૩.** ને પોતાની સાથે રાજકાજમાં સામેલ કીધો હતો.

૨૨૦. **આર્યરથ ૩.** મરણ પામ્યો. તેનો બેટો **આર્યરથ ૪.** તખ્તનશીન થયો.

૧૯૦. બહાદુર **આર્યરથ** પોતાના સસરા—**સિરિયાના** શાહાનશાહ મહાત્મા **એન્ટીઓકસ** તરફથી **રૂમીઓ** સામે લડાઇમાં ઉતર્યો.

૧૮૮. લડાઇમાં **એન્ટીઓકસ**ની મ્હોટી હાર થવાથી, **આર્યરથે** રૂ. ૨,૫૦,૦૦૦ નો દંડ ભરી **રૂમીઓ** પાસેથી સુલેહ ખરીદ કીધી.

૧૮૮-૧૬૨. **આર્યરથે** પોતાના જમાઈ—**પર્ગામસ**ના રાજા **યુમીનિસ**ને **પૉન્ટસ**ના **પાર્સી** પાદશાહ **ફાર્નોક ૧.** સામે મદદ આપી. **આર્યરથે** **ગેલીશિયા**ના લોકોને મ્હોટી શિકસ્ત આપી.

૧૬૨. બહાદુર પાદશાહ **આર્યરથ** મરણ પામ્યો. તેનો અતિ ખ્યારો નિમકહલાલ બેટો **મેહરદાદ આર્યરથ ૫.** નામ ધારણ કરી ગાદીએ બેઠો.

૧૬૨-૧૫૫. **આર્યરથ ૫.** ના દૂરના સગા **હોલોફર્નિસે** **કેપેડોશિયા**ની ગાદી માટે દાવો ઉઠાવ્યો. **સિરિયા**ના શાહાનશાહ **ડિમિત્રિયસ**ની મદદથી **હોલોફર્નિસે** **કેપેડોશિયા**ની ગાદી પચાવી પાડી.

૧૫૫. **પર્ગામસ**ના રાજા **એટેલસ**ની મદદથી **આર્યરથ ૫.** પાછો **કેપેડોશિયા**ની ગાદીપર બેઠો.

૧૫૫-૧૩૧. **આર્યરથ ૫.** એ **ડિમિત્રિયસ**ના શત્રુને તેની સામે મદદ આપી. **આર્યરથે** **પર્ગામસ**ના રાજા **એટેલસ**ને તેના દુશ્મન **બિથિન્યા**ના રાજા સામે મદદ આપી.

૧૩૧. સાચો, એકવચની, નેક પાદશાહ **આર્યરથ ૫.** **રૂમી** સરદાર **ક્રેસસ**ના ઝુંડા હેઠળ **પર્ગામસ**ના રાજ્ય સામે લડતા માર્યો ગયો. તેની રાણી **લાઓડિસે**ના રક્ષણ હેઠળ તેનો બેટો બેટા ગાદીએ બેઠો.

૧૩૦. ખૂની રાણી **લાઓડિસે**એ રાજલોભને લીધે પોતાંના ન્હાના પાંચ બેટાઓને જેહેર દઇ મારી નાખ્યા. રહેવાસીઓએ રાણીના ઉપલા ઘાતકી કામથી ઉશ્કેરાઈ, બળવો ઉઠાવી, તેણીનો જીવ લઇ, તેણીના છઠ્ઠા બેટા **આર્યરથ ૬.** ને ગાદીએ બેસાડ્યો.

૯૫. **આર્યરથ ૬.** મરણ પામ્યો. તેનો ન્હાની વયનો બેટો **આર્યરથ ૭.** ગાદીએ બેઠો.

૯૪. પૉન્ટસના શાહાનશાહ મહાત્મા **મેહરદાદે** પોતાના ભાણેજને (**આર્યરથ ૬.** મહાત્મા **મેહરદાદની** બ્હેન **લાઓ-ડિસે** સાથે પરણ્યો હતો) પોતાની મુલાકાતે બોલાવી તે (**આર્યરથ ૭.**) નો જીવ લીધો. **મેહરદાદે** પોતાના ન્હાના (૮ વરસના) બેટાને **આર્યરથ** નામ આપી કેપેડોશિયાની ગાદીપર બેસાડયો. કેપેડોશિયાના રહેવાસીઓએ **મેહરદાદ** સામે બળવો ઉઠાવી તેના બેટાને પદભ્રષ્ટ કરી **આર્યરથ ૬.** ના બીજા બેટા **આર્યરથ ૮.** ને ગાદીએ બેસાડયો. મહાત્મા **મેહરદાદે** બળવો બેસાડી દીધો. **આર્યરથ ૮. મેહરદાદની** બિહીકથી હેબત ખાઈ મરણ પામ્યો.

૯૩. રૂમીઓએ વચ્ચે પડી, કેપેડોશિયાની ગાદી ત્યાંની પ્રજાએ એકમતે પસંદ કીધેલા અમીર **આર્યબુર્જીનને** આપી.

૯૩. **આ**ર્મીન્યાના શાહાનશાહ **તીગ્રાને** કેપેડોશિયા ઉપર ચઢાઈ કરી, **આર્યબુર્જીનને** હરાવી પદભ્રષ્ટ કીધો અને ત્યાંની ગાદીપર મહાત્મા **મેહરદાદના** બેટાને પાછો બેસાડયો.

૯૨. રૂમીઓની મદદથી **આર્યબુર્જીન** બીજી વાર તખ્તનશીન થયો.

૮૮. પૉન્ટસના શાહાનશાહ મહાત્મા **મેહરદાદે** કેપે-ડોશિયા ઉપર ચઢાઈ કરી તેને જીતી લઇ, **આર્યબુર્જીનને** પદભ્રષ્ટ કીધો.

૮૮-૮૪. કેપેડોશિયામાં મહાત્મા **મેહરદાદનો** અમલ ચાલ્યો.

૮૪. રૂમીઓએ **આર્યબુર્જીનને** ત્રીજી વાર ગાદીએ બેસાડયો.

૬૬. મહાત્મા **મેહરદાદે** કેપેડોશિયા પાછું ફત્તેહ કી'

૬૫. **રૂમી** સરદાર **પૉમ્પી**એ ચોઠી મરતબે **આર્યબુ-જીંન**ને ગાદી અપાવી.

૬૩. **આર્યબુર્જીન ૧.** એ પોતાની ગાદી પોતાના વડા બેટા **આર્યબુર્જીન ૨.** ને આપી દીધી.

૫૩. **આર્યબુર્જીન ૨.** મરણ પામ્યો. તેનો બેટો **આર્યબુર્જીન ૩.** ગાદીએ બેઠો.

૪૮. **આર્યબુર્જીને** પોતાના મિત્ર મહાત્મા **પૉમ્પીને** તેના શત્રુ **જુલિયસ સીઝર** સામે મદદ આપી. **ફાર્સેલ્યા**ના ખૂનખાર યુદ્ધમાં **પૉમ્પી**નો સંહાર થયો. **સીઝરે** મોટો દંડ લઇ **આર્યબુર્જીન**ને તેની સરકશી માટે માફી બક્ષી.

૪૭. **પૉન્ટસ**ના પાદશાહ **ફાર્નાક ૨.** એ કેપેડો-શિયા ઉપર ચઢાઈ કરી નાશ ફેલાવ્યો. **સીઝરે આર્યબુ-ર્જીન**નો પક્ષ ખેંચી **ફાર્નાક**નો નાશ કર્યો.

૪૨. **રૂમી** સરદાર **કેશ્યસે** કેપેડોશિયા ઉપર ચઢાઈ લાવી **આર્યબુર્જીન ૩.** ને મારી નાખ્યો. તેનો ભાઇ **આર્યરથ ૯.** ગાદીએ બેઠો.

૩૬. **રૂમી** સરદાર **માર્ક એન્ટની**એ **આર્યરથ**નું ખૂન કરાવી કેપેડોશિયાનું **પાર્સી** રાજ્ય **રૂમી** શાહાનશાહત સાથે જોડી નાખ્યું.

કેપેડોશિયાની પાર્સી પાદશાહતની વંશાવળી.

હુતન
|
દાતામ
|
આર્યમન ૧.

- (૧) આર્યરથ ૧.
- હોલાફર્નિસ
  - (૨) આર્યરથ ૨.
    - (૩) આર્યમન ૨.
      - (૪) આર્યરથ ૩.
        - (૫) આર્યરથ ૪.
          - (૬) આર્યરથ ૫.
            - (૭) આર્યરથ ૬.
              - (૮) આર્યરથ ૭.
              - (૯) આર્યરથ ૮
                - (૧૦) આર્યબુર્જીન ૧. (અમીર.)
                  - (૧૧) આર્યબુર્જીન ૨.
                    - (૧૨) આર્યબુર્જીન ૩.
                    - (૧૩) આર્યરથ ૯

આર્મીન્યાના મઝ્દયસ્નાન પાદશાહો.

૩૩૧. આર્મીન્યાનો **પાર્સી** શત્રપ **અર્વંદ** સ્વતંત્ર થયો.

૩૨૩. મેસિડોનિયનોએ **આર્મીન્યા** **અર્વંદ** પાસેથી જીતી લીધું.

૩૧૭. પાર્સી સરદાર **ક્રાતાફર્નિસે (અર્દવાદે)** મેસિડોનિયનો પાસેથી **આર્મીન્યા** પચાવી પાડી પોતાનું અર્ધ-સ્વતંત્ર **પાર્સી** રાજ્ય સ્થાપ્યું.

૩૧૭-૨૧૫.* **ક્રાતાફર્નિસ**ના વંશજોએ **આર્મીન્યામાં** રાજ્ય ચલાવ્યું.

૨૧૫.* **સિરિયાના** શાહાનશાહ મહાત્મા **એન્ટીઓકસે** **આર્મીન્યા** ઉપર ચઢાઇ કરી **ક્રાતાફર્નિસ**ના વંશનો અંત આણ્યો. **એન્ટીઓકસે** **આર્મીન્યાના** બે ભાગલા પાડી પોતાના **અર્મા**ની સરદારો **અર્દશીર** અને **જ઼રીઆદ્રવ** વચ્ચે વ્હેંચી આપ્યા.

૨૧૫*-૧૫૬. **અર્દશીર** અને **જ઼રીઆદ્રવ**ના વંશજોની ન્હાના અને મ્હોટા **આર્મીન્યામાં** હાકમી ચાલી.

૧૫૬. **પાર્થ્યાના** શાહાનશાહ મહાત્મા **મેહરદાદે** મ્હોટા **આર્મીન્યા** ઉપર ચઢાઈ કરી ત્યાંની હાકમી **વહારશગ** નામે **પાર્થ્યન** શાહજાદાને બક્ષી.

૧૫૬-૧૩૪. **વહારશગે** ઉત્તરે **કોહેકાફ**થી દક્ષિણે **નસીબન (નીસીબીસ)** સૂધી અને પૂર્વે **કેસ્પીયન** સમુદ્રથી પશ્ચિમે **ભૂમધ્ય** સમુદ્ર સૂધીના મુલુકો ફત્તેહ કીધા.

૧૩૪. **વહારશગ** મરણ પામ્યો. તેનો બેટો **અરશગ (અશ્ક)** ગાદીપર બેઠો.

*ઉપલી તારીખ ચોક્કસ નથી.

૧૨૧. **અરસગ** મરણ પામ્યો. તેનો બેટો **અર્દાશીશ** તખ્તનશીન થયો.

૧૦૦. **પાર્થ્યાના** શાહાનશાહ મહાત્મા **મેહરદાદે** (૨. એ) મ્હોટા **આર્મીન્યા** ઉપર ચઢાઇ લાવી, **અર્દાશીશને** તાબે કરી, તેના બેટા **તીગ્રાનને** સાનમાં લઈ, **અર્દાશીશ** પાસેથી ખંડણી લેતી કીધી.

૯૬. **અર્દાશીશ** મરણ પામ્યો. મહાત્મા **મેહરદાદે** તેના બેટા **તીગ્રાનને**, **આર્મીન્યાના** કેટલાક પ્રાંતો તેની પાસેથી લેવાની કબૂલાતે **આર્મીન્યાની** ગાદી બક્ષી.

૯૬-૯૦. **તીગ્રાન ૧.** લાએ ન્હાના **આર્મીન્યાના** હાકમ **જરીઆદ્રવના** વંશના પાદશાહ **આર્દાનને** હરાવી ન્હાનું **આર્મીન્યા** ખાલસા કીધું. **તીગ્રાને પૉન્ટસના પાર્સી** શાહાનશાહ મહાત્મા **મેહરદાદની** બેટી **ક્લિયોપેત્રા** સાથે શેહાદી કીધી.

૯૩. **તીગ્રાને કેપેડોશિયાનો** કબજો મહાત્મા **મેહરદાદ** (**પૉન્ટસવાલા**) માટે લીધો.

૯૨. **રૂમી** સરદાર **સિલાએ તીગ્રાનને કેપેડોશિયા**માંથી હાંકી કાઢયો.

૯૨-૮૯. **તીગ્રાને પાર્થ્યાને** અપાતી ખંડણી બંધ કીધી. તેણે ગાદીએ બેસતી વેળા **પાર્થ્યાને** આપેલા **આર્મીન્યાના** કેટલાક પ્રાંતો પાછા જીતી લીધા. **તીગ્રાને આર્બેલ** અને **નિનિવેહના અરકાની** કશબાઓ વેરાન કીધા.

૮૯-૮૩. **તીગ્રાને પાર્થ્યા** ઉપર ચઢાઈ કરી યાબેની અને **ગોર્દિયેનીના** પ્રાંતો જીતી લઇ, **આ**... **અરકાની** શત્રપને તાબે કરી તેની પાસે ખંડણી

૮૩. **તીગ્રાને સિરિયાની** શાહાનશા... **સિરિયા**, **સિલીશિયા** અને **ફિનિશિયા** ક...

૬૯. પૉન્ટસનો મ્હોટો શાહાનશાહ **મેહરદાદ રૂમી**-ઓથી હાર પામી **તીગ્રાન**ને આશ્રે આવ્યો. **તીગ્રાને** **મેહરદાદ**ને **રૂમી**ઓને સ્વાધીન કરવા ના પાડવાથી **રૂમી**ઓએ **તીગ્રાન** સામે લડાઇ ઉઠાવી. **રૂમી**ઓ સાથની પ્હેલી લડાઇમાં **તીગ્રાન**ની ફોજનો **રૂમી** સરદાર **લુકુલસે** પરાજય કર્યો. બીજી લડાઈમાં મ્હોટી શિકસ્ત ખાઇ, **તીગ્રાને** પોતાની શાહાનશાહત ખોહી દીધી.

૬૮. '**અર્સા**મીની' નદી આગળ થયલી ત્રીજી લડાઇમાં **તીગ્રાન**ની નાશકારક હાર થઇ.

૬૭. પૉન્ટસના શાહાનશાહ મહાત્મા **મેહરદાદ**ની મદદથી **તીગ્રાન** પોતાની બ્હોળી શાહાનશાહતનો પાછો માલેક થયો.

૬૭. **તીગ્રાન** સામે તેના બેટા '**ન્હાના તીગ્રાને**' લડાઇ ઉઠાવી. લડાઇમાં હાર થવાથી **ન્હાના તીગ્રાને** ન્હાસી જઇ **પાર્થ્યા**ના શાહાનશાહ **ફરહાદ ૩.** ની દરબારમાં આશ્રો લીધો.

૬૬. **ફરહાદે** (પોતાના જમાઈ) **તીગ્રન**ને મદદ કરી તેને **આર્મીન્યા**ની ગાદીપર બેસાડવા **આર્મીન્યા** ઉપર ચઢાઈ કીધી. **ફરહાદે આર્મીન્યા** ઉજ્જડ વાળી, તેની રાજધાની **આર્તા**-ક્ષાતાને ઘેરો ઘાલી, લડાઈ આગળ ચલાવવાનું કામ **ન્હાના** **તીગ્રાન**ને સોંપી પોતે **પાર્થ્યા** પાછો ફર્યો. શાહાનશાહ **તીગ્રાને** **ન્હાના તીગ્રાન**ને હરાવી તેને **આર્મીન્યા**માંથી હાંકી કાઢ્યો.

૬૬. **તીગ્રાન રૂમી**ઓને તાબે થયો.

૬૫. **રૂમી**ઓએ મ્હોટા **આર્મીન્યા** સિવાયના **અર્માની** શાહાનશાહતના સઘળાં પ્રાંતો પોતાની શાહાનશાહત સાથે જોડી દીધા.

૬૫-૬૨. અશ્કાની શાહાનશાહ **ફરહાદ ૩.** એ **તીગ્રાને પાર્થ્યા** પાસેથી જીતી લીધેલો **આડિયાબેની**નો પ્રાંત

પાછો ફત્તેહ કરી લઇ, **ગોર્ડિયેનીનો** પ્રાંત પાછો મેળવવા **આર્મીન્યા** સામે લડાઈ ઉઠાવી. **ફરહાદે આર્મીન્યા** ઉપર અનેકવાર ચઢાઈ કરી તેને વેરાન કીધું.

૬૨. **આર્મીન્યા** અને **પાર્થ્યા** વચ્ચે સુલેહ થઇ.

૬૦. **પાર્થ્યા**ના બહાદુર શાહાનશાહ **મેહરદાદ ૩.** એ **તીગ્રાન** પાસેથી તેને જીતેલો **ગોર્ડિયેનીનો** અશ્કાની પ્રાંત પાછો જીતવા **આર્મીન્યા** ઉપર ચઢાઇ કીધી. **મેહરદાદે તીગ્રાન**ને હરાવી **ગોર્ડિયેનીનો** પ્રાંત પાછો જીતી લીધો.

૫૫. નામચીન **'શાહાનશાહ' તીગ્રાન** મરણ પામ્યો. તેનો બેટો **'પાદશાહ' આર્તાવસ્દીસ (અર્દવશ) ૧.** ગાદીએ બેઠો.

૫૩. **અર્દવશે રૂમી** કૉન્સલ **ક્રેસસ**ને **પાર્થ્યા** સામે મદદ આપી.

૫૩. અશ્કાની શાહાનશાહ **ઓરોડિસે રૂમી**ઓને મદદ આપવા માટે **અર્દવશ**ને સજા કરવા **આર્મીન્યા** ઉપર ચઢાઇ કીધી. **ઓરોડિસે અર્દવશ**ને હરાવી તાબે કીધો. **અર્દવશે** પોતાની બેટી સાથે **ઓરોડિસ**ના બેટા **પેકોરસ**ને પરણાવ્યો.

૩૭. **અર્દવશે રૂમી** સરદાર **માર્ક એન્ટની**ને **પાર્થ્યા** સામે મદદ આપી.

૩૬. **રૂમી**ઓની નાશકારક શિકસ્તથી **પાર્થ્યનો**નો ડર ખાઈ **અર્દવશે રૂમી**ઓનો પક્ષ છોડી દઇ પોતાના મદદગાર લશ્કરને પાછું બોલાવી લીધું.

૩૫. **માર્ક એન્ટનીએ આર્મીન્યા** ઉપર ચ[illegible] છૂપી તૈયારીઓ કરવા માંડી.

૩૪. **માર્ક એન્ટનીએ આર્મીન્યા**[illegible]
અર્દવશને દગાથી કેદ કરી **આર્મીન્**[illegible]

અર્માનીઓએ **અર્દવશના** બેટા **આર્તાક્ષ્યાસ (અર્દશીર) ૨.** ને **આર્મીન્યાની** ગાદીએ બેસાડયો. **એન્ટનીએ આર્તાક્ષ્યાસને** હરાવી પદભ્રષ્ટ કરી **આર્મીન્યા** જીતી લઈ પોતે પાછો **મિસર** તરફ ફર્યો. **આર્તાક્ષ્યાસે** અરકાની શાહાનશાહ **ફરહાદ ૪.** ની દરબારમાં આશ્રો લીધો.

૩૩. અરકાની શાહાનશાહ **ફરહાદે આર્મીન્યા** ઉપર ચઢાઇ કરી, **રૂમી**ઓને હરાવી દેશમાંથી હાંકી કાઢી, **આર્મીન્યાને** પાછું સ્વતંત્ર કરી, ત્યાંની ગાદી પદભ્રષ્ટ પાદશાહ **આર્તાક્ષ્યાસને** બક્ષી.

૧૯. આર્તાક્ષ્યાસનું તેના સગાઓએ ખૂન કીધું. **રૂ**મીઓએ તેના ન્હાના ભાઈ **તીગ્રાન ૨.** ને ગાદીએ બેસાડયો.

૬. તીગ્રાન ૨. મરણ પામ્યો. **અર્**માનીઓએ તેના બેટા **તીગ્રાન ૩.** ને **રૂ**મીઓની સંમતિ લીધા વિના ગાદીએ બેસાડયો.

૫. રૂમીઓએ **તીગ્રાન ૩.** ને પદભ્રષ્ટ કરી, **અર્દવશ ૨.** ને ગાદીએ બેસાડયો.

૨. અર્માનીઓએ બળવો ઉઠાવી, **રૂ**મીઓને દેશમાંથી હાંકી કાઢી, **તીગ્રાન ૩.** ને પાછો તખ્તનશીન કીધો.

૨. રૂમીઓએ **આર્મીન્યાના અર**કાની પાદશાહ **વહારશગના** વંશનો અંત આણી, ત્યાંની ગાદી **આર્યબુર્જીન** નામે **અર**કાની અમીરને બક્ષી.

(**આર્મીન્યાની** હવે પછીની તવારીખ માટે જુઓ **અરકાની** અને **સાસાની** શાહાનશાહતોનો સંક્ષેપ્ત હેવાલ.)

ભાગ ૩.

અરકાની શાહાનશાહતનો સંક્ષેપ્ત ઈતિહાસ.

અરક ૧.

અર્સ; આર્સેસિસ. ઇ૦ સ૦ પૂ૦ ૨૫૬–૨૪૭.—૯ વરસ.

પાર્થ્યન (અરકાની) શાહાનશાહતનો પ્હેલો પાદશાહ.

૨૫૬. પાર્થ્યાના સરદાર **અરકે** (**આર્સેસિસે**) **સિરિયાના** શાહાનશાહ **એન્ટીઓકસના** પાર્થ્યા પ્રાંતના મેસિડોનિયન શત્રપ **ફ્રેરિકલિસને** હરાવી કત્લ કરી **પાર્થ્યાને** **સિરિયાની** શાહાનશાહતથી સ્વતંત્ર કીધું.

સરદાર **અરક** કોણ હતો તે તવારીખનવેશો બરાબર જણાવતા નથી. પાર્થ્યા સ્વતંત્ર થયું તેની આગમજ બૅકત્રિયાનો ગ્રીક શત્રપ **ડાયોડોટસ** બૅકત્રિયા ખાતે સ્વતંત્ર થઈ નિકળ્યો હતો અને **અરક** બૅકત્રિયાનો અમીર હતો. **અરકને ડાયોડોટસના** અમલ તળે રહેવાનું પસંદ પડયું નહિ માટે તે બૅકત્રિયા છોડી પાર્થ્યા જઈ વસ્યો. **અરકે** પાર્થ્યનોને ઉશ્કેરી તેમની સરદારી લઈ સિરિયા સામે બળવો ઉઠાવ્યો અને આખરે પાર્થ્યાને સ્વતંત્ર કીધું. બીજો હેવાલ એવી મતલબનો છે કે **અરક** નામના એક સ્કીથ્યન (તુરાની) સરદારે **ડાયોડોટસની** ફત્તેહથી હિંમત પકડી પાર્નિયન દાહી લોકોની એક બહાદુર ફોજની મદદથી પાર્થ્યા પર ચઢાઈ કરી પાર્થ્યા સર કરી પોતે ત્યાંનો પાદશાહ થયો. **અરકના** બળવા વખ્તે **સિરિયાનો** શાહાનશાહ **એન્ટીઓકસ** મિસરના રાજા **ટૉલેમી ફિલાડેલ્ફસ** જોડે મ્હોટા યુદ્ધમાં રોકાયલો હોવાથી **અરકે** પાર્થ્યાના શત્રપ **ફ્રેરિકલિસને** સેહેલથી હરાવ્યો. **અરકને** તાબે કરવાની સિરિયાએ કશી કોશિશો કીધી નહિ. **અરકે** પોતાનો આખો અમલ પાર્થ્યાના ગ્રીક પરદેશીઓના ફેસાદો નરમ પાડવામાં ગુજાર્યો.

૨૪૭. બહાદુર, દેશહિતકારી પાદશાહ **અરક** પોતાના શત્રુઓ સાથની એક ઝપાઝપી દરમિયાન એક દુશ્મને ફેંકેલી છુટભાલડીના નાશકારક જખમથી માર્યો ગયો.

અરશક ૨.

તીરીદાતિસ; તીરદાદ.

ઈ૦ સ૦ પૂ૦ ૨૪૭–૨૧૪.—૩૩ વરસ.

અરશક ૧. નો ભાઈ.

૨૪૭. મિસરનો રાજા **ટૉલેમી ફિલાડેલ્ફસ** મરણ પામ્યો. તેનો બહાદુર બેટો **ટૉલેમી યુએર્ગેટિસ** ગાદીએ બેઠો.

૨૪૫. મિસરના રાજા **ટૉલેમી યુએર્ગેટિસે સિરિ**યાની શાહાનશાહત ઉપર ચઢાઇ કીધી. **ટૉલેમીએ સિરિ**યાના શાહાનશાહ **સિલ્યુકસ**નો મ્હોટો પરાજય કરી, તેની રાજધાની **એન્ટીઓક** જીતી લીધું.

૨૪૫. **ટૉલેમીએ** પાર્થ્યાપર ચઢાઇ કીધી. **મિસરમાં ટૉલેમીની** સત્તા સામે બળવો ઉઠયાથી **ટૉલેમી પાર્થ્યા** છોડી **મિસર** તરફ દોડયો.

અગરજો **મિસરમાં** આ વખતે બળવો નહિ ઉઠતે તો **ટૉલેમી** પાર્થ્યાને સેહેલાઇથી તાબે કરી શકતે અને ભવિષ્યની બળવંત અશકાની શાહાનશાહત ૨૪૫ માંજ નાશ પામતે.

૨૪૪. પાદશાહ **તીરદાદે સિરિ**યાની શાહાનશાહતના **હીર્કેન્યા**ના પ્રાંત ઉપર ચઢાઈ કરી **હીર્કેન્યા** જીતી ખાલસા કીધું.

૨૩૭. સિરિયાના શાહાનશાહ **સિલ્યુકસ કેલિનેકસે** પાર્થ્યાને સજા કરવા **પાર્થ્યા** ઉપર ચઢાઇ કીધી. **સિલ્યુકસે** બૅકત્રિયાના ગ્રીક રાજા **ડાયોડોટસ** જોડે અરસપરસ મદદ આપવાના કોલકરાર કરી **પાર્થ્યા** ઉપર ચઢાઇ કરવા તેને ઉશ્કેર્યો. **ડાયોડોટસ** મરણ પામવાથી તેના બેટાને **તીરદાદે** પોતાની પક્ષમાં લઈ **અસ્પેસિયાકી** નામે **સ્કીથ** ટોળાની મદદ મેળવી **સિલ્યુકસ** ઉપર તેણે મહાભારત ફત્તેહ મેળવી.

કેટલાક ઇતિહાસકર્તાઓ મૂજબ **તીરદાદે સિલ્યુકસને** કેદ પકડયો હતો. **સિલ્યુકસ** પાછળથી કેદખાનેથી છૂટી સિરિયા ગયો હતો.

૨૨૨. સિલ્યુકસ કેપેડોશિયાના ઇરાની મજ્દયસ્નાન પાદશાહના હાથપર માર્યો ગયો.

તીરદાદે સિલ્યુકસની હાર બાદ નિર્ભયપણે પોતાનું રાજ્ય લાંબી મૂદત્ત સુધી ચલાવ્યું. તેણે પોતાના રાજ્યના બચાવ અર્થે ઠામેઠામ મજબૂત કિલ્લાઓ બંધાવ્યાં અને એક મ્હોટું કવાયદબાદ્ધ સૈન્ય ઉભું કીધું. **તીરદાદે** પોતાની રાજધાની હેકેટોમપાઇલૉસ ખાતેથી ખસાડી નવું રાજધાની શહેર '**દારા**' વસાવ્યું. દારાનો દેખાવ ઘણોજ મનહરણ હતો. તે પહાડોથી ઘેરાયલી આબાદ પણ દુશ્મનોને હંફાવી શકે એવી મજબૂત જગામાં વસાયું હતું. **તીરદાદના** મરણ બાદ **દારા** પડતું નખાયું અને હેકેટોમપાઇલૉસ પાછું પાયતખ્ત બન્યું.

૨૧૪. બહાદુર, લડાયક પાદશાહ **તીરદાદ** મરણ પામ્યો.

અશ્ક ૩.

અર્દવાન ૧. ઇ૦ સ૦ પૂ૦ ૨૧૪–૧૯૬.–૧૮ વરસ.

તીરદાદ ૧. નો બેટો.

૨૧૪. પાદશાહ **અર્દવાને** સિરિયાને તાબેના **મીડિ-યાના** પ્રાંત ઉપર ચઢાઇ કીધી. **અર્દવાને મીડિયાની** રાજધાની હમૃદાન (**એક્બેટાના**) ને ઘેરો નાખી હાથ કીધું અને **મીડિયા** પ્રાંત ફત્તેહ કીધો.

અર્દવાનની મીડિયા ઉપરની ચઢાઈ વેળા સિરિયાનો એક શત્રપ નામે **એકયુસ** બળવો ઉઠાવી નિકળ્યો હતો એટલા માટે સિરિયાનો શાહાનશાહ મહાત્મા **એન્ટીઓકસ** તેને તાબે કરવામાં રોકાયલો હતો. આ તકનો લાભ લઈ **અર્દવાને મીડિયા** સર કર્યું અને ઍખીલાન જીતવાની તૈયારીમાં હતો એટલામાં **એન્ટીઓકસે પાર્થ્યા** પર ચઢાઇ કીધી. **એન્ટીઓકસ** સાથની લડાઈ ૮ વર્ષો સૂધી ચાલુ રહી.

૨૧૪–૨૦૬. સિરિયાના શાહાનશાહ મહાત્મા **એન્ટી-ઓકસે મીડિયા** પાછું જીતી લીધું. **એન્ટીઓકસે પાર્થ્યા** પર ચઢાઇ કરી તેની રાજધાની હેકેટોમપાઈલૉસને ઘેરો ઘાલ્યો. **એન્ટીઓકસે અર્દવાનની** પુઠ પકડી **હીર્કેન્યાના** **સીરીંગીસ** અને બીજા શ્હેરો ઘેરા ઘાલી તાબે કર્યા.

મહાત્મા **એન્ટીઓકસ (ધીગરેટ)** પોતાની ફત્તેહો છતા બહાદુર **અર્દવાનને** તાબે કરી શકયો નહિ. લડાઈ છેક ૨૦૬ સૂધી ચાલું રહી પણ **એન્ટીઓકસ અર્દવાનને** કશું કરી શકયો નહિ. આથી તેને ભારે કંટાળો ઉપજ્યો અને મ્હોટી નાસિપાસી અને હીનપસ્તી સાથે તેણે **પાર્થ્યા** સાથે સુલેહ કરવા માંગણી કીધી.

૨૦૬. મહાત્મા **એન્ટીઓકસે** મ્હોટી નાસિપાસી સાથ **પાર્થ્યાનું** સ્વતંત્રતાપણું કબૂલ રાખ્યું.

૧૯૬. મકકમ મનનો લડાયક પાદશાહ **અર્દવાન** મરણ પામ્યો.

અશ્ક ૪.

પ્રિયપત્યુસ. ઇ૦ સ૦ પૂ૦ ૧૯૬-૧૮૧.—૧૫ વરસ.

અર્દવાન ૧. નો બેટો.

૧૮૧. પ્રિયપત્યુસ મરણ પામ્યો.

પ્રિયપત્યુસના અમલની કશી વિગતો આપણને મળી નથી.

અશ્ક ૫.

ફ્રઆટિસ; ફરહાદ ૧.

ઇ૦ સ૦ પૂ૦ ૧૮૧-૧૭૪.—૭ વરસ.

પ્રિયપત્યુસનો વડો બેટો.

૧૮૧-૧૭૪.* બહાદુર **ફરહાદે સિરિયાના** શાહાનશાહ **સિલ્યુકસ ૪.** ના તાબેદાર, **અલ્બોર્ઝ** પર્વતો તરફ વસનારા, બહાદુર, લડાયક, પહાડી **મર્દી** લોકો પર ચઢાઇ કરી તેમને તાબે કીધા.

૧૮૧-૧૭૪.* **ફરહાદે મીડિઆના રએ** (રગ્રા) પ્રાંત ઉપર ચઢાઇ કરી, **રએનો સરખસ** નામના શહેર સૂધીનો આખો કસબો જીતી લઇ, **મર્દી** લોકોને ત્યાં વસાવ્યા.

૧૭૪. ફતેહમંદ પાદશાહ **ફરહાદ** મરણ પામ્યો.

---

* આ ફત્તેહની ચોક્કસ તારીખ જણાઈ નથી.

અશ્ક ૬.

મહાત્મા મેહરદાદ; મિથ્રિદેતિસ.

ઇ૦ સ૦ પૂ૦ ૧૭૪-૧૩૬.—૩૮ વરસ.

પાદશાહ ફરહાદ ૧. નો ન્હાનો ભાઈ.

પાદશાહ **ફરહાદ ૧.** એ પોતાની હૈયાતીમાંજ પોતાના ભાઇ **મેહરદાદને** પોતાનો વારેસ નિમ્યો હતો. **ફરહાદને** એક ઘણુંજ ખરાબ દર્દ થયું હતું માટે કદાચ પોતાનું અચાનક મરણ નિપજે તો રાજ-કુંટુંબમાં તખ્ત માટે ફેસાદ બરપા નહિ થાય એટલા માટે તેણે પોતાનો વારેસ આગમજથી નક્કી કરી રાખ્યો હતો. **ફરહાદને** ઘણા બેટાઓ હતા પણ તેઓમાંના એકને પણ તેણે તખ્ત આપ્યું નહિ. કદાચ તેને એવી બિહીક હશે કે સિરિયાનો શાહાનશાહ તેણે જીતેલા પ્રાંતો પાછા મેળવવા પાર્થ્યા પર ચઢાઈ લાવશે અને તેના બેટાઓ તેના જેટલા લડાયક કે કુનેહબાજ નહિ હોવાથી પાર્થ્યાનું રાજ્ય મુશ્કેલીમાં આવી પડશે એટલા માટેજ તેની પસંદગી તેના બહાદુર "**ભાઇને ચાહનાર**" ભાઈ **મેહરદાદ** પર ઉતરી.

૧૬૩-૧૪૦. મહાત્મા **મેહરદાદે બૅક્ત્રિયા** ઉપર ચઢાઇ કરી **સેહેલથી બૅક્ત્રિયાના** બે પ્રગાણાઓ ફ્તેહ કીધા.

બૅક્ત્રિયાનો પ્રાંત **સિરિયાની** શાહાનશાહતથી **પાર્થ્યાની** પણ આગમજ સ્વતંત્ર થયો હતો. ઇ૦ સ૦ પૂ૦ ૨૦૮ ની આગમજ **સિરિયાના** શાહાનશાહ **એન્ટીઓકસે બૅક્ત્રિયા** પર ચઢાઈ કીધી પણ આખરે કંટાળીને ઉપલા વરસમાં **બૅક્ત્રિયાનું** સ્વતંત્રતાપણું તેણે મંજુર રાખ્યું. આ વખ્તે **બૅક્ત્રિયામાં** ત્રીજો **ગ્રીક** રાજા **યુથીડેમસ** રાજ્ય કરતો હતો. આશરે ઇ૦ સ૦ પૂ૦ ૨૦૦ માં **યુથીડેમસના** બેટા **ડિમિત્રિયસે હિંદુસ્તાનમાં** ચઢાઈ લઈ જઇ **કાબૂલની** ખિણ, **સિંધ** અને **પંજાબનો** મ્હોટો ભાગ જીતી લીધો અને પોતે "**હિંદુઓના મહારાજા**" નો એલ્કાબ ધારણ કર્યો. જ્યારે **હિંદુસ્તાનમાં** તેનો કાબૂ વધી પડયો ત્યારે તેની પોતાની **બૅક્ત્રિયાની** રાજ્યગાદી તેના એક સરદાર **યુક્રેટિડાસે** પચાવી પાડી. જ્યારે મહાત્મા **મેહરદાદે બૅક્ત્રિયા** પર ચઢાઈ કીધી ત્યારે **યુક્રેટિડાસ હિંદુસ્તાન** તરફ **ડિમિત્રિયસ** સાથે લડાઈમાં રોકાયલો હતો. આથી **મેહરદાદે** ઘણી **સેહેલાઇથી બૅક્ત્રિયાના** બે પ્રગણાંઓ જીતી લીધા.

૧૬૩-૧૪૦. મહાત્મા **મેહરદાદે** સિરિયાની શાહાનશાહત પર ચઢાઇ કીધી. **મેહરદાદે મીડિયા** જીતી ખાલસા કરી સરદાર **બેકેસિસને** ત્યાંની હાકમી બક્ષી.

આ વખ્તે **મીડિયાનો** પ્રાંત લગભગ સ્વતંત્ર હતો. યુફ્રેટિસ નદીની પૂર્વેના લગભગ સઘળાં ઇરાની પ્રાંતો પોતાનો સ્વતંત્ર અમલ ચલાવતા હતા. તેઓને માથે જોકે, સિરિયાના શાહાનશાહની હાકમી હતી તોપણ તેઓ ફક્ત નામનીજ તેની તાબેદારી કરતા હતા. મીડિયાના રહેવાસીઓ પુરાતન જમાનાથી પોતાની બહાદુરી માટે પ્રખ્યાત હતા. સિરિયાની શાહાનશાહતમાં તેઓએ દરેક જાતનું છૂટાપણું ભોગવ્યુ હતું માટે જયારે મહાત્મા **મેહરદાદે મીડિયા** પર ચઢાઇ કીધી ત્યારે **મીડ** લોકો પોતાનુ છૂટાપણું જાળવી રાખવા ઘણી બળત્વારીથી લડયા પણ આખરે **મેહરદાદની** તાબેદારી તેઓને કબૂલ રાખવાની ફરજ પડી. **મેહરદાદે મીડિયા** જરથોસ્તી ધર્મનું મૂખ્ય સ્થળ હોવાથી તેને ખાસ હકો બક્ષ્યા હતા કે જેવા હકો તે અસલવારેથી ભોગવતું આવ્યું હતું.

૧૬૩-૧૪૦. **પાર્થીયાને** તાબેના **હીર્કેન્યા** (વેહેરકાન)ના પ્રાંતે સ્વતંત્ર થવા બળવો ઉઠાવ્યો. તેમની મ્હોટી બહાદુરી છતા મહાત્મા **મેહરદાદે** તેમને પાછા તાબે કીધા.

વેહેરકાનીઓ અસલવારેથી છૂટાપણું પસંદ કરનારા હતા હખામની શાહાનશાહતના અમલમાં પાર્સી શાહાનશાહોએ તેમની બહાદુરીની પીછાનમાં તેમને ખાસ હકો બક્ષેલા હતા. ગ્રીક અમલમાં પણ તેમને ઝાઝું ખમવું પડયું હતું નહિ. પણ પાર્થ્યાની રાજ્યકર્તી કોમ જાતે તુરાની હોવાથી વેહેરકાનની શુદ્ધ આર્યવંશી પ્રજાના હકોની તેને દરકાર હતી નહિ. તે તો વેહેરકાનીઓની સ્વતંત્રતા ખોરવાયાથી તેમને પોતાની રૈયત દાખલ ગણી તેમની સાથે પોતાની બીજી રૈયતોની માફકજ વર્તતી હતી. આથી વેહેરકાનીઓને **પાર્થ્યન** અમલ પસંદ હતો નહિ. તેઓએ મહાત્મા **મેહરદાદને મીડિયા** સાથે લડાઇમાં રોકાયલો જોઇ બળવો ઉઠાવ્યો પણ તેમાં તેઓ માર ખાઇ ગયા.

૧૬૩-૧૪૦. મહાત્મા **મેહરદાદે** **સુસિયાના** પર ચઢાઈ કરી, ત્યાંના સ્વતંત્ર રાજાનો પરાજય કરી, **સુસિયાના** ફત્તેહ કીધું અને તેને પોતાના રાજ્ય સાથે જોડી દીધું.

૧૬૩-૧૪૦. **પર્સીસ** મહાત્મા **મેહરદાદને** તાબે થયું.

જ્યારે **પર્સીસ** પ્રાંતના **પાર્સીઓએ** મહાત્મા **મેહરદાદની** ફત્તેહો જોઈ ત્યારે તેઓએ **મેહરદાદ** સામે લડવામાં કશો ફાયદો જોયો નહિ. **મેહરદાદે** **પાર્સીઓને** સ્વરાજ્ય બક્ષ્યું અને તેમની આગલી મ્હોટાઈ અને જાહોજલાલી યાદ કરી તેમજ તેમના શાહાનશાહોએ **પાર્થ્યા** સાથે કરેલી ભલાઈના બદલામાં તેમને ચોક્કસ ખાસ હકો બક્ષ્યા. **પાર્સીઓ** આથી પાર્થ્યન અમલ સામે કોઈ પણ જાતની બેવફાઈ બતાવવાથી લાંબા કાળ સુધી દૂર રહ્યા.

મહાત્મા **મેહરદાદે** **બૅબીલોન** જીતી ખાલસા કીધું.

૧૫૬. મહાત્મા **મેહરદાદે** **આર્મીન્યાને** **સિરિયાની** શાહાનશાહતથી સ્વતંત્ર કરી **વદારશગ** નામે **અશ્કાની** (**પાર્થ્યન**) શાહજાદાને **આર્મીન્યાની** હાકમી બક્ષી.

૧૪૦. **બૅકત્રિયાના** **ગ્રીક** રાજા **હેલિયોકલિસે** પાર્થ્યાપર ચઢાઇ કરવાની તૈયારીઓ કરવા માંડી.

મહાત્મા **મેહેરદાદે** જ્યારે **બૅકત્રિયા** પર પ્હેલી વાર ચઢાઈ કરી તેના બે પ્રગણાઓ જીતી લીધા ત્યારે ત્યાંનો રાજા **યુક્રેટિડાસ** **હિંદુસ્તાન** તરફ લડાઈમાં રોકાયલો હતો. **યુક્રેટિડાસે** લડાઈથી ફારેગ થયા છતા **મેહરદાદ** પાસેથી ઉપલા પ્રગણાંઓ જીતી લેવાની કોશેશ કીધી નહિ તેથી તેના બેટાઓ **એપૉલોડોટસ** અને **હેલિયોકલિસ** તેની સામે થયા અને તેઓએ તેનું ખૂન કીધું. ખૂન કયા બેટાએ કીધું તે વિષે તવારીખન-વેશોમાં મતફેર છે. ખૂન કર્યા બાદ **એપૉલોડોટસ** **હિંદુસ્તાનના** **ગ્રીક** પ્રાંતોનો રાજા થયો અને **હેલિયોકલિસ** **બૅકત્રિયાની** ગાદીપર બેઠો. **હેલિયોકલિસે** ગાદીએ આવતાજ **પાર્થ્યા** સામે લડાઈ જાહેર કીધી પણ **પાર્થ્યાપર** ચઢાઈ કરવાની તેની સરજત હતી નહિ.

૧૪૦. મહાત્મા **મેહરદાદે** **બૅકટ્રિયા** ઉપર ચઢાઇ કરી **હેલિયોકલિસને** હરાવી, **બૅકટ્રિયાનો** મ્હોટો ભાગ ફત્તેહ કીધો.

૧૩૮. મહાત્મા **મેહરદાદે** **હિંદુસ્તાન** પર ચઢાઇ કીધી, અનેક ન્હાના **ગ્રીક** રાજ્યોનો સંહાર કરી, **મેહરદાદે** **હાઈડાસ્પિસ** (**જેહલમ**) નદી સૂધીનો સઘળો મુલ્ક સર કીધો. **મેહરદાદે** **પશ્ચિમ પંજાબનો** આખો પ્રાંત પોતાના રાજ્ય સાથે જોડી નાખ્યો.

પંજાબ અને સિંધ તરફ પાર્થ્યન અમલ લાંબી મૂદત સૂધી ટકી રહ્યો. પાર્થ્યનોએ હિંદુસ્તાનની સરહદ ઉપર ઘણા સંસ્થાનો વસાવ્યા. મહાત્મા મેહરદાદની ઉપલી મ્હોટી ફત્તેહ પછી ઘણા ન્હાના ન્હાના પાર્થ્યન રાજ્યો કાબૂલમાં અને પંજાબ અને સિંધની સરહદો ઉપર ઉગી નિકળ્યા. તેઓના હાકમો શત્રપોને નામે ઓળખાતા હતા. તેઓનું રાજ્ય ઇ૦ સ૦ ૫૦ સૂધી ચાલું રહ્યું. આશરે ઇ૦ સ૦ ૨૧ માં **ગનડોફેરસ** નામે પાર્થ્યન રાજા કાબૂલની નીચલી ખિણ અને પશ્ચિમ પંજાબના રાજ્યની ગાદીએ આવ્યો. તે તવારીખમાં વખણાઇ ગયો છે. આ સઘળાં ન્હાના પાર્થ્યન રાજાઓ પાર્થ્યાની શાહાનશાહતને તાબે હતા કે સ્વતંત્રપણે રાજ્ય ચલાવતા હતા તે ચોક્કસપણે જણાયું નથી.

૧૩૭. **સિરિયાના** શાહાનશાહ **ડિમિત્રિયસ ૨.** એ **પાર્થ્યાપર** ચઢાઈ કીધી. મહાત્મા **મેહરદાદની** સઘળી તાબેદાર પ્રજાઓ તેને મળી ગઇ. **ડિમિત્રિયસે** **મેહરદાદનો** ઘણી લડાઇઓમાં પરાજય કર્યો.

જ્યારે મહાત્મા મેહરદાદ તખ્તે આવ્યો ત્યારે સિરિયાની ગાદીપર **યુપેટર** નામનો બાળક શાહાનશાહ બેઠો હતો. આ શાહાનશાહની ન્હાની વયનો લાભ લઈ બે ગ્રીક સરદારો રાજ્યરક્ષકનો માનભર્યો ઓહ્દો હાથ કરવા ખૂનખાર જંગો ચલાવી રહ્યા હતા. આ ખૂનરેજીમાં તખ્તનાં એક નવાજ દાવાદારથી વધારો થયો. સિરિયાની શાહાનશાહતમાં ચાલેલી આવી નાશકારક મારફાડનો પૂરતો લાભ લઈ મહાત્મા **મેહરદાદે** **મીડિયા**, **સુસિયાના**, **પર્સીસ**, **બૅબીલોન્યા**, **ઍસીર્યા** અને

આર્મીન્યાના મ્હોટા પ્રાંતો જીતી લીધા. મેહરદાદે ઉપલા જીતાયલા પ્રાંતો માથું નહિ ઉંચકે એટલા માટે તેઓ પર સખ્ત જાપ્તાઓ મેળ્યા, અને તેમનું સ્ફૂંટાપણું ખૂંચ્વી લઇ તેમના પર પોતાનો પૂરતો ધાક બેસાડયો. સિરિયાના શાહાનશાહો પોતાના દેશ માંહેલી મારામારીથી લાંબી મુદત્ત સુધી પાર્થ્યાને સજા કરી શકયા નહિ પણ તે મારામારી નાબૂદ થતાજ ડિમિત્રિયસે મ્હોટા લશ્કર સાથે પાર્થ્યાપર ચઢાઈ કીધી. મેહરદાદે ફત્તેહ કરેલા સઘળાં પ્રાંતોની પ્રજાઓ તેનાથી છૂંટી થઇ દુશ્મનોને મળી ગઈ. એ પ્રજાઓમાં વધારે સરકશ તો ગ્રીકો હતો જેઓ પરદેશી પાર્થ્યનોના કરડા સખ્ત અમલથી કંટાળી ગયા હતા. આ સઘળી પ્રજાઓની મદદથી ડિમિત્રિયસ મેહરદાદને મ્હોટી લડાઇઓમાં હરાવી શકયો. આ ફત્તેહો પછી ડિમિત્રિયસ બેદરકાર રહ્યો જયારે મહાત્મા મેહરદાદ પોતાની યુક્તિઓ લડાવી રહ્યો. તેણે સુલેહ માટે માંગણી કીધી પણ પોતાની તૈયારીઓ તો છૂપી રીતે ચાલુંજ રાખી.

૧૩૭. મહાત્મા **મેહરદાદે ડિમિત્રિયસ (નિકેટર)** પર હુમલો કરી એક મહાભારત લડાઈમાં તેનો જબરો પરાજય કરી તેને કેદ પકડયો, અને તેના સઘળાં સૈન્યનો સંહાર કીધો.

કહે છે કે **ડિમિત્રિયસના** પરાજય પછી મહાત્મા **મેહરદાદે** તેને મળી ગયલી સઘળી પ્રજાઓ સનમુખ **ડિમિત્રિયસને** ફેરવી તે પ્રજાઓની સરકશીનું ફળ તેમને પૂરતું ચખાડયું. આ પછી મહાત્મા **મેહરદાદે ડિમિત્રિયસને** વધારે બેઇજત નહિ કરતા **માજન્દરાન** (વેહેરકાન, **હીર્કેન્યા**) ખાતે એક ભપકામંદ મેહેલ તેને રહેવા આપ્યો અને તેના પાદશાહી ખર્ચ માટે પૂરતો બંદોબસ્ત કીધો એટલુંજ નહિ પણ તેની સાથે પોતાની ખૂબસુરત બેટી **રહેદોગુનને** પરણાવી આપવા માંગી. મહાત્મા **મેહરદાદનો** ઇરાદો હવે **સિરિયા** ફત્તેહ કરી **ડિમિત્રિયસને** પોતાનો ખંડિયો રાજા બનાવવાનો હતો પણ તેની ધારણા તેના મરણથી પાર પડી શકી નહિ.

૧૩૮. બહાદુર, ફતેહમંદ, લડાયક, મહાત્મા **"પાદશાહોનો પાદશાહ" મેહરદાદ** મરણ પામ્યો.

મેહેરદાદ ઘણોજ કીર્તિવંત શાહાનશાહ હતો. તે જેટલો બહાદુર અને ફત્તેહમંદ હતો તેના કરતા વધું દયાળું અને સખી હતો. તેણે એક ન્હાના પહાડી પાર્થ્યન રાજ્યને બ્હોળી, બળવંત, જાહોજલાલ શાહાનશાહતમાં ફેરવી નાખ્યું. અશ્કાની પાદશાહોમાં તેણે ભપકાબંદ તાજ પ્હેલવ્હેલું માંથે મેલ્યું અને "પાદશાહોના પાદશાહ" નો દમામદાર એલ્કાબ પણ તેણેજ પ્હેલો ધારણ કર્યો. મેહેરદાદે પાર્થ્યન શાહાનશાહત માટે નવા ધારાઓ ઘડયા અને રાજ્યનો કારોબાર ચલાવવા ઉમરાઓ અને આમ લોકોની બે મોટી મંડળીઓ રચાયાં. ઉપલી બન્ને મંડળીઓને ભેગી કરી મેહરદાદે "માજીસ્તાન" નામની ત્રીજી વગવાલી મંડળી ઉભી કીધી. માજી ધર્મગુરૂઓને મેહેરદાદ મ્હોટું માન આપતો અને તેમની સલાહ મૂજબ ચાલતો. મેહેરદાદ મ્હોટા દિલનો હોવાથી પોતાની પ્રજાઓના ધર્મની આડે આવતો નહિ. તેની વખાણ પરદેશી તવારીખનવેશો જાબજા કરી ગયા છે.

અરક ૭.

ફરહાદ ૨. ઇ૦ સ૦ પૂ૦ ૧૩૬-૧૨૫.—૧૧ વરસ.

મહાત્મા મેહરદાદનો બેટો.

મહાત્મા **મેહરદાદ**ની છેલ્લી ઉમેદ **સિરિયા** ફત્તેહ કરવાની હતી. પણ તેના મરણથી તેની ધારણા પાર પડી નહિ. પણ **ફરહાદે** બાપની ઉમેદ પાર પાડવા સિરિયા પર ચઢાઈ કરવાનો સરંજામ તૈયાર કરવા માંડયો. તે પોતાના બાપના જેવોજ કુનેહબાજ હતો. તેની મતલબ **ડિમિત્રિયસ**ની મારફતે સિરિયાને તાબે કરવાની હતી એટલા માટે તેણે **ડિમિત્રિયસ** પર મ્હોટી મેહેરબાનીઓ બતાવવા માંડી. **ફરહાદે** પોતાના પિતાની ઇચ્છા મૂજબ પોતાની બ્હેન **રહોદોગુન**ની શેહાદી **ડિમિત્રિયસ** સાથે કીધી. તેણે **ડિમિત્રિયસ**નો મરતબો ઘણો વધાર્યો અને તેને સઘળી જાતનું છુટાપણું બક્ષ્યું પણ **ડિમિત્રિયસ** પાર્થ્યા ખાતે રહેવાને રાજી હતો નહિ. તે બે વખ્ત પોતાના મેહેલમાંથી નાઠો પણ બન્ને વાર પાછો પકડાયો. **ડિમિત્રિયસ**ની ખાલી પડેલી ગાદી પર તેનો ભાઈ **એન્ટીઓકસ સિડેટિસ** બેઠો હતો તેની સામે ચઢાઈ લઈ જઇ તેની પાસે ખંડણી લેવા ફરહાદે ઇરાદો રાખ્યો અને તે જો ખંડણી નહિ આપે તો સિરિયાની ગાદી પર ડિમિત્રિયસને બેસાડી સિરિયા પાસે પોતાની તાબેદારી કબૂલ કરાવવા તેણે ઇચ્છયું. પણ એ બેમાંની એક પણ ધારણા તે પાર પાડી શકયો નહિ તે આંપણે આગલ ચાલતા જોઈશું.

૧૩૪. આર્મીન્યાનો અરકાની રાજા **વહારશાગ** મરણ પામ્યો. તેની ગાદીપર તેનો બેટો **અરક (અરશાગ)** બેઠો.

૧૨૮. સિરિયાના શાહાનશાહ **એન્ટીઓકસ સિડેટિસે** ૪,૦૦,૦૦૦, માણસોના ગંજાવર સૈન્ય સાથે પાર્થ્યાપર ચઢાઇ કીધી. બૅબીલોનની પડોશમાં **એન્ટીઓકસે** શાહાનશાહ **ફરહાદ**ની ૧,૨૦,૦૦૦ માણસોની ન્હાની ફોજ ઉપર ત્રણ મ્હોટી ફત્તેહો મેળવી. **એન્ટીઓકસે** બૅબીલોનનો પ્રાંત **પાર્થ્ય**નો પાસેથી પાછો જીતી લીધો.

૧૨૮. **પાર્થ્યન** શાહાનશાહતના સઘળાં તાબેદાર પ્રાંતો અને ખંડિયા રાજાઓ **એન્ટીઓકસને** મળી જઇ તેઓએ **ફરહાદ** સામે બળવા ઉઠાવ્યા.

૧૨૮. શાહાનશાહ **ફરહાદે સિરિયાના** કેદી શાહાનશાહ **ડિમિત્રિયસને** છૂટો કરી, તેને લશ્કર સોંપી, પોતાના ભાઈ સામે ફેસાદ બરપા કરાવી તેને **સિરિયાનું** તખ્ત હાથ કરવા ઉશ્કેર્યો.

ફરહાદના તાબેદાર પ્રાંતો અને શહેરો બળવો ઉઠાવી **એન્ટીઓકસને** પડખે ભરાયા પણ તેઓ તેનાથી જલદી કંટાળી ગયા. તેઓને **એન્ટીઓકસે** તેમના બચાવ અર્થે રાખેલી ફોજોનો ખર્ચ કરવો પડયો અને તે ફોજોનો ઘણો જૂલ્મ ખમવો પડયો. આથી તેઓ પસ્તાવો કરી **ફરહાદને** પાછા તાબે થવા રાજી થયા. **ફરહાદે** એક દિવસ મુકરર કરી **એન્ટીઓકસના** લશ્કરોના જુલ્માતમાંથી પોતાની ખત્તા ખાઇ પાછી ફરેલી રૈયતોને બચાવવા તેમને તે દિવસે અચાનક સામટો બળવો ઉઠાવવા સૂચવ્યું. **એન્ટીઓકસે** ઉપલી રૈયતોની વફાદારી ઉપર ભરોસો રાખી પોતાનું લશ્કર વિખેરી નાખ્યું હતું. તે એટલો તો ગર્વિષ્ટ બની ગયો હતો કે જયારે **ફરહાદે** પોતાની હારોથી નાસિપાસ થઈ તેના પર સુલેહ માટે માગણી મોકળાવી ત્યારે તેણે **ફરહાદ** પાસે તેના ન્યાગાનોએ જીતેલા સઘળાં પ્રાંતો પોતાને પાછા સ્વાધીન કરી **પાર્થ્યાને** પોતાની અસલી હાલત મૂજબ ખંડણી આપતું કરવાનું કેહેણ મોકળી માંગણી કીધી. જે મુલકો પોતાના ન્યાગાનોએ લગભગ ૧૨૫ વર્ષો સૂધીની ચાલુ જંગો જીતી મેળવેલા તે મુલકો ફક્ત બે ત્રણ મ્હોટી શિકસ્તો ખાધાથીજ પોતાના શત્રુઓને સ્વાધીન કરી દેય એવો હિચકારો **ફરહાદ** હતો નહિ. તે ઉપલી નામોશીભરી સરતો કબૂલ રાખી **પાર્થ્યાને** એક ખંડણી ભરનાર ન્હાનું રાજ્ય બનાવી દેવા સરજાયલો હતોજ નહિ. તેણે બહાદુરીથી લડી આખરે પોતાની શાહાનશાહતની નોક જાળવી. જયારે સુલેહ કરવાની **એન્ટીઓકસે** નાજ પાડી ત્યારે **ફરહાદે** તેણે ફત્તેહ કીધેલી બેદિલ રૈયતોને ઉશ્કેરી તેમની પાસે તેના લશ્કરનો નાશ કરાવ્યો.

એન્ટીઓકસે તાબે કીધેલા નવા શેહેરોના હથિયારબંધ રહેવાસીઓએ તેના વિખરાઈ ગયલા લશ્કરો ઉપર હુમલો કરી તેમની જિયાફત દરમિયાન તેમનો સદંતર નાશ કર્યો.

બળિયા શાહાનશાહ **ફરહાદે** ન્હાસતા શત્રુ **એન્ટીઓ-કસનો** માર્ગ ઘેરી લઇ તેને એક મહાભારત યાદગાર લડાઈમાં હરાવી કત્લ કીધો; તેના સઘળાં લશ્કરનો સંહાર કીધો; અને તેના બેટા **સિલ્યુકસ** અને તેની ભત્રીજીને કેદ પકડયા.

સિરિયા અને **પાર્થીઆ** વચ્ચેની ઉપલી અને તેની આગમજની બીજી ત્રણ નાશકારક જંગોમાં લગભગ ૩,૦૦,૦૦૦ માણસોના પ્રાણ ગયા. છેલ્લી લડાઈ ઘણીજ મહાભારત હતી. તે લડાઈમાં જો **ફરહાદનો** પરાજય થતે તો **એન્ટીઓકસ** યુફ્રેટિસ અને **સિંધુ** નદીઓ વચ્ચે આવેલા સઘળાં દેશોનો માલેક થતે અને અરકાની શાહાનશાહત ઈ૦ સ૦ પૂ૦ ૧૨૭ માંજ સમાપ્ત થતે. પણ **ફરહાદની** આ મહાભારત ફત્તેહથી પાર્થીઆની શાહાનશાહત નવા જોશ અને જોમ સાથે ચાલું રહી અને સિરિયાની શાહાનશાહત એક ન્હાના રાજ્યમાં સંકોચાઈ ગઈ. સિરિયાને **ફરહાદની** ફત્તેહથી એવો તો જબરો ફટકો પડયો કે બીજા ૬૦ વર્ષો પણ વધું કાઢવા તે પામ્યું નહિ. **ફરહાદની** લશ્કરી મદદથી **ડિમિત્રિયસ** પાછો સિરિયાનો શાહાનશાહ થયો. **ફરહાદે** તેને પોતાનો તાબેદાર બનાવવાની કોશેશ કીધી પણ તેમ બની શકયું નહિ. આથી **ફરહાદે ડિમિત્રિયસને** વધુવાર હેરાન નહિ કરતા તેની સાથે ઘણીજ તારીફ-લાયક ચાલ ચલાવી. લડાઈમાં **ડિમિત્રિયસની** બેટી કેદ પકડાઈ હતી તેણીની સાથે ફરહાદે શેહાદી કીધી; તેણે **એન્ટીઓકસના** બાળક બેટા **સિલ્યુકસનો** દરજ્જો વધાર્યો અને **એન્ટીઓકસની** લાશને પાદશાહી માન સાથે રૂપાની કૉફીનમાં બંધ કરી **સિરિયા** ભૂમિદા કરવા મોકળાવી આપી. ઉપલા બનાવ પછી થોડી મૂદ્દતમાં **ફરહાદે એન્ટીઓકસની** ચઢાઈનું વેર લેવા **સિરિયા** પર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી પણ ચઢાઈ લઈ જાય તેની આગમજ તો તેને **સ્કીથ્યન તુરાનીઓ** સાથે

લડાઈમાં ઉતરવું પડયું. આ તુરાનીઓને **ફરહાદે એન્ટીઓકસ** સામે પોતાને મદદ આપવા બોલાવ્યા હતા પણ તેમની મદદ ઘણી મોડી આવી પૂંગવાથી **ફરહાદે** તેમનો પગાર અટકાવ્યો જે મેળવવા તેઓએ **ફરહાદ** સામે લડાઈ ઉઠાવી.

૧૨૫. **તુરાની** શત્રુઓએ પોતાનો પગાર વસુલ કરવા **ફરહાદ**ની શાહાનશાહતમાં દરોડો પાડયો. તેમને પોતાના રાજ્યમાંથી હાંકી કાઢવા **ફરહાદે એન્ટીઓકસ** સાથના યુધ્ધોમાં પકડાયલા **ગ્રીક** લોકોના એક લશ્કરને તેમની સામે મોકલ્યું. ઉપલું **ગ્રીક** સૈન્ય **તુરાની** શત્રુઓને મળી ગયાથી **તુરાની** **સ્કીથ્યનોએ** **ફરહાદ**ને મ્હોટા જંગમાં હરાવી કત્લ કર્યો અને **પાર્થ્યન** લશ્કરના મ્હોટા ભાગનો સંહાર કીધો.

અર્દવાન ૨. ઇ૦ સ૦ પૂ૦ ૧૨૫-૧૨૪.—૧ વરસ.

મહાત્મા મેહરદાદનો ભાઇ.

શાહાનશાહ **અર્દવાન** ફરહાદ ૨. નો કાકો હતો અને જ્યારે તે તખ્તે આવ્યો ત્યારે તેની ઉમ્મર ઘણી મ્હોટી હતી. તે ગાદીએ આવ્યો ત્યારે પાર્થ્યન શાહાનશાહત ગોયા મોતના ડાચામાં સપડાયલી હતી. જંગલી તુરાનીઓ તેના રાજ્યમાં લૂટફાટ ચલાવી નાશ ફેલાવી રહ્યા હતા; દગાખોર ગ્રીક લશ્કરની સરકશી વધી પડી હતી; શાહાન શાહતના પ્રાંતો જેટલા જોઇએ તેટલા વફાદાર હતા નહિ; બૅબીલોનના શત્રપ હિમેરસના જૂલ્માતથી તેની રૈયત બળવો ઉઠાવવા તત્પર હતી; અને આ સઘળી આફતોને બાજુએ બેસાડે એવી આફત શાહાનશાહતના પૂર્વ ભાગમાં ડાચું વકાસી રહી હતી. પણ એ આફતોનો ઘટતો ઇલાજ કરનાર કુનેહબાજ બહાદુર શાહાનશાહ **અર્દવાન**ને પાર્થ્યન શાહાનશાહત મેળવવાને ભાગ્યશાળી નિવડી. **અર્દવાને** કુનેહ અને કારસાજીથી એ સઘળી આફતોનો મક્રમપણે અંત આણ્યો.

૧૨૫. તુરાની સ્કીથ્યનો લૂટફાટ ચલાવી વધું જોખમ નહિ ખેડતા જીહુન નદી પસાર કરી પોતાને સ્વદેશ પાછા ફર્યા. દગાખોર ગ્રીક લશ્કર વગર લડાઇએ માફી માંગી **અર્દવાન**ને શરણ થયું.

ઇ૦ સ૦ પૂ૦ ૨૫૦ વર્ષ ઉપર "યુઇ-ચિ" (Yueh-chi) નામે એક ભટકતી જંગલી તુરાની પ્રજાને "હિયોંગ-નું" નામે તેવીજ જંગલી પ્રજાએ તેમના ચેન-સિના વતનમાંથી મારી કાઢી. આથી "યુઇ-ચિ" પ્રજા નવા વતનની શોધમાં ફરગાના અને જીહુન અને સિહુન નદીઓ વચ્ચે આવેલા મુલુકો તરફ આવી પહોંચી. તેઓએ સુ નામની તુરાની પ્રજા પાસેથી ઉપલા મુલુકો પચાવી પાડયા અને બૅક્ત્રિયાના રાજ્યની નબળાઇનો લાભ લઇ તે રાજ્ય સર કર્યું. તેઓએ હિલમંદ નદીની ખિણ પણ ફત્તેહ કીધી અને ત્યાં પોતાનું નવું સંસ્થાન "સકસ્તાન" (સજસ્તાન, સિસ્તાન) વસાવ્યું. તેઓએ હવે પાર્થ્યા તરફ નજર દોડાવી પણ પાર્થ્યાને કશું નુકસાન પૂગે તેની આગમજ તો શાહાનશાહ **અર્દવાને** તેઓ પર ચઢાઈ કીધી.

૧૨૪. બહાદુર **અર્દવાન** જંગલી માણસખાઉ તુરાની લૂટારાઓના હાથપર માર્યો ગયો; તેનું લશ્કર મ્હોટી હાર ખાઈ ન્હાસભાગમાં પડયું.

મહાત્મા મેહરદાદ. ઇ૦ સ૦ પૂ૦ ૧૨૪–૮૯.—૩૫ વરસ.
અર્દ્દવાન ૨. નો બેટો.

બહાદુર **અર્દ્દવાન**ના કમનશીબ મોતથી અશ્કાની શાહાનશાહત ભયભરેલી હાલતમાં આવી પૂંગી. બે વર્ષાની ટૂંક મૂદત્તમાં ફ્રેરહાદ અને **અર્દ્દવાન** જેવા બળિયા શાહાનશાહો જંગલી લૂટારૂઓના ભોગ થઈ પડયા. જંગલી સ્કીથ્યનો પોતાની ફત્તેહથી હિંમત પકડી હવે ખૂદ પાર્થ્યા પર ચઢાઈ લાવી તેનો નાશ કરે એ બનવાજોગ હતું. તેઓના જોહરી તીરેઓએ ટૂંક મૂદતમાં તેમને વ્હોળા દેશોના માલેક બનાવી આપ્યા હતા તો તેજ તીરોથી તેઓ ઇરાનનો ફળદ્રુપ મુલ્ક ફ્ના કરે એમાં થોડીજ નવાઈ હતી. શાહાનશાહ **અર્દ્દવાન** તેઓને ફત્તેહ કરી શકતે પણ તેના અચાનક મરણથી પાર્થ્યનો લાઇલાજ થઈ પડયા. પાર્થ્યાનો જખ્મ ઘણો કાતિલ હતો પણ હકીમ હાજર હતો. **અર્દ્દવાનનો** બેટો મેહરદાદ તેના કાકા મહાત્મા **મેહરદાદ**ના જેવોજ બહાદુર હતો. તેણે પોતાના પિતાના મરણથી ખોરંબે પડેલું તેનું કામ પાર ઉતારવા માથે લીધું અને તેની ફત્તેહોની મહત્તવત્તા કબૂલ રાખી અસલી ઇતિહાસકર્ત્તાઓ તેને "**મહાત્મા**"નો ભપકામંદ એલ્કાબ આપી ગયા છે.

૧૨૪. મહાત્મા **મેહરદાદે** જંગલી **સ્કીથ્યનો** (ચુઈ-ચિ ટોળા) ઉપર ચઢાઇ કરી, તેમનો અનેક ખૂનખાર જબરા જંગોમાં પરાજય કર્યો. **મેહરદાદે** તેમની પાસેથી બૅકત્રિયાનો કેટલોક ભાગ પાછો જીતી લઇ, તેમનું નવું સંસ્થાન **સિસ્તાન** ફ્ત્તેહ કરી ખાલસા કીધું.

૧૨૧. આર્મીન્યાનો અશ્કાની પાદશાહ **અરશાગ** (**અશ્ક**) મરણ પામ્યો. તેનો બેટો **અર્દાશીશ** (અથવા **ઓર્તોઆદિસ્તસ**) તેની ગાદીએ આવ્યો.*

૧૦૦. મહાત્મા **મેહરદાદે** આર્મીન્યાપર ચઢાઇ કીધી. **મેહરદાદે** આર્મીન્યાના સ્વતંત્ર **અશ્કાની** પાદશાહ **અર્દાશી-**

---

* આર્મીન્યાની તવારીખ માટે જુઓ "આર્મીન્યાનો સંક્ષેપ્ત ઇતિહાસ" પાના ૧૦૦–૧૦૪.

શને તાબે કીધો; **અર્દશીરે મેહરદાદને** ખંડણી આપતી કરી અને પોતાના બેટા **તીગ્રાનને** તેને પોતાની વફાદરી બતાવવા સાનમાં આપ્યો.

૯૬. **આર્મીન્યાનો** ખંડીયો પાદશાહ **અર્દશીશ** મરણ પામ્યો. તેના બેટા **તીગ્રાનને** મહાત્મા **મેહરદાદે આર્મીન્યાની** હાકમી બક્ષી. **તીગ્રાને** મહાત્મા **મેહરદાદને આર્મીન્યાનો** કેટલોક ભાગ તેની મેહેરબાનીના બદલામાં આપ્યો.*

તીગ્રાને લગભગ ૪ વર્ષો સુધી મહાત્મા **મેહરદાદને** ખંડણી આપ્યા કીધી પણ ઇ૦ સ૦ પૂ૦ ૯૨ માં તેણે **પૉન્ટસના** મ્હોટા શાહાનશાહ મહાત્મા **મેહરદાદની**‡ બેટી **કિલયોપેત્રા** સાથે શેહાદી કીધી અને તેની સાથે અરસપરસ મદદ આપવાના કોલકરારો કીધા. **પૉન્ટસની** શાહાનશાહત આ વખતે પોતાના પૂર તેજ અને જાહોજલાલીમાં હોવાથી **તીગ્રાને** ત્યાંના બળિયા શાહાનશાહ મહાત્મા **મેહરદાદની** કુમક પર કુદી **પાર્થ્યાના** શાહાનશાહ મહાત્મા **મેહેરદાદને** ખંડણી આપવાના અખાડા કીધા અને તેની સામે લડાઈ ઉઠાવી.

૯૨-૮૯. **આર્મીન્યાના** બળવાન **અરકાની** ખંડિયા પાદશાહ **તીગ્રાને પૉન્ટસના** મહાત્મા **પાર્સી** શાહાનશાહ **મેહરદાદની** મદદથી **પાર્થ્યા** સામે લડાઇ જાહેર કીધી. **તીગ્રાને મેહરદાદ** (**પાર્થ્યાવાળો**) ને આપેલો **આર્મીન્યાનો** ભાગ પાછો જીતી લીધો અને **પાર્થ્યાપર** ચઢાઈ કરી **નિનિવેહ** અને **આર્બેલા** તરફનો **અરકાની** મુલ્ક વેરાન કીધો.

૮૯. બહાદુર શાહાનશાહ મહાત્મા **મેહરદાદ** (અથવા **મેહરદાદ ૨.**) મરણ પામ્યો.

---

* પાદશાહ તીગ્રાનના હેવાલને માટે જુઓ આગળ પાના ૧૦૧-૧૦૩.

‡ પાદશાહ મેહરદાદના હેવાલને માટે જુઓ આગળ પાના ૮૭-૯૩.

સાનાત્રોકિસ; સીન્ત્રીકસ.

ઇ૦ સ૦ પૂ૦ ૭૬-૬૮.—૮ વરસ.

મહાત્મા મેહરદાદનો બેટો (?).

મહાત્મા મેહરદાદ (૨.) ના મરણ પછી બીજા ૧૩ વરસ સુધી પાર્થ્યાની તવારીખ અંધારામાં રહેલી છે. મેહરદાદ ૨. પછી કોણ ગાદીએ આવ્યો તે આપણે જાણતા નથી. મેહરદાદ ૨. ના મરણ બાદ ૧૩ વર્ષે સાનાત્રોકિસ નામે શાહજાદો ગાદીએ આવ્યો. તેને મેહરદાદ ૧. નો બેટો ધારવામાં આવે છે. તે તખ્તે આવ્યો ત્યારે તેની ઉમ્મર ૮૦ વરસની હતી. ૧૩ વર્ષોના ઉપલા ગાળામાં પાર્થ્યાની આર્મીન્યા સાથની લડાઈ સિવાય બીજો કોઈ પણ બનાવ બનેલો તવારીખમાં નોંધાયો નથી.

૮૯-૮૩. આર્મીન્યાના "શાહાનશાહ" તીગ્રાને પાર્થ્યાપર પાછી ચઢાઈ કીધી. **તીગ્રાને આદિયાબીનિનો** **અરકાની** પ્રાંત જીતી લીધો અને **આજરબાઈજાન** અને **ગોર્દિયાનિ**ના **પાર્થ્યા**ના ખંડિયા રાજાઓ પાસે ખંડણી લેતી કીધી.

૮૩. તીગ્રાને સિરિયાની શાહાનશાહતની સમાપ્તિ આણી સિરિયા સર કીધું અને **સિલીશ્યા** તથા **ફિનિશ્યા** જીતી લીધા.

સાનાત્રોકિસના અમલમાં પાર્થ્યામાં કશા અગત્યના બનાવો બન્યા નહિ. તેના અમલ વેળા યુફ્રેટિસ નદીની પશ્ચિમે રોમને આર્મીન્યા તથા પૉન્ટસની સાથે ખૂનખાર યુદ્ધોમાં ઉતરવું પડયું હતું. ઇ૦ સ૦ પૂ૦ ૬૯ માં રોમ તેમજ તેના શત્રુઓએ **સાનાત્રોકિસ** પાસે અનેક વખ્તે મદદો માંગી પણ **સાનાત્રોકિસે** બન્ને શત્રુઓમાંથી કોઇને પણ મદદ નહિ આપતા તેમને લડવા દઈ નબળા પાડવાનો ઇરાદો કીધો. આથી રૂમી સરદાર **લુકુલસે** પાર્થ્યા સામે લડવા જવા તૈયારીઓ કરવા માંડી પણ તેના હરીફની મહાભારત ફત્તેહોથી તે પોતાની ધારણા પાર પાડી શકયો નહિ. રોમ અને તેના શત્રુઓ વચ્ચેની લડાઈ છેક ઇ૦ સ૦ પૂ૦ ૬૩ સુધી ચાલું રહી.‡ **સાનાત્રોકિસ** ઘણો કુનેહબાજ હતો.

૬૮. સાનાત્રોકિસ મરણ પામ્યો.

---

‡ આ મોટા યુદ્ધના વર્ણન માટે જુઓ આગળ પાના ૯૧—૯૩.

ફરહાદ ૩. ઇ૦ સ૦ પૂ૦ ૬૮-૬૦.—૮ વરસ.

સાનાત્રોકિસનો બેટો.

૬૬. રૂમી સરદાર મહાત્મા **પૉમ્પીને** શાહાનશાહ **ફરહાદે** પૉન્ટસના શાહાનશાહ મહાત્મા **મેહરદાદ** અને **આર્મીન્યાના** શાહાનશાહ **તીગ્રાન** સામે મદદ આપી. **પૉમ્પીએ** તેને મદદના બદલામાં **તીગ્રાને** પાર્થ્યા પાસેથી જીતી લીધેલા **આડિયાબીનિ** અને **ગોર્ડિયેનીના** પ્રાંતો પાછા આપવા કબૂલ કીધું.

પૉમ્પીની સાથે પૉન્ટસના શાહાનશાહ મહાત્મા **મેહરદાદે** પણ ફરહાદ પાસે મદદ મેળવવા અરજ કીધી હતી; પણ તેની મદદથી **તીગ્રાને** પાર્થ્યા પર ચઢાઈ કરી **ફરહાદના** ન્યાગાનો પાસેથી પાર્થ્યાના કેટલાક પ્રાંતો જીતી લીધા હતા માટે પોતાના વડવાઓની શિકસ્તોનું વેર લેવા **ફરહાદે** તેની અરજ નામંજુર રાખી તેની સામે **પૉમ્પીને** મદદ આપી. **પૉમ્પીને** મદદ કરવા **ફરહાદે આર્મીન્યા** પર ચઢાઈ કીધી. આથી **તીગ્રાન** પોતાના સસરા મહાત્માં **મેહરદાદને** મદદ આપી શકયો નહિ. મહાત્મા **મેહરદાદથી તીગ્રાનની** મદદ વગર મહાત્મા **પૉમ્પી** સામે ટકી શકાયું નહિ અને આખરે અશકાની મદદથી **પૉમ્પીએ** તેના પર મ્હોટી ફત્તેહ મેળવી.

૬૭. **આર્મીન્યાના** શાહાનશાહ **તીગ્રાન** સામે તેના બેટા **તીગ્રાને આર્મીનયાની** ગાદી મેળવવા લડાઇ ઉઠાવી. શાહાનશાહ **તીગ્રાને** શાહજાદા **તીગ્રાનને** હરાવી **આર્મીન્યા**માંથી હાંકી કાઢયો. **તીગ્રાને** અશકાની શાહાનશાહ **ફરહાદની** દરબારમાં આશરો લીધો.

૬૬. શાહાનશાહ **ફરહાદે** શાહજાદા **તીગ્રાનને** પોતાની બેટી સાથે પરણાવ્યો. **તીગ્રાનને આર્મીન્યાનો** રાજા બનાવવા અને **રૂમીઓને** મદદ આપવા માટે **ફરહાદે આર્મીન્યા** ઉપર ચઢાઈ કીધી. **ફરહાદે આર્મીન્યાની** રાજધાની **આર્તાક્ષાતા** સુધીનો સઘળો મુલ્ક વેરાન કરી **આર્તાક્ષાતાને** ઘેરો ઘાલ્યો. **ફરહાદ** લડાઇ આગળ ચલાવવા પોતાના જમાઇ **તીગ્રાનને** લશ્કર **સોંપી ઈરાન** પાછો ફર્યો.

ઓરોડિસ.

ખુબરૂ (અથવા હુરઓધ).

ઇ૦ સ૦ પૂ૦ ૫૫–૩૭.––૧૮ વરસ.

ફરહાદ ૩. નો ન્હાનો બેટો.

૫૫. ઓરોડિસે પોતાના વડા ભાઇ પદભ્રષ્ટ શાહાનશાહ **મેહરદાદને મીડિયાની** શત્રપી બક્ષી.

૫૫. ઓરોડિસે મેહરદાદ પાસેથી **મીડિયા** પાછું છીનવી લીધું. **મેહરદાદે** ન્હાસી **એશિયાના રૂમી** પ્રાંતોના વડા **ગેબિન્યસની** દરબારમાં આશ્રો લીધો.

૫૫. રૂમી સરદાર **ગેબિન્યસે** પદભ્રષ્ટ શાહાનશાહ **મેહરદાદને પાર્થ્યાની** ગાદી પાછી અપાવવા **પાર્થ્યા** પર ચઢાઇ કરવા તૈયારીઓ કરવા માંડી. **મિસરના** રહેવાસીઓએ બળવો ઉઠાવી ત્યાંના રાજા **ટૉલેમી ઑલિટિસને મિસરમાંથી** હાંકી કાઢયો. **રૂમી** સરદાર **ગેબિન્યસ ટૉલેમીની** મદદે **મિસર** જવાથી **પાર્થ્યા** પરની તેની ચઢાઈ અધુરે ગઈ.

૫૫. મેહરદાદે પોતાના મિત્રોની મદદથી **ઓરોડિસ** સામે લડાઈ ઉઠાવી. **મેહરદાદના** બળવાખોર મિત્રોના મૂખ્ય સ્થળ **બૅબીલોનને** શાહાનશાહ **ઓરોડિસે** ઘેરો ઘાલ્યો. **ઓરોડિસે બૅબીલોન** તાબે કીધું. **મેહરદાદ ઓરોડિસને** શરણ થયો. **ઓરોડિસે મેહરદાદને** તેની સરકથી માટે મારી નખાવ્યો.

૫૫. રૂમી કૉન્સલ (લશ્કરનો વડો) **ક્રેસસે પાર્થ્યા** સામે લડાઈ જાહેર કીધી. **ક્રેસસે યુફ્રેટિસ** નદી પસાર કરી **મેસોપોટેમ્યા** ઉપર ચઢાઇ કીધી. **મેસોપોટેમ્યાના** સઘળાં **ગ્રીક** શહેરો દગો કરી **ક્રીસસને** મળી ગયા. **ક્રેસસે મેસો-**

પોટેમ્યાના પાર્થ્યન શત્રુને હરાવી જખમી કીધો. ૩

જેનોડોશ્યમ શહેરના બહાદુર રહેવાસીઓને હરાવી ગુલામ દાખલ વેંચ્યા. **મેસો**પોટેમ્યાના બચાવ **અર્થે** **રૂ**મીઓની એક ફોજને ત્યાં રાખી **ક્રેસસ સિ**રિયા પાછો

રૂમીઓ સાથની લડાઇનું વર્ણન કરવા આગમજ આપણે ટૂંક તવારીખ અને **પાર્થ્યા** સાથની લડાઇનું કારણ **જોઇશું**. ઇ પૂ૦ ૮૦૦ વર્ષ ઉપર ઈટલી દેશમાં અનેક આર્ય પ્રજાઓ વસ્તી તેમાંની એક આર્ય પ્રજાએ ઇ૦ સ૦ પૂ૦ ૭૫૩ માં રોમ શહેર ૰ આ પ્રજા(રૂમીઓ) પ્રથમ ઘણીજ નબળી હતી અને તેમ૰ રાજાઓનો અમલ હતો. ધિમે ધિમે તેઓ બળમાં વધતા ગય પોતાની આસપાસની પ્રજાઓ જોડે લડાઈમાં રોકાયા. જેમ જેમ બળમાં વધતા ગયા તેમ તેમ તેઓનાં રાજાઓની સત્તા ઘટતં આખરે તેઓએ બે મૂખ્ય માજીસ્ટ્રેટોની મારફતે પોતાનો અમલ ચ માંડયો. ઇ૦ સ૦ પૂ૦ ૨૫૦ ની આગમજ તેઓએ લગભગ ઇટલી તાબે કીધું. તેઓ ઉગ્ર, લડાયક અને કવાયતી સૈનિકો હે હવે તેઓ પ્રદેશીઓ જોડે લડાઈમાં ઉતર્યા. કાર્થેજની શાહનશાહ તેમને લાંબા સમય પર્યંત વિગ્રહો ચાલ્યા અને અંતે તેનો તેઓએ કર્યો. ત્યાર બાદ તેઓએ સ્પેન, ગ્રીસ (ઇ૦ સ૦ પૂ૦ ૧૪૬), સે સિરિયા, એશિયા મૈનર અને આફ્રિકાનો ઉત્તર કોસ્ટો તાબે ક આ રીતે આફ્રિકાના સઘળાં રાજ્યો તે લોકોના હાથમાં આવ્યા ત યૂરોપના સ્વતંત્ર રાજ્યો તાબે કરવા તેમનો બહાદુર જો **જુલિ** **સીઝર** રોકાયો. એશિયામાં તેઓએ યુફ્રેટિસ નદીની પ[...]મના સ મુલુકો જીતી લીધા હતા માટે હવે તેઓએ તે નદીની [...]ના પણ હાથ કરવા માંગ્યા. **જુલિયસ સીજર** અને **ક્રેસસ** એક બી મ્હોટા મિત્રો હતા માટે જ્યારે **સીજર યૂરોપ** ફત્તેહ કરી માન ત્યારે **ક્રેસસે એશિયા** ફત્તેહ કરી નામ કાઢવા માંગ્યું. તેની **પાર્થ્યાની** શાહાનશાહત સેહેજમાં ફના કરી છેક **હિંદુસ્તાન** **રૂમી** વાવટો ઉડનો કરવાની હતી. તે **પાર્થ્યાનોને** છેકજ દુર્બળ પોચા સમજતો હતો. એટલા માટે ઇ૦ સ૦ પૂ૦ ૫૫ [...]ાં તો ઉપર મૂજબની ગડબડ ઉઠાવી ગોયા **પાર્થ્યાનો** નાશ કરવાનું બીજા વર્ષ પર મુલતવી રાખ્યું. તેણે આખી શિયાળાની મુદત યલી પ્રજાઓને લૂટી પૈસા પેદા કરવામાં ગુજારી. **પાર્થ્યન** શાહા

ઓરોડિસ લડવાને માટે તત્પર હતો. તેણે દેશના બચાવનો અતિ ઉત્તમ બંદોબસ્ત કીધો હતો. તેણે જ્યારે **ક્રેસસને** લડાઇ નહિ કરતા લૂટફાટમાં વખ્ત ગુજારતો દીઠો ત્યારે તેને **ક્રેસસ** પર ઘણોજ કેહેર છુટયો. આથી તેણે **ક્રેસસ** પર ઘણુંજ અપમાનભર્યું નામું લખી તેના હિચકારાપણા માટે અને તેની બદદયાનત માટે તેને ઘણા મેહેણાં માર્યાં. આટલા અપમાન છતા પણ તે રોમની રજા વગર લડાઇમાં ઉતરી શક્યો નહિ. આથી **ઓરોડિસે** પોતેજ લડાઇ ખીલમાં નહિ નાખતા **મેસોપોટેમ્યા** ઉપર ચઢાઈ કીધી.

૫૪. શાહાનશાહ **ઓરોડિસે રૂમીઓને** લડાઇમાં ઉતરવાની ફરજ પાડવા **મેસોપોટેમ્યા** ઉપર ચઢાઈ કીધી. તેણે **રૂમીઓના** મદદગાર રાજ્યોમાં નાશ ફેલાવી **રૂમીઓને** લડાઇમાં ઉતરવાની ફરજ પાડી.

૫૩. **આર્મીન્યાનો** પાદશાહ **અર્હવશ (આર્તાવસ્દીસ) રૂમીઓની** પક્ષમાં ભરાયો.

૫૩. **ક્રેસસે** ૧,૦૦,૦૦૦ માણસોના બહાદુર લશ્કર સાથે **પાર્થ્યા** ઉપર ચઢાઈ કીધી.

ક્રીસસની મરજી **આર્મીન્યામાં** થઈ તેના પાદશાહ **અર્હવશને** સાથે લઈ **પાર્થ્યા** પર ચઢાઈ કરવાની હતી. પણ **ઓસ્રોહેનીનો** રાજા જે **પાર્થ્યનોનો** મદદગાર હતો પણ રૂમીઓની સઘળી હીલચાલની ખબર **પાર્થ્યનોને** છૂપી રીતે પૂરી પાડવા બહારથી રૂમીઓને મળી ગયલો હતો તેણે **ક્રેસસને** ખોટી ખબર આપી કે રૂમીઓની બિહીકથી **પાર્થ્યનો મેસોપોટેમ્યા** ખાતે ફક્ત ન્હાનું લશ્કર રાખી બાકીના મ્હોટા સૈન્ય સાથે **મેસોપોટેમ્યા** છોડી **હીર્કેન્યા** તરફ ન્હાસી જાય છે, માટે **ક્રીસસે આર્મીન્યા** જવાનું માંડી વાળી પ્હેલા ન્હાસતા **પાર્થ્યનોનો** સેહેલાઈથી નાશ કરવા માંગ્યો. તેણે જ્યુગ્માના બંદર આગળથી યુફ્રેટિસ નદી પસાર કરી **મેસોપોટેમ્યામાં** પગ મેલ્યો.

૫૩. શાહાનશાહ **ઓરોડિસે આર્મીન્યાના** પાદશાહ **અર્હવશને રૂમીઓને** મદદ આપતો અટકાવવા, પોતાની શાહાનશાહતનું રક્ષણ કરવાનું કામ પોતાના જુવાન, બહાદુર,

કુનેહબાજ **સુરેના** (પાર્થીઆનો વડો સપેહસાલાર) ને સોંપી, **આર્મીન્યા** ઉપર ચઢાઈ કીધી. **ઓરોડિસે અર્હવશને** મ્હોટી લડાઇમાં હરાવી તેને તાબે કીધો. **ઓરોડિસના** બેટા **પેકોરસની** શેહાદી **અર્હવશની** બ્હેન જોડે થઇ.

આર્મીન્યા ઉપર ચઢાઈ કરવાથી **ઓરોડિસને** મ્હોટો લાભ થયો. **અર્હવશે** ૧૬,૦૦૦ ઘોડેસ્વારો અને ૩૦,૦૦૦ પાયદળની મ્હોટી લશ્કરી મદદ રૂમીઓને આપવા કબૂલ કીધું હતું. તે મદદ **ઓરોડિસની** જીતથી રૂમીઓને મળી શકી નહિ. **ક્રિસસને** તેની મદદ વગર ઘણું ખમવું પડયું. તેણે **મેસોપોટેમ્યામાં** દાખલ થઈ પોતાને મળેલી ખોટી ખબર મૂજબના ન્હાના **પાર્થ્યન** લશ્કરનો નાશ કરવા તેની પૂઠ પકડી. બહાદુર **સુરેના** એક મ્હોટા લડાયક લશ્કર સાથે **સિન્જારના** પહાડો અને **ખાબૂર** નદી ઓળંગી, એ નદી અને **બેલિક** નામની નદીની વચ્ચે આવેલા મુલકમાં છૂપ્યો ભરાઈ બેઠો હતો. **ક્રેસસ** **ઓસ્રોહેનીના** રાજા **અબ્ગારસ** પર વિશ્વાસ મેળી તે જ્યાં **સુરેના** ભરાઇ બેઠો હતો ત્યાં આવી લાગ્યો. તે તો એમજ ધારતો હતો કે **પાર્થ્યનો** તો **મેસોપોટેમ્યા** છોડી ન્હાસી ગયા છે. **અબ્ગારસ** તેને જ્યારે છેક **સુરેનાની** ફોજ આગળ લાવ્યો ત્યારેજ તેણે જાણ્યું કે **અશ્કાનીઓ** તો લડાઇ માટે તૈયાર થઈ ઉભા છે. લડાઈ આગમજ **અબ્ગારસ** કોઇ યુક્તિથી રૂમી છાવણી છોડી **સુરેનાને** જઈ મળ્યો. **ક્રેસસની** મદદે તેના મિત્ર **જુલ્યસ સીજરે** તેના બેટા **પબ્લીયસની** સરદારી તળે બહાદુર **ગૉલ** લોકોની એક ઘોડેસ્વાર ટુકડી મોકલી હતી તે **ક્રેસસને** આવી મળી. **ક્રેસસે** પાર્થ્યન લશ્કરની સનમુખ આવી પૂંગતાજ લડાઈ માટે તૈયારી કરી લશ્કરી સફ સમારી.

૫૩. બેલિક અને **ખાબૂર** નદીઓ વચ્ચે આવેલા મુલકમાં **રૂમીઓ** અને **પાર્થ્યનો** વચ્ચે થયલી ખૂનખાર લડાઈમાં **પાર્થ્યન** તીરંદાજોએ **રૂમી** તીરંદાજોને મ્હોટી હાર આપી ન્હસાડયા. **અશ્કાની** ઘોડેસ્વાર તીરંદાજોએ **રૂમી** પાયદળ ફોજનો મ્હોટો ઘાણ કાઢયો.

આ બેવડી યાદગાર લડાઈમાં પાર્થ્યન તીરંદાજોએ મ્હોટું નામ કાઢ્યું. રૂમીઓ આ લડાઈમાં એટલા તો આજેજ થયા કે અગરજો તેમની મદદે પબ્લીયસ ગૅાલિક ઘોડેસ્વારોને નહિ લાવ્યો હતે તો તેઓને લડાઈના મેદાનમાંથી ઊભી પૂંછડીએ ન્હાસવું પડતે. પબ્લીયસે પોતાના બાપ ક્રેસસના હુકમથી ૪૦૦૦ પાયદળ, ૧૫૦૦ ઘોડેસ્વારો અને ૫૦૦ તીરંદાજો સાથે પાર્થ્યન ફોજ ઉપર હુમલો કીધો. આથી પાર્થ્યન સપેહસાલારે (સુરેનાએ) કુનેહ વાપરી પોતાના લશ્કરને લઈ પોતે પબ્લીયસથી કેવાક બિહીનો હોય તેમ ન્હાસવા માંડયું. પબ્લીયસે તેમની પૂઠ પકડી. અને જ્યાં સૂધી પબ્લીયસ પોતાના પિતાથી ઘણો દૂર નિકળી ગયો નહિ ત્યાંસૂધી પાર્થ્યનો થોભ્યા નહિ •પણ જ્યારે તેઓએ તેને મ્હોટા રૂમી લશ્કરથી વિખુટો પડેલો જોયો ત્યારે તેઓ ન્હાસતા અટકી ગયા અને તેઓએ પબ્લીયસને ચોબાજુથી ઘેરી લીધો.

૫૩. અશ્કાની તીરંદાજોએ પબ્લીયસની ૪૦૦૦ પાયદળ ફોજનો સદંતર નાશ કર્યો; બહાદુર પબ્લીયસ શત્રુઓના હાથમાં કેદ પકડાવાને બદલે પોતાનાજ એક સિપાહને હાથે રાજીખુશીથી માર્યો ગયો; ૧,૫૦૦ ઘોડેસ્વારો અશ્કાનીઓના હાથ ઉપર કપાઇ મૂઆ અને ૫૦૦ ઘોડેસ્વારો કેદ પકડાયા.

પબ્લીયસ ઉપર આવી જબરી ફત્તેહ મેળવી પાર્થ્યનોએ તેનું ડોકું કાપી એક ભાલા ઉપર ઉઠાવ્યું અને શાદી રામશનીના અવાજો કાઢતા તેઓ હવે ક્રેસસના મ્હોટા લશ્કર ઉપર ધસી ગયા. જ્યારે ક્રેસસે પાર્થ્યનોને તેના બેટા પબ્લીયસની ન્હાની ફોજ આગળ ન્હાસતા જોયા ત્યારે તેની પૂરં ખાતરી હતી કે હવે પબ્લીયસ શત્રુઓનો નાશ કરશે. પણ થોડા વખ્તમાં તો તેને પબ્લીયસની ભય ભરેલી હાલતની ખબર મળી. આથી તેણે પોતાના બેટાને મદદ કરવા તેની તરફ ઝડપથી કુચ કરવા માંડી. પાર્થ્યનો તેને સામાજ મળ્યા અને તેઓ જોડે એક મ્હોટી નાશકારક મહાભારત લડાઈ તેને લડવી પડી. કહે છે કે પાર્થ્યનો લડાઈ માટે એટલા તો ઇંતેજાર હતા કે રૂમીઓને જોતાજ તેઓ હરખમાં આવી પુકારો ઉઠાવવા લાગ્યા.

૫૩. **પાર્થ્યનોએ રૂમીઓ** પર મ્હોટો ઘસારો કરી તેમના લશ્કરનો મ્હોટો ઘાણ કાઢયો; ૪૦૦૦ **રૂમીઓ** જખમી થયા; રાત પડવાથી લડાઇ બંધ પાડી **પાર્થ્યનો** લડાઇનું મેદાન છોડી ગયા; **રૂમીઓ** પોતાના જખ્મી સિપાહોને લડાઈના મેદાનમાંજ પડતા નાખી **કાર્હી** શ્હેરમાં ન્હાસી ભરાયા.

૫૩. બીજે દિવસે **પાર્થ્યનોએ** ૪૦૦૦ જખમી થયલા **રૂમીઓને** કત્લ કરી **કાર્હી** શ્હેર પર હુમલો કીધો. **રૂમીઓ** ન્હાસભાગમાં પડયા: **ક્રેસસ યુફ્રેટિસ** નદી તરફ ૫૦૦ ઘોડેસ્વારોને સાથે લઇ નાઠો, સરદાર **ઓકટેવ્યસ** ૫૦૦૦ પાયદળ જોડે **સિનેકા** જઇ ભરાયો.

૫૩. ત્રીજે દિવસે **પાર્થ્યનોએ ક્રેસસની** પુઠ પકડી. **સુરેનાના** કાવાદાવાથી **કૉન્સલ ક્રેસસ** અને **રૂમી** સરદાર **ઓકટેવ્યસ પાર્થ્યનોના** હાથ પર માર્યા ગયા. **રૂમી** લશ્કરનો મ્હોટો ભાગ હથિયાર છોડી **સુરેનાને** તાબે થયો. **રૂમીઓની પાર્થ્યા** ઉપરની ચઢાઈનું નાશકારક છેવટ આવ્યું.

જ્યારે **સુરેનાએ** ત્રીજે દહાડે **ક્રેસસ** ઉપર હુમલો કીધો ત્યારે **ક્રેસસ** પોતાના સરદાર **ઓકટેવ્યસ** જોડે ૭૦૦૦ રૂમીઓને લઈ લડવાને તૈયાર થયો. એ લડાઈમાં કદાચ **ક્રેસસ** પોતાના સઘળાં લશ્કર સહિત માર્યો જતે પણ **સુરેના ક્રેસસને** જીવતો કેદ પકડવાને ઘણો ઇતેજાર હોવાથી તેણે રૂમીઓ સાથે લડાઈ કીધી નહિ અને યુક્તિથી **ક્રેસસને** કેદ પકડવાની બાજી રમ્યો. તે રૂમીઓને છોડી પોતાની છાવણીમાં પાછો ફર્યો. આગળી લડાઈઓમાં કેદ પકડાયલા થોડા રૂમીઓની તેણે ઘણી મેહેમાનદારી કરી અને તેઓના મન પર પાર્થ્યન ખ્વાસનો ઉત્તમ છાપ બેસાડયો. પછી તેણે તે કેદીઓને છોડી મેલ્યા. ઉપલા કેદીઓએ રૂમી છાવણીમાં આવી ભલા પાર્થ્યનોની ભલમનસાઈ અને નમુનેદાર દયાળું ખ્વાસની ભારે તારીફ કીધી. આથી રૂમીઓ ઘણા રાજી થયા. **સુરેનાએ** વળી ઉપલા કેદીઓમાં એવી વાત ફેલાવી હતી કે પાર્થ્યનો રૂમીઓને લાભ થાય એવી સુલેહ કરવા પણ રાજી છે. આથી

ક્રેસસને નવી આશા આવી. થોડા વખતમાં સુરેનાએ પોતાની સાથે થોડાક બહાદુર સરદારોને લઈ સુલેહની સરતો નક્કી કરવા રૂમી છાવણી તરફ કુચ કરવા માંડી. તેણે રૂમી છાવણી તરફ જઈ એવી માંગણી કીધી કે પાર્થ્યનો સુલેહ કરવા રાજી છે માટે ક્રેસસે સુરેના સાથે આવેલા સરદારોની સંખ્યાં જેટલાજ સરદારોને સાથે લઇ બન્ને લશ્કરોની છાવણીઓ વચ્ચે આવેલા મેદાનમાં સુલેહની સરતો નક્કી કરવા આવવું. કહે છે કે સુરેનાની હીલચાલમાં ક્રેસસને કંઈ ભેદ સમાયલો માલમ પડવાથી તેણે સુરેનાની માંગણી ના પાડી પણ રૂમી લશ્કરને તો પાર્થ્યનો માટે ભલો વિચાર હોવાથી તેઓની ધમકીથી ક્રેસસે સુરેનાએ નક્કી કીધેલી જગો તરફ જવા કબૂલ કીધું. બન્ને પક્ષો વચ્ચે સુલેહની સરતો નક્કી થયા બાદ સુરેનાએ મ્હોટા માન સાથે ક્રેસસને પોતાની છાવણીમાં પોતાની મેહેમાનદારી ચાખવા પધારવાનું ઇજન કીધું. ક્રેસસે પોતાના સઘળાં રસાલા સાથે અરબાની ઘોડાઓ પર સ્વાર થઈ પાર્થ્યનોની છાવણી તરફ સુરેના સાથે ચાલવા માંડયું. પણ અર્ધ રસ્તેજ પાર્થ્યનોનું કાવત્રું ઉઘાડું પડયું અને રૂમીઓ અને પાર્થ્યનો વચ્ચે ન્હાની ઝપાઝપી થઈ તેમાં ક્રેસસ, ઓકટેવ્યસ અને બીજા મ્હોટા રૂમી અમલદારો માર્યા ગયા. સુરેનાએ ક્રેસસનું ડોકું કાપી પોતાના શાહાનશાહ પર આર્મીન્યા ખાતે રવાના કીધું. રૂમીઓ પરની મ્હોટી યાદગાર ફત્તેહની ખુશાલીમાં સુરેનાએ સિલ્યુશિયા શેહેર ખાતે એક ભપકામંદ સરઘસ ફેરવ્યું. આ મૂજબ રૂમી ચઢાઈનું છેવટ આવ્યું. એ ચઢાઈમાં ૨૦,૦૦૦ રૂમીઓ માર્યા ગયા અને ૧૦,૦૦૦ રૂમીઓ કેદ પકડાયા. કેદ પકડાયલા રૂમીઓને માર્જીયાના ખાતે વસાવી પાર્થ્યન સ્ત્રીઓ જોડે ઑરોડિસે તેમને પરણાવી આપ્યા.

૫૩. પાર્થ્યનોએ આખું મેસોપોટેમ્યા ખાલસા કીધું. આર્મીન્યાએ પાર્થ્યાની તાબેદારી કબૂલ કીધી.

૫૩. ઓરોડિસે સુરેનાને તેના દુશ્મનોની ઉશ્કેરણીથી ભોરવાઇ જઈ મારી નખાવ્યો. ઓરોડિસે સિલાકને તેની જગોએ નિમ્યો.

૫૨. શાહાનશાહ ઓરોડિસે રૂમીઓ સાથના જંગમા પોતાને થયલા નુકસાનના બદલામાં એક લશ્કર મોકલી રૂમી પ્રાંતોમાં લૂટફાટ ચલાવી.

૫૧. શાહાનશાહ **ઓરોડિસ**નો વડો શાહજાદો **પેકોરસ** **રૂમી** ચઢાઇનું વેર લેવા **સિરિયામાં** મ્હોટા સૈન્ય સાથે દાખલ થયો. **રૂમી** ફોજનો વડો સરદાર **કેશ્યસ** પાર્થ્યનો સામે લડવાની હિંમત નહિ કરતા **સિરિયાના** પાયતખ્ત **એન્ટીઓક**માં ભરાઇ બેઠો. **પેકોરસે** **સિરિયામાં** લૂટફાટ ચલાવી નાશ ફેલાવ્યો.

૫૧. **પેકોરસે** **સિલીશિયા** ઉપર ચઢાઈ કરી તેને વેરાન કીધું.

૫૦. શાહાનશાહ **ઓરોડિસે** **પેકોરસ**ને પાછો **પાર્થ્યા** બોલાવી લીધો. (જુલાઈ.)

ઇ૦ સ૦ પૂ૦ ૫૦ માં રૂમી પ્રાંતોનો વડો **બિબ્યુલસ** નિમાયો. તેનામાં પાર્થ્યનો જોડ લડવાની હિંમત હતી નહિ. આથી તેણે **પેકોરસ**ને એવી લાલચ દેખાડી કે જો તું રૂમીઓ સામે લડવાનું છોડી દઈ તેઓની પક્ષ પકડે તો તેના બદલામાં રૂમીઓ તુંને પાર્થ્યાની ગાદી બક્ષસે. પણ **પેકોરસે** તેની માંગણી તુચ્છકારી કાઢી. આ વાત શાહાનશાહના કાન પર આવતા તેણે **પેકોરસ**ને તરત **પાર્થ્યા** બોલાવી લીધો.

૫૦. શાહાનશાહ **ઓરોડિસે** **પેકોરસ** પર મેહેરબાન થઇ તેને રાજ્યકારભારમાં સામેલ કીધો.

૪૮. **રૂમી** સરદાર મહાત્મા **પૉમ્પીએ** પોતાના હરીફ **જુલિયસ સીઝર** સામે શાહાનશાહ **ઓરોડિસ** પાસે મદદ માંગી. **પૉમ્પીએ** **ઓરોડિસ**ની સરતો નાકબૂલ કરવા**થી** **પાર્થ્યનોએ** તેને મદદ આપી નહિ. **સીઝરે** **ફાર્સેલિયાની** લડાઈમાં પોતાના હરીફ **પૉમ્પીનો** પરાજય કર્યો.

પોતાની શિકસ્ત પછી **પૉમ્પીએ** **પાર્થ્યા** ખાતે ન્હાસી **ઓરોડિસનો** આશ્રો શોધવા માંગ્યો પણ તેમ કરતા તેના મિત્રોએ તેને અટકાવ્યો.

સીઝરે **પૉમ્પીની** શિકસ્ત પછી બીજા ચારેક વર્ષોમાં પોતાના **સઘળાં** હરીફોનો નાશ કર્યો. ઇ૦ સ૦ પૂ૦ ૫૦ ની આગમજ તે પુરાતન ગૉલ અને અર્ધું ઇંગ્લંડ જીતી ચૂકયો હતો. ત્યાર પછી તેણે વધુ લાભ

કરી, આખી રોમન શાહાનશાહતમાં પોતાના જેવો ફત્તેહમંદ જોદ્ધો બીજો નહિ હોવાથી, પોતાને રોમનો શાહાનશાહ બનાવ્યો. ક્રેસસનો તે મ્હોટો મિત્ર હતો અને હવે રોમન શાહાનશાહતનો તે વડો હોવાથી પોતાની તાબેની પ્રજાઓનું રક્ષણ કરવાની તેણે પોતાની ફરજ વિચારી; અશ્કાનીઓએ ક્રેસસનો સંહાર કરી સિરિયા, સિલીશિયા, વિગેરે રૂમી પ્રાંતો વેરાન કર્યા હતા માટે સીજરે ક્રેસસનું તેમજ પોતાની પ્રજાનું વેર પાર્થ્યા પર લેવા માંગ્યું. ક્રેસસની ધારણા છેક હિંદુસ્તાન વેર રૂમી ઝુંડો ઉડતો કરવાની હતી પણ પાર્થ્યા ફત્તેહ કરવાની આગમજ તેનું મરણ નીપજવાથી તેની મુરાદ ફળી નહિ. પણ સીજર જેવો મિત્ર તેનુ વેર લઈ તેના શત્રુઓનો કચ્ચડઘાણ કાઢી નાખી તેની ધારણાઓ પાર પાડવા હાજર હતો. સીજરની મતલબ પાર્થ્યન શાહાનશાહને જમીનદોસ્ત કરી પાર્થ્યા જીતી, કૉકેસસ પહાડો ઓળંગી સ્કીથ્યામાં પેસી તેને ફત્તેહ કરી, ત્યાંથી જર્મનીમાં દાખલ થઈ જર્મનોને તાબે કરી, ફ્રાન્સને રસ્તે પાછા ઇટલી ફરવાની હતી!

૪૪. રોમના પ્હેલા શાહાનશાહ **જુલિયસ સીજરે** **ક્રેસસનું** વેર લેવા અને **સિરિયા** પરની **પાર્થ્યન** ચઢાઇથી **રોમને** ગયલી ખોટ ભરાવી લેવા **પાર્થ્યા** પર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી. **સીજરનું** ખૂન થવાથી **પાર્થ્યા** પરની તેની ચઢાઇ અધુરે ગઇ (૧૫ મી માર્ચ.) **સીજરના** મિત્રો અને તેઓના શત્રુઓ વચ્ચે વિગ્રહ જાગ્યો.

૪૩. **ઑરોડિસે** પોતાના શત્રુ **સીજરના** એક શત્રુ **કેશ્યસને** તેના (**સીજરના**) મિત્રો સામે મદદ આપી.

૪૩-૪૦. **સીજરના** મિત્રો અને તેના શત્રુઓ વચ્ચે મ્હોટું યુદ્ધ ચાલ્યું.

૪૦. **ફિલિપ્પીના** જંગમાં **સીજરના** મિત્રોની મ્હોટી ફત્તેહ થઇ. **રોમમાં** **સીજરના** મિત્રો વચ્ચે રાજ્યસત્તા સારૂ મ્હોટી લડાઇ ઉઠી.

૪૦. શાહાનશાહ **ઓરોડિસે** રોમમાં જાગેલી માંહો-માંહેની લડાઈનો લાભ લઇ પોતાના ગાદીવારસ શાહજાદા **પેકોરસ** અને પોતાને આશ્રે આવેલા **રૂમી** સરદાર **લેબિયેનસ**ની સર-દારી તળે એક મ્હોટું સૈન્ય **રૂમી** પ્રાંતો ફત્તેહ કરવા **યુફ્રેટિસ**ની પશ્ચિમના **રૂમી** પ્રાંતોમાં મોકલ્યું.

૪૦. **પાર્થ્યનોએ** સિરિયામાં દાખલ થઈ **રૂમી** સરદાર **સેક્સા**નો મ્હોટો પરાજય કર્યો. શાહજાદા **પેકોરસે** સિરિયા ફત્તેહ કીધું.

૪૦. **પેકોરસે** ફિનિશ્યા સર કરી **પેલેસ્ટૈન** પર ચઢાઇ કીધી. **પેકોરસે પેલેસ્ટૈન**ના યહુદી રાજા **એન્ટીગોનસ**ને મદદ કરી તેના હરીફને હરાવ્યો અને **એન્ટીગોનસ**ને **પેલેસ્ટૈન** તાબે કરી ત્યાંનો શત્રપ બનાવ્યો.

૪૦. સરદાર **લેબિયેનસે એશિયા મૈનર** ઉપર ચઢાઇ કીધી. તેણે **રૂમી** સરદાર **સેક્સા** પર એક જબરી ફત્તેહ મેળવી. **લેબિયેનસે** આખું **એશિયા મૈનર** જીતી લીધું

૪૦-૩૯. **એશિયા**ના સઘળાં **રૂમી** પ્રાંતો ઉપર **પાર્થ્ય-નોએ** રાજ્ય ચલાવ્યું.

૩૯. રોમના વડા **માર્ક એન્ટની**એ પોતાના સરદાર **પબ્લીયસ વેન્ટીડયસ**ને **પાર્થ્યનો** સામે લડવા **એશિયા** મોકલ્યો (પાનખર રૂતું.) સરદાર **લેબિયેનસ પબ્લીયસ**ના અચાનક હુમલાથી ગભરાઈ **સિલીશિયા** નાઠો. **લેબિયેનસ**ની મદદે ગયલી **પાર્થ્યન** ફોજે **રૂમીઓ** પર એકાએક હુમલો લઈ જતા હાર ખાધી અને **લેબિયેનસ** ન્હાસવા જતા **રૂમીઓ**ના હાથમાં સપડાઇ માર્યો ગયો. **રૂમીઓએ એશિયા મૈનર** પાછું તાબે કીધું.

૩૯. **સિરિયામાં** દાખલ થવાની સાંકડી 'પાસો' નું રક્ષણ કરવા ઊભેલા **પાર્થ્યન** સરદાર **ફ્રાર્નાપતિસ** (ખુરેહબદ) નો સરદાર **પબ્લીયસે** પરાજય કર્યો. **પબ્લીયસ**ના હાથ પર **ફ્રાર્નાપતિસ** બીજી શિકસ્ત ખાઈ માર્યો ગયો. શાહજાદો (**"સિરિયાનો પાદશાહ"**) **પેકોરસ** **સિરિયા** છોડી પાયતખ્ત પાછો ફર્યો. **રૂમીઓએ** **સિરિયા**, **પેલસ્ટૈન** અને **ફિનિશ્યા** પાછા તાબે કીધા.

૩૮. શાહજાદા **પેકોરસે** **સિરિયા** ઉપર પાછી (ત્રીજી વાર) ચઢાઈ કીધી. **પેકોરસ** **રૂમીઓ** સાથે લડતા માર્યો ગયો અને **પાર્થ્યનો** ન્હાસભાગમાં પડયા.

૩૭. **ઓરોડિસે** પોતાનું રાજપાટ પોતાના બીજા બેટા **ફ્રરહાદને** સ્વાધીન કીધું. **ફ્રરહાદે** પોતાના બાપની ઇતરાજીથી નારાજ થઈ તેનું ખૂન કીધું.

ફરહાદ.

ફ્રઆર્ટિસ ૪. ઈ૦ સ૦ પૂ૦ ૩૭-૨.—૩૫ વરસ.

ઓરોડિસ ૧. નો બેટા.

યુવરાજ **પેકોરસ**ના માર્યા ગયા પછી શાહાનશાહ **ઓરોડિસ**ને ફીકર પડી કે તેના મરણ બાદ જો તેના બેટાઓ તખ્ત માટે ફેસાદ ઉઠાવશે તો રૂમીઓને તેથી મોટો લાભ થશે અને પાર્થ્યાની શાહાનશાહત નબળી પડશે. એથી તેણે પોતાની હૈયાતીમાંજ **ફરહાદ**ને તખ્ત તાજ સ્વાધીન કર્યું. **ફરહાદ**ની માતા **ઓરોડિસ**ની હકદાર રાણી નહિ હોવાથી **ફરહાદ** બિહીધો કે હકદાર રાણી (કોમાગેનીના રાજા **એન્ટીઓકસ**ની બેટી) ને પેટના તેના ભાઈઓ તેની સામે બંદ મચાવશે. એટલા માટે **ફરહાદે** તેમને કત્લ કરાવ્યા. તેના આ બદ કામ સામે **ઓરોડિસે** ઘણો ધિક્કાર બતાવ્યો તેથી **ફરહાદે** તેનું પણ ખૂન કીધું. **ઓરોડિસ** પોતાના બાપના ખૂનમાં સામેલ હતો અને પોતે પણ પોતાના બેટાનાજ હાથ પર માર્યો ગયો! કેવો વાજબી ઇનસાફ! ખુદાની લાકડીને અવાજ નથી! **ફરહાદ** ખવાસેજ ખૂની હતો. તેણે પોતાના પેદરના ખૂન બાદ પોતાના ૩૦ સાવકા ભાઈઓના પણ ખૂન કીધા અને પછી પોતાની દરબારના અમીર ઉમરાઓની પાછળ મંડયો. પણ તેનો જૂલ્મ તેનેજ ભારી પડયો. દરબારમાં **મોનીસિસ** નામનો મ્હોટો વગવાળો અમીર હતો. તેણે **ફરહાદ**થી કંટાળી રૂમીઓના વડા **માર્ક એન્ટની**ની છાવણીમાં આશ્રો લઈ તેને **ફરહાદ** સામે લડવા ઉશ્કેર્યો. **મોનીસિસ**ની મતલબ રૂમીઓની મદદથી **પાર્થ્યા**નું તખ્ત હાથ કરી પોતાને રૂમીઓનો તાબેદાર રાજા બનાવવાની હતી. **ફરહાદ**ને તેના આ પગળાથી ભારે ચીંતા ઉત્પન્ન થઈ અને તેણે **મોનીસિસ**ને સમજાવી પોતાના દેશ સામે ફેસાદ બરપા કરવાથી તેને દૂર રાખવા માંગ્યો. **મોનીસિસ ફરહાદ**થી મ્હોટી પદવી મેળવવા પામ્યો. આથી તેણે રૂમીઓની પક્ષ છોડી દીધી. **માર્ક એન્ટની** **પાર્થ્યા** સામે લડાઇ ઉઠાવવા માંગતો હતો તેથી જ્યારે **મોનીસિસ**નું બહાણું દૂર થયું ત્યારે તેણે **ફરહાદ** સામે લડાઈ ઉઠાવવા બીજું બહાણું ઉભું કીધું. તેણે **ફરહાદ** પર માંગણી મોકલી કે તેણે **ક્રેસસ** સાથની લડાઈમાં પકડાયલા બંધવાઓ છોડી દેવા અને **ક્રેસસ** પાસેથી જીતેલા ઝુંડાઓ રૂમીઓને પાછા સ્વાધીન કરવા. **ફરહાદ** જૂલ્મી

હોવા છતાં બહાદુર અને લડાયક હતો માટે તેણે એન્ટનીની કશી દરકાર કીધી નહિ. આથી રૂમીઓ અને પાર્થ્યનો વચ્ચે પાછી જબરી જંગ ચાલી.

૩૭. માર્ક એન્ટનીએ પાર્થ્યા સામે લડાઇ જાહેર કીધી. આર્મીન્યાના પાદશાહ અર્દવશે એન્ટનીને મ્હોટી મદદ આપી. એન્ટની આર્મીન્યામાં દાખલ થયો.

એન્ટનીની સાથે ૧,૦૦,૦૦૦ માણસોનું જબરૂ સૈન્ય હતું. વળી અર્દવશે તેને ૭૦૦૦ પાયદળ અને ૬૦૦૦ સ્વારોની મ્હોટી મદદ આપી. આ વખતે મીડિયાનો ખંડિયો રાજા આર્તાવસ્દીસ પોતાના શાહાનશાહ ફરહાદના લશ્કરમાં લડવા ગયલો હોવાથી મીડિયા બચાવ વગરનું હતું માટે અર્દવશે એન્ટનીને સલાહ આપી કે તેને પ્રથમ મીડિયા સર કરવું. એન્ટનીએ તેની સલાહ માન્ય રાખી.

૩૭. માર્ક એન્ટનીએ આર્મીન્યાને માર્ગે મીડિયા ઉપર ચઢાઈ કીધી.

માર્ક એન્ટીનીએ પોતાના ૧,૧૩,૦૦૦ માણસોને બે ભાગોમાં વ્હેંચી નાખી એક ભાગની સરદારી ઓપિયસ સ્ટેશિયાનસને આપી, ઘેરો નાખવાના હથિયારો અને લશ્કરી સરંજામ સાથે પોતાની પાછલ આવવાને તેને હોકમ કીધો અને પોતે ઝડપી કુચ કરતો મીડિયામાં દાખલ થયો.

૩૯. માર્ક એન્ટનીએ મીડિયાની રાજધાની પ્રાસ્પાને ઘેરો ઘાલ્યો.

આ ઘેરાની ખબર મળતાજ મીડિયાનો રાજા અર્દવશ પાર્થ્યન શાહાનશાહ સાથે પોતાના મુલ્કનો બચાવ કરવા દોડયો આવ્યો. પણ પ્રાસ્પા બહુંજ મજબૂત હોવાથી તેને તાબે કરતા એન્ટનીને ઘણો વખ્ત લાગશે એવું વિચારી પાર્થ્યનોએ એન્ટનીની પાછલ પડેલા રૂમી સરદાર ઓપિયસ સ્ટેશિયાનસને તેની મદદે આવતા રોકવાનો ઇરાદો કર્યો. પાર્થ્યનોએ પોતાના ઇરાદા મુજબ સ્ટેશિયાનસ સામેજ પ્રથમ કુચ કીધી અને થોડા વખ્તમાં તેની લગોલગ તેઓ જઈ પ્હોંચ્યા.

૩૬. **પાર્થ્યનો** **રૂમી** સરદાર **ઓપિયસ સ્ટેશિયાનસ** ઉપર અચાનક હુમલો લઇ ગયા; **પાર્થ્યનોએ** **રૂમીઓનો** **એક** યાદગાર મહાભારત ખૂનખાર લડાઈમાં મ્હોટો પરાજય કર્યો; **રૂમી** સરદાર ૧૦,૦૦૦ **રૂમી** સિપાહો જોડે માર્યો ગયો; **પાર્થ્યનોએ** મ્હોટી લૂટ મેળવી.

૩૬. **રૂમીઓની** નાશકારક શિકસ્તથી **પાર્થ્યનોનો** ડર ખાઇ **અર્મેની** રાજા **અર્હવશે** **રૂમીઓનો** પક્ષ છોડી દઇ પોતાના મદદગાર લશ્કરને **મીડિયાથી** પાછું **આર્મીન્યા** બોલાવી દીધું.

એન્ટની હવે દુશ્મનોના મુલકમાં ફસી પડયો. પ્રાસ્પાના બહાદુર જોદ્ધાઓને તે તાબે કરી શકયો નહિ. રૂમીઓ ખોરાક વગર ભૂખે મરવા લાગા અને **પાર્થ્યનોએ** તેને પજવામાં કશું બાકી રાખ્યું નહિ. શિયાળો નજદીક આવતો હોવાથી પોતાની ફોજના બચાવ અર્થે તેને **પાર્થ્યા** (**મીડિયા**) માં પડી રહેવામાં કશો લાભ હતો નહિ. **પાર્થ્યનોએ** અચાનક હુમલાઓ કરી તેને જંપીને બેસવા દીધો નહિ. આથી કંટાળીને તેણે **ફરહાદ** પર એલચીઓ મોકળી કહેવડાવ્યું કે જો **ક્રેસસ** પાસેથી ફત્તેહ કીધેલા ઝુંડાઓ પાછા આપી લડાઇમાં પકડાયલા બંધવાઓ તે છોડી દશે તો રૂમીઓ **પાર્થ્યા** છોડી ચાલી જશે. **ફરહાદે** આ માંગણી ઘણાજ તુચ્છકાર સાથે નાકબૂલ રાખી. **માર્ક એન્ટની** હવે વધુવાર હિંમત રાખી શકયો નહિ. તેણે **મીડિયા** છોડી ઉભી પૂછડીએ ન્હાસવા માંડયું.

૩૫. **માર્ક** **એન્ટની** મ્હોટી હિનપસ્તી સાથે **મીડિયા** છોડી **આર્મીન્યા** તરફ ન્હાસી ગયો. **એન્ટની** **આર્મીન્યામાં** દાખલ થયો.

એન્ટનીએ પોતાની ન્હાસભાગ દરમ્યાન ઘણાજ દુઃખો વેઠયા. એ ન્હાસભાગ દરમ્યાન તેને **પાર્થ્યનો** જોડે ૧૮ લડાઇઓ થઈ અને તેમાં રૂમીઓનો કચ્ચડઘાણ નિકળી ગયો. ૨૧ દિવસોની અતિ મુશ્કેલ કુચ પછી તે આર્મીન્યામાં દાખલ થયો. પણ એ ૨૧ દિવસોમાં રૂમીઓએ બર્ફના તુફાનો, કાતિલ થંડી, ભૂખમરો અને **પાર્થ્યનોના** નાશકારક

તીરોથી એટલા તો સંકટો વેઠયા કે તેનું વર્ણન આપણાથી થઇ શકતું નથી. **માર્ક એન્ટનીની** આખી ચઢાઇ દરમ્યાન રૂમીઓના ૩૦,૦૦૦ માણસો માર્યા ગયા અને બાકી વધેલા ૭૦૦૦૦ અધમુઆ રૂમીઓ સાથે **એન્ટની** મ્હોટી શરમભરેલી ન્હાસભાગમાં પડી રૂમી પ્રાંતોમાં દાખલ થયો. આ રીતે રૂમીઓની પાર્થ્યા ઉપરની બીજી ચઢાઇનું પણ **ક્રેસસની** ચઢાઈ જેવુંજ **રૂમીઓને** કલંક લગાડનાર નાશકારક શેવટ આવ્યું. પણ જ્યારે શત્રુઓ નાબુદ થયા ત્યારે **ફરહાદ** અને તેનો ખંડિયો રાજા **અર્દેવશ** ચોંકાઈ ઉઠયા. રૂમીઓ પાસેથી મેળવેલી લૂટમાં પોતાને બરાબર ફાળો નહિ મળવાથી **અર્દેવશે ફરહાદ** તરફ તોછડાઇભરી ચાલ ચલાવી. **ફરહાદ** તુરતવેળા તો ખામોશ રહ્યો પણ ભવિષ્યમાં તે પોતાને હેરાન કરેશે એવી બિહીક રાખી **અર્દેવશે** પોતાના બચાવ અર્થે રૂમીઓનો પક્ષ પકડયો.

૩૫. મીડિયાનો ખંડિયો રાજા **અર્દેવશ ફરહાદ** તરફ બેવફા થઈ **રૂમીઓને** પડખે ભરાયો.

એન્ટની આર્મીન્યાના રાજા **અર્દેવશને** તેના દગા માટે સજા કરવા તત્પર હતો માટે **અર્દેવશે** (મીડિયાના રાજાએ) **એન્ટનીને** મદદ કરવા પોતાની ખુશી બતાવી. **એન્ટનીએ અર્દેવશની** દોસ્તી કબૂલ રાખી અને તેઓ બન્ને વચ્ચે અરસપરસ મદદ કરવાના કોલકરારો થયા.

૩૪. માર્ક એન્ટનીએ આર્મીન્યામાં દાખલ થઈ ત્યાંના રાજા **અર્દેવશને** દગાથી કેદ કીધો અને **આર્મીન્યામાં** લૂટફાટ, ચલાવી આખા દેશમાં નાશ ફેલાવ્યો. **અર્માનીઓએ અર્દેવશના** બેટા **આર્તાક્ષ્યાસને આર્મીન્યાની** ગાદી પર બેસાડયો. **માર્ક એન્ટનીએ આર્તાક્ષ્યાસને** એક લડાઇમાં હરાવી પદભ્રષ્ટ કર્યો. **આર્તાક્ષ્યાસે** ન્હાસી શાહાનશાહ **ફરહાદની** દરબારમાં આશ્રો લીધો. **એન્ટની આર્મીન્યાના** રાજા **અર્દેવશને** સોનાની બેડી ઠોકી, મ્હોટી લૂટ સાથે, રાજાને સાથે લઈ **ઈજીપ્ત** (મિસર) પાછો ફર્યો.

૩૩. **માર્ક એન્ટની** પોતાના મિત્ર **મીડિયાના** રાજા **અર્હવશની** મુલાકાતે **એરાકસિસ** નદીવાલા મુલ્કમાં આવ્યો. **અર્હવશની** બેટી સાથે **માર્ક એન્ટનીના** (મિસરની અતિ સુંદર રાણી **કિલચેઓપેત્રાને** પેટના) બેટા **એલેકઝાંડરની** શેહાદી થઇ. **એન્ટનીએ** **અર્હવશને** **આર્મીન્યાનું** એક પ્રગાણું ભેટ આપ્યું. **એન્ટની** પોતાના હરીફ **ઓકટેવ્યસ** સાથે લડવા **એશિયા મૈનર** પાછો ફર્યો.

૩૩. શાહાનશાહ **ફેરહાદે** **મીડિયાના** બેવફા બળવાખોર રાજા **અર્હવશને** સજા કરવા **મીડિયા** ઉપર ચઢાઇ કીધી. **અર્હવશે** **રૂમી** લશ્કરની મદદથી **ફેરહાદને** પ્હેલા યુદ્ધમાં પરાજય કર્યો. **માર્ક એન્ટનીએ** **રૂમી** લશ્કરને પોતાની મદદે **એશિયા મૈનર** બોલાવી લીધું. **રૂમીઓની** મદદ વિના **અર્હવશને** લડવા પડવાથી બીજી મ્હોટી લડાઈમાં તે મ્હોટી હાર ખાઈ **ફેરહાદના** હાથમાં કેદ પકડાયો.

૩૩. શાહાનશાહ **ફેરહાદે** **આર્મીન્યાના** પદભ્રષ્ટ રાજા **આર્તાક્ષ્યાસને** તેની ગાદી પાછી અપાવવા **આર્મીન્યા** ઉપર ચઢાઇ કીધી. **પાર્થ્યનોએ** **આર્મીન્યાના** પાયતખ્તને જીતી લઇ કિલ્લામાંના **રૂમી** લશ્કરને કત્લ કીધું. **આર્તાક્ષ્યાસ** પાછો ગાદીનશીન થયો.

૩૩. **ફેરહાદના** બેહદ ઘાતકીપણાથી કંટાળી **પાર્થ્યન** ઉમરા **તીરદાદે** બળવો ઉઠાવ્યો. **ફેરહાદ** રાજ્ય છોડી **સ્કીથ** તુરાનીઓના દેશમાં ન્હાસી ગયો. **પાર્થ્યન** અમીરોએ **તીરદાદને** તખ્તનશીન કીધો.

૩૦. **ફેરહાદે** **સ્કીથ** તુરાનીઓની મદદથી **પાર્થ્યા** ઉપર ચઢાઈ કીધી. બળવાખોર **તીરદાદે** હિંમત છોડી **ફેરહાદના**

સૌથી ન્હાના બેટાને પોતાની સાથે લઇ સિરિયા તરફ ન્હાસી જઇ **ઓકટેવ્યન**ની દરબારમાં આશ્રો લીધો. **ફરહાદ** પાછો ગાદીએ બેઠો.

૨૩. **ફરહાદે ઓકટેવ્યન** ઉપર પોતાના શાહજાદા અને બળવાખોર **તીરદાદ**ને પોતાને પાછા સ્વાધીન કરવા માંગણી મોકળી. **ઓકટેવ્યને ફરહાદ**ના બેટાને તેને પાછો સ્વાધીન કર્યો. પોતાની મેહેરબાનીના બદલામાં **ઓકટેવ્યને, ક્રેસસ** સાથની લડાઇમાં **પાર્થ્યનોએ** જીતેલા ઝુંડાઓ અને **રૂમી** કેદીઓ પાછા **રોમને** સ્વાધીન કરવા **ફરહાદ** પર માંગુ મોકળ્યું; **ફરહાદે ઓકટેવ્યન**ની માંગણી ના કબૂલ રાખી.

૨૦. **રૂમી** શાહાનશાહ **ઑગસ્ટસે (ઓકટેવ્યને) ફરહાદ** સામે લડાઇ ઉઠાવવા ધમકી આપવાથી **ફરહાદે ક્રેસસ**વાળા **રૂમી** ઝુંડાઓ તેને આપી દીધા.

૨૦. શાહાનશાહ **ફરહાદે** પોતાના સઘળાં શાહજાદાઓ (**વોનોનિસ, સેરાસ્પાદાનિસ, રહોદાસ્પિસ** અને **ફ્રાઆટિસ**) ને કેળવણી લેવા શાહાનશાહ **ઑગસ્ટસ**ની દરબારમાં **રોમ** મોકળી દીધા. **ઑગસ્ટસે** તેમની ભારે બરદાસ્ત લઈ મ્હોટા દમામ અને દયા સાથે પોતાની દરબારમાં તેમને રાખ્યા.

૨૦. **આર્મીન્યા**નો સ્વતંત્ર રાજા **આર્તાક્ષ્યાસ** મરણ પામ્યો. **ઑગસ્ટસે** પોતાના સરદાર **ટૈબીર્યસ**ને **આર્મીન્યા** મોકળી **આર્તાક્ષ્યાસ**ના ન્હાના ભાઈ **તીગ્રાન**ને ત્યાંની ગાદી પર બેસાડયો.

૬. **તીગ્રાન** મરણ પામ્યો. **આર્મીનીઓએ તીગ્રાન** (૨.) ના બેટા **તીગ્રાન** (૩.) ને **રૂમી**ઓની રજા વિના તખ્તનશીન કીધો.

૧. પોતાની રજા વિના **અર્માનીઓએ** ગાદીનશીન કીધેલા રાજા **તીગ્રાનને રૂમી** શાહાનશાહ **ઑગસ્ટસે** લશ્કર મોકળી પદભ્રષ્ટ કીધો. **રૂમીઓએ આર્તાવસ્દીસ** નામે શખ્સને ગાદીએ બેસાડયો.

૨. **અર્માનીઓએ** બળવો ઉઠાવી **આર્તાવસ્દીસને** પદભ્રષ્ટ કરી **આર્મીન્યામાંથી** મારી કાઢયો અને **રૂમી** લશ્કરને દેશમાંથી હાંકી કાઢયું. **અર્માનીઓએ તીગ્રાનને** પાછો ગાદીનશીન કર્યો, અને **રૂમીઓ** સામે **પાર્થ્યાની** મદદ માંગી.

૩. બહાદુર, લડાયક, જૂલ્મી શાહાનશાહ **ફ્રહાદનું** તેની રાણી **મુસા (થરમુસા)** તથા ઉપલી રાણીના બેટા **ફ્રહાદકે** જેહર દઈ ખૂન કીધું.

ફરહાદક.

"ન્હાનો ફરહાદ."

ઇ૦ સ૦ પૂ૦ ૨–ઇ૦ સ૦ ૧૬.—૧૮ વરસ.

ફરહાદ ૪. અને થરમુસાનો બેટો.

ફરહાદ ૪. નું જ્યારે ખૂન થયું ત્યારે તેના હકદાર ફરજંદો રોમમાં હતા. આનો લાભ લઈ **ફરહાદકે** ગાદી પચાવી પાડી. તેની માતા **થરમુસા** એક ઇટાલ્યન ગુલામડી હતી. જેણીને રૂમી શાહાનશાહ **ઑગસ્ટસે ફરહાદને** માટે ભેટ મોકળી હતી. તેણી અતિઃઅંત ખુબસુરત હોવાથી **ફરહાદે** તેણીને પોતાની રાણી બનાવી. તેણી હકદાર રાણી નહિ હોવાથી તેણીને પેટના બેટા **ફરહાદકનો** તખ્ત પર દાવો હતો નહિ. આથી તેણીએ **ફરહાદને** ભમાવી સઘળાં હકદાર બેટાઓને કેળવણીને બહાને રોમ મોકળાવી દીધા અને પાછલથી **ફરહાદનું** ખૂન કરી હકદાર બેટાઓની ગેરહાજરીમાં **ફરહાદકને** ગાદીએ બેસાડયો. આ કૂકર્મ કર્યા પછી **ફરહાદકે ઑગસ્ટસ** પર નામું લખી પોતાના સાવકા ભાઇઓને પોતાને સ્વાધીન કરી દેવા માંગણી કીધી. પણ બાહોશ **ઑગસ્ટસે** તેની ખુરી મતલબ પામી જઈ તેની માંગણી ના પાડી, તેને તેની નીચ બુન્યાદની યાદ આપી અને તેને પાર્થ્યાની ગાદી પરનો દાવો છોડી તખ્ત હકદાર ભાઇઓને સ્વાધીન કરવા ફરમાશ કીધી. **ફરહાદક** આથી બિહીધો નહિ. તેણે **ઑગસ્ટસ** પર એક અપમાનભર્યો પત્ર લખી પોતાનો ઉભરો બહાર કાઢયો અને રૂમીઓ વિરૂદ્ધ **અર્માનીઓને** મદદ આપી.

૨. ફરહાદકે રૂમીઓ સામે અર્માનીઓને મદદ આપી.

૧. શાહાનશાહ **ઑગસ્ટસે** પોતાના જવાન પૌત્ર **કાયસને અર્માનીઓને** સજા કરવા અને **ફરહાદક** જો સરકશી કરે તો તેની સામે લડાઇ ઉઠાવવા મ્હોટા સૈન્ય સાથે **આર્મીન્યા** મોકળ્યો.

૧. શાહાનશાહ **ફ્રરહાદકે કાયસ** જોડે સુલેહ કરી **આર્મ**ાનીઓને મદદ નહિ આપવાના સોગંદ લીધા. **ફ્રરહાદકે આર્મી**ન્યા ખાતેથી પોતાનું કુમકનું લશ્કર પાછું બોલાવી લીધું.

ફ્રરહાદક પોતાની માતા **થરમુસાને** બેહદ માન આપતો હતો. તેણે પોતાના સિક્કાની બીજી બાજુએ **થરમુસા**ની સબી પડાવી હતી. તે પોતાની નીચ તોખમની હલકી નીતિની માતાને "**આકાશ દેવી**" તરીકે ઓળખાવતો. **ફ્રરહાદક**ના આ કામોથી **પાર્થ્યન** ઉમરાઓમાં ભારે કચવાટ ઉભો થયો. એક નીચ તોખમની ઓરતને મળતું આ માન તેઓ જોઈ શકયા નહિ અને એક હલકી ઓરતની સત્તા તળે રહેવાનું તેઓને ગમ્યું નહિ. આથી તેઓએ **ફ્રરહાદક** સામે બળવો ઉઠાવ્યો.

૧૬. (ઇ૦ સ૦). **અરકાની** ઉમરાઓએ **ફ્રરહાદક**ના નીચ કામોથી કંટાળી, તેની સામે બળવો ઉઠાવી, તેને ન્હાની લડાઇમાં હરાવી પદભ્રષ્ટ કીધો. **અરકાની** ઉમરાઓએ **ફ્રરહાદક**ને કત્લ કીધો.

ઓરોડિસ (ખુબરૂ) ૨. ઇ૦ સ૦ ૧૬.

ઓરોડિસ કોણ હતો તે માલમ પડયું નથી. શાહાનશાહ **ફ્રરહાદક**ના જુલ્માતથી કંટાળી તે પાર્થ્યા છોડી પ્રદેશ જઈ વસ્યો હતો. અરકાની ઉમરાઓનું એક ડેપ્યુટેશન તેની આગળ જઈ તેને પાછો પાર્થ્યા બોલાવી લાવ્યું અને વડી રાજસભાએ તેને ગાદીનશીન કીધો. **ઓરોડિસ** ખવાસે ઘણો ઘાતકી હોવાથી ઉમરાઓ તેનાથી પણ થોડાજ માસમાં કંટાળી ગયા અને તેઓએ તેનો જાન લેવાનો એકસંપ કર્યો.

૧૬. **પાર્થ્યન** અમીરોએ **ઓરોડિસ**ના જુલ્માતથી કંટાળી જયાફ્રત વેળા તેનું ખૂન કીધું.

વોનોનિસ ૧. ઈ૦ સ૦ ૧૬.

ફરહાદ ૪. નો હક્કદાર વડો બેટો.

૧૬. **માજીસ્તાને** (પાર્થ્યન રાજસભાએ) **અરકાની** ઉમરાઓનું એક ડેપ્યુટેશન **રોમ** મોકળી, શાહાનશાહ **ઑગસ્ટસને** શાહાનશાહ **ફરહાદ ૪.** ના વડા બેટા **વોનોનિસને** **પાર્થ્યા**નું તખ્ત લેવા **પાર્થ્યા** મોકળવાની અરજ કીધી. **ઑગસ્ટસ**ની રજાથી શાહજાદો **વોનોનિસ** **પાર્થ્યા** આવી ગાદીનશીન થયો.

વોનોનિસે તખ્તનશીન થયા બાદ રાજનો ઉત્તમ વહીવત કીધો. પોતાની પ્રજાને વાજબી ઈનસાફ આપી તેણે તેમના ભલાને માટે ઘણું કર્યું. પણ પોતે લાંબો વખ્ત રોમ જેવા સુધારા અને મોજમજાહના મ્હોટા ધામમાં ગુજારેલો હોવાથી તેના આચાર વિચારમાં ઘણોજ ફરક પડી ગયો હતો. પોતાના જાતભાઈઓ તરફની તેની સઘળી કાલજી છતા તે તેમની જોડે ઝાઝો ભેલાતો નહિ. રોમન સુધારાએ તેના મનમાં મજબૂત જડ ઘાલવાથી તેને પાર્થ્યનોના અર્ધ-જંગલી રીવાજો અને રસમો પસંદ પડી નહિ. તેણે રોમથી આણેલા પોતાના રૂમી મિત્રો જોડેજ પોતાનો વખ્ત ગુજારવા માંડયો. એટલુંજ નહિ પણ તેમના પર ભારે મેહેરબાની બતાવી રાજ્યના મ્હોટા ઓહદાઓ પણ તેણે રૂમીઓનેજ બક્ષ્યા. આ સઘળું પાર્થ્યન અમીરો દેખી શકયા નહિ. તેઓએ એકસંપ કરી **અર્દવાન** નામનો **અરકાની** શાહજાદો જે **મીડિયાનો** શત્રપ હતો તેને ગાદી લેવા ઈજન કર્યું જે તેણે મ્હોટી ખુશી સાથે કબૂલ રાખ્યું.

૧૬. **મીડિયાના** શત્રપ શાહજાદા **અર્દવાને** **અરકાની** અમીરોની ઉશ્કેરણીથી શાહાનશાહ **વોનોનિસ**ની ગાદી પચાવી પાડવા **પાર્થ્યા** ઉપર ચઢાઈ કીધી. શાહાનશાહે પ્હેલી લડાઈમાં બળવાખોર **અર્દવાન**નો પરાજ્ય કર્યો. બીજી મહાભારત લડાઈમાં **અર્દવાને** **વોનોનિસને** હરાવી પદભ્રષ્ટ કીધો. **વોનોનિસ** પોતાના મિત્રો જોડે **સિલ્યુશિયા** નાઠો. **અર્દવાન** તખ્તનશીન થયો.

અર્દવાન ૩.

પ્હેલો અમલ: ઈ૦ સ૦ ૧૬-૩૬.—૨૦ વરસ.		
બીજો અમલ: ઈ૦ સ૦ ૩૬-૪૦.— ૪ વરસ.	}	૨૬ વરસ.
ત્રીજો અમલ: ઈ૦ સ૦ ૪૦-૪૨.— ૨ વરસ.		

૧૬. પદભ્રષ્ટ શાહાનશાહ **વેનોનિસે** સિલ્યુશિયાથી ન્હાસી **આર્મીન્યા**માં આશ્રો લીધો. અર્માનીઓએ **વેનોનિસને** **આર્મીન્યા**ની ગાદી બક્ષી. **વેનોનિસે** રૂમી શાહાનશાહ **ટૈબીર્યસ**ની મદદ માંગી. **અર્દવાને** રોમ સામે લડાઇ ઉઠાવવાની ધમકી આપવાથી **ટૈબીર્યસે** ગભરાઇ **વેનોનિસને** મદદ આપવા ના પાડી અને તેને **આર્મીન્યા**નો રાજા ગણવા ના કબૂલ કીધું.

૧૬. **અર્દવાન**ના ધાકથી **અર્માની**ઓએ **વેનોનિસને** પદભ્રષ્ટ કીધો. **વેનોનિસે** ન્હાસી સિરિયાના **રૂમી** હાકમની છાવણીમાં આશ્રો લીધો. **અર્દવાને** પોતાના બેટા **ઓરોડિસને** **આર્મીન્યા**ની હાકમી બક્ષી.

૧૮. **રૂમી** શાહાનશાહ **ટૈબીર્યસને** **અર્દવાન**ની રાજનીતિ પસંદ નહિ પડવાથી **આર્મીન્યા**નો ઘટતો બંદોબસ્ત કરવા, તેણે પોતાના સભ્ય પ્રજાપ્રિય ભત્રીજા **જર્માનિકસને** **એશિયા** મોકલ્યો. **જર્માનિકસે** **આર્મીન્યા**માં દાખલ થઈ શાહાજાદા **ઓરોડિસને** પદભ્રષ્ટ કીધો અને **અર્માની**ઓની ઈચ્છા મૂજબ **આર્મીન્યા**ની ગાદી પર **જેનો** નામના **પૉન્ટસ**ના એક શાહજાદાને બેસાડયો. **જેનોએ** **આર્તાક્ષ્યાસ** નામ ધારણ કર્યું.

૧૯. **જર્માનિકસે** પદભ્રષ્ટ શાહાનશાહ **વેનોનિસને** **સિલીશિયા**માં આવેલા **પોમ્પીઓપોલિસ** શ્હેરની હાકમી બક્ષી જે તેને પસંદ નહિ પડવાથી ન્હાસવા જતા પકડાઈ જઈ માર્યો ગયો.

૧૯-૩૪. બહાદુર શાહાનશાહ **અર્દવાને** **પાર્થ્યાની** સરહદો પર વસનારી અનેક પ્રજાઓને મ્હોટી લડાઇઓમાં હરાવી તાબે કીધી.

૩૪. **આર્મીન્યાનો** રાજા **આર્તાક્ષ્યાસ** મરણ પામ્યો. **અર્દવાને** પોતાના વડા શાહજાદા **અર્સકને** **આર્મીન્યાની** ગાદી પર બેસાડયો.

૩૪. **અર્દવાને** **રૂમીઓ** સાથ છેડતી શોધવા, **વોનો-નિસ** પોતાની જોડે **પાર્થ્યા** ખાતેથી **સિરિયા** તરફ ન્હાસતી વેળા જે ખજાનો લઇ ગયો હતો, તે ખજાનો પોતાને પાછો સ્વાધીન કરવા માંગણી મોકળાવી. **અર્દવાને** **રૂમી** **કેપેડોશિયા** જીતવા લશ્કર મોકલ્યું.

અર્દવાનની આ સઘળી છેડતી છતા **રૂમીઓ** તેની સામે લડવાને રાજી હતા નહિ. આથી તેઓએ કાવાદાવાથી **અર્દવાન** સામે તેના પોતાનાજ રાજ્યમાં ઘણા ફેસાદો બરપા કરાવ્યા. **અર્દવાન** પોતાની ચોબાજુની બહોળી ફત્તેહોથી ઘણો ગર્વિષ્ટ બની ગયો હતો. તેણે પોતાના લોહીના સઘળાં રાજવંશીઓને કત્લ કરી, **પાર્થ્યન** ઉમરાઓ સાથે ઘણી ઘાતકી વર્તણુંક ચલાવી. આથી **પાર્થ્યન** ઉમરાઓ ઘણા કંટાળી ગયા અને **અર્દવાન**ને પદભ્રષ્ટ કરવાની વેત્રણો તેઓએ કરવા માંડી.

૩૪. અશ્કાની ઉમરાઓની માંગણી કબૂલ રાખી, **રૂમી** શાહાનશાહ **ટેબીર્યસે** **ફ્રરહાદ** ૪. ના સૌથી ન્હાના બેટા **ફ્રરહાદ**ને **પાર્થ્યા**નું તખ્ત લેવા **રોમ**થી **પાર્થ્યા** મોકલ્યો. **ફ્રરહાદ** માર્ગમાં માંદગી ભોગવી **સિરિયા** ખાતે મરણ પામ્યો. **અર્દવાને** પોતાની સામે **રૂમીઓ**ની ઉશ્કેરણીથી ઉઠેલા સઘળાં ફેસાદો બેસાડી દઈ, **ટેબીર્યસ** ઉપર તેણે ભારે અપમાનભર્યું નામું લખ્યું.

૩૫. શાહાનશાહ **ટેબીર્યસ**ની ઉશ્કેરણીથી **ફ્રરહાદ** ૪. ના પૌત્ર **તીરદાદે** **પાર્થ્યા**ની ગાદી માટે દાવો ઉઠાવ્યો.

૩૫. **ટેબીર્યસ**ની ઉશ્કેરણીથી **ઐબીર્યા**ના રાજા **ફરાસ્મનિસે** **આર્મીન્યા** ઉપર ચઢાઇ લાવી, શાહજાદા **અર્સકનું** ખૂન કરી, ત્યાંની ગાદી પર પોતાના ભાઈ **મેહરદાદ**ને બેસાડ્યો. શાહાનશાહ **અર્દવાને** પોતાના બીજા બેટા **ઓરોડિસને** **આર્મીન્યા** પાછું ફત્તેહ કરવા મોકલ્યો. **ફરાસ્મનિસે** **અલ્બાન્યન** અને **સાર્મેશ્યન** (**સ્કીથ**) જંગલીઓની મદદથી બહાદુર શાહજાદા **ઓરોડિસ**નો પરાજય કરી, **પાર્થ્યા** પાસેથી **આર્મીન્યા** ખુંચવી લીધું.

૩૬. **અર્દવાને ફરાસ્મનિસને** સજા કરી **આર્મીન્યા** પાછું જીતી લેવા **આર્મીન્યા** ઉપર ચઢાઇ કીધી.

૩૬. **રૂમી** સરદાર **વિટેલ્યસે** અશ્કાની ઉમરાઓને લાંચ આપી **અર્દવાન** સામે બળવો ઉઠાવવા તેમને ઉશ્કેર્યા. **પાર્થ્યન** લશ્કરે **અર્દવાન** સામે બંડ મચાવ્યું. **અર્દવાને** વેહેરકાન (**હીર્કેન્યા**) તરફ ન્હાસી જઇ પોતાના મ્હોટા મદદગાર **દાહી** લોકોના મુલ્કમાં આશ્રો લીધો. **ફરહાદ ૪.** નો નબીરો **તીરદાદ** (**૨.**) તખ્તનશીન થયો.

તીરદાદે ગાદીપર આવ્યા બાદ ઝાઝું સુખ જોયું નહિ. તેના મદદગાર ઉમરાઓને એવી આશા હતી કે **તીરદાદ** તેમને મ્હોટા ઓહ્દાઓ બક્ષસે પણ ઉમરાઓની સંખ્યા જ્યારે ઘણી મ્હોટી હતી ત્યારે માત્ર થોડાજ ઉમરાઓને મ્હોટા ઓહ્દાઓ પર નેમી શકાય એવું હતું. આથી બાકી રહેલા ઉમરાઓ **તીરદાદ**થી નારાજ થઈ તેની વિરૂદ્ધ પક્ષને મળી ગયા. **તીરદાદે અર્દવાન**ના કબીલાને કેદ કરી તેનો સઘળો ખજાનો હાથ કરવાની કોશેશો કરવાથી પણ કેટલાક ઉમરાઓ તેનાથી ફરી બેઠા. આ સઘળાઓ **અર્દવાન**ને જઇ મળ્યા અને તેને **પાર્થ્યા**ની ગાદીનો પાછો હવાલો લેવાને ઇજન કીધું.

૩૬. પદભ્રષ્ટ શાહાનશાહ **અર્દવાને દાહી** અને **સ્કીથ** તુરાનીઓની મદદથી **પાર્થ્યા** ઉપર ચઢાઈ કીધી. **તીરદાદ** ગભરાઈને **સિરિયા** તરફ નાઠો. **અર્દવાન** પાછો ગાદીએ બેઠો.

૩૭. શાહાનશાહ **અર્હવાન** અને **રૂમીઓ** વચ્ચે સુલેહ થઈ: **અર્હવાને આર્મીન્યા** પરનો દાવો છોડી દીધો અને પોતાના બેટા **દારાને** કેળવણી લેવા **રોમ** મોકલ્યો; **રૂમીઓએ અર્હવાનને પાર્થ્યાના** શાહાનશાહ દાખલ કબૂલ રાખી તેની સામે કોઇ પણ દાવાદારને ઉભો નહિ કરવાના **સોગંદ** ખાધા.

૩૭. શાહાનશાહ **ટૈબીર્યસ** મરણ પામ્યો.

૪૦. **અરકાની** ઉમરાંઓએ **અર્હવાનના** જૂલમી અમલથી કંટાળી બીજી વાર બળવો ઉઠાવ્યો. **અર્હવાને** ન્હાસી પોતાના ખંડિયા (**આડિયાબેનીના**) રાજા **ઈજાઠ (ઈજાતિસ)**ની દરબારમાં આશ્રો લીધો. વડી રાજસભાએ શાહજાદા **કિનામ** (**કિનામુસ**) ને ગાદીનશીન કીધો.

૪૦. વફાદાર ભલા **કિનામે** પોતાના ન્હાનપણના રક્ષક પદભ્રષ્ટ **અર્હવાનને પાર્થ્યાનું** રાજ્ય પાછું સ્વાધીન કીધું. **અર્હવાને** પોતાની સામે પ્રપંચ રચનારા સઘળાં અમીરોને માફી બક્ષી.

૪૦. **સિલ્યુશિયાના** મ્હોટા **અગત્યના** શ્હેરે બળવો ઉઠાવ્યો.

૪૨. બહાદુર, લડાયક, ઘાતકી શાહાનશાહ **અર્હવાન** મરણ પામ્યો.

બરદાન (વારદાનિસ). ઇ૦ સ૦ ૪૨–૪૬.—૪ વરસ.

અર્દવાન ૩. નો બેટો.

૪૨. **અર્દવાન**નો બેટો **ગુદર્જ** ગાદીએ બેઠો. **ગુદર્જે** ઘાતકીપણે પોતાના એક ભાઇને તેની ઓરત અને બેટા સાથે કત્લ કરાવ્યો. **ગુદર્જ**ના બેહદ જૂલ્મ અને ઘાતકીપણાથી કંટાળી **પાર્થ્યન** ઉમરાઓએ તેના ભાઈ **વારદાનિસ**ને **પાર્થ્યા**ની ગાદી મેળવવા ઉશ્કેરી. તેઓ તેને મળી ગયા. **વારદાનિસે દાહી** લોકોની મદદથી **પાર્થ્યા** ઉપર ચઢાઈ કીધી. **ગુદર્જ** તખ્ત છોડી ન્હાસી ગયો. **વારદાનિસ** ગાદીએ બેઠો.

૪૨. **વારદાનિસે સિલ્યુશિયા**ના બળવાખોર શ્હેરને ઘેરો ઘાલ્યો.

સિલ્યુશિયાનો ઘેરો પૂરો થાય તે આગમજ તો **બરદાન**ને **બૅક્ત્રિયા** તરફ દોડી જવું પડયું. અરકાની ઉમરાઓને **બરદાન**નો અમલ પણ પસંદ નહિ પડવાથી તેઓએ પદભ્રષ્ટ શાહાનશાહ **ગુદર્જ**ને તેની સામે લડવા ઉશ્કેર્યો. ઉમરાઓની મરજી આ બન્ને ઘાતકી ભાઈઓને લડાવી મારી તેમને નબળા બનાવવાની હતી માટે જ્યારે **બરદાન**ને તેમની મતલબ માલમ પડી ત્યારે તેણે પોતાના ભાઇને તે વિષે ચેતાવ્યો. **ગુદર્જ**ને આથી પોતાના ભાઈ સામે લડવામાં ફાયદો માલમ પડયો નહિ અને બન્ને ભાઇઓ વચ્ચે સુલેહ થઇ. **બરદાને ગુદર્જ**ને તેની ભલી ચાલના બદલામાં **હીર્કેન્યા**ની શત્રપી બક્ષી.

૪૬. શાહાનશાહ **બરદાને સિલ્યુશિયા**નું બળવાખોર શ્હેર પાછું તાબે કીધું.

૪૬. **બરદાને** પોતાના ખંડિયા રાજા (**આડિયાબેની** અને **ગોર્ડિયેની**ના હાકમ) **ઇઝાતિસ (ઈજાદ)** સામે લડાઇ ઉઠાવી.

ઍખીર્યાના રાજા **ફેરાસ્મનિસે** ઇ૦ સ૦ ૩૫ માં **આર્મીન્યા** ફત્તેહ કરી ત્યાંની ગાદી પોતાના ભાઈ **મેહરદાદને** રૂમી શાહાનશાહ **ટેબી-યેસની** બહાલી લઇ બક્ષી હતી. પણ નવા રૂમી શાહાનશાહ **કેલી-ગુલાએ મેહરદાદનો** અમલ નાપસંદ કરી તેને રોમ બોલાવી કેદખાને નાખ્યો. કેલીગુલાના મરણ બાદ શાહાનશાહ **ક્લૉડયસે મેહરદાદ** પર મેહેર કરી તેને **આર્મીન્યાની** ગાદી પાછી બક્ષી. **અર્માનીઓ મેહરદાદને** તેના આગળા જુલ્માત માટે ઘણા ધિક્કારતા હતા માટે હવે તેઓએ તેના અમલ સામે બળવો ઉઠાવ્યો પણ **મેહરદાદને ઍખી-ર્યાની** મદદ હોવાથી **અર્માનીઓ** હાર ખાઈ બેઠા. **મેહરદાદે** તેમની સરકશી માટે તેમના પર ઘણોજ જુલમ વરસાવવા માંડયો. આથી **અર્માનીઓ** બીજા કોઈ પણ રાજયની તાબેદારી કરવા કબુલ થયા. **બરદાન** જાતે બહાદુર લડવૈયો હોવાથી તેણે આ ઉતમ તકનો લાભ લેવા માંગ્યો. પણ તેના તાબેદાર ખંડિયા રાજાઓ લડવાને રાજી હતા નહિ. **યજદે** તો તેને લડાઈ નહિ કરવાની સલાહ આપી જે તેને રૂચી નહિ અને જયારે તેણે **બરદાનને આર્મીન્યા** જીતવા મદદ આપવા ન પાડી ત્યારે **બરદાને** ગુસ્સે થઈ તેનીજ સામે લડાઈ ઉઠાવી. પણ તેની સામે લડાઇ ચાલે તેની આગમજ બરદાનને પાછું ગુદર્જ સામે લડવા જવું પડયું.

૪૬. અશ્કાની ઉમરાઓની ઉશ્કેરણીથી **ગુદર્જે** પાછી **બરદાન** સામે લડાઈ ઉઠાવી. **ઇજ્જુદ** સાથની લડાઇ પડતી નાખી, **બરદાને ગુદર્જ** સામે **હીર્કેન્યા** તરફ લડવા જઇ અનેક મ્હોટા યુદ્ધોમાં તેનો પરાજય કર્યો.

૪૬. અશ્કાની અમીરોએ **બરદાનના** અમલથી નારાજ થઇ શેકારગાહમાં બહાદુર, ફત્તેહમંદ લડાયક શાહાનશાહ **બરદાનનું** ખૂન કીધું.

ગુદર્જ.

પ્હેલો અમલ: ઇ૦ સ૦ ૪૨ (સપ્ટેમ્બર.)

બીજો અમલ: ઇ૦ સ૦ ૪૬–૫૧.—૫ વરસ.

અર્દવાન ૩. નો બેટો.

૪૯. **ગુદર્જ**ના અતિશય ઘાતકીપણા અને નિર્દયતાથી કંટાળી **અરકાની** ઉમરાઓએ **રૂમી** શાહાનશાહ **કલૉડયસ** ઉપર **ફેરહાદ ૪.** ના બેટા **વોનોનિસ**ના પૂત્ર **મેહરદાદ**ને **પાર્થ્યા**નું તખ્ત લેવા **પાર્થ્યા** મોકળવા માંગણી મોકળી.

૪૯. શાહજાદા **મેહરદાદે પાર્થ્યા** ઉપર ચઢાઈ કીધી. **ઓસ્રોહેની**ના ખંડિયો રાજા **અબ્ગારસ** અને **આડિયાબેની**ના તાબેદાર રાજા **ઈજદ મેહરદાદ**ને મળી ગયા.

મેહરદાદને રૂમીઓએ એવી કિંમતી સલાહ આપી હતી કે તેણે **ગુદર્જ**ને કશો વખ્ત તૈયાર થવા આપવો નહિ અને **પાર્થ્યા** ઉપર એકદમ ચઢાઈ કરવી. પણ **મેહરદાદે** તેમ નહિ કરતા ઘણો વખ્ત **અબ્ગારસ**ના પરોણા તરીકે તેના પાયતખ્ત **એડેસ્સા** ખાતે પસાર કીધો, અને **આર્મીન્યા**ના લાંબે માર્ગે **પાર્થ્યા** ઉપર ચઢાઈ લઈ જતા શિયાળાની હાડમારીથી તેની ફોજનો ઘણો નાશ થયો. બીજી તરફથી શાહાનશાહ **ગુદર્જે** ઘણું મ્હોટું લશ્કર ભેગું કર્યું અને પોતાના રાજ્યને ઘણી બચાવ ભરી હાલતમાં મૂક્યું. **ગુદર્જ**ની મ્હોટી ફોજોએ તેના દગાખોર ખંડિયા રાજાઓમાં મ્હોટી ધાસ્તી ફેલાવી અને તેના ધાકથી **અબ્ગારસ** અને **ઈજદે મેહરદાદ**નો પક્ષ છોડી દીધો. આથી **મેહરદાદ** નિરાધાર થઈ પડયો.

૫૦. એક નાશકારક મહાભારત યાદગાર જંગમાં શાહાનશાહ **ગુદર્જે મેહરદાદ**ની ફોજને જબરી શિકસ્ત આપી ન્હાસભાગમાં નાખી. **મેહરદાદ** કેદ પકડાયો અને **ગુદર્જે** તેની આંખો ફોડી તેને અપંગ કીધો.

ગુદર્જે આ મહાભારત ફત્તેહની યાદગારીમાં **આબ્ખીસ્તાનના** પર્વતો ઉપર સુંદર ચિતારો કોતરાવ્યા જે આજે પણ તેની ફત્તેહની યાદ મુસાફરોને આપતા ઉપલા પર્વતો ઉપર ખડા ઉભા છે.

૫૧. બહાદુર, ઘાતકી શાહાનશાહ **ગુદર્જ** મરણ પામ્યો.

વોનોનિસ. ઇ૦ સ૦ ૫૧.

અર્દવાન ૩. નો ન્હાનો ભાઈ (?)

૫૧. અશ્કાની ઉમરાઓએ **મીડિયાના** હાકમ **વોનોનિસને પાર્થ્યાની** ગાદીએ બેસાડયો.

વોનોનિસ ગાદીએ આવ્યો ત્યારે ઘણો વૃદ્ધ હોવાથી તે એક વર્ષ પણ રાજ્ય અમલ ભોગવી શકયો નહિ.

૫૧. વોનોનિસ મરણ પામ્યો. તેનો બેટો **વોલોગેસિસ (વલખષ, પલાષ)** ગાદીએ બેઠો.

'વલખષ.'

પલાષ (વોલોગેસિસ) ૧. ઇ૦ સ૦ ૫૧-૭૮.—૨૭ વરસ.

વોનોનિસ ૨. નો સૌથી ન્હાનો બેટો.

વોનોનિસ ૨. ના **પલાષ** કરતા વડા બીજા બે બેટાઓ હતા પણ વડા બેટા **પેકોરસ**ને તખ્તતાજ પસંદ નહિ હોવાથી તેણે પોતાની ગાદી પોતાના સૌથી ન્હાના ભાઈ **પલાષ**ને સ્વાધીન કીધી.

૫૧. **પલાષે** પોતાના વડા ભાઈ **પેકોરસ**ને **મીડિયાના** (**આઝર**—બાઇજાન સિવાયના આખા) પ્રાંતની હાકમી બક્ષી.

૫૧. શાહાનશાહ **પલાષે આર્મીન્યા** ઉપર ચઢાઇ કીધી. **આર્મીન્યાના** નવા રાજા (**ફેરાસ્મનિસ**ના બેટા) **રહાદામિસ્તસ**ના અબીર્યન મિત્રો તેને છોડી ન્હાસી ગયા; **અર્માની** લશ્કરનો **પાર્થ્યનો**એ મ્હોટો પરાજય કરી તેઓએ **આર્મીન્યાની** રાજધાની **આર્તાક્ષતા** તાબે કીધું; **રહાદામિસ્તસ આર્મીન્યા** છોડી ન્હાસી ગયો; **પલાષે આર્મીન્યા** ફત્તેહ કરી પોતાના વચલા ભાઈ **તીરદાદ**ને ત્યાંની હાકમી બક્ષી.

૫૧. **આર્મીન્યામાં** નાશકારક 'પ્લેગ' ચાલવાથી **પલાષે** **તીરદાદ**ને **પાર્થ્યા** બોલાવી લઇ **આર્મીન્યા** પડતું નાખ્યું. **રહદામિસ્તસે આર્મીન્યાનો** પાછો કબજો લીધો.

૫૧. શાહાનશાહ **પલાષે આડિયાબેનીના** ખંડિયા રાજા **ઇજ્જદ**ને તેની સરકશી માટે સજા કરવા તેની સામે લડાઈ ઉઠાવી.

ઇજદની મરજી પાર્થ્યાની શાહાનશાહતથી છુટો પડી પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની હતી. તેણે પોતાના આડિયાબેનીના ન્હાના રાજ્યને બચાવ ભરેલી હાલતમાં મેળી, પોતાના કુંટુંબ તથા ખજાનાને એક મજબૂત કિલ્લામાં સહિસલામત રાખી, સઘળો અનાજ એક ઠેકાણે જમા કરી, આખો પ્રાંત ઉજડ વાળ્યો અને પોતે મ્હોટા લશ્કર

સાથે સરહદ ઉપર **પલાષ** સામે લડવા ઉભો. પણ તેની સાથે લડાઈ થાય તે આગમજ **પલાષ**ને પોતાના રાજ્યની પૂર્વ સરહદના બચાવ અર્થે ત્યાં દોડી જવું પડયું.

૫૨. જંગલી **દાહી** અને **સ્કીથ્યન તુરાની**ઓએ **પાર્થ્યા**ની પૂર્વ સરહદ ઉપર દરોડો પાડયો. શાહાનશાહ **પલાષે** તેમના ઉપર ચઢાઇ કરી તેમને મ્હોટી શિકસ્ત આપી ન્હસાડયા.

૫૨. **આ**ડિયાબેનીનો બળવાખોર રાજા **ઇઝાદ** મરણ પામ્યો. તેનો ભાઇ **મોનોબાઝુસ** તેની ગાદી પર બેઠો. **પલાષે આ**ડિયાબેની ઉપર ચઢાઈ કીધી.

૫૩. **મોનોબાઝુસ પલાષ**ને વગર લડાઈએ તાબે થયો.

૫૪. **પલાષે આ**ર્મીન્યા ઉપર ચઢાઇ કીધી. **આ**ર્મીન્યાનો હિચકારો રાજા **રહાદામિસ્તસ** વગર લડાઇ કરવે ન્હાસી ગયો. **પલાષે તીરદાદ**ને પાછો **આ**ર્મીન્યાની ગાદી પર બેસાડયો.

૫૪. **પલાષ**ની રાજનીતિથી નારાજ થઈ **રૂમી**ઓએ **પાર્થ્યા** સામે લડાઈ જાહેર કીધી.

શાહાનશાહ **પલાષે તીરદાદ**ને રૂમીઓની સંમતિ લીધા વિના **આ**ર્મીન્યામાં તખ્તનશીન કરવાથી રૂમી શાહાનશાહ **નીરો**એ અપમાન લઈ **પાર્થ્યા** સામે લડાઇ ઉઠાવી. રૂમીઓએ લડાઈ માટે મહાભારત તૈયારી કીધી. સિરિયાના હાકમ **ઉમ્મિડયસે એ**શિયામાં મ્હોટું લશ્કર ભેગું કીધું. તેણે યુફ્રેટિસ નદી પર બોટોનો પુલ નખાવ્યો. રૂમી લશ્કરની સરદારી **નીરો**એ, આખી રોમન શાહાનશાહતમાં પોતાની બહાદુરી અને લશ્કરી કુનેહ માટે પ્રખ્યાત થયલા સરદાર **કૉરબ્યુલો**ને આપી. ઇ૦ સ૦ ૫૫ માં આ લશ્કરી તૈયારીઓ પૂરી થઇ પણ રૂમીઓ લડાઈ કરવાને બદલે પાર્થ્યનો જોડે સુલેહ કરવાને વધારે રાજી થયા! **પલાષ** લડવાને તૈયાર હતો. તે માટે તેણે પણ સઘળો સરંજામ તૈયાર કીધો હતો પણ એજ વખ્તે તેના બેટાએ બળવો ઉઠાવ્યાથી તેણે રૂમીઓની સુલેહ માટેની અરજ કબૂલ રાખી.

૫૫. રોમ અને પાર્થ્યા વચ્ચે સુલેહ થઈ.

સુલેહની સરતો મૂજબ પલાષે રૂમીઓ સામે લડવા માટે આર્મીન્યા ખાતે રાખેલું લશ્કર પાર્થ્યા બોલાવી લઈ રોમ સાથની મિત્રાચારી બતાવવા પોતાના કેટલાક દૂરના સગાઓને રૂમીઓને સાનમાં આપ્યા અને રૂમીઓએ આર્મીન્યાના સંબંધમાં કશો ભાગ નહિ લેવાના સોગંદ લીધા.

૫૫. પલાષના બેટા બરદાને તેની સામે બળવો ઉઠાવ્યો.

આ બળવો લગભગ ૩ થી ૪ વર્ષો પર્યંત ચાલુ રહ્યો હતો.

૫૮. રૂમીઓએ આર્મીન્યા ઉપર ચઢાઇ કીધી.

જ્યારે ઇ૦ સ૦ ૫૫ માં રૂમીઓએ તીરદાદને આર્મીન્યાના રાજા તરીકે કબૂલ રાખ્યો ત્યારે એવું સમજીને તેઓએ તેને કબૂલ રાખ્યો હતો કે તે રોમની તાબેદારી કરશે પણ શાહાનશાહ પલાષે તેઓને જાહેર કીધું કે તીરદાદ તો પાર્થ્યાનો ખંડિયો રાજા છે. રૂમીઓ આથી ભડકી ઉઠયા અને આર્મીન્યા ઉપર ચઢાઇ લાવ્યા. પલાષ આ વખ્તે હીર્કેન્યા ખાતે તેના બેટાએ ઉઠાવેલો બળવો બેસાડી દેવામાં રોકાયલો હોવાથી તે તીરદાદને ઝાઝી મદદ આપી શકયો નહિ. તીરદાદે રૂમીઓ સામે ત્રણ વર્ષો સૂધી ટક્કર ઝીલી પણ રૂમીઓના ભારે બળ સામે તેનું કશું વળ્યું નહિ. રૂમી સરદાર કોરબ્યુલોએ એક પછી એક સઘળાં કિલ્લાઓ ફત્તેહ કીધા અને તીરદાદનો ત્રણ લડાઇઓમાં તેણે પરાજય કર્યો.

૫૮-૬૦. રૂમીઓએ આર્મીન્યાના સઘળાં કિલ્લાઓ ઘેરા ઘાલી તાબે કીધા. **આર્મીન્યાના અશ્કાની** રાજા **તીરદાદની** ત્રણ મ્હોટી લડાઇઓમાં હાર થઈ.

૬૦. રૂમીઓએ આર્મીન્યા ફત્તેહ કીધું. તેઓએ કેપેડોશિયાના ખંડિયા રાજાના પૌત્ર **તીગ્રાનને આર્મીન્યાની** ગાદી બક્ષી.

૫૯. શાહાનશાહ **પલાષે** પેતાના બેટા **બરદાનનો** બળવો બેસાડી દીધો.

૬૦. **આર્મીન્યાના** **રોમના** ખંડિયા રાજા **તીગ્રાને** **આડિયાબેની** ઉપર હુમલાઓ કરી તેને વેરાન કીધું.

શાહાનશાહ **પલાષ** હવે લડાઇથી ફારેગ થવાથી તેણે પોતાના ભાઈ **તીરદાદ**ની ચાલું ફરિયાદો ઉપર ધ્યાન આપી અશ્કાની ઉમરાઓની એક મ્હોટી સભામાં તેણે રૂમીઓને સજા કરી **તીરદાદ**ને **આર્મીન્યા**નું તખ્ત પાછું અપાવવા કસમ ખાધા. **પલાષે** સઘળી તૈયારીઓ પૂરી કરી **રોમ** સામે લડાઈ ઉઠાવી.

૬૧. શાહાનશાહ **પલાષે** પોતાના સરદારો (**આડિયાબેની**ના ખંડિયા રાજા **મોનોબાજુસ** વિગેરે) ને મ્હોટા સૈન્ય સાથે **આર્મીન્યા** પાછું (ત્રીજી વાર) ફત્તેહ કરવા મોકલ્યા. **અશ્કાની** સરદારોએ ઘણા કિલ્લાઓ હાથ કરી **આર્મીન્યા**ના પાયતખ્ત **તીગ્રાને**ાકર્તાને ઘેરો નાખ્યો.

૬૨. **રૂમી**ઓએ સુલેહ માટે માંગણી કરવાથી **રોમ** અને **પાર્થ્યા** વચ્ચે સુલેહ થઇ.

અગરજો આ વખ્તે સુલેહ નહિ થતે તો બન્ને પક્ષોને ઘણું ખમવું પડતે. અશ્કાની સરદારોના હાથમાં તીગ્રાનોકર્તા આવતાજ આખું આર્મીન્યા રૂમીઓને ખોહવું પડતે. બીજા હાથ પર ઉપલા મેસોપોટેમ્યામાં તીડોએ અનાજ, ઝાડપાન, વિગેરેનો નાશ કરવાથી પાર્થ્યન સ્વારો ભૂખે અધમૂઆ થઈ ગયા અને રૂમી સરદાર કોરબ્યુલોએ પાર્થ્યા ઉપર ચઢાઈ લાવવાની ધમકી આપવાથી **પલાષે** રૂમીઓની સુલેહ માટેની માંગણી કબૂલ રાખી. સુલેહની સરતો મૂજબ રૂમીઓ આર્મીન્યા છોડી ગયા અને **પલાષે** પણ સઘળી ફત્તેહો પડતી નાખી આર્મીન્યામાંથી પોતાનું લશ્કર પાછું બોલાવી લઈ, રૂમીઓની માંગણી મૂજબ આર્મીન્યાનો ફડચો કરવા રૂમી શાહાનશાહ ઉપર રોમ એક એલચીખાતું મોકલ્યું. પણ રૂમીઓને પલાષની સરતો પસંદ નહિ પડવાથી થોડાક માસને અંતરે પાછી લડાઈ જાગી.

૬૨. **રૂમી** શાહાનશાહ **નીરો**એ **પલાષ**ની સરતો કબૂલ નહિ રાખવાથી **રોમ** અને **પાર્થ્યા** વચ્ચે પાછી લડાઈ જાગી. **નીરો**ના માનીતા સરદાર **પીટસે** **આર્મીન્યા** ઉપર સ્વારી કીધી.

કોરબ્યુલો સિરિયા છોડી **અરકાની** મુલ્કમાં દાખલ થયો. **પીટસે આર્મીન્યા** વેરાન કરી શિયાળો બેસવાથી પોતાની ફોજો વિખેરી નાખી.

પીટસ ઘણા હલકા મગજનો અને ઉછાછલો હતો. તે ઘણો બડાઈખોર અને ગર્વિષ્ટ હતો. **પાર્થ્યનો** સાથની લડાઇને તો તે બચ્ચાની રમત સમજતો હતો પણ તેની બડાઈ તેને ઘણી ભારી પડી.

૬૨. શાહાનશાહ **પલાષે આર્મીન્યા** ઉપર ચઢાઇ કીધી. **ટૉરસ** પર્વતની **સાંકડી** 'પાસ' નો બચાવ કરવા રાખેલી ૩,૦૦૦ **રૂમી**ઓની ફોજનો **પલાષે** સદંતર નાશ કીધો. **પાર્થ્યા**ના બહાદુર શાહાનશાહ સામે લડવાની હિંમત નહિ કરતા હિચકારો **પીટસ આર્સામોસાતા**ના મજબૂત કિલ્લામાં ભરાઇ બેઠો. **પલાષે** કિલ્લાને ઘેરો ઘાલ્યો. હિચકારો **પીટસ પલાષ**ને તાબે થયો. **પીટસ રોમ**ને હિનપસ્તી લગાડનારી શરમભરેલી સરતો કબૂલ રાખી **આર્મીન્યા** છોડી ગયો.

ઉપલી સરતો મૂજબ **પીટસે આર્મીન્યા**ના સઘળા કિલ્લાઓ તેમાં રાખેલા રૂમી અસબાબો સાથે છોડી જવાનું કબૂલ કીધું અને **અરકા**-નીઓની મ્હોટી ફત્તેહની યાદગારી જાળવવા **અર્સાન્યસ** નદી ઉપર એક પૂલ તેણે બંધાવી આપ્યો.

૬૩. શાહાનશાહ **પલાષે આર્મીન્યા**નો ફડચો કરવા એક એલચીખાતું **રૂમી** શાહાનશાહ **નીરો** ઉપર રોમ મોકલ્યું. **નીરો** અને તેના દરબારીઓએ ફત્તેહમંદ શાહાનશાહ **પલાષે** સુચવેલી **સરતો** કબૂલ નહિ રાખતા લડાઈ ચાલું રાખી.

૬૪. સરદાર **કોરબ્યુલો** ૩૦,૦૦૦ **રૂમી**ઓની મ્હોટી ફોજ સાથે **આર્મીન્યા** ઉપર ચઢાઈ લાવ્યો. **કોરબ્યુલોએ પાર્થ્યનો** સાથે લડવાની હિંમત નહિ કરતાં શાહાનશાહ **પલાષે** સુચવેલી અને **નીરોએ** નાકબૂલ રાખેલી **રોમ**ને નીચું જોવાડનારી સરતો કબૂલ રાખી **પલાષ** જોડે સુલેહ કીધી. **ઈરાનની રોમ**

ઉપરની યાદગાર ફત્તેહના પરિણામ દાખલ **રૂમીઓએ તીરદાદને આર્મીન્યાના** રાજા તરીકે કબૂલ રાખ્યો. **તીરદાદે** શાહાનશાહ **નીરોને** હાથે **આર્મીન્યાનું** તાજ પહેરવા કબૂલ કર્યું.

૬૬. આર્મીન્યાનો રાજા **તીરદાદ રૂમી** શાહાનશાહ **નીરોને** હાથે તાજ પહેરવા **રોમ** ગયો.

તીરદાદ પોતાની જોડે પોતાની રાણી અને ૩,૦૦૦ **પાર્થ્યન** ઘોડેસ્વારોને લેતો ગયો. રૂમીઓએ તેની ઘણી મદારત કરી મ્હોટું માન આપ્યું. તેના માનમાં માર્ગમાં આવતા સઘળાં સુંદર રૂમી શહેરોને સંગારવામાં આવ્યા અને તેની મદારત કરવા પાછળ રોમે લગભગ ૧,૫૦,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો. **તીરદાદના** માનમાં રોમ શહેરમાં ભપકામંદ રોશની કરવામાં આવી અને શાહાનશાહ **નીરોએ** તેની મેહમાનદારી કરવામાં કશું બાકી રાખ્યું નહિ. **તીરદાદ** રોમમાં લગભગ ૧ વર્ષ સુધી રહ્યો હતો.

૬૭. શાહાનશાહ **નીરો** મરણ પામ્યો. **રોમના** તખ્ત માટેના દાવાદાર સરદાર **વેસ્પેશ્યને** શાહાનશાહ **પલાષને રોમ** સાથની દોસ્તી ચાલું રાખવાની અરજ કીધી. **પલાષે વેસ્પેશ્યનની** મદદમાં ૪૦,૦૦૦ **પાર્થ્યન** ઘોડેસ્વારો મોકળવાની મરજી બતાવી જે મદદ લેવા **વેસ્પેશ્યને** મ્હોટા ઉપકાર સાથે ના પાડી.

૭૨. કોમાગેનીનું રોમનું ખંડિયું રાજ્ય **રૂમીઓનો** ત્રાસ નહિ ખમાયાથી **પાર્થ્યાને** તાબે થવા રાજી થયું. સરદાર **પીટસે કોમાગેની** ઉપર ચઢાઇ કરી તેની રાજધાની (**સેમોસત** નદીને કિનારે આવેલું મ્હોટું શ્હેર) ફત્તેહ કીધી. **કોમાગેનીનો** રાજા **એન્ટીઓકસ રૂમીઓને** તાબે થયો. **એન્ટીઓકસના** બે લડાયક શૂરવીર બેટાઓએ **રૂમીઓને** તાબે નહિ થતા શાહાન-શાહ **પલાષની** દરબારમાં આશ્રો લીધો.

૭૬. શાહાનશાહ **પલાષની** માંગણીને માન આપી **રૂમી** શાહાનશાહ **વેસ્પેશ્યને એન્ટીઓકસના** બહાદુર બેટાઓને **રોમ** બોલાવી તેમને સાલ્યાનું આપતું કીધું.

૭૭. એઝૉફનો દરિયો અને **ડૉન** નદીની વચ્ચે આવેલા મુલ્કમાં વસતી જંગલી **આલાની (સ્કીથ તુરાની)** પ્રજાએ **વેહરકાનના ઈરાનીઓ** સાથે મળી **મીડિયા** ઉપર ચઢાઈ કીધી. તેઓએ **મીડિયાના** શત્રપ **પેકોરસને** ન્હસાડી મેળી **મીડિયા** ઉજ્જડ વાળ્યું. ઉપલા જંગલીઓએ **આર્મીન્યા** ઉપર ચઢાઈ કરી, ત્યાંના રાજા **તીરદાદને** હરાવી કેદ પકડયો અને આખા દેશમાં નાશ ફેલાવ્યો. **પલાષે** નીમકહરામ **રૂમી** શાહાનશાહ **વેસ્પેશ્યન** પાસે ઉપલા જંગલીઓ સામે મદદ માંગી જે તેણે આપવા ના પાડી. **આલાની** લૂટારૂઓ કિંમતી લૂટ અને સંખ્યાબંધ કેદીઓ લઇ પોતાના દેશ તરફ પાછા ફર્યા.

શાહાનશાહ **પલાષ** જરથોસ્તી ધર્મનો ચૂસ્ત ચેલો હતો. તેણે પોતાના ભાંગી પડેલા ધર્મની દાજ ખાઈ તેના વિખરાઇ ગયલા પુસ્તકો પાછા ભેગા કરવા ઘણી મેહનત લીધી. **સીકંદરે** જરતોસ્તી ધર્મ પુસ્તકોનો નાશ કર્યા બાદ એ ધર્મની પડતી બેઠી. તેના પછી એ ધર્મને ટેકો આપનાર કોઇ ચૂસ્ત જરતોસ્તી શાહાનશાહ રહ્યો નહિ અને શાહાનશાહ પલાષ પ્હેલવ્હેલોજ એવો શાહાનશાહ હતો કે જેણે એ ધર્મની ચઢતી કરવાની કોશેશ કીધી હોય.

૭૮. બહાદુર, શૂરવીર, પ્રજાપ્રિય, ધર્મીષ્ટ શાહાનશાહ **પલાષ** મરણ પામ્યો.

પેકોરેસ ૨. ઇ૦ સ૦ ૭૮-૧૦૮.—૩૦ વરસ.

પલાષ ૧. નો બેટો (?) અથવા નબીરો (?)

૭૯. અર્હવાન નામે બળવાખોર સરદારે **પાર્થ્યાની** ગાદી માટે દાવો ઉઠાવ્યો.

૭૯-૮૧. અર્હવાનનો બળવો ચાલુ રહ્યો.

૮૦. ડોમિશ્યન **રો**મનો શાહાનશાહ થયો.

૮૯. શાહાનશાહ **નીરોનું** ખોટું નામ ધારણ કરી, એક રૂમી સરદારે **રો**મની ગાદી માટે દાવો ઉઠાવી, શાહાનશાહ **પેકોરસ**ની દરબારમાં તેણે આશ્રો લીધો.

પેકોરસે રૂમી શાહાનશાહ **ડોમિશ્યન**ના શત્રુ **ડેસિબાલસ**ને તેની સામે મદદ આપવા ખુશી બતાવી હતી પણ પાછલથી રોમ સાથે નકામો કચવાટ નહિ ઉભો કરતા **પેકોરસે ડોમિશ્યન** સાથે ભલાઇથી વર્તવા માંડયું અને જ્યારે તેણે ખોટા-**નીરો**ને પોતાને સ્વાધીન કરવા **પેકોરસ** પર માંગણી મોકળી ત્યારે **પેકોરસે** તેને રૂમી શાહાનશાહને સોંપી દીધો

પેકોરસે પોતાના પાયતખ્ત ટેસીફન (**મદાઇન**)ની રોનક વધારવામાં પુષ્કળ પૈસો ખર્ચ્યો. તેણે તેનો વિસ્તાર વધારી તેને સુંદર અને ભપકામંદ બનાવવા ઘણી જેહમત લીધી. **પેકોરસે** પૈસા ઉભા કરવા **ઓસ્ત્રોહેની**નો પ્રાંત ત્યાંના **અબ્ગારસ** નામે પોતાના ખંડિયા રાજાને વેંચ્યો હતો.

૧૦૮. મેહરદાદ નામે સરદારે બળવો ઉઠાવી પોતાને નામના સિક્કા પડાવ્યા.

૧૦૮. શાહાનશાહ **પેકોરસ** મરણ પામ્યો. "**માઝી-સ્તાને**" તેના ન્હાના બહાદુર ભાઈ **ખુસરો**ને તખ્તનશીન કીધો.

પેકોરસના **એકસિડેરિસ** (**અષદાર**) અને **પાર્થામાસરિસ** (**પહાલુમસાર**) નામના બે જુવાન બેટાઓ હતા પણ પાર્થ્યન શાહાનશાહતમાં આ વખતે ઠેકાણે ઠેકાણે બળવાઓ ઉઠેલા હોવાથી તેમજ **રો**મનો શાહાનશાહ **ત્રેજન** **પાર્થ્યા** સામે લડાઈ ઉઠાવવાની તૈયારીઓ કરતો હોવાથી રાજસભાએ તેઓને ગાદી પર નહિ બેસાડતા **ખુસરૂ**ને ગાદી બક્ષી.

ખુસરો. ઈ૦ સ૦ ૧૦૮–૧૩૦.—૨૨ વરસ.

પેકોરસ ૨. નો ન્હાનો ભાઇ.

૧૦૦. **આર્મીન્યા**નો **અરકાની** પાદશાહ **તીરદાદ** મરણ પામ્યો. શાહાનશાહ **પેકોરસે** **રૂમી**ઓની સંમત્તિ લીધા વિના પોતાના બેટા **એકસિડેરિસ**ને **આર્મીન્યા**ની ગાદી પર બેસાડયો.

૧૧૪. **પેકોરસ**ની **આર્મીન્યા** સંબંધી રાજનીતિથી અપમાન લઇ **રૂમી** શાહાનશાહ **ત્રેજને** **પાર્થ્યા** સામે ચઢાઈ કરવા તૈયારીઓ કરવા માંડી. **ખુસરો**એ **ત્રેજન**ને રાજી રાખવા **આર્મીન્યા**ના રાજા **એકસિડેરિસ**ને પદભ્રષ્ટ કરી તેના ભાઇ **પાર્થામાસિરિસ**ને તેની ગાદી બક્ષી અને એક કિંમતી હદિયો **ત્રેજન** ઉપર ભેટ મોકલ્યો. **ત્રેજને** **ખુસરો**નો હદિયો નાકબૂલ રાખી, તેના એલચીઓને અપમાન કરી, **પાર્થ્યા** સામે લડાઈ જાહેર કીધી.

૧૧૫. **ત્રેજને** **એ**શિયામાં દાખલ થઈ **આર્મીન્યા** ઉપર ચઢાઇ કીધી. **આર્મીન્યા**ના રાજા **પાર્થામાસિરિસ**ને પ્રપંચ રચી પોતાની છાવણીમાં બોલાવી, દગાથી ઘેરી લઇ, તેનું તાજ લૂટી લીધું અને **ત્રેજને** તેને નીચપણે કેદ કરી, પાછલથી નિર્દયપણે તેનો જીવ લેવાડયો. **આર્મીન્યા** લૂટારા **ત્રેજન**ને વગર લડાઈએ તાબે થયું.

૧૧૫. **ઓસ્રો**હેનીનો **પાર્થ્યા**નો ખંડિયો રાજા **રૂમી**ઓનો ડર ખાઇ વગર લડાઇએ કપટી **ત્રેજન**ને તાબે થયો. **ત્રેજને** ઉપલા **મેસો**પોટેમ્યાના સઘળાં **અરકાની** શત્રપોને તાબે કીધા. **ત્રેજન** શિયાળો ગુજારવા **સિરિયા**નાં પાયતખ્ત **એન્ટીઓક** ખાતે પાછો ફર્યો.

૧૧૫. **ત્રેજને** **પાર્થ્યા** ઉપર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી. **સિરિયા**માં ધર્તિકંપે નાશ ફેલાવ્યો. **ત્રેજન**નો ધર્તિકંપથી **સેહેજ**માં જીવ જતો બચ્યો (ડિસેમ્બર.)

૧૧૬. ત્રેજને પાર્થ્યા ઉપર ચઢાઇ કીધી. **ત્રેજને આ**ડિયાબેનીના **અ**રકાની પ્રાંત ઉપર હુમલો કરી, ત્યાંના શત્રપ **મેહર અસ્પને** હરાવી, **આ**ડિયાબેનીના નિનિવેહ, આર્બેલા, **ગો**ઝમેલા, વિગેરે મ્હોટાં પ્રખ્યાત શ્હેરો તાબે કીધા.

૧૧૬. ત્રેજને ટૈગ્રીસ નદી પસાર કરી, **હા**ત્રાનું મજબૂત શ્હેર જીતી લઈ, **બૅ**બીલોન ફ્તેહ કીધું. **ત્રેજને સિ**લ્યુશિયા વગર લડાઈએ સર કરી, **પાર્થ્યા**ના પાયતખ્ત **મ**દાઈનને તાબે કરી, ત્યાંના ખજાનામાંથી એક **સો**નાનું તાજ મેળવ્યું.

અત્યાર સુધી શાહાનશાહ **ખુસરો** એક પણ લડાઇ **ત્રેજન** જોડે લડયો હતો નહિ. તેનામાં **ત્રેજન** સાથે ખુલ્લા મેદાનમાં જોર અજમાવવા જેટલી તાકાત નહિ હોવાથી તેણે **ત્રેજનને** છેક પોતાના પાયતખ્ત સુધીનો મુલ્ક ફત્તેહ કરવા દીધો. તેની છૂપી નેમ **ત્રેજનને** નભરવશ રાખી તેનો માર્ગ ઘેરી લઈ તેને અનેક રીતે પજવવાની હતી. પોતાની આ ધારણામાં **ખુસરો** ફત્તેહ પામ્યો. **ત્રેજને** પાયતખ્ત જીત્યું એટલે ગોયા આખી પાર્થ્યન શાહાનશાહત જીતી એમ સમજી તે ફુલાવા લાગો. હવે તેણે **પાર્થ્યન** પ્રાંતો ફત્તેહ કરવાના છોડી દઈ જાણે પાર્થ્યા સાથની લડાઇ પૂરી થઈ હોય તેમ હવે પોતાનો વખ્ત મોજમજાહમાં ગુજારી, મહાત્મા **સીકંદર** સાથે પોતાની સરખામણી કરી, **હિંદુ**સ્તાનનો ફળદ્રુપ મુલ્ક **રોમન** શાહાનશાહત સાથે જોડી દેવાના હવાઈ કિલ્લાઓ બાંધવા માંડયા! બીજા હાથ ઉપર શાહાનશાહ **ખુસરો**નું છૂપ્યું ઝેર પોતાનું કાર્ય કરી રહ્યું હતું જે નીચલા બનાવો પરથી માલમ પડશે.

૧૧૬. હાત્રા, **સિ**લ્યુશિયા, **ન**સીબન (**નીસીબીસ**) અને **એ**ડેસ્સાના પ્રખ્યાત શ્હેરોએ **ત્રેજન** સામે બળવા ઉઠાવ્યા. **ત્રેજને** પોતાના **સ**રદારોને બળવા બેસાડી દેવા મોકલ્યા. **રૂ**મી સરદારો **સિ**લ્યુશિયા સળગાવી દઇ ત્યાંનો બળવો બેસાડી દેવા ફત્તેહ પામ્યા. તેઓએ **ન**સીબન જીતી લઈ **એ**ડેસ્સા લૂટી બાળી મેલ્યું. બળવાખોરોએ **રૂ**મી સરદાર **મેકસીમસ**ને હરાવી કત્લ કીધો અને તેના સઘળાં લશ્કરનો નાશ કર્યો.

૧૧૬. હિચકારા **ત્રેજને** બળવાખોરોને રાજી રાખવા **પાર્થામાસ્પતિસ** (**પહાલુમાસ્પદ**) નામે **પાર્થ્યન** શાહજાદાને "**પાર્થ્યાનો હાકમ**" નેમી તેને તાજ પહેરાવી પોતાનો તાબેદાર બનાવ્યો. **ત્રેજને હાત્રાનો** બળવો નરમ પાડવા **હાત્રા** ઉપર ચઢાઈ કીધી. **હાત્રાના** બહાદુર **અરબ** જોદ્ધાઓએ **ત્રેજનનો** મ્હોટો પરાજય કરી તેને ન્હસાડી મેલ્યો.

૧૧૭. લૂટારો, ગાર્વિષ્ટ, હિચકારો **ત્રેજન** મ્હોટી હિનપસ્તી સાથે **પાર્થ્યા** છોડી ઉભી પૂંછડીએ ન્હાસી **સિરિયા** પાછો ફર્યો.

૧૧૭. બહાદુર શાહાનશાહ **ખુસરોએ મદાઇનમાં** દાખલ થઇ રૂમી હાકમ **પાર્થામાસ્પતિસને** હરાવી હાંકી કાઢયો. **ખુસરોએ સુસિયાના** અને નીચલું **મેસોપોટેમ્યા** પાછા ફત્તેહ કીધા.

૧૧૭. બેવચની **ત્રેજન** મરણ પામ્યો (આગષ્ટ.) **હેડ્રિયન રોમનો** શાહાનશાહ થયો.

૧૧૭. **રૂમી** શાહાનશાહ **હેડ્રિયને** શાહાનશાહ **ખુસરોના** બળથી ડર ખાઈ, **ત્રેજને** જીતેલા સઘળાં **અશ્કાની** મુલુકોમાંથી સઘળું **રૂમી** લશ્કર પાછું બોલાવી લઇ, તે મુલુકો પાછા **ખુસરોને** સોંપી દીધા.

૧૧૭. **ખુસરોએ આર્મીન્યાની** હાકમી સરદાર **પાર્થામાસ્પતિસને** બક્ષી.

૧૧૯. (અથવા **૧૨૦.**) **પલાષ** નામે શાહજાદાએ **પાર્થ્યાની** ગાદી માટે દાવો ઉઠાવ્યો.

૧૨૨. **રૂમી** શાહાનશાહ **હેડ્રિયન ખુસરોની** મુલાકાતે આવ્યો. **હેડ્રિયને ત્રેજને** કેદ પકડેલી **ખુસરોની** બેટીને તેને પાછી હવાલે કરી, **ત્રેજને મદાઇન** ખાતેથી મેળવેલું તાજ તેને પાછું આપવાને કબૂલ કીધું.

૧૩૦. બહાદુર શાહાનશાહ **ખુસરો** મરણ પામ્યો.

"વલખષ ૨."

પલાષ ૨. ઇ૦ સ૦ ૧૩૦–૧૪૮.—૧૮ વરસ.

ખુસરોના બેટા (?)

૧૩૩. **ઐબીર્યાના** રોમના તાબેદાર રાજા **ફરાસ્મનિસ**-ની ઉશ્કેરણીથી **કોકેસસ** પર્વતોની પેલી મેર વસનારા **આલાની** જંગલીઓએ **આઝરબાઇજાન** અને **આર્મીન્યાના** **પાર્થ્યન** પ્રાંતો ઉપર દરોડા પાડી લૂટફાટ ચલાવી. શાહાનશાહ **પલાષે** **ફરાસ્મનિસ** સામે શાહાનશાહ **હેડ્રિયન**ની દરબારમાં ફરિયાદ ઉઠાવી. **હેડ્રિયને** **ફરાસ્મનિસ**ને **રોમ** બોલાવી સજા કરવાને બદલે તેને ભારે માન આપી, તેના રાજમાં વધારો કરી, પાછો **ઐબીર્યા** મોકલ્યો !

પલાષ ઘણોજ સુલેહમંદ શાહાનશાહ હતો. તેણે **રૂમી** શાહાન-શાહ **એન્ટોનેનસ પાયસ** ઉપર, **હેડ્રયને** **ખુસરોને** આપવા કબૂલેલા તાજને પાછું મેળવવા, તેનાજ જેવું એક સોનાનું તાજ મોકલ્યું પણ **રૂમી** શાહાનશાહ **ખુસરો**વાળું તાજ પચાવી ગયો અને તે તાજ **પલાષને** આપવાના તેણે અખાડા કીધા.

૧૪૮. સુલેહમંદ શાહાનશાહ **પલાષ** મરણ પામ્યો.

"વલખષ ૩."

પલાષ ૩. ઇ૦ સ૦ ૧૪૮-૧૯૦.—૪૨ વરસ.

પલાષ ૨. ના બેટા.

૧૪૮. શાહાનશાહ **પલાષે** **રોમ** સામે લડાઇ જાહેર કીધી. **રૂમી** શાહાનશાહ **એન્ટોનૈનસે** એક નમનતાઈ ભર્યું નામું લખી **પલાષ**ને સમજાવી લેવાથી તેણે **રોમ** સામેની લડાઈ માંડી વાળી.

૧૬૧. શાહાનશાહ **એન્ટોનૈનસ** મરણ પામ્યો. તેના પાળક બેટાઓ **માર્કસ ઑરેલ્યન** અને **લ્યુશ્યસ વેરસ** **રોમ**ના જોડયા શાહાનશાહો થયા.

૧૬૧. શાહાનશાહ **પલાષે** **રોમ** સામે લડાઇ ઉઠાવી. **પલાષે** **આર્મીન્યા** ઉપર ચઢાઈ કરી ત્યાંના **રોમે** બેસાડેલા રાજા **સોઇમસ**ને તેણે પદભ્રષ્ટ કીધો. **પલાષે** **આર્મીન્યા**ની ગાદી ત્યાંના હકદાર શાહજાદા **તીગ્રાન**ને બક્ષી.

૧૬૧. **રૂમી** સરદાર **સિવેરિયાનસ** **પાર્થ્યને**ા સામે લડવા આવ્યો. **પાર્થ્યન** સરદાર **ખોસરૂએ** **સિવેરિયાનસ**ને હરાવી તેને **ઈલીજીયા** નામે શ્હેરમાં આશ્રો લેવાની ફરજ પાડી. **ખોસરૂએ** **ઈલીજીયા**ને ઘેરો ઘાલ્યો. સરદાર **સિવેરિયાનસ** **ખોસરૂ**ના હાથ ઉપર પોતાના સઘળાં સૈન્ય સાથે હાર ખાઇ માર્યો ગયો.

૧૬૧. સરદાર **ખોસરૂએ** **યુફ્રેટિસ** નદી ઓળંગી **સિરિયા** ઉપર ચઢાઇ કીધી. **સિરિયા**ના **રૂમી** હાકમ (પ્રૉકૉન્સલ) **એટિડયસ કોર્નિલ્યાનસ**નો જબરો પરાજય કરી **ખોસરૂએ** **સિરિયા** ઉજાડ વાળ્યું.

૧૬૧. **પાર્થ્યનોએ** **પેલસ્ટૈન** સર કર્યું.

૧૬૨. **રૂમી** શાહાનશાહ **લ્યુશ્યસવિરસ** **પાર્થ્યને**ા સામે લડવા **એશિયા** આવ્યો. તેની સુલેહ કરવા માટેની માંગણી **પલાષે** ના કબૂલ રાખી.

૧૬૨ **રૂમી** સરદાર **એવિડયસ કેશ્યસે** મ્હોટી મૂશ્કેલીએ **સિરિયા** પાછું ફત્તેહ કીધું.

૧૬૩. એવિડયસ કેશ્યસે યુરોપસની મહાભારત લડાઈમાં **પાર્થ્યનોનો** મ્હોટો પરાજય કરી તેમને **રૂમી** મુલુકોમાંથી હાંકી કાઢયા.

૧૬૩. રૂમી સરદાર **સ્ટેશ્યસ પ્રિસ્કસે આર્મીન્ય** જીતી લઇ, તેના પાયતખ્ત **આર્તાક્ષાતા**ને ફના કરી, **પલાશે** પદભ્રષ્ટ કરેલા રાજા **સોઈમસને** પાછી ત્યાંની ગાદી બક્ષી.

૧૬૩. રૂમી સરદાર **કેશ્યસે પાર્થ્યા** ઉપર ચઢાઇ લાવી **બૅબીલોન** જીતી લઈ, **સિલ્યુશિયા**ને આગ લગાડી ફના કીધું. **કેશ્યસે** પાયતખ્ત **મદાઇન** સર કરી, પાદશાહી મેહેલોનો નાશ કીધો, અને આતશખાનાઓ તારાજ કરી, મ્હોટી લૂટ મેળવી. **રૂમીઓએ મીડિયાનો** થોડોક ભાગ ફત્તેહ કીધો. શાહાનશાહ **પલાશની** બહાદુરીથી અને નાશકારક રોગ અને ખોરાકીની ખૂટથી **રૂમીઓ** આજેજ થઈ **પાર્થ્યન** મુલુકો છોડી નાઠા.

૧૬૫. રોમ અને **પાર્થ્યા** વચ્ચે સુલેહ થઇ. **રૂમીઓએ મેસોપોટેમ્યા** પોતાની શાહાનશાહત સાથે જોડી દીધું.

૧૭૪. પલાશે પોતાની શિકસ્તનું વેર લેવા **રૂમીઓ** સામે લડાઇ ઉઠાવી. **રૂમીઓ**ના ભારે બળથી **પલાશને** લડાઇ માંડી વાળવાની ફરજ પડી.

૧૯૦. બહાદુર શાહાનશાહ **પલાશ** મરણ પામ્યો.

"વલખષ ૪."

પલાષ ૪. ઈ૦ સ૦ ૧૯૦-૨૦૮.—૧૮ વરસ.

પલાષ ૩. નો વડો બેટો.

૧૯૩. રોમના શાહાનશાહ **લુશિયસ ઑરેલ્યસ કોમોડસનું** ખૂન થયું (જાન્યુઆરી.) રોમનો નવો શાહાનશાહ મરણ પામ્યો (માર્ચ.) સરદાર **જુલિયાનસ** સેનેટને લાંચ આપી રોમની ગાદીપર બેઠો. **જુલિયાનસ** સામે, **પેસ્સેન્યસ નેજરે** સિરિયામાં, **કલોડયસ અલબૈનસે** બ્રિટનમાં અને **સેવિરસે** પેનોન્યામાં બળવા ઉઠાવ્યા. **નેજરની** મદદે શાહાનશાહ **પલાષે** હાત્રાનું **અરબ** લશ્કર મોકળ્યું.

૧૯૬. **રૂમીઓએ** **પલાષ ૩.** પાસેથી જીતી લીધેલા **મેસોપોટેમ્યાના** પ્રાંતે, **આડિયાબેનીના** રાજાની મદદથી, **રૂમીઓ** સામે બળવો ઉઠાવી, સઘળાં **રૂમી** લશ્કરનો નાશ કીધો. **રોમનો** નવો શાહાનશાહ **સેવિરસ** બળવાખોરોને સજા કરવા **એશિયા** આવ્યો. **સેવિરસે** સઘળાં બળવાઓ બેસાડી દઇ, **આડિયા-બેનીનો** **અરકાની** પ્રાંત ફત્તેહ કીધો અને પોતે પાછો **રોમ** ખાતે ગયો.

૧૯૬. શાહાનશાહ **પલાષે** **રોમ** સાથે લડાઇ ઉઠાવી, **આડિયાબેની** પાછું જીતી લીધું. **પલાષે** **રૂમીઓ** પાસેથી, તેઓએ **પલાષ ૩.** પાસેથી જીતી લીધેલા **મેસોપોટેમ્યાનો** પ્રાંત પાછો ખુંચ્વી લીધો. **પાર્થ્યનોએ** **સિરિયા** ઉપર ચઢાઈ કરી સઘળો મુલ્ક ફના કીધો.

૧૯૭. **રૂમી** શાહાનશાહ **સેવિરસ** **પાર્થ્યનોને** સજા કરવા પાછો **એશિયા** આવ્યો. **સેવિરસે** **પાર્થ્યનોએ** જીતેલા **રૂમી** પ્રાંતો પાછા ફત્તેહ કરી તેઓને **સિરિયામાંથી** હાંકી કાઢયા.

૧૯૭. સેવિરસે આર્મીન્યા ઉપર ચઢાઈ કરી ત્યાંના રાજા **પલાષ**ને તેણે તાબે કીધો. **ઓસ્રોહેની**નો રાજા **અબ્ગારસ** વગર લડાઈએ **સેવિરસ**ને તાબે થયો.

૧૯૮. સેવિરસે પાર્થ્યા ઉપર ચઢાઇ કીધી. **સેવિરસે બેબીલોન** અને **સિલ્યુશિયા**ના પ્રખ્યાત શ્હેરો વગર લડાઈએ તાબે કીધા. રૂમીઓએ પાયતખ્ત **મદાઈન** ઉપર હુમલો કરી, શાહાનશાહ **પલાષ**ને હરાવી ન્હસાડી મેળી, તેઓએ **મદાઈન** સર કીધું; રૂમીઓએ શ્હેરના સઘળાં મર્દ રહેવાસીઓને કત્લ કરી, ૧,૦૦,૦૦૦ ઓરતો અને બચ્ચાંઓને કેદ પકડી, આખું શ્હેર લૂટી લીધું. ખોરાકીની ખૂટ અને નાશકારક રોગથી રૂમીઓ હેરાન થઇ પાછા ફર્યા. રૂમીઓએ **આડિયાબેની**ના **અશ્કાની** પ્રાંતને પોતાની શાહાનશાહત સાથે જોડી દીધો.

૧૯૮. સેવિરસે, પોતાના હરીફ **પેસ્સેન્યસ નૈજર**ને મદદ આપવા માટે **હાત્રા**ના મ્હોટા શ્હેરને સજા કરવા તેને ઘેરો ઘાલ્યો. **હાત્રા**ના બહાદુર **અરબ** જોદ્ધાઓએ રૂમીઓનો મ્હોટો ઘાણ કાઢી નાખી, તેમને મ્હોટી શિકસ્ત આપી. **સેવિરસ** મ્હોટી હિનપસ્તી અને શરમ સાથે **હાત્રા** છોડી **સિરિયા** ખાતે ન્હાસી ગયો.

૨૦૮. કમનશીબ બહાદુર શાહાનશાહ **પલાષ** મરણ પામ્યો.

"વલખષ ૫."

પલાષ ૫. ઇ૦ સ૦ ૨૦૮–૨૧૫.—૭ વરસ.

પલાષ ૪. નો વડો બેટો.

૨૦૮. શાહાનશાહ **પલાષ**ના ન્હાના ભાઈ **અર્દવાને** તખ્ત માટે દાવો ઉઠાવ્યો.

૨૦૮–૨૧૫. **અર્દવાન**નોં બળવો ચાલું રહ્યા.

૨૧૫. **પલાષે** **અર્દવાન**નો પરાજય કર્યો.

૨૧૫. **અર્દવાન**ના હાથ ઉપર **પલાષે** મ્હોટી શિકસ્ત ખાધી. બન્ને ભાઇઓએ **અશ્કાની** શાહાનશાહતના ભાગલા પાડી, **અર્દવાન** પશ્ચિમ તરફના પ્રાંતોનો અને **પલાષ** પૂર્વ તરફના મુલુકોનો શાહાનશાહ થયો.

અર્દવાન ૪. ઇ૦ સ૦ ૨૧૫–૨૨૬.—૧૧ વરસ.

પલાષ ૪. નો ન્હાનો બેટો.

૨૧૫. **રૂમી** શાહાનશાહ **કારાકેલસે** **આર્મીન્યા**ના રાજાને યૂક્તિથી રોમ બોલાવી તેને દગો કરી બંદીખાને નાખ્યો અને તેનું રાજ જીતવા **રૂમી** લશ્કર મોકલ્યું. **અર્માનીઓએ** દગલબાજ **કારાકેલસ**ની ફોજોનો સંહાર કર્યો.

આર્મીન્યાના રાજાને કેદ કર્યા આગમજ નીચ **કારાકેલસે** ઉપલી યૂક્તિ **ઓસ્રોહેની**ના રાજા **અબ્ગારસ** ઉપર અજમાવી જોઇ હતી અને તેને કેદ પકડી તેના સ્વતંત્ર રાજ્યને પોતાના રાજ્ય સાથે જોડી દીધું હતું (ઇ૦ સ૦ ૨૧૨.)

૨૧૫. **રોમ**ના શાહાનશાહ **કારાકેલસે** **પાર્થ્યા**ના શાહાનશાહ **અર્દવાન** ઉપર એક અતિ કિંમતી હદિયો મોકળી તેની પર તેની બેટી સાથે પરણવાની માંગણી મોકળી.

પ્રપંચી કારાકેલસે લખ્યું કે એ શેહાદીથી રોમ અને પાર્થ્યા વચ્ચેની લાંબી દુશમનીનું છેવટ આવશે; રૂમી જેવી સૌથી લડાયક પાયદળ ફોજ અને અશ્કાની જેવા સૌથી ચુનંદા ઘોડેસ્વારો જો સાથે મળે તો રોમ અને પાર્થ્યા આખી દુનિયા જીતી શકે; અત્યાર સુધી બન્ને દેશો વચ્ચે ચાલતા વેપારમાં પડતી હરકતો દૂર થઇ શકે અને આખરે બન્ને શાહાનશાહતોને મ્હોટા ફાયદાઓ થશે. પણ અર્દવાન જેવા બાહોશ રાજકર્તાને કારાકેલસના નામામાં કંઇ ભેદ હોવાનો શક ગયાથી તેણે લખ્યું કે રોમના મ્હોટા શાહાનશાહને પોતાનો દામાદ કરવાને પોતે ઘણો ખુશી છે પણ ધણી ધણીઆણી બન્નેનો ધર્મ, રીતભાત, ભાષા, વિગેરે જૂદા હોવાથી એ જોડું કદી સુખી નિવડેજ નહિ. કારાકેલસ આથી ઘણોજ દલગીર થયો. તેણે એલચીઓ મોકલી ફરીથી અર્દવાન પર ઉપલીજ માંગણી મોકલી જેને અર્દવાને આખરે કબૂલ રાખી અને તેણે કારાકેલસને મદાઇન આવવા ઇજન કર્યું.

૨૧૯. રોમનો કપટી, નીચ, ઘાતકી શાહાનશાહ કારાકેલસ શેહાદી કરવા મદાઇન આવ્યો. મદાઇનના મ્હોટા ચોગાનમાં, શેહાદીની મીજલેસમાં, નિર્દય કારાકેલસની ઉશ્કેરણીથી રૂમી સિપાહોએ અશ્કાની અમીર ઉમરાઓ, સરદારો, સાહુકારો, દરબારીઓ અને માતબર બડેખાંઓની નાતરસ કત્લ ચલાવી, મ્હોટી સંખ્યામાં કેદીઓ પકડી, શ્હેરમાં લૂટફાટ ચલાવી નાશ ફેલાવ્યો. લૂટારો કારાકેલસ મદાઇન છોડી ગયો. રૂમીઓએ આર્બેલા ખાતે આવેલા પાદશાહી અસ્તોદાનોનો નાશ કર્યો.

૨૧૯. શાહાનશાહ અર્દવાને નીચ, નાતરસ, ક્રૂર કારાકેલસ સામે લડાઈ ઉઠાવી, "વિચાર શકિત અને માણસાઇના ગુણોથી ખાલી" †, "માણસજાતના સામાન્ય શત્રુ" † કાફર કારાકેલસનું તેનાજ સિપાહી જુલ્યસ માર્શિયાલિસે ખૂન કીધું. રૂમીઓએ સરદાર મેક્રિનસને પોતાનો શાહાનશાહ

---


† The Decline and Fall of the Roman Empire. Gibbon વૉલ્યુમ ૧, પ્ર૦ ૮.

બનાવ્યો. **નીસીબીસ**ની ખૂનખાર ત્રેવડી લડાઈમાં, પ્હેલે દિવસના મ્હોટા યુદ્ધમાં **અશ્કાની** તીરંદાજોએ **રૂમી** લશ્કરનો મ્હોટો નાશ કર્યો; બીજે દિવસની લડાઇ રાત પડવાથી બંધ પડી; ત્રીજે દિવસની ખૂનખાર મહાભારત જંગમાં **અશ્કાનીઓએ રૂમીઓને** જબરો માર મારી ન્હસાડયા. **રૂમી** શાહાનશાહ **મેક્રિનસે** પોતાની મ્હોટી હાર કબૂલ રાખી સુલેહ માટે **અર્દવાનને** અરજ ગુજારી. **રૂમીઓએ** સઘળાં **અશ્કાની** કેદીઓને છોડી મેળી, **કારાકેલસે** ફના કીધેલા કિલ્લાઓ અને શહેરો પાછા બંધાવી આપી, રૂપિયા ૧,૫૦,૦૦,૦૦૦ નો મ્હોટો દંડ ભરી, **અર્દવાન** પાસેથી સુલેહ ખરીદ કીધી.

૨૨૦. પારસના **પાર્સી** શાહજાદા **અર્દશીરે (અર્તહશત્રે)** બળવો ઉઠાવી **પારસ** સ્વતંત્ર કીધું.

૨૨૬. **અર્દવાને પારસ** ઉપર ચઢાઈ કીધી. **જેરાહી** નદીના કિનારાપર, **બિબાહાન** અને **શુસ્તર**ની વચ્ચે **હોરમજ**ના મેદાનમાં થયલી ખૂનખાર લડાઈમાં **અર્દવાન** હાર્યો અને માર્યો ગયો. **અર્દશીરે પાર્થ્યા** ફત્તેહ કીધું. **અશ્કાની (પાર્થ્યન)** શાહાનશાહતની આખેરી આવી. **સાસાની** શાહાનશાહત **અર્દશીરે** સ્થાપી.

અશ્કાની શાહાનશાહોની વંશાવળી.



અશકાની શાહાનશાહોની વંશાવળી (ચાલુ.)

૩.

- (૧૮) અર્દેશાન ૩
  - (૧૯) ગુદર્જ
  - (૨૦) બરદાન

૪.

- (૨૧) વોનોનસ ૨
  - (૨૨) પલાષ ૧
    - (૨૩) પેકોરસ
    - (૨૪) ખુસરૂ
      - (૨૫) પલાષ ૨
        - (૨૬) પલાષ ૩
          - (૨૭) પલાષ ૪
            - (૨૮) પલાષ ૫
            - (૨૯) અર્દેશાન ૪
              - બહમન

ભાગ ૪.

સાસાની શાહાનશાહતનો સંક્ષેપ ઇતિહાસ.

સાસાની શાહાનશાહતનો ઇતિહાસ.

'અર્તશત્ર.'

મહાત્મા અર્દશીર (બાબેગાનં). ઇ૦ સ૦ ૨૨૬-૨૪૦.—૧૪ વરસ.

સાસાની વંશનો પ્હેલો શાહાનશાહ.

૨૨૦. પારસનો શાહજાદો **અર્દશીર** અરકાની દરબારમાંથી ન્હાસી **'પારસ'** ગયો. જેહરમનો હાકમ **તબાક જંગી અર્દશીર**ને મળી ગયો; તેની મદદથી શાહજાદા **અર્દશીરે પારસના પાર્થ્યન** હાકમ શાહાનશાહ **અર્દવાન**ના બેટા **બહમન**ને હરાવી **પાર્સ** જીતી લઈ **પાર્સી**ઓને સ્વતંત્ર કીધા.

૨૨૬. શાહાનશાહ **અર્દવાને અર્દશીર** પર હુમલો કીધો. બિબાહાન અને **શુશ્તર**ની વચ્ચે **હોર્મિઝ**ના મેદાનમાં **જેરાહી** નદીનાં કાંઠા ઉપર થયલી ત્રણ દીવસની લડાઈમાં **પાર્થ્યનો** હાર્યા, શાહાનશાહ **અર્દવાન ખુર્શેદ** નામના પેહેલવાનના હાથ પર કેદ પકડાયો અને **અર્દશીર**ના હુકમથી કતલ થયો; **અર્દવાન**ના બે બેટાઓ કેદ પકડાયા અને **પાર્થ્યન** (અરકાની) શાહાનશાહતની આખેરી આવી.

ઇરાની પ્રાંતોની ફત્તેહ.

૨૨૭. બેબિલોન અને ટેસીફન **અર્દશીર**ને શરણ થયા.

૨૨૮. એસીર્યા, **મીડયા** અને **પાર્થ્યા અર્દશીર**ને તાબે થયા.

૨૨૮. **અર્દશીરે** જરથોસ્તી **'કુર્દ'** લોકો પર ચઢાઇ કીધી, પ્હેલી લડાઇમાં **અર્દશીર** હાર્યો.

અર્દશીરે ૪૦૦૦ માણસોના બીજા લશ્કર સાથે **કુર્દ** લોકોની છાવણી પર બીજી વાર હુમલો કીધો. એક ભયંકાર લડાઇમાં ૧૦૦૦ કુર્દો માર્યા ગયા, તેમની જબરી હાર થઇ અને તેમનો રાજા **માંદીગ** પોતાના બેટા તથા ભાઇઓ સાથ કેદ પકડાયો. કુર્દીસ્તાનને **અર્દશીરે** ખાલશા કીધું.

૨૨૯. પાદશાહ **અર્દશીરે** કેર્માન પર ચઢાઇ કીધી.

૨૨૯. પાદશાહની ગેરહાજરીમાં **જેહરમ**ના હાકમ **મેહેરક-નુશઝાદે** **પાર્સ** પર ચઢાઈ કરી, આખો પ્રાંત વેરાન કરી ખજાનો લૂટી લીધો.

૨૨૯. કેર્માનને પડતું મેળી **અર્દશીરે** **જેહરમ** પર ચઢાઇ કીધી. **મેહેરક-નુશઝાદ** હાર્યો અને માર્યો ગયો. **અર્દશીરે** **જે**હરમ ખાલશા કીધું.

૨૨૯. પાદશાહ **અર્દશીરે** કેર્માન સર કીધું.

અર્દશીરે ઇરાની શાહાનશાહતમાં ફરવા નીકળી શાહાનશાહતના સઘળાં પ્રાંતોમાં પોતાનો ધાક બેસાડી, રાજ્યનું સઘળું અંધેર દુર કરી, જરથોસ્તી ધર્મને સ્વચ્છ કરી, આખી શાહાનશાહતના રાજધર્મ તરીકે તેને નક્કી કીધો.

રોમનો (રૂમીઓ) સાથે લડાઇને ફત્તેહ.

૨૨૯. મહાત્મા શાહાનશાહ **અર્દશીરે** પોતાના ન્યાગાનોના **ઈજીયન** સમુદ્ર સૂધીના મુલકો પોતાને પાછા સ્વાધીન કરવા **રૂ**મીઓ પર માંગણી મોકળાવી. **અર્દશીરે** **ટાઈગ્રીસ** નદી પસાર કરી **અશ્કાની**ઓ પાસેથી **રૂ**મીઓએ જીતી લીધેલો **મેસો**પોટેમ્યાનો પ્રાંત કબજ કીધો.

૨૩૦. ઇરાનીઓ અને **રૂ**મીઓ વચ્ચે **રૂ**મીઓએ **અર્દશીર**ની માંગણી નાકબૂલ કરવાથી તેમજ **ઇ**રાની એલચીઓને અપમાન કરી કેદખાને નાખવાથી મ્હોટી લડાઇ જાગી.

૨૩૦. **અર્દશીરે યુફ્રેટીસ** નદીને કાંઠેના **રૂમી** શ્હેરો પર હુમલો કરી ઘણાક શ્હેરો જીતી લીધા અને **નીસીબીસ**ના મ્હોટા શ્હેરને ઘેરો નાખ્યો.

૨૩૧. રૂમી શાહાનશાહ **એલેકઝાંડર સેવિરસ** ઇરાન સાથ લડવા **અંટાકીયા** આવ્યો.

૨૩૨. **સેવિરસે યુફ્રેટીસ** પસાર કરી **મેસોપોટેમ્યા** પાછું હાથ કીધું. **સેવિરસે** પોતાના લશ્કરને ત્રણ ભાગમાં વ્હેંચી ત્રણ બાજુએથી ઇરાન પર હુમલો કીધો.

૨૩૨. **સેવિરસ**ના પ્હેલા લશ્કરે **મીડયા** પર ચઢાઇ કીધી. બીજા લશ્કરે **પાર્સ** પર હુમલો કીધો; મહાત્મા **અર્દશીરે** તે લશ્કરને એક મહાભારત લડાઈમાં હરાવી **પાર્સ**માંથી **રૂમી**ઓને મારી કાઢયા. **રૂમી**ઓની ઉપલી હારથી **મીડયા**નું **રૂમી** લશ્કર ઇરાન છોડી નાઠું.

૨૩૨. **સેવિરસ** માર ખાઇ **રોમ** પાછો ફર્યો.

રૂમીઓ પર મ્હોટી ફત્તેહ મેળવવા છતા **અર્દશીર**ને ઝાઝો ફાયદો થયો નહિ.

૨૩૨. મહાત્મા **અર્દશીરે આર્મીન્યા**નાં રાજા **ખુસરૂ**નાં ખૂન બાદ **આર્મીન્યા** પર ચઢાઈ કરી **આર્મીન્યા** જીતી પોતાની તરફથી ત્યાં હાકમ નેમ્યો.

૨૩૨-૨૪૦. બલ્ખબામીની ઉતરે અને **હિંદુસ્તાન** તરફ **અર્દશીરે** પોતાની ફત્તેહો લંબાવી.

૨૪૦. **"પાદશાહોનો પાદશાહ," "ઇરાનનો પાદશાહ," "આતશકદેહોનો સાહેબ,"** બહાદુર, દેશહીતકારી, ફત્તેહમંદ, ધર્મીષ્ટ અને ધર્મરક્ષક મહાત્મા **અર્દશીર** મરણ પામ્યો.

'શાહપુહરી.'

શાપુર ૧ લો. ઈ૦ સ૦ ૨૪૦-૨૭૧.—વરસ ૩૧

મહાત્મા અર્દશીર ને અર્દવાન ૪. ની બેટીનો બેટો.

૨૪૦-૨૪૩. **શાપુર**ની ન્હાની ઉમરનો લાભ લઈ **આર્મીન્યા**ના હાકમે બળવો ઉઠાવ્યો. **શાપુરે** **આર્મીન્યા** પર ચઢાઇ કરી બળવાખોરોને હરાવ્યા.

૨૪૦-૨૪૩. હાત્રાના ખંડિયા **આરબ** રાજા **માનીજ઼ને** (**સાતીરૂને**) ઈરાનથી સ્વતંત્ર થવા બળવો ઉઠાવી **મેસો**પોટેમ્યા હાથ કીધું.

શાપુરે હાત્રાના મજબૂત કીલ્લાને ઘેરો ઘાલી, **માનીજ઼ન**ની બેટીના દગાથી કીલ્લો હાથ કીધો; મ્હોટી લડાઈમાં **માનીજ઼ન**ને હરાવી કત્લ કીધો અને બળવો બેસાડી દીધો.

હાત્રાનો કીલ્લો અજીત ગણાતો હતો. **માનીજન**ની બેટીએ **શાપુર**ની રાણી થવાની ઉમેદમાં કિલ્લાના દરવાજા ખોલી **શાપુરને** અંદર દાખલ કીધો હતો તેથી પોતાની ફત્તેહ બાદ **શાપુરે** તેણીની **સાથે** શેહાદી કીધી પણ પાછળથી તેણીને દગાખોર ગણી કત્લ કરાવી હતી.

રૂમીઓ સાથની ખૂનખાર લડાઇ.

૨૪૩. **શાપુરે** **ટાઈગ્રીસ** નદી પસાર કરી **રૂમી** **મેસો**પોટેમ્યા જીતી લીધું, **નસીબન** (**નીસીબીસ**)ના મજબૂત કિલ્લાને ઘેરો ઘાલી તાબે કીધો, અને **એડેસ્સા** અને **કારહીના** મ્હોટા શ્હેરો ફત્તેહ કીધા.

૨૪૩. **શાપુરે** **સીર્યા**માં દાખલ થઇ તે **રૂમી** પ્રાંત વેરાન કરી **એશિયાખંડના** **રૂમી** પ્રાંતોની રાજધાની **અંટાકીયા** હાથ કીધું. **શાપુરે** કેપેડોશ્યાની રાજધાની **સીસેરીયા** **ફીલીપાઇ** તાબે કીધું.

૨૪૪. **રૂમી** શાહાનશાહ **ગૉર્ડિયન** **શાપુર** સામે લડવા **એશ્યા** આવ્યો.

૨૪૪. શાહાનશાહ **શાપુરે** **ગૉર્ડિયનના** સરદારોને હરાવી ઘણા **રૂમી** શ્હેરો જીતી લીધા.

૨૪૪. **ગૉર્ડિયનના** બહાદુર સસરા **મીસીથ્યુસે** (**ટીમીસીથ્યુસે**) ઇરાનીઓને હરાવી **એન્ટીઓક** (**અં**ટાકીયા), **એડેસ્સા**, **કારહી** અને **નીસીબીસ** પાછા જીતી લીધા. ઉપલી હારોથી **મેસોપોટેમ્યા** પડતું મેળી **શાપુર** **મદાઇન** પાછો ફર્યો.

૨૪૪. **રૂમી** સરદાર **મીસીથ્યુસ** મરણ પામ્યો; તેની જગાપર સરદાર **ફીલીપની** નેમણુંક થઇ.

૨૪૪. **ફીલીપે** લશ્કરીઓને ઉશ્કેરી શાહાનશાહ **ગૉર્ડિયનનું** ખૂન કરાવી પોતે શાહાનશાહ થયો; **ફીલીપ** **શાપુર** સાથે **રોમને** હીનપસ્તી લગાડનારા કોલકરારો કરી **રોમ** પાછો ફર્યો.

ઇ૦ સ૦ ૨૪૪ થી ૨૫૮ સૂધી ઇરાનમાં શું બન્યું તે આપણે જાણતા નથી. આ મુદ્દત દરમ્યાન ઍકિત્રયાના પ્રાંતે સરકશી કીધી પણ **શાપુર** આગળ તેમનું કંઈ ચાલ્યું નહિ. ઉપલાં ૧૪ વરસમાં રોમમાં જબરી મારફાડ ચાલી અને એક પછી એક એમ છ શાહાનશાહો અમલ ચલાવી ગયા, પણ આખરે **વેલેર્યન** ગાદીએ આવ્યો જેણે રોમમાં પાછી શાંતી ફેલાવી.

૨૫૯. **રોમની** પડતી હાલતનો લાભ થઇ **શાપુરે** **ટાઇગ્રીસ** પસાર કરી **મેસોપોટેમ્યામાં** દાખલ થઈ **નીસીબીસ**, **એડેસ્સા** અને **કારહી** વિ૦ શ્હેરો જીતી લઈ આખું **મેસોપોટેમ્યા** ફત્તેહ કીધું.

૨૫૯. **શાપુરે** **સીર્યામાં** દાખલ થઇ **એન્ટીઓક** બીજી વાર હાથ કીધું.

૨૫૯. પ્રખ્યાત રૂમી શાહાનશાહ **વેલેર્યન** **શાપુર** સામે લડવા **એશ્યા** આવ્યો. **વેલેર્યને** **એન્ટીઓક** પાછું જીતી લીધું.

૨૬૦. ફત્તેહમંદ શાહાનશાહ **શાપુરે** **મેસોપોટેમ્યા**માં રૂમી લશ્કરને ઘેરી લઇ શાહાનશાહ **વેલેર્યન**ને કેદ કીધો; રૂમી લશ્કર હથીઆર છોડી **શાપુર**ને તાબે થયું.

૨૬૦. **શાપુરે** **સિરિયેડિસ** નામના મદદગાર રૂમી સરદારને **રોમ**નો શાહાનશાહ બનાવી આખા **યૂરોપ**માં પોતાનો ધાક બેસાડયો.

શાપુરે પોતાના બંધવા શાહાનશાહ **વેલેર્યન**-સાથે ઘણીજ તારીફ-લાયક ચાલ ચલાવી હતી. **શાપુર** તેને ઘણુંજ માન આપતો અને તેને "આચાર્યોનો આચાર્ય" તરીકે ઓળખાવતો. હવે પછીની રૂમી લડાઇઓમાં **વેલેર્યન**ની કીંમતી સલાહોથી **શાપુરે** મહાભારત ફત્તેહો મેળવી.

૨૬૦-૨૬૧. **શાપુરે** **એન્ટીઓક**નો, ત્રીજી મરતબે કબજો લીધો.

૨૬૦-૨૬૧. **શાપુરે** **સીલીશ્યા** જીતી લઇ **ટારસસ**નું વેપારી મઠક સર કીધું; **ટૉરસ** પર્વતની કઢણના સઘળા માર્ગો **શાપુર**ને તાબે થયા.

૨૬૧. **કેપેડોશ્યા**ની રાજધાની **કયસરિયા** **શાપુરે** એક હકીમના દગાથી હાથ કરી ત્યાંના રહેવાસીઓને કત્લ કરી કેદ કીધા. **શાપુરે** **કેપેડોશ્યા** ફત્તેહ કીધું.

૨૬૧. **શાપુરે** **એશ્યા માઈનર** તાબે કરી **એશ્યા**ના સઘળાં રૂમી પ્રાંતોનો પોતે માલેક થયો. **શાપુર** ઈરાન પાછો ફર્યો.

૨૬૧. પૅલમીરાના બહાદુર **આરબ** રાજા **ઓડીનેથસે** **શાપુર**ના સારૂ મોકળેલા કીમતી હદીયો **શાપુરે** **યુફ્રેટીસ** નદીમાં ફેંકાવી દઈ તેને અપમાન કરવાથી **ઓડીનેથસે** **શાપુર**ની વલટી કુંચમાં તેને ઘણો હેરાન કીધો.

રૂમીઓ ઉપરની પોતાની મહાભારત ફત્તેહોની યાદગારીમાં **શાપુરે હાજીયાબાદ, નક્ષે રજબ** અને **નક્ષે રૂસ્તમ** ખાતે પુષ્કળ લેખો અને ચીત્રારો કોતરાવ્યા હતા. **શાપુરે** જરથોસ્તી ધર્મનો ફેલાવો વધારી ઈરાનમાં હિંદી, યુનાની, વિ૦ સાહીત્યનો અભ્યાસ વધાર્યો હતો.

૨૬૧-૨૭૦. શાપુરે માની 'ચીતારા'ને દેશનીકાળ કહાડયો.

માની નામે ઇરાનીએ ઘણાં ધર્મોનો અભ્યાસ કરી ખ્રિસ્ટી ધર્મ પસંદ કીધો ને પોતે પાદરી બન્યો. પાછલથી સઘળા ધર્મોનો અભ્યાસ કરી તેમના ભેગા મુળતત્વો પરથી એક નવો ધર્મ ઉભો કરી પોતાને પેગમ્બર તરીકે તેણે જાહેર કીધો. એ ધર્મના ફેલાવાથી જરથોસ્તી ધર્મને પુગતું નુકશાન અટકાવવા માટે શાપુરે તેને દેશનીકાળ કીધો હતો. ચીત્રકળામાં હુસ્યાર હોવાથી **માનીને 'ચીતારા'** નો એલકાબ મળ્યો હતો.

૨૭૧. બહાદુર, ફત્તેહમંદ, મગરૂર **"ઇરાન અને અન-ઈરાનના પાદશાહોનો પાદશાહ" શાપુર ૧** લો મરણ પામ્યો.

શાપુરે "શાપુર" અને "નીશાપુર" વિ૦ શહેરો વસાવ્યા હતા.

'અહુરમજ્દી.'

હોરમજ (અલહોરી) ૧ લો.

ઈ૦ સ૦ ૨૭૧—૨૭૨.—૧ વરસ.

શાપુર ૧ લા અને મેહેરક નુશજાદની બેટીનો બેટો.

૨૭૧. હોરમજે માની 'ચીતારા'ને પાછો ઈરાન બોલાવી 'અરાબીયન' નામનો કિલ્લો તેને રહેવા આપ્યો.

૨૭૨. સખી ('અલહોરી') નમ્ર શાહાનશાહ **હોરમજ** મરણ પામ્યો.

હોરમજે "રામ-હોરમજ" નામનું શહેર વસાવ્યું હતું.

બેહરામ ૧ લો. ઈ૦ સ૦ ૨૭૨—૨૭૫:—૩ વરસ.

હોરમજ ૧ લાનો બેટો (અથવા ભાઈ).

૨૭૨. બેહરામે માની 'ચીતારા' ને ફાંસી દઈ તેનો અને તેના પંથનો નાશ કીધો.

૨૭૨-૨૭૩. પૅલ્મીરાની બહાદુર ખૂબસુરત રાણી **ઝેનોબ્યાને બેહરામે રૂમી**ઓ સામે મદદ આપી.

પૅલ્મીરાના રાજા **ઓડીનેથસ**ના ખૂન પછી તેની રાણી **ઝેનો-બ્યાએ** રાજવહીવત પોતાને હાથ કીધો. તેણી ઘણી ખૂબસુરત અને શીખેલી હતી. લૅટીન, ગ્રીક **મીસરી** અને **સીરીયાક** ભાષાઓ તેણી જાણતી હતી. પોતાની રાજદ્વારી કુનેહથી તેણીએ **સીર્યા, એશ્યા મૈનર** અને **મીસર** હાથ કીધા અને એક લડાઈમાં રૂમીઓને હરાવ્યા. આથી રૂમી શાહાનશાહ **ઑરેલ્યને** અપમાન લઈ તેણીને ઘણીક લડાઈઓમાં હરાવી કેદ કીધી.

૨૭૩. બેહરામે ઝેનોબ્યાને મદદ આપવાથી **રૂમી** શાહાનશાહ **ઑરેલ્યને** ઇરાન પર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી. **બેહરામે** હીચકારો બની **ઑરેલ્યનને** ભેટ સોગાદ મોકળી સમજાવી લીધો.

બેહરામે ઑરેલ્યનને માટે ઉંચી કેશ્મીરી બનાવટનો મ્હોટો બે મુશો ડગળો તેમજ ભપકાદાર પાદશાહી રથ ભેટ મોકળી અર્ધે રસ્તેથીજ રૂમીઓને પાછા ફેરવ્યા હતા.

૨૭૪. ઈરાન પર ચઢાઇ કરવા **એશ્યા** તરફ આવતા **બાઈઝેન્શ્યમ** ખાતે શાહંનશાહ **ઑરેલ્યનનું** ખૂન થયું અને ઈરાન પરની ચહડાઇ અધુરે ગઈ.

૨૭૫. દયાળુ, ધર્મીષ્ટ, પ્રજારક્ષક, નબળો શાહાનશાહ **બેહરામ ૧** લો મરણ પામ્યો.

બેહરામ ૨ જો. ઇ૦ સ૦ ૨૭૫–૨૯૩.—૧૮ વરસ.

બેહરામ ૧ લાનો બેટો.

શરૂઆતમાં **બેહરામ** ઘણો જૂલ્મી હોવાથી રૈયતે કંટાળી ગાદી પરથી ઉઠાડી મેળવાની પેરવી કરવા માંડી એથી પાદશાહે ગભરાઈ સુલેહ ભરેલી રીતે રાજ્ય ચલાવવા માંડયું અને રૈયતને રાજી કીધી.

૨૮૩. **રૂમી** શાહાનશાહ **કારસે** ઈરાન પર ચઢાઈ કીધી. તેણે **મેસો**પોટેમ્યા ઉજાડ વાળયું અને **ટાઈગ્રીસ** ઓળંગી **સીલ્યુશ્યા** અને **ટેસીફન** (**મદાઇન**) ના મ્હોટા શ્હેરો હાથ કીધા.

આ વખ્તે શાહાનશાહ **બેહરામ હિંદુસ્તાન** તરફ લડાઇમાં રોકાયલો હતો. **બેહરામે** પ્રથમ **સીજીસ્તાન** (**સીસ્તાન**) જીતી **હિંદુસ્તાન** સુધી ફત્તેહો મેળવી હતી.

૨૮૩. વીજળી પડવાથી શાહાનશાહ **કારસ** મરણ પામ્યો. **રૂમીઓ** એકદમ **ઈરાન** છોડી ચાલ્યા ગયા.

૨૮૫. **રૂમી** શાહાનશાહ **ડાયોકલીશ્યનની** ઉશ્કેરણીથી **અર્માનીઓએ** બળવો ઉઠાવી **આગળા** સ્વતંત્ર **અર્માની** પાદશાહ **ખુસરૂના** બેટા **તીરદાદને** પોતાનો રાજા જાહેર કીધો.

૨૮૫. **રૂમીઓ** અને **ચીનના** પદભ્રષ્ટ શાહાનશાહ **મામ્ગોની** મદદથી અર્માનીઓએ ઇરાની લશકરને બે લડાઈઓમાં હરાવી **આર્મીન્યામાંથી** તેમને હાંકી કાઢી પોતે સ્વતંત્ર થયા.

મામ્ગો 'હોન' ટોળાના **ચીનના** શાહાનશાહોમાંનો છેલ્લો હતો. 'વેઇ' ટોળાના શાહાનશાહે તેને પદભ્રષ્ટ કીધો હતો. **અર્દશીર બાબગાનના** વખ્તમાં તે ઈરાન આવી વસ્યો હતો. **શાપુર ૧ લાએ** મેહેરબાન થઇ તેને **આર્મીન્યામાં** જાગીર આપી હતી. **અર્માનીઓને** સ્વતંત્ર કરવામાં તેનો મ્હોટો હાથ હતો.

૨૯૩. કમનશીબ શાહાનશાહ **બેહરામ** મરણ પામ્યો.

'વરહરાન.'

બેહરામ ૩ જો. ઇ૦ સ૦ ૨૯૩.—ચાર મહીના.

બેહરામ બીજાનો બેટો.

૨૯૩. તખ્ત માટેની નાપસંદગીથી **બેહરામ** મરણ પામ્યો.

'નરસહી.'

નરસી. ઇ૦ સ૦ ૨૯૩–૩૦૧.—૯ વરસ.

શાપુર ૧ લાનો બેટો.

૨૯૩. ઇરાનની ગાદી માટે **નરસી** અને **હોરમજ** નામના પાદશાહી ખાનદાનના દાવાદારો ઊભા થયા.

બેહરામ ૩ જાને કશા પૂત્રો હતા નહિ. **નરસી–શાપુર ૧** લાનો બેટો હતો.

૨૯૩. ઇરાની રાજસભાએ **નરસી**ને તખ્તનશીન કીધો.

૨૯૩. ગાદી મેળવવા નિષ્ફળ થયલા ઉમેદવાર **હોરમજે રૂસ, તુરાની** તેમજ જંગલી લોકોના ભાડુતી લશ્કર સાથે **ઇરાન** પર ચઢાઇ કીધી. લડાઇમાં **હોરમજ** હાર્યો.

૨૯૬. **આર્મીન્યા**નાં રાજા **તીરદાદે** ઇરાની **મીડયા** પર લૂટફાટ કરવા ચઢાઇ કરવાથી શાહાનશાહ **નરસીએ આર્મીન્યા**પર ચઢાઈ કીધી. હીચકારો **તીરદાદ** વગર લડાઈએ જીવ લઈ નાઠો. **આર્મીન્યા** પાછું **ઇરાની**ઓના હાથમાં આવ્યું.

૨૯૬. **નરસીએ રૂમી મેસોપોટેમ્યા** જીતી ઉજાડ વાળ્યું; **સીર્યા** અને બીજા **રૂમી** પ્રાંતોનો નાશ કીધો.

૨૯૬. **રૂમી** સરદાર **ગેલેરીયસ** લડવા આવ્યો. પ્હેલી બે અચોક્કસ લડાઇઓ પછી **કારહીના** યાદગાર મેદાનમાં થયલી ત્રીજી મ્હોટી રતલડાઈમાં સરદાર **ગેલેરીયસની** જબરી હાર થઇ.

ઉપલી ત્રીજી લડાઈ ઘણીજ ખનખ્વાર હતી. જેવી હાર ઇ૦ સ૦ પૂ૦ ૫૩ માં **રૂમી** કૉન્સલ **ક્રીસસની** પાર્થ્યનોને હાથ થઈ હતી તેવીજ મ્હોટી હાર આ વખ્તે **ગેલેરીયસની** થઈ. તેનું સઘળું લશ્કર કપાઈ ગયું અને **ગેલેરીયસ** પોતે હીચકારો બની જંગ મેદાનમાથી નાઠો. **ગેલેરીયસે** ઇરાનીઓ સાથે સુલેહ કીધી.

૨૯૭. હીચકારા દગલબાજ સરદાર **ગેલેરીયસે** ૨૫૦૦૦ માણસના લશ્કર સાથે સુલેહના વાવટા હેઠળ વગર તૈયાર થયલા **ઈરાની** લશ્કર પર અચાનક હુમલો કરી અપકીર્તિભરી ફત્તેહ મેળવી.

રૂમી સરદારનો આ મ્હોટો દગો હતો. આ લડાઈ વચનભંગ હીચકારા **રૂમીઓએ** બહાદુરીથી નહિ પણ શરમભરેલા દગાથી જીતી હતી. તેમના હાથમાં પાદશાહી કુંટુબ સાથે મ્હોટો ખજાનો આવ્યો. **ગેલેરીયસે** પાદશાહી કુંટુબ સાથે સારી ચાલ ચલાવી તેમની બરદાસ્ત કીધી હતી.

૨૯૭. ગેલેરીયસે તીરદાદને પાછો **આર્મીન્યામાં** તખ્તનશીન કરી પશ્ચિમ **મેસોપોટેમ્યાનો રૂમી** પ્રાંત પાછો હાથ કીધો.

૨૯૭. ઇરાન અને **રોમ** વચ્ચે શાહાનશાહ **ડાયોકલીશ્યને** સુચવેલી શરતો **નરસીએ** કબૂલ રાખવાથી સુલેહ થઇ.

સુલેહની શરતો ઈરાનને નામોશી લાગે એવી હતી, પણ પોતાની કબજ હાલતને લીધે **નરસીએ** તે કબૂલ રાખી. શરતો નીચે મૂજબની મતલબની હતી:—

૧. ટાઇગ્રીસ નદીની પશ્ચિમ તરફના ઇન્ટીલીની, **સોફીની**, આરઝેનીની, કારદુઇની અને **જાબ્ડેસીનીના** પાંચ પ્રગણાઓ ઈરાને રૂમીઓને આપી દેવા.

૨. ટાઇગ્રીસ નદીને બન્ને શાહનશાહતોની હદ તરીકે ગણવી.

૩. ઐબીર્યા પ્રાંત છરાને રોમને સ્વાધીન કરી દેવો અને તે પ્રાંતમાં રાજા નેમવાનો હક રૂમીઓને આપવો.

૪. આર્મીન્યાની હદ મીડયામાં છેક "જીન્થા" ના કિલ્લા સૂધી વધારી આપવી.

૩૦૧. શાહાનશાહ **નરસીએ** તખ્ત છોડી એકાંતવાસ પકડયો.

રૂમીઓ સાથે થયલા કોલકરારોથી **નરસીને** ઘણી નામોસી લાગી તેથી અમીર ઉમરાઓની બોહોસ છતા આ બહાદુર શાહાનશાહે ગાદી છોડી એકાંતવાસ પકડી બંદગીમાં પોતાનો વખ્ત ગુજારયો.

'અઉહરમજદી.'

હોરમજ ૨ જો. ઈ૦ સ૦ ૩૦૧–૩૦૯.—૮ વરસ.

નરસીનો બેટો.

હોરમજ ઘણો ઈનસાફી અને દયાળુ હતો. એણે રાજને સુધારી શેહેરો વસાવ્યા હતા.

૩૦૯. સુલેહમંદ શાહાનશાહ **હોરમજ** મરણ પામ્યો.

'શાહપુહરી.'

મહાત્મા શાપુર (જુલકતાફ)

ઇ૦ સ૦ ૩૦૯—૩૭૯.—૭૦ વરસ.

હોરમજ બીજાનો બેટો.

૩૦૯. **હોરમજ** બીજાના વડા બેટા **હોરમજને** ઇરાની ઉમરાઓએ કેદ કરી **હોરમજ** બીજાની રાણીના ગર્ભસ્થાનને માથે **ઈરાનનું** તાજ મેલ્યું.

૩૦૯. મહાત્મા **શાપુરનો** જન્મ થયો.

૩૦૯-૩૨૫. **શાપુરના** બાળપણનો લાભ લઇ **મેસોપોટેમ્યાના** તાબેદાર રાજા **ટાયરે** બળવો ઉઠાવી **મદાઇન** પર હુમલો કરી તેને કબજે કીધું અને **શાપુરની** ફુઇ **અનુશેહને** લૂંટી લઇ ગયો.

૩૦૯-૩૨૫. **ઈરાની** અખાત તરફથી **એનીઆયર, અબદુલ કઇસ** વિ૦ ખંડિયા **આરબોએ** બંડ ઉઠાવી **બેબીલોન, સુસિયાના** વિ૦ **ઈરાની** પ્રાંતોમાં **ખૂનામરકી અને નાશ ફેલાવ્યો.**

૩૨૩. શાહજાદો **હોરમજ** બંદીખાનેથી છુટી **રોમ** નાઠો.

૩૨૫. જુવાન શાહાનશાહ **શાપુરે** રાજ્યવહીવત અમીરોના હાથમાંથી લઇ લીધો.

૩૨૬. સરહદ પરના કિલ્લાઓ અને શહેરો પચાવનાર દુશ્મનોને મહાત્મા **શાપુરે** મારી કહાડી તેમના મુલકો પર હુમલો કીધો.

૩૨૬. ૧૨૦૦૦ માણસોની ફોજ લઈને મહાત્મા **શાપુરે** **ટાયર**ના મુલક પર ચહડાઇ કીધી. **ટાયર**નું લશ્કર મ્હોટી લડાઇમાં હાર્યું અને **ટાયરે** કિલ્લામાં આશરો લીધો. એક મહીનાના ઘેરા પછી **ટાયર**ની બેટી **મલેકા**ના દગાથી **શાપુરે** કિલ્લો હાથ કરી **ટાયર**ને મારી નખાવી **મલેકા** સાથે પરણ્યો.

૩૨૭. દરીઆઈ કાફલો ઉભો કરી મહાત્મા **શાપુરે** **ઈરા**ની અખાતને માર્ગે **ઇરાન** પર ચહડાઈ લાવનારા **આરબો**ના મુલક પર ચહડાઇ કીધી. **શાપુરે** હેજરનો મુલક વેરાન કરી, બેનીવાયલ, ટરમેનાઇટ, અબદુલ કુઇસ વિ૦ **આરબો** પર પુષ્કળ જીતો મેળવી ઘાતકીપણું વાપર્યું.

આર્મીન્યાના રાજા **તીરદાદ**ના બેટા ખુસરૂએ **શાપુર** સાથે લડાઈ નહિ કરતા આઝરબાઇજાન (એટ્રોપેટેની) નો ઈરાની પ્રાંત **શાપુર**ને પાછો આપી ખંડણી આપવાને કબૂલ કીધું.

૩૩૩. મહાત્મા **શાપુરે રૂમી** શાહાનશાહ મહાત્મા **કૉન્સ્ટેન્ટાઈન** ઉપર "**નવા રોમ**" (**કોન્સ્ટેન્ટીનોપલ**) ખાતે સુલેહભર્યું એલચીખાતું મોકલ્યું.

'નવા રોમ' સાથે મહાભારત યુદ્ધો.

૩૩૭. મહાત્મા **શાપુરે** શાહાનશાહ **નરસી**એ ખોયલા **ઈરાન**ના પાંચ પ્રગણાઓ પાછા મેળવવા માંગણી કીધી. **રૂમી**-ઓએ તે માંગણી નાકબૂલ રાખવાથી **ઈરાનીઓ** અને **રૂમીઓ** વચ્ચે લડાઇ જાગી.

૩૩૭. મહાત્મા **કોન્સ્ટેન્ટાઇને ઈરાન** પર ચહડાઇ કરવા લશ્કર એકઠું કરવા માંડયું.

એજ વરસમાં **કૉન્સ્ટેન્ટાઈન** મરણ પામ્યો અને તેનું રાજ તેના બેટાઓએ વ્હેંચી લીધું. એશિયાનાં પ્રાંતો તેના બીજા બેટા **કૉન્સ્ટેન્શ્ય**-

સના હાથમાં આવ્યા અને ઇરાન સાથની ખૂનખાર જંગોનો બોજો પણ તેનેજ માંથે આવી પડયો.

૩૩૭. મહાત્મા **શાપુરે** ચહડાઇની તૈયારીઓ પુરી કરી '**નવા રોમ**' પર ચહડાઈ કીધી. તેણે **મેસો**પોટેમ્યા અને **સીર્યા**ના **રૂમી** પ્રાંતોમાં ફેસાદો બરપા કરાવ્યા, જીતાયલા **આર**-બોને મદદમાં લીધા અને **ખ્રિસ્ટી અર્મા**નીઓ સામે મૂર્તિપુજક **અર્મા**નીઓને ઉશ્કેરી બંડ ઉઠાવ્યું.

૩૩૭. **રૂમી**ઓએ **આરબો**ને પોતાની તરફેણમાં ખેંચી લઈ સઘળાં બંડો બેસાડી દીધા અને પોતાની સરહદ કુદાવી **ઇરાની** સરહદમાં કિલ્લાઓ બાંધ્યા.

૩૩૮. મહાત્મા **શાપુરે રૂમી** કિલ્લાઓ તોડી **મેસો**પોટેમ્યા વેરાન કીધું અને **નસીબન** (**નીસીબીસ**) ના કિલ્લાને ઘેરો ઘાલ્યો.

નસીબનનો કિલ્લો ઘણો મજબૂત હતો. ૬૩ દીવસ સુધી ઘેરો ચાલું રાખી આખરે ઘેરો ઉઠાવી લેવાની **શાપુર**ને ફરજ પડી. **રૂમી**ઓ સાથની લડાઇ છેક ઇ૦ સ૦ ૩૪૦ સુધી ચાલી તેમાં સઘળી લડાઇઓમાં રૂમીઓએ માર ખાધો હતો.

૩૪૧. **આ**જરબાઈજાનના **ઇરાની** હાકમ અને તેના **અર્મા**ની દોસ્તોની મદદથી મહાત્મા **શાપુરે આ**ર્મીન્યાના રાજા **ઢીરાન**, તેની રાણી તથા શાહજાદા **આરસ**ને કેદ કીધા. **ઢીરાન**ની મરજીથી **આરસ**ને **શાપુરે** ગાદી બક્ષી.

ઢીરાનને કેદ કરી મહાત્મા **શાપુરે** તેની આંખો ફોડી નખાવેલી હોવાથી તેણે પોતે પાછી ગાદી સ્વિકારી નહિ.

૩૪૧. **ઐબીર્યા**નો પ્રાંત **શાપુર**ના કબજામાં આવ્યો.

૩૪૬. મહાત્મા **શાપુરે રૂમી મેસો**પોટેમ્યા પર ચહડાઈ કરી **નસીબન**ને બીજી વાર ઘેરો નાંખ્યો.

ત્રણ મહીનાના ઘેરા છતા **નસીબન** **શાપુર**ના હાથમાં આવ્યું નહિ. આથી દલગીર થઈ મહાત્મા **શાપુરે** મધ્ય **મેસોપોટેમ્યા** પર મારો ચલાવ્યો અને રૂમીઓને લડાઈમાં ઘસડયાં.

૩૪૮. **સીંગારા**ની યાદગાર ખૂનખાર લડાઈમાં **રૂમી**-ઓની ભયંકાર કત્લ થવા સાથે જબરી હાર થઈ.

આ લડાઈમાં મહાત્મા **શાપુર**નો નિર્દોષ બેટો રૂમીઓને હાથે કેદ પકડાયો તેને તેઓએ ઘણાજ કમકમાટ ઉપજાવનારા ઘાતકી મોતે મારી નાંખ્યો.

૩૫૦. મહાત્મા **શાપુરે** **ટાઈગ્રીસ** ઓળંગી **મેસોપોટે**-મ્યાના **રૂમી** કિલ્લાઓ શરણ કરી **નસીબન**ને ત્રીજીવાર ઘેરો નાખ્યો.

આ ઘેરો ૧૦૦ દીવસ ચાલુ રહ્યો. મહાત્મા **શાપુરે** આ વખતે **નસીબન** ફત્તેહ કીધું હોત પણ તેના રાજ્યની પૂર્વ સરહદ પર જંગલી લૂટારાઓએ દરોડો પાડવાથી તેને ત્યાં જવું પડયું. આથી રોમ અને ઈરાન વચ્ચે સુલેહ થઈ.

૩૫૦. **જીહુન** નદીની ઉતરના જંગલી **તુરાની** **મેસેગેટી** લોકોએ નદી ઓળંગી **ઈરાન** પર ચહડાઇ કીધી.

૩૫૦-૩૫૯. મહાત્મા **શાપુરે** આઠ વરસો સૂધી ભારે લડાઈઓ કરી **મેસેગેટી**, '**ચી**ઓનાઇટ,' '**ઘેલાની**,' '**ચુસેની**' અને '**વરટી**' જેવી જંગલી પ્રજાઓને તાબે કીધી.

આ જીતાયલી જંગલી પ્રજાઓ **શાપુર**ને ઘણીજ ઉપયોગી થઈ પડી. રૂમીઓ સાથના હવે પછીના મ્હોટા યુદ્ધોમાં એ પ્રજાઓએ તેની મ્હોટી સેવા બજાવી હતી.

૩૫૦. **આર્મીન્યા**નો તાબેદાર ખંડિયો રાજા **આરશ** મહાત્મા **શાપુર**ને દગો કરી **રૂમી** શાહાનશાહ **કૉન્સ્ટેન્શ્યસ**ને તાબે થયો.

• રોમ સાથે નવી લડાઈ.

૩૫૯. **રૂમી**ઓએ **ઈરા**ને સુચવેલી શરતો નાકબૂલ કરવાથી **ઈરા**નીઓએ **રૂમી**ઓ સામે લડાઈ જાહેર કીધી.

શાપુરે રૂમીઓ પાસેથી **નરસીઓ** ખોયલા આર્મીન્યા અને **મેસો**પોટેમ્યાના પ્રાંતો પાછા માંગ્યા જે તેઓએ નહિ આપવાથી તેમની સામે **શાપુરે** લડાઈ જાહેર કીધી હતી.

૩૫૯. **રૂમી** ઉમરા **ઍન્ટોનૈન** મહાત્મા **શાપુર**ને આવી મળ્યો. તેને સાથે લઇ **શાપુરે** **અ**લ્બાન્યન લોકોની મદદ સાથે, **ચી**ઓનાઇટ પ્રજાઓને સાથે લઇ, **રો**મ પર ચઢાઇ કીધી.

૩૫૯. **મેસો**પોટેમ્યા ઉજાડ વાળી મહાત્મા **શાપુરે** **અ**મીડાની યાદગાર મ્હોટી લડાઇમાં **રૂમી**ઓને હરાવ્યા અને **અ**મીડાના મજબૂત કિલ્લાઓને ઘેરો નાખ્યો.

૩૬૦. **ચી**ઓનાઈટ પ્રજાના રાજા **ગ્રમબેટીસ**ની મદદથી **અ**મીડાના મજબૂત કિલ્લાને મહાત્મા **શાપુરે** હાથ કીધો.

અમીડાનો ઘેરો ૭૩ દીવસ ચાલ્યો હતો. શ્હેરનો બચાવ રહેવાસીઓએ ઘણીજ બહાદુરીથી કીધો હતો. અમીડા (ડાયરબેક) તે વખ્તે મ્હોટી અગત્ય ધરાવતું હતું. તેને ફત્તેહ કરતા ૩૦,૦૦૦ ઈરાનીઓ માર્યા ગયા હતા. અમીડા જીત્યા બાદ ચોમાસું બેસવાથી શાપુર ઈરાન પાછો ફર્યો પણ વસંતરૂતુમાં તેણે પાછી ચહડાઈ કીધી.

૩૬૧. મહાત્મા **શાપુરે** **સીં**ગારાના મ્હોટા શ્હેરને ઘેરો નાખી તાબે કીધું.

સીંગારા શ્હેર **નસીબ**નથી ૬૦ મૈલ દૂર **મેસો**પોટેમ્યામાં આવ્યું હતું.

૩૬૧. મહાત્મા **શાપુરે** **જાબ્**ડીસીનીની રાજધાની **બેજ઼ા**બડીના મજબૂત કિલ્લાને ઘેરો નાખી લાંબી મુદત બાદ જીતી લીધો. મહાત્મા **શાપુરે** **બ**રથા (**વ**રટા) ને **નસીબ**ન સિવાયના **મેસો**પોટેમ્યાના સઘળા કિલ્લાઓ હાથ કીધા.

૩૬૧. મહાત્મા **શાપુરે** **બરટાના** કિલ્લાને ઘેરો નાખ્યો.

૩૬૧. **રૂમી** શાહાનશાહ **કૉન્સ્ટેન્શ્યસે** **કૉન્સ્ટેન્ટી-નોપલ** ખાતેથી આવી **ઈરાને** જીતેલા **બેજાબ્ડીના** કિલ્લાને ઘેરો નાખ્યો.

આ વખ્તે મહાત્મા **શાપુર** ઇરાન પાછો ફર્યો.

૩૬૧. ઇરાનીઓની બહાદુરીથી કિલ્લો લેવામાં નિષ્ફળ થઈ **કૉન્સ્ટેન્શ્યસ** **કૉન્સ્ટેન્ટીનોપલ** પાછો ફર્યો. તેના ભાણેજ **જુલ્યન**ની ઉશ્કેરણીથી તેનું ખૂન થયું.

રૂમી શાહાનશાહ જુલ્યનની ચઢાઈ.

૩૬૧. બહાદુર લડાયક શાહાનશાહ **જુલ્યન** **રોમ**ની ગાદીએ આવ્યો. પોતાના દેશની શીકસ્તોનું વેર લેવા તેણે **ઈરાન** પર ચહડાઈ કરવા તૈયારીઓ કરવા માંડી.

૩૬૨-૩૬૩. **જુલ્યને** **રૂમી** સરદાર **વીક્ટર** અને શાહજાદા **હોરમજ**ની સરદારી તળે લગભગ ૧,૦૦,૦૦૦ માણસનું લશ્કર અને ૧,૧૦૦ વહાણોનો કાફલો **એશિયા** રવાના કીધો.

૩૬૩. (૫-માર્ચ.) **રૂમીઓએ** **એન્ટીઓક** છોડી **ઈરાન** તરફની કુચ શરૂ કીધી.

ફીરદોશી મુજબ આ વખ્તે શાહાનશાહ **શાપુર** **રૂમી** લશ્કરની હાલત તપાસવા છુપે નામે રૂમી છાવણીમાં જતા કોઈ રવેશે પકડાઈ ગયો અને **રૂમી** શાહાનશાહે તેને કેદખાને નાખ્યો. **શાપુર**ની ગેરહા-જરીનો લાભ લઈનેજ **રૂમીઓ** ઇરાન સાથ લડવા આવ્યા હતા અને થોડીક ફત્તેહો મેળવી હતી. **જુલ્યન** **ઍન્ટીઓક** છોડી **કારહી** આવ્યો અને ત્યાંથી **યુફ્રેટીસ**ની ખીણમાં થઈ, રેતીના રણમાં દાખલ થઈ **કેલીનાઈકસ** અને **નાઇસીફોરીયમ**ના આરબ શહેરોની તાબેદારી સ્વિકારી, **સીરકુશીયમ** શહેર ખાતે આવી પ્હોંચ્યો. **સીરકુશીયમ** ખાતે **લશ્કરી** ગોઠવણો કરી ઇરાની હદમાં દાખલ થઈ જઇથા, દુરા, વિ૦ ઇરાની શહેરો વટાવી **એનેથન** આવી પ્હોંચ્યો.

૩૬૩. (૧૩–એપ્રીલ.) **જુલ્યને એનેથન (એનથો)** નું મજબૂત શ્હેર દગાથી હાથ કરી સળગાવી મેલ્યું અને વિશ્વાસઘાત કરી રહેવાસીઓને **સીર્યા** ખાતે મોકળી દીધા.

એનેથનનો કિલ્લો યુફ્રેટીસના એક ટાપુ ઉપર આવેલો હતો.

૩૬૩. થીલુપા લેવામાં નિષ્ફળતા મેળવી **રૂમીઓ** આગલ વધ્યા. **થીલુપા એનેથોથી** ૮ મૈલ દૂર હતું.

૩૬૩. ડાયાસીરા (હીત) ના બચાવ વગરના નીરાધાર બઈરા છોકરાંઓને નીર્દયપણે **રૂમીઓએ** કત્લ કીધા.

આ શ્હેરના મરદો રૂમીઓ સામે લડવાને અશક્ત હોવાથી શ્હેર છોડી ચાલી ગયા હતા અને બચ્ચાં છોકરાંઓને રૂમીઓ હાથ નહિ લગાડશે એવી મતલબથી શ્હેરમાંજ રાખી ગયા હતા. રૂમીઓ હવે ઍબિલોન્યામાં દાખલ થયા. અહીંઆ તેમને **રોડોસેસીસ** નામે આરબ રાજા અને એક ઇરાની સરદારે ઘણાજ પજવ્યા.

૩૬૩. ઘણી હારો અને નિષ્ફળતા પછી **રૂમીઓએ પેરીસાબોરનો** મજબૂત કિલ્લો ઘેરો નાખી હાથ કીધો.

પેરીસાબોર હાથ કરી '**નેહેરે મલ્કા**' નામની નેહેર મારફતે ઇરાનીઓથી ઘણી અડચણો ભોગવી ટેસીફનથી ૧૧ માઇલ દૂર **ટેસીફનના** બચાવ માટે બાંધેલા **મોઘેમલ્કા** શ્હેર ખાતે રૂમીઓ આવી પ્હોંચ્યા.

૩૬૩. રૂમીઓએ મોઘેમલ્કા ઘણી મહેનતે જીતી તેને આગ લગાડી અને રહેવાસીઓને કત્લ કરી તેમના બહાદુર સરદાર **નેબડેટીસને** જીવતો બાળી મેલ્યો.

મદાઇન (**તેસીફન**) જઈ પૂંગવા માટે રૂમીઓને હવે માત્ર **ટાઇગ્રીસ** નદીજ ઓળંગવાની હતી. **જુલ્યને** મદાઇનની આસપાસના **પાદશાહી** બાગબગીચા, શેકારના પ્રાણીઓ, વિ૦ નો નાશ કીધો.

૩૬૩. ટાઇગ્રીસની જબરી લડાઇમાં **ઈરાનીઓ** હાર્યા અને **મદાઇનના** કિલ્લામાં ભરાઇ બેઠા.

ફીરદોસી મુજબ આ વખતે મહાત્મા **શાપુરે** કેદખાનેથી છુટી ઇરાન આવી રૂમીઓ સામે દેખાવ દીધો. તેને જોતાજ રૂમીઓ ગાભરા પડયા અને ટેસીફન શહેર કે જેને જીતવા માટેજ તેઓએ ચહડાઇ કીધી હતી તેને ઘેરો નહિ નાખતા ઉભી પુછડીએ પાછા ન્હાઠા. તેઓએ ફક્ત ૨૪ વહાણો રાખી બાકીના ૧,૧૦૦ વહાણોનો નાશ કીધો.

૩૬૩. ઇરાની સરદાર **મેરાનીસ** અને મહાત્મા **શાપુરે**ના બે બેટાઓએ પાછા ફરતા **રૂમી**ઓની પુઠ પકડી **મેરં**ગાના ખૂનખાર મેદાનમાં **રૂમી**ઓનો જબરો પરાજય કર્યો.

૩૬૩. **સમારા**ની યાદગાર નાશકારક લડાઇમાં **ઇરાની**ઓએ **રૂમી**ઓને હરાવી **જુલ્યન**ને જખમી કીધો. સરદાર **મેરાનીસ** માર્યો ગયો. (૨૬-જુન.)

જુલ્યનને થયલા જખ્મથી તે મધ્યરાતે મરણ પામ્યો. તેની જગો પર રૂમી લશ્કરે એક અવાજે **જોવીયન** નામે સરદારને તખ્તનશીન કીધો. મહાત્મા **શાપુરે** હવે રૂમીઓની પુઠ પકડી (૨૭ જુન) તેમને ઘણા હેરાન કીધા. **સમારા**થી ન્હાસી રૂમીઓ **દુરા** ગયા અને ત્યાંથી **ટાઇગ્રીસ** ઓળંગી ગયા. ઇરાનીઓ માટે તેમને મ્હોટી બિહીક હતી. આથી **શાપુરે** તેમની તરફ વકીલો મોકળી સુલેહની શરતો કબૂલ કરવા દબાણ કીધો.

૩૬૩. મહાત્મા **શાપુરે** સુચવેલી **રોમ**ને હીનપસ્તી લગાડનારી અને નીચું જોવાડનારી શરતો **રૂમી** શાહાનશાહ **જોવીયને** કબૂલ રાખવાથી **"દુરાની સુલેહ"** થઇ.

આ સુલેહથી લડાઇનો અંત આવ્યો. બન્ને પક્ષોએ તે પર સહીઓ કરી ૩૦ વરસ સૂધી સુલેહ જાળવવાના સપત લીધા. સુલેહની શરતો નીચે મુજબ હતી:—

૧. શાહાનશાહ **નરસી**એ **રોમ**ને આપી દીધેલા **ટાઇગ્રીસ** નદીની પશ્ચિમ બાજુનાં પાંચ પ્રગણાઓ, તેઓમાંની સઘળી કિલ્લેબંદી, રહેવાસીઓ તથા દોલત સાથે, રૂમીઓએ પાછા ઇરાનને સ્વાધીન કરવા.

૨. **પૂર્વ મેસોપોટેમ્યા**ના **નસીબન**, **સીંગારા** અને "**સુર સાકોની છાવણી**" નામના ત્રણ કિલ્લાઓ ઇરાનીઓને હવાલે કરવા.

૩. આર્મીન્યા સાથનો સંબંધ રોમ છોડી દેવો. ત્યાંના રાજા આરસને પકડતો મેળી ઈરાન સાથના તેના કજીઆમાં તેને કશી મદદ રોમે આપવી નહિ.

આર્મીન્યા અને ઐબીર્યાની ફત્તેહ.

૩૬૪. મહાત્મા **શાપુરે અર્માની** ઉમરાઓમાં ફેસાદ બરપા કરી, **આર્મીન્યા**ના દગાખોર બેવફા રાજા **આરસને ઈરાન** બોલાવી તેની આંખ ફોડી કેદ કરી તેને પદભ્રષ્ટ કીધો.

૩૬૪. આરસની રાણી **ફરંદ્ઝમ** તથા તેનો બેટો **બાબ અર્દકર્સ** (**આર્ટોગેરેસા**) ના કિલ્લામાં ભરાઇ બેસી **શાપુર**ની સામે થયા.

તેમને તાબે કરવા મહાત્મા **શાપુરે કાઇલાસીસ** અને **આરટાબાનીસ** નામના **અર્માની** સરદારોને મોકળ્યા હતા પણ તેઓ દગો કરી દુશ્મનોને મળી ગયા. આથી સરદાર વગરના ઈરાની લશ્કરને પાછું હઠવું પડયું.

૩૬૪. મહાત્મા **શાપુરે ઐબીર્યા** પર ચહડાઈ કરી ત્યાંનાં રાજા **સોરોમેસીસ**ને હરાવી દેશમાંથી હાંકી કહાડયો અને **એસ્પેકયુરીસ**ને ગાદીનશીન કરી **ઈરાન** પાછો ફર્યો.

૩૬૪. શાહજાદો **બાબ (પારા) રૂમી** શાહાનશાહ **વેલન્સ**ને આશરે ગયો. **વેલન્સ**ની કુમકથી **અર્માની**ઓએ **બાબ**ને રાજા બનાવ્યો.

૩૬૫. મહાત્મા **શાપુરે આર્મીન્યા** પર ચઢાઇ કરી **કાઇલાસીસ** અને **આરટાબાનીસ**ને હરાવી જંગલોમાં હાંકી કહાડયા.

પાછળથી આ બન્ને સરદારોને રાજા **બાબ**ની મારફતે કત્લ કરાવ્યા હતા.

૩૬૫. મહાત્મા **શાપુરે** **અર્દકર્સને** ઘેરો નાખી હાથ કીધુ અને ખજાનો હાથ કરી રાણી **ફરંદઝમ**ને કેદ કીધી તથા **બાબ** સાથે સુલેહ કરી **આર્મીન્યા** તાબે કીધું.

રોમ સાથે નવી લડાઇ.

૩૭૧. ઐબીર્યાના પદભ્રષ્ટ રાજા **સોરોમેસીસ**ને મદદ કરવા વચનભંગ **રૂમીઓએ** **ઐબીર્યા** પર ચહડાઈ મોકળી.

રૂમી સરદાર **ટેરેન્શ્યસ** ફત્તેહ કરતો છેક **કાર્ઇરસ** નદી સુધી જઈ પ્હોંચ્યો. તેની સામે થવા જેટલું જોર ત્યાંના ઇરાની ખંડિયા રાજા **એસ્પેકયુરીસ**માં હતું નહિ.

૩૭૧. **એસ્પેકયુરીસે** પોતાનો અર્ધો મુલક પોતાની નબળાઇને લીધે **સોરોમેસીસ**ને આપી દીધો.

૩૭૨. રોમની બેવફાઇ માટે તેને સજા કરવા મહાત્મા **શાપુરે** **રોમ** પર ચહડાઇ કીધી.

આ લડાઈ ઈ૦ સ૦ ૩૭૬ સુધી ચાલુ રહી પણ કશો નીવેડો આવ્યો નહિ.

૩૭૬. **રોમ** અને **ઈરાન** વચ્ચે સુલેહ થઈ.

૩૭૯. બળવાન, હીમ્મતવાન, ફત્તેહમંદ, દયાળુ, ધર્મીષ્ટ, મહાત્મા શાહાનશાહ **શાપુર** મરણ પામ્યો.

'અરતહશત્રો'

અર્દશીર (નેકોકાર, 'અલ જમીલ') ૨.

ઇ૦ સ૦ ૩૭૯–૩૮૩.—૪ વરસ.

મહાત્મા શાપુરનો બેટો.

રૂમી શાહાનશાહ વૅલન્સે આર્મીન્યાના રાજા બાબ (પારા) નું ખૂન કરાવી તેની ગાદી પર વરજદાદ (ફરસડેટીસ) ને બેસાડયો હતો (૩૭૪,) અને રાજ્યનો વહીવત મુશેગ્ર નામે ઉમરાને સોંપ્યો હતો. પાછળથી વરજદાદે મુશેગ્રને મારી નખાવ્યાથી તેના વેરમાં તેના ભાઇ મેન્યુલે બળવો ઉઠાવી વરજદાદને હરાવી પદભ્રષ્ટ કીધો અને બાબની રાણી જરમાનદોખ્ત અને તેણીના બેટાઓને તખ્તે બેસાડયા પણ રૂમીઓની બિહીકથી ઇરાનના પાદશાહની તાબેદારી કબૂલ રાખવા એક એલચીખાતું મદાઇન મોકલ્યું.

૩૭૯. સરદાર મેન્યુલે ઇરાનની તાબેદારી કબૂલ રાખી ખંડણી આપતી કીધી.

આના બદલામાં શાહાનશાહ અર્દશીરે જરમાનદોખ્તને રાણી તરીકે કબૂલ રાખી, મેન્યુલની મદદમાં ૧૦,૦૦૦ ઇરાનીઓનું લશ્કર રાખી, આર્મીન્યામાં તેને મદદ કરવા એક શત્રપ (હાકમ) નેમ્યો અને આર્મીન્યાની પાસબાની કરવાનું પોતે માથે લીધું.

૩૮૩. મેન્યુલે અર્માની સરદાર મેરૂજાનના ભમાવ્યાથી કુમકના ૧૦,૦૦૦ ઇરાની લશ્કરને કાપી નાખવાથી ઇરાન અને આર્મીન્યા વચ્ચે લડાઇ જાગી.

ઇરાની શત્રપ તેને પકડીને ઇરાન મોકળી દેનાર છે એમ અદેખાઇથી ભેરવી મારવાથી મેન્યુલે ઉપલું કામ કીધું હતું.

૩૮૩. મેન્યુલ મરણ પામ્યો.

મેન્યુલના મરણ બાદ અર્માનીઓ બે ટોળીઓમાં વ્હેંચાઇ ગયા. એકે રોમ અને બીજીએ ઇરાનની મદદ માંગવાથી બન્ને દેશો વચ્ચે લડાઇ જાગવાનો ભય ઉભો થયો.

૩૮૩. નેક (નેકોકાર), નેકીવાલો ('અલ જમીલ'), માયાળું, સુલેહમંદ શાહાનશાહ અર્દશીર તેસીફૂન ખાતે મરણ પામ્યો.

શાહપહરી.'

શાપુર ('લડાયક') ૩ જો.

ઈ૦ સ૦ ૩૮૩–૩૮૮.—૫ વરસ.

મહાત્મા શાપુરનો બેટો.

૩૮૪. ઈરાનની પૂર્વ સરહદ પર જંગલી ટોળાઓએ દરોડો પાડયો.

એજ વખતે રોમની પશ્ચિમે પણ ગૉથ લોકો ઘણાજ પગભર થયલા હોવાથી તેમના ભયથી રૂમીઓએ ઇરાન સાથ લડાઈમાં ઉતરવામાં ડહાપણ જોયું નહિ.

૩૮૪. **"કૉન્સ્ટેન્ટીનોપલની સુલેહ"** મૂજબ **આ-ર્મીન્યાના** ભાગલા પાડી રોમ અને ઈરાને વ્હેંચી લીધું.

ઇરાનને મળેલા આર્મીન્યાનો પૂર્વ ભાગ રોમને મળેલા પશ્ચિમ ભાગ કરતા ૪ ઘણો મ્હોટો હતો. ઇરાને પોતાના ભાગમાં **ખુસરો** નામના ખ્રિસ્તીની નેમણુંક કીધી જ્યારે રોમે પોતાનો ભાગ બાબના બેટા **આરસસને** હવાલે કીધો.

શાહનશાહ **શાપુરે "યાદ"** નામની આરબ ટોળીને તેમના મુલકમાં દાખલ થઇ જબરી શીકસ્ત આપી.

૩૮૬. **આરસસ** મરણ પામવાથી તેનું રાજ્ય **રૂમીઓએ** પોતાની શાહાનશાહત સાથ જોડી નાખી ત્યાં **રૂમી** હાકમ નેમ્યો.

૩૮૮. લડાયક ભલો શાહાનશાહ **શાપુર** તંબુનો ચોબ માથાંમાં લાગવાથી મરણ પામ્યો.

શાપુરે પોતાની તેમજ પોતાના પેદરની તસવીરો **તાકે બોસ્તાન** ખાતે કોતરાવી હતી.

'વરહરાન.'

બેહરામ (કેરમાનશાહ) ૪.

ઇ૦ સ૦ ૩૮૮–૩૯૯.—૧૧ વરસ.

મહાત્મા શાપુરનો બેટો.

૩૯૦. **આર્મીન્યાના** ઇરાની ભાગના હાકમ **ખુસરોએ રોમના** શાહાનશાહ **થીયોડોશીયસને** રાજી રાખી **રૂમી આર્મીન્યાની** હાકમી મેળવી.

૩૯૧. ઈરાનને બેવફા થઈ **ખુસરો રોમની** મીનમાં ભરાયો.

આમ કરવાને રોમે તેને ઉશ્કેર્યો હશે એવો શક ગયાથી **બેહરામે** રોમ સામે લડાઈ ઉઠાવવા માંગી આથી બિહીને રૂમીઓએ ખુસરોને આશરો આપ્યો નહિ.

૩૯૧. શાહાનશાહ **બેહરામે ખુસરોને** કિલ્લામાં કેદ કરી તેની જગા પર પોતાના ભાઇ **શાપુરને** આખા **આર્મીન્યાની** ગાદી બક્ષી.

૩૯૯. લશ્કરે બળવો ઉઠાવી **બેહરામને** તીરે વીંધી મારી નાખ્યો.

ફીરદોસી મૂજબ **બેહરામ** માંદો પડી ૩૬ વરસની **ઉમરે** મરણ પામ્યો હતો.

'ઇસ્દીકર્તી'.

યજદેજર્દ ('રામશ્ત્રસ' 'અથીલ') ૧.

ઇ૦ સ૦ ૩૯૯–૪૨૦.—૨૧ વરસ.

બેહરામ ૪. નો બેટો.

૪૦૮. **રૂમી** શાહાનશાહ **થીયોડોશીયસ**ના બેટા **આરકેડીયસે** ૧૦૦૦ રતલ સોનું આપી **યજદેજર્દ**ને પોતાના વારેસ બેટા **થીયોડોશ્યસ**નો ટસ્ટી કીધો.

શાહાનશાહ **આરકેડીયસ**ને કોઈ પણ રૂમી પર ભરોસો નહિ હોવાથી તેણે ઉપલું પગલું ભર્યું હતું. **યજદેજર્દે** રોમની સેનેટ પર હુકમ મોકળાવી **થીયોડોશ્યસ** સામે કોઇ પણ જાતના પ્રપંચ રચનારને સખ્ત સજા કરવાનું જાહેર કીધું.

યજદેજર્દ અસ્થિર મનનો હતો. શરૂઆતમાં તેણે ખ્રિસ્તીઓ તરફ મેહેરબાનગી બતાવ્યાથી ખ્રિસ્તીઓએ આતશખાનાઓ બાળી નાખી જરથોસ્તીઓની કત્લ ચલાવી આથી ગુસ્સે થઈ **યજદેજર્દે** ઇરાન અને આર્મીન્યાનાં ખ્રિસ્તીઓની મ્હોટી કત્લો ચલાવી હતી.

૪૧૨. **આર્મીન્યા**નો હાકમ **બેહરામ-શાપુર** મરણ પામ્યો. ખ્રિસ્તી વડા પાદરી **ઈસાક**ની અરજ પરથી **યજદેજર્દે** આગલા પદભ્રષ્ટ રાજા **ખોસરૂ**ને **આર્મીન્યા**ની ગાદી પાછી આપી.

૪૧૩. **ખોસરૂ** મરણ પામ્યો. **યજદેજર્દે** પોતાના બેટા **શાપુર**ને **આર્મીન્યા**નું તખ્ત બક્ષ્યું.

યજદેજર્દની મરજીથી **શાપુરે** આર્મીન્યાના ખ્રિસ્તીઓને જરથોસ્તી ધર્મમાં વટલાવવાની ઘણી કોશિશો કીધી હતી પણ તેમાં તે ફાવ્યો હતો નહિ.

૪૧૮. **યજદેજર્દ**ની માંદગીથી **શાપુર** **આર્મીન્યા** છોડી **મદાઇન** આવ્યો. **આર્મા**નીઓએ બળવો ઉઠાવી **આર્મીન્યા**માંથી ઈરાની લશ્કરને મારી કહાડયું.

૪૧૯. દરીઆઈ ઘોડાએ લાત મારવાથી મક્કમ મનનો (રામશ્ત્રસ) ઘાતકી (અથીલ) **યજદેજર્દ** મરણ પામ્યો.

'વરહરાન'.

બેહરામ (ગુર) પ. ઇ૦ સ૦ ૪૨૦–૪૪૦.—૨૦ વરસ.

યજદેજર્દ ૧. નો બેટો.

૪૧૯. ઈરાનના તખ્ત માટે ત્રણ દાવાદારો ઉભા થયા.

૪૧૯. પ્હેલા દાવાદાર શાહજાદા **શાપુર** (**આર્મીન્યાનાં** હાકમ) નું મેહેલમાં છુંપ્યું ખૂન થયું.

૪૧૯. બીજા દાવાદાર **ખુસરોને** અમીરોએ **ઈરાનનું** તખ્ત આપ્યું.

પાદશાહ **ખુસરો અર્દશીર બાબેગાંનના** ખાનદાનનો હતો.

૪૧૯. તખ્તના હકદાર વારેસ શાહજાદા **બેહરામે હીરાના આરબ** ખંડિયા રાજા **મંજરની** મદદથી **સીબાન** અને કુબતીયાના ૧૨,૦૦૦ લશ્કર સાથે **ઈરાન** પર ચઢાઈ કીધી. **બેહરામે ખોરસાનથી મદાઇન** સૂધીનો મુલ્ક જીતી લીધો.

બેહરામ શાહાનશાહ **યજદેજર્દને** હકદાર વારેસ બેટો હતો. તેને **યજદેજર્દે** કેલવણી આપવા **હીરાના** તાબેદાર **આરબ** રાજાને સોંપ્યો હતો. **યજદેજર્દ** ઘાતકી હોવાથી તેનો બેટો પણ તેવાજ નીકળશે અને પોતાનું બચપણ આરબો સાથે ગુજારેલું હોવાથી તેમનો વીક્રાળ ખવાશ તેનામાં પણ ઉતર્યો હશે એવી બિહીકથી ઇરાની અમીરો **બેહરામને** ગાદી આપવા માંગતા હતા નહિ.

૪૨૦. બેહરામે પોતાની બહાદુરીથી **ઈરાનનું** તખ્ત મેળવ્યું.

કહે છે કે જ્યારે કોઈ પણ રવેશે ઈરાની અમીરોએ ઈરાનનું તખ્ત **બેહરામને** આપવાને કબૂલ કીધું નહિ ત્યારે **બેહરામે** એવું સુચવ્યું કે "જંગૂલના બે વાઘોને સામસામા બાંધી તેઓની વચ્ચો વચમાં ઈરાનનું તખ્ત મેળી તે ઉપર તાજ મેળવું; અને જે ધણી આ તાજ ઉઠાવીને પેહેરે તેને પાદશાહ ગણવો." સઘળાઓએ આ સુચના કબૂલ રાખી. બુઢ્ઢા પાદશાહ **ખુસરોમાં** વાઘોને મારવાની તાકાત હતી નહિ પણ **બેહરામે** તત્કાલ વાઘોનો જાન લઈ તાજ પેહેરી તખ્તનશીન થયો. **બેહરામે** ઇરાની અમીરોને માફી બક્ષી તેમના પર નીકળતી ૫ અબજ અને ૭૦ કરોડ દેરમની વસુલાતની બાકી માફ કીધી.

રોમ સાથે લડાઇ.

૪૨૧. રોમ સાથ લડાઈ જાગી.

બેહરામ ચુસ્ત જરથોસ્તી હતો. જરથોસ્તીઓને રાજી રાખવા તેણે ખ્રિસ્ટીઓની કત્લ ચલાવ્યાથી તેઓ ઇરાન છોડી રૂમી હદમાં જઈ ભરાયા. **બેહરામે** પોતાની નાઠેલી પ્રજાને પાછી મેળવવા રૂમી શાહાનશાહ **થીયોડોશીયસ** પર માંગણી મોકળી જે નાકબૂલ રાખવાથી **બેહરામે** તેની સામે લડાઇ ઉઠાવી હતી. આથી રૂમીઓ **એ**દરાબીનીનાં **આર્મીન્યાના** ઇરાની પ્રાંતમાં લશ્કર લઇ આવ્યા.

૪૨૧. રૂમીઓએ **બેહરામ**ના ભાઇ ઇરાની સેનાપતી **નરસી**ને હુમલો કરી હરાવ્યો.

પોતાની હાર થવા બાદ **નરસીએ** રૂમી **મેસોપોટેમ્યા** પર હુમલો કરી લૂટફાટ કરવાથી રૂમીઓ **આર્મીન્યા** છોડી **મેસોપોટેમ્યા** આવ્યા. ઇરાનીઓ **નસીબન**ના કિલ્લામાં ભરાઈ બેઠા.

૪૨૧. રૂમીઓએ **નસીબન**ને ઘેરો નાખ્યો. શાહાનશાહ **બેહરામ** તથા **મંજર**ના આવી પ્હોંચવાથી **રૂમીઓએ** ઘેરો ઉઠાવી લીધો.

૪૨૧. **બેહેરામે થી**યોડોશીયોપોલીસને ઘેરો નાખ્યો.

થીયોડોશીયોપોલીસ રૂમી-આર્મીન્યાનાં બચાવ માટે તરતનુંજ બાંધેલું હતું. આ શહેર ઘણું મજબૂત હતું. **બેહરામે** ૩૦ દીવસ ઘેરો ચાલુ રાખી નિષ્ફળ થઇ ઘેરો ઉઠાવી લીધો. **બેહરામ** સામે લડવા રૂમીઓએ સરદાર **પ્રોકોપ્યસને** મોકળ્યો. **બેહરામે** તેની સાથે એવી ગોઠવણ કીધી કે બન્ને તરફના બે સૌથી જોરાવર સરદારોએ લડાઇ કરવી તેમાં જે પક્ષનો સરદાર હારે તે પક્ષને હારેલી સમજવી. આ મૂજબ લડાઈ ચાલતા રૂમી પક્ષના ગૉથ પેહેલવાન **એરીયોબીન્ડસે** ઇરાની પેહેલવાન **અરદાજનીસને** કત્લ કરવાથી **બેહરામે** રૂમીઓની ફત્તેહ કબૂલ રાખી.

૪૨૨. રોમ અને ઇરાન બચ્ચે સુલેહ થઇ.

સુલેહની શરતો એવી હતી કે ઇરાનની નાઠેલી ખ્રિસ્ટી પ્રજાઓ રૂમીઓને તાબે રહે તેમાં ઇરાને વાંધો ઉઠાવવો નહિ અને **બેહરામે** ખ્રિસ્ટીઓની વધુ કત્લ ચલાવવી નહિ.

૪૨૨. બેહરામે આર્મીન્યા પર ચહડાઇ કરી તેના તખ્ત પર માજી રાજા **શાપુર (યઝદેજર્દ ૧. નો કાકો) ના** બેટા **આરટાસીસને અર્દશીરનું** નામ આપી બેસાડયો ને ફીતુર બેસાડી દીધું.

અર્દશીરના બદ કામોથી આર્માની ઉમરાઓ કંટાળી ગયા અને તેઓએ બેહરામ આગળ ફરીઆદ કરી. તપાસમાં તકસીરવાર સાબેત થવાથી બેહરામે અર્દશીરને પદભ્રષ્ઠ કીધો.

૪૨૮. બેહરામે આર્મીન્યા ઇરાની શાહનશાહત સાથે જોડી દઈ **વીમેહેર-શાપુરને આર્મીન્યાંનો** પ્હેલો ઈરાની મરજબાન (હાકમ) બનાવ્યો.

૪૩૦. કેસ્પીયન સમુદ્રની પૂર્વે અને જીહુન નદીની ઉત્તરે વસનારા જંગલી હએતાલી લોકોએ જીહુન ઓળંગી ઈરાનના મર્વ પ્રાંતને વેરાન કરી ખોરાસાન પર દરોડો પાડયો.

બેહરામ શીકારબાજીનો ઘણોજ શોકીન હોવાથી તે આ વખ્તે શીકારબાજીમાં રોકાયલો હતો. તે પોતે હએતાલીઓ વિષે બેદરકાર હોય એવો દેખાવ કરતો હતો. આથી ઈરાની અમારોએ નાસીપાસ થઈ હએતાલાઓના રાજા (ખાકાન) ને ખંડણી આપવાનું કબૂલ કીધું. પણ **બેહરામ** ઘણો દૂરઅંદેશ હતો તેણે ૧૨,૦૦૦ લશ્કર લઇને એસ્તખ્રથી આજરઆબાદગાન તરફ કુચ કરી, આજરઆબાદગાનથી અર્દબીલ (હમદાન), આમલ, ગોરગાન, **નીશાપુર**, વિ૦ શ્હેરો પસાર કરી **મર્વ** ખાતે જઈ પ્હોંચ્યો. **ખાકાનની છાવણી** કુશમીહન ખાતે હતી જ્યાં **બેહરામે** જઇ છાવણી નાખી.

૪૩૦-૪૪૦. કુશમીહનની ખૂનખાર લડાઇમાં **બેહરામે ખાકાનને** હરાવ્યો, તેના ૩૦૦ સરદારોને કેદ પકડયા અને **ઘીલાનના** પાદશાહ **બેજરવાને ખાકાનને** કેદ કીધો.

આ જીત પછી **બેહરામે મર્વ** ખાતે પાછા આવી **ખાકાન** (બાકીના લશ્કરીઓને કત્લ કીધા. આથી નહિ ધરાતા **બેહરામ** આમુ નદી ઓળંગી દુશ્મનોના મુલકમાં દાખલ થયો.

૪૩૦-૪૪૦. બેહરામે બોખારા શહેર જીતી દુશ્મનોના લશ્કરને કત્લ કીધું.

૪૪૦. હુએતાલીઓ તાબે થયા અને તેઓએ ખંડણી આપતી કીધી. સરદાર **શોહોરેને બેહરામે** હુએતાલી લોકોની પાદશાહી સ્વાધીન કીધી.

આ ફત્તેહોથી **બેહરામ**ના હાથમાં પુષ્કળ ખજાનો આવ્યો જેનો **બેહરામે** રસ્તા સમરાવવા, પુલો બાંધવા અને ગરીબોના ભલાને માટે છુટથી ઉપયોગ કીધો.

૪૩૧. બેહરામે પેહેલવી ભાષાને સરકાર દરબારમાં વપરાતી બંધ પાડવાનો હુકમ કહાડયો.

બેહરામ ઘણો મોજીલો પાદશાહ હતો. એ શાહાનશાહ જેવો પ્રખ્યાત તીરંદાજ તે જમાનામાં કોઈ હતો નહિ. કહે છે કે '**બરજો**' નું નામ ધારણ કરી એલચી તરીકે તે હિંદુસ્તાન કનોજના રાજા **શંકલ**ની દરબારમાં ગયો હતો. ત્યાં મહાભારત સાહસકર્મો બજાવી રાજાની સેવા બજાવ્યાથી ખુશી થઈ રાજાએ પોતાની સૌથી ખુબસુરત બેટી **સ્પીનુદ** સાથે **બેહરામ**ની શેહાદી કીધી હતી. પાછલથી **બેહરામ**ના પરોણા તરીકે રાજા **શંકલ**, કાબુલ, સીંધ, સંદલ, જંદલ, મુલતાન અને કાશમીરના રાજાઓ સાથે ઈરાન આવ્યો હતો.

૪૪૦. સખી, બહાદુર, અક્કલમંદ, ઈનસાફી, પ્રજાનો પ્યારો, લાડકવાયો શાહાનશાહ **બેહરામ** મરણ પામ્યો.

'કાદી યઝદકર્તી'.

યઝદેજર્દ ("દયાળુ") ૨.

ઈ૦ સ૦ ૪૪૦-૪૫૭.—૧૭ વરસ.

બેહરામ ગુરનો બેટા.

૪૪૧. શાહાનશાહ **યઝદેજર્દે રોમ** સામે લડાઈ જાહેર કીધી.

યઝદેજર્દ ઈરાની, **સારેસન, હુન,** આઇસોર્યન, વિ૦ પ્રજાઓના લશ્કર સાથે રૂમી મુલકો પર ચહડી ગયો. રૂમીઓ લડાઈ કરવાને નાખુશ હોવાથી શાહાનશાહ **થીયોડોશીયસે એશિયાના** રૂમી હાકમ કાઉંટ **એનેટોલ્યસને** ઈરાનીઓ સાથે દોસ્તી કરવા હુકમ કીધો.

૪૪૧. કાઉંટ એનેટોલ્યસે પાદશાહની દરબારમાં પાઊંખ્યાદો દાખલ થઈ પાદશાહના તખ્ત આગળ પોતાનું માથું મેળી સુલેહ માટે અરજ કરવાથી **ઈરાન** અને **રોમ** વચ્ચે સુલેહ થઈ.

સુલેહની શરતો મુજબ ઈરાનીઓ અને રૂમીઓએ એકેકની સરહદ પર કીલ્લાઓ નહિ બાંધવાં એવું ઠરાવવામાં આવ્યું હતું.

૪૪૨. શાહાનશાહ **યઝદેજર્દે** પોતાના બાહોશ વજીર **મેહેર-નરસીને આર્મીન્યાનાં** ખ્રિસ્ટીઓને **જરથોસ્તી** ધર્મમાં વટલાવવા **આર્મીન્યા** મોકલ્યો.

મેહેર-નરસીની સમજાવટથી **આર્મીન્યાનો** મરજબાન (હાકમ) **વસગ** તથા તેનો જમાઈ **વરજવગન** જરથોસ્તી ધર્મમાં વટલાયા. આ પછી **મેહેર-નરસીએ એબીર્યા,** અલબાન્યા તથા **આર્મીન્યાના** રાજવંશીઓને પોતાની દરબારમાં ઇજન કરી બોલાવ્યા અને તેમને ભારે માન અકરામ આપી તથા ખેતાબોથી નવાજી **યઝદેજર્દના** શત્રુઓ સામે લડવા જવા ફરમાવ્યું. તેના ફરમાનને માન આપી તેઓએ **ફરખંદના** કોસ્ટા પરના ઈરાનના દુશ્મનો સામે બે વરસો (ઈ૦ સ૦

૪૪૩-૪૪૫) સૂધી લડી તેમને હરાવ્યા પણ જ્યારે વજીરે તેમને જરથોસ્તી ધર્મ સ્વિકારવા અરજ કીધી ત્યારે તેઓએ સાફ ના પાડી. જ્યારે સમજાવટથી કશું વલ્યું નહિ ત્યારે વજીરે હઠીલા સરદારો **કેનુનીયાના** શાહજાદા **અડુન** તથા **રેશદુનિયાના** શાહજાદા **મનજેહુરને** કેદ કરી ઈરાન મોકળી દીધા. આ પછી વધારે ધાક પાથરવા ઈરાની સપેહસાલાર **તન-શાપુરે** આર્મીન્યાનાં સઘળાં ખ્રિસ્ટીઓને જરથોસ્તી ધર્મ અંગીકાર કરવાનું ફર્જન કીધું. પણ અરદાશદ ખાતે મળેલી ખ્રિસ્ટી સભામાં સઘળાંઓએ જરથોસ્તી ધર્મ સ્વિકારવો નહિ એવો ઠરાવ પસાર કીધો. આથી કંટાળીને **યજદેજર્દે** આર્મીન્યાના **મરજબાન વસગ,** સપેહસાલાર **વરતન,** ઐબીર્યાના શાહજાદા **વજતન** વિ૦ બડેખાંઓને ઈરાન બોલાવી ધમકી આપવાથી તેઓએ જરથોસ્તી ધર્મ અંગીકાર કર્યો. એજ વખ્તે વેંટના શાહજાદા **શેહવરૂપ અર્જરૂનીએ** ટૉવીન શ્હેરમાં જરથોસ્તી ધર્મમાં વટલી ત્યાંનાં સઘળાં દેવળોનો પોતાને હાથે નાશ કરવાથી ખ્રિસ્ટી અર્માનીઓ ઉશ્કેરાયા.

૪૪૩. જંગલી હુએતાલી લોકોએ જીહુન નદી ઓળંગી ખોરાસાન પર દરોડો પાડયો.

શાહાનશાહ **યજદેજર્દે** રાજવહીવટ વજીર **મેહેર-નરસીને** સોંપીને તેમની સામે લડવા ગયો. **નીશાપુર** ખાતે પોતાનું લશ્કરી મથક રાખીને **યજદેજર્દે** આ જંગલીઓ સામે ૮ વરસો સૂધી લડાઈઓ લડી તેમને આજેજ કીધા હતા. (ઈ૦ સ૦ ૪૪૩-૪૫૧.)

૪૫૦. અર્માની ખ્રિસ્ટીઓએ બળવો ઉઠાવી **આર્મીન્યાનાં** જરથોસ્તીઓ તથા ઇરાની લશ્કરને મારી કહાડી આતશખાનાઓ ભાંજી તથા બાળી નાખ્યાં.

આ બળવામાં મરજબાન **વસગ** તથા સપેહસાલાર **વરતને** પાછા ખ્રિસ્ટી બની ઘણો અગત્યનો ભાગ બજાવ્યો હતો. તેઓએ ૧,૦૦,૦૦૦ માણસનું મ્હોટું લશ્કર ભેગું કરી અલ્બાન્યાનાં ખ્રિસ્ટીઓને મદદ આપી આર્મીન્યાના જરથોસ્તીઓનો નાશ કીધો. તેઓએ રૂમીઓ પાસે મદદ માંગી જે તેઓએ પોતાની માઠી હાલતને લીધે આપવાને ના પાડી.

૪૫૧. બળવાખોર **વસગ, પાગ્રેટાઈડીસ** લોકોનો શાહજાદો **ડીરાટસ,** ખોરખોરૂન્યનોનો શાહજાદો **કુટીશ્વી** વિગેરે

આર્મીની બળવાખોરો જરથોસ્તી ધર્મ અંગીકાર કરી ઇરાની લશ્કરને મળી ગયા.

તેઓએ પોતાની ફોજો ઇરાની લશ્કર સાથે મેળવી દઇ આર્મીન્યા ઉજડ નાખ્યું, અરદશદનો કશબો ફના કીધો, ઍરેરેટના પ્રગણાને સળગાવી મેલ્યું તથા બલવાખોર ઉમરાઓની મીલ્કતોનો નાશ કીધો.

૪૫૧. ઇરાની સરદાર **મેશગાન નીનસાલવર્દ આ**ર્મીન્યામાં દાખલ થયો; અર્ધું **આ**ર્મીન્યા તેને તાબે થયું.

આર્માનીઓ સાથની લડાઈ ઇ૦ સ૦ ૪૫૬ સૂધી ચાલું રહી.

૪૫૧. શાહાનશાહ **યજદેજર્દે** જીહુન નદી પસાર કરી જંગલી હુએતાલીઓના મુલકમાં દાખલ થઇ તેઓ ઉપર મહાભારત ફત્તેહ મેળવી અને તેમના રાજાને પદભ્રષ્ટ કરી જંગલમાં ન્હસાડી મેલ્યો.

૪૫૬. મેશગાન નીનસાલવર્દે આર્માની બળવાખોરોને **દેગમોદ** નદીના કાંઠા પર થયલી મ્હોટી યાદગાર લડાઇમાં હરાવ્યા.

૪૫૬. આખા **આ**ર્મીન્યાના **ખ્રિસ્ટી**ઓએ **જ**રથોસ્તી ધર્મ કબુલ રાખ્યો.

૪૫૫. હુએતાલી જંગલીઓએ **ખો**રાસાન પર પાછી ચહડાઇ કીધી.

૪૫૫ થી ૪૫૭ સૂધી તેઓ સાથ લડી શાહાનશાહ **યજદેજર્દે** તેમને ઇરાનમાંથી મારી કહાડયા.

૪૫૭. શાહાનશાહ **યજદેજર્દે** જીહુન નદી ઓળંગી **હુ**એતાલી જંગલીઓના મુલક પર ચહડાઈ કીધી. અંજાણી જગામાં સપડાઈ જવાથી **યજદેજર્દ**ની મ્હોટી હાર થઈ.

૪૫૭. "દયાળુ," હિમ્મતવાન, ધર્મીષ્ટ, "સેપાહ દોસ્ત" "**કાદી**" (મહાત્મા) શાહાનશાહ **યજદેજર્દ** મરણ પામ્યો.

'પીરોજ.'

પીરોજ. ઇ૦ સ૦ ૪૫૭-૪૮૩.—૨૬ વરસ.

યજદેજર્દ ૨. નો બેટો.

૪૫૭. શાહાનશાહ **યજદેજર્દ**નો ન્હાનો બેટો **હોરમજ** ગાદીએ બેઠો.

હોરમજ યજદેજર્દનો માનીતો હોવાથી **યજદેજર્દે** તેને તખ્ત આપી પોતાના વડાં બેટા **પીરોજને સીસ્તાન**ની હાકમી સોંપી હતી. બાપના મરણ બાદ **હોરમજ** જ્યારે તખ્તનશીન થયો ત્યારે **પીરોજ** મદદ મેળવવા હુએતલના પાદશાહ **ફગાનીશ**ની દરબારમાં જઈ રહ્યો. **ફગાનીશ**ને તાબે બૅકત્રિયા, તોકારીસ્તાન, બદક્ષાન વિ૦ ઘણા પ્રાંતો હતા. ઇ૦ સ૦ ૪૫૭ માં તેણે શાહાનશાહ **યજદેજર્દ**ને પણ શિકસ્ત આપી હતી. **પીરોજ** તેની દરબારમાં બે વરસ રહ્યો હતો.

૪૫૯. **અલબાન્યા**નો ખંડિયો રાજા **વજે** બળવો ઉઠાવી સ્વતંત્ર થયો.

૪૫૯. હુએતલના પાદશાહ **ફગાનીશ**ની ૩૦,૦૦૦ માણસોના લશ્કરની મદદથી શાહજાદા **પીરોજે** ઇરાન પર ચહડાઈ કીધી અને **હોરમજ**ને હરાવી ઈરાનના તખ્ત પર બેઠો.

પીરોજે હોરમજ પર મેહેરબાની કરી તેને **સીસ્તાન**ની હાકમી આપી હતી.

૪૫૯. **પીરોજે** લશ્કર મોકળી **અલબાન્યા** દેશ પાછો તાબે કીધો.

૪૬૪. ઇરાની શાહાનશાહતમાં ભયંકાર દુકાળ પડયો.

આ દુકાળ ઘણોજ કાતીલ હતો. તે ૭ વરસો સુધી (૪૬૪-૪૭૦) ઇરાનમાં ચાલું રહયો. **પીરોજે** રૈયતો ઉપરનો કર માફ કરી, સરકારી અનાજ લોકોમાં મફત વ્હેંચી, દેશાવરોથી અનાજ મંગાવી રૈયતોના ભલા માટે દરેક ઉપાયો લીધા. કહે છે કે **પીરોજ**ની ઉત્તમ મોતેબર રાજનીતિથી ૧ થી વધું આદમી મરણ પામ્યું હતું નહિ! ૭ વરસ બાદ

ભારે વરસાદ વરસ્યાથી ઇરાનમાં પાછી આબાદી થઈ. એ મુદ્દત દરમ્યાન **પીરોજે** પોતાનું તખ્ત પણ છોડી દીધું હતું.

૪૬૪. ઇરાનમાં પડેલા દુકાળનો લાભ લઇ **હએતાલી-** ઓના ખંડિયા પાદશાહ **ફગાનીશના** બેટા **ખુશનવાઝે** ઇરાનને અપાતી ખંડણી બંધ કીધી.

૪૬૪. ખંડણી પાછી મેળવવા **પીરોજે હએતાલીઓ** પર ચહડાઈ કીધી.

આ ચહડાઇમાં **પીરોજની** શરૂઆતથીજ હાર થતી ચાલી જેથી કંટાળીને **પીરોજે ખુશનવાજને** પોતાનો દામાદ બનાવવા વચન આપ્યાથી લડાઈ બંધ પડી.

૪૬૫. ઈરાનીઓ અને **હએતાલીઓ** વચ્ચે સુલેહ થઇ.

પીરોજે વચન ભંગ કરીને પોતાની બેટીને બદલે એક બાંદીને મોકળવાથી **ખુશનવાજે** વેર લેવા ૩૦૦ ઈરાની સરદારોને કામસર હએતલ બોલાવી કાપી નાખ્યાં. પોતાની હારનું વેર લેવા **પીરોજે** પાછી લડાઈ ઉઠાવી. એક લડાઈમાં **ખુશનવાજને** હરાવી ન્હાસતા દુશ્મનોની પુંઠ પકડતા અજાણી જગામાં **પીરોજ** સઘળાં લશ્કર સાથે ઘેરાઈ ગયો. **ખુશનવાજે પીરોજ** પોતાને (**ખુશનવાજને**) પોતાનો વડો ગણે તોજ ઈરાની લશ્કરનો છુટકારો કરવાનો મક્કમ ઠરાવ કરવાથી **પીરોજે** ઉગતા આફતાબને નમન કર્યું જેથી **ખુશનવાજે** પોતાને નમન થયું છે એવું સમજી ઇરાનીઓ સાથે સુલેહ કરી તેમનો છુટકારો કીધો.

૪૮૧. કેસ્પીયન સમુદ્રના દક્ષીણ કાંઠે વસનારા જંગલી કુશાન લોકોથી **પીરોજની** હાર થઈ.

૪૮૧. **પીરોજની** ઉપલી હારનો લાભ લઈ **ઐબીર્યાના** લોકોએ બળવો ઉઠાવી ત્યાંનાં જરથોસ્તી હાકમ **વજકનને** કત્લ કરી **વખ્તંગ** નામે ખ્રિસ્ટીને તખ્ત આપ્યું.

૪૮૧. આર્મીન્યાનાં જરથોસ્તી હાકમ **આદર-વેશન-સ્પને** બળવો બેસાડી દેવા **પીરોજે ઐબીર્યા** મોકલ્યો.

૪૮૧. **અર્માનીઓએ** હાકમની ગેરહાજરીમાં બળવો ઉઠાવી **જરથોસ્તીઓને** કત્લ કરી રાજધાની શહેર **આરતાક્ષતા** ઘેરો નાખી હાથ કીધુ.

અર્માનીઓએ **સહુગ** નામે સરદારને તખ્તનશીન કરી **વહનને** સેનાપતિ બનાવ્યો. આથી હાકમ **આદર-વેશનસ્પ** બંદોબસ્ત કરવા પાછો **આર્મીન્યા** આવ્યો.

૪૮૧. બળવાખોર **અર્માનીઓએ** **એરેકસીસ** નદીના કાંઠા પર સરદાર **આદર-વેશનસ્પને** હરાવી મારી નાખ્યો.

૪૮૨. ઈરાની સરદાર **મેહેરાને** **ઐબીર્યાના** બળવાખોર ખ્રિસ્ટી રાજા **વખ્તંગને** હરાવી તાબે કીધો.

૪૮૨. ઈરાની સરદારો **મેહેરાન** તથા **આદર-નરસી-એ** **અર્માની** બળવાખોરોને હરાવ્યા.

આ લડાઇમાં બળવાખોર **અર્માની** રાજા **સહુગ** તથા **વહનનો** **ભાઈવસગ** માર્યા ગયા અને સેનાપતિ **વહન** રૂમી પ્રાંતોમાં ન્હાસી ગયો.

૪૮૨. સરદાર **મેહેરાને** **કુશાન** લોકો પર ચહડાઈ કરી તેમને હરાવ્યા.

૪૮૨. ઈરાની સરદાર **મેહેરાનની** ગેરહાજરીમાં સેના-પતિ **વહન** પાછો **આર્મીન્યાનો** ધણી થયો.

૪૮૩. ઇરાની સરદાર **હજારવોગ્દે** **આર્મીન્યા** પર ચહડાઇ કરી ડોવીન શહેરને ઘેરો નાખ્યો અને **વહનને** **આર્મી-ન્યામાંથી** હાંકી કહાડી **આર્મીન્યા** તાબે કીધું. **હજારવોગ્દને** ઇરાન બોલાવી **પીરોજે** **શાપુર** નામે સરદારને **આર્મીન્યાનો** હાકમ બનાવ્યો.

૪૮૩. સરદાર **શાપુરે** **ઐબીર્યાના** દગલબાજ બળવાખોર ખંડિયા રાજા **વખ્તંગને** કૉલ્ચીસ તરફ ન્હસાડી **ઐબીર્યા** પાછું કબજ કીધું.

૪૮૩. આર્મીન્યાનાં સેનાપતિ બળવાખોર **વહુનની** પુઠ પકડતાં હાકમ **શાપુરની** હાર થઈ.

હાકમ **શાપુર વહુનને** પૂરેપૂરો તાબે કરે તે આગમજ **પીરોજે** તેને **હુએતાલી** લોકો સામે લડવા ઈરાન બોલાવી લીધો (૪૮૪)

૪૮૪. શાહાનશાહ **પીરોજે ખુશનવાજ** (હુએતાલીઓના રાજા) સામે પાછી ચહડાઈ કીધી. **ખુશનવાજના** એક લશ્કરને હરાવી તેની પુઠ પકડવા તેની પાછળ દોડતા દુશ્મનોએ ખોદાવેલી ખાહીમાં પડી બહાદુર, પ્રજાપાળક, લોકરક્ષી, દયાળું શાહાનશાહ **પીરોજ** મરણ પામ્યો.

આ વખતે **પીરોજ** સાથે તેના ૩૦ બેટાઓ તથા લશ્કરનો મ્હોટો ભાગ પણ ખાહીમાં પડી મરણ પામ્યો. **પીરોજનો** બેટો **કોબાદ** બેટી **પીરોજદોખ્ત** તથા દસ્તુરાનદસ્તુર **અર્દેશીર** કેદ પકડાયા.

'હુરકદો વલકાશી.'

પલાષ. ઈ૦ સ૦ ૪૮૪–૪૮૭.—૪ વરસ.

પીરોજનો ભાઈ.

૪૮૪. પલાષે આર્મીન્યાની હાકમી **નીખોર** નામના ઈનસાફી સરદારને સોંપી.

નીખોરે બળવાખોર **વહુનની** સાથે લડાઈ નહિ કરતા તેની સાથે સમજાવટથી કામ લઈ તેને ઈરાનનો તાબેદાર બનાવ્યો.

૪૮૫. શીરવાનના લશ્કરના **સેનાપતિ** અને **જાબુલીસ્તાન, બસ્ત, ગઝની** તથા **કાબુલના** મ્હોટા જાગીરદાર **સુફ્રાએ પીરોજનું** વેર લેવા **ખુશનવાજ** પર ચહડાઈ **કીધી.**

તે મ્હોટા લશ્કર સાથે ઈસ્તખ્ર છોડી કરમીહન સુધી આગળ વધ્યો. કરમીહન છોડી **બીકંદ** તરફ કે જ્યાં **ખુશનવાઝ**ની લશ્કરી છાવણી હતી ત્યાં તેને જઈ લશ્કરની સફ સમારી.

૪૮૫. **બીકંદ**ના મ્હોટા જંગમાં **ખુશનવાઝ**ની સદંતર હાર થઈ અને તેના લશ્કરનો નાશ થયો.

ખુશનવાઝ પોતે ન્હાસીને કોહુર્નદેજના કિલ્લામાં ભરાયો. તેનામાં લડવાની તાકાત નહિ હોવાથી તેણે સઘળાં ઇરાનીઓ જે કેદ પકડાયા હતા તેઓનો છુટકારો કરી તથા સઘળી ઇરાની લૂટ પાછી આપી દઈ સુલેહ ચાહી જે સુફ્રજાયે તેને બક્ષી.

૪૮૬. **પીરોઝ**ના બેટા **જરરેહે** ઈરાનનું તખ્ત મેળવવા બંડ ઉઠાવ્યું. **પલાષે** **જરરેહ**ને હરાવી બંડ બેસાડી દીધું.

આ લડાઈમાં બળવાખોર **વહને** **પલાષ**ને મદદ આપી હતી. બળવાખોર **જરરેહ** લડાઈમાં હારી પહાડો તરફ નાઠો પણ પકડાઈ જવાથી **પલાષ**ના હાથ પર માર્યો ગયો. **પલાષે** **વહન**ને તેની સેવાના બદલામાં પાછળથી **આર્મીન્યા**ની હાકમી આપી.

૪૮૭. સુલેહમંદ "આતશ-શાહ" ("હુરકદી") **પલાષ** મરણ પામ્યો.

પલાષના મરણની થોડુંક આગમજ **પીરોઝ**ના વડા હકદાર બેટા **કોબાદે** તખ્ત માટે દાવો ઉઠાવ્યો હતો જેમાં નિષ્ફળ થવાથી **કોબાદ** **ખુશનવાઝ**ની મદદ લેવા **હુએતલ** ગયો અને તેની મદદથી તે ચહડાઈ લાવે તે આગમજ **પલાષ** મરણ પામ્યો હતો.

'કુવાત.' કોબાદ ૧.

પહેલો અમલ: ઇ૦ સ૦ ૪૮૭–૫૦૧. }
બીજો અમલ: ઇ૦ સ૦ ૫૦૧–૫૩૧. } ૪૩ વરસ.

પીરોજનો વડો બેટો.

૪૮૭. કોબાદે સપેહસાલાર **સુફ્રજાયને** પોતાનો વજીર બનાવ્યો.

પાછળથી દરબારીઓની ઉશ્કેરણીથી કોબાદે દેશહીતકારી **સુફ્રજાયને** મારી નખાવી વજીર પદ રએના હાકમ **શાપુરને** બક્ષ્યું હતું.

૪૮૭–૫૦૦. જંગલી ખજર લોકોએ **ઐબીર્યા, અલબાન્યા** તથા **આર્મીન્યા** પર ચહડાઇ કરી લૂટફાટ ચલાવી.

ખજર લોકો યૂરોપ્યન રશિયામાં વૉલ્ગા અને ડૉન નદીઓની વચ્ચેના દેશોમાં વસતા હતા.

૪૮૭–૫૦૦. શાહાનશાહ **કોબાદે** ખજર લોકો સામે ચહડાઈ કરી તેમના સરદારને મ્હોટી લડાઇમાં હરાવી ન્હસાડી મેળી મ્હોટી લુટ મેળવી.

ફરીથી ઇરાન પર ઉતરી પડતા આ જંગલીઓને અટકાવવા માટે કોબાદે આર્મીન્યા અને ઐબીર્યાની સરહદ ઉપર 'અમીડ' નામે કિલ્લો બાંધ્યો.

૪૯૯. કોબાદે **મજદકી** ધર્મ અંગીકાર કર્યો.

૫૦૦. મજદકી ધર્મ **આર્મીન્યામાં** ફેલાવવાની કોશેશ કરવાથી **અર્માનીઓએ કોબાદ** સામે બળવો ઉઠાવી **જરથોસ્તીઓની** કત્લ ચલાવી આતશખાનાઓ ભાંગી નાખી ઇરાની મરજબાન (હાકમ)ને **આર્મીન્યામાંથી** હાંકી ક્હાડયો.

૫૦૧. ઈરાની ઉમરાઓએ કોબાદને પદભ્રષ્ટ કરી કેદ કીધો અને કોબાદના નહના ભાઈ જામાસ્પને તખ્તનશીન કીધો.

કોબાદના વખતમાં **મજદક** નામે ઠગારાએ પેગમ્બરીનો દાવો ઉઠાવ્યો. તેના ખોટા ફતવાઓ નીતિભ્રષ્ટ હતા. **મજદક** પોતે ઈરાની હતો. તેના બાપનું નામ **બામ્દાદાન** હતું. શરૂઆતમાં તો તેણે એવું જાહેર કીધું કે તેની મતલબ તે વખતના બાગડેલા જરથોસ્તી ધર્મને સ્વચ્છ કરવાની છે. આથી તેની વિખ્યાતી ઇરાનમાં વધતી ગઇ અને તેના ચેલાઓની સંખ્યા પણ વધી પડી. હવે તે પોતાને પેગામ્બર તરીકે ઓળખાવવા લાગ્યો. તેણે જરથોસ્તી ધર્મના મૂખ્ય ફરમાનોને મરડી ભચડી પોતાની મતલબ મૂજબ સમજાવવા માંડયુ. તેણે સમજાવ્યું કે દુનિયામાં કજીઆ કકાશ, ઓરત અને દોલતને લીધે થાય છે માટે એ બે ચીજ સર્વે કોઇએ સરખે હીસ્સે વ્હેચી લેવી જોઇએ. તેણે એમ પણ સમજાવ્યું કે આ દુનિયામાં સઘળાં આદમીઓ એકસરખી હાલતમાં આવ્યાં છે માટે દુનિયાઈ સત્તા પણ સર્વ કોઇએ સરખી રીતે ભોગવવી. તે એવું પણ માનતો કે ચોરી છીનાળું કરવામાં કશું પાપ નથી. આવા નીતિ ભંગ કરનારા ફરમાનોનો ઈરાનમાં બ્હોળો ફેલાવો થયો. શાહાનશાહ કોબાદે પોતે પણ **મજદકનો** ધર્મ અંગીકાર કર્યો અને **મજદકનો** દરજ્જો હદબહાર વધારી મેલ્યો. આવા નાશકારક ફતવાઓનાં ફેલાવાથી ઈરાન દેશ ગોયા અનીતિનું બજાર થઇ પડયું. ઈરાનના સમજુ લોકોમાં ભારે કચવાટ બરપા થયો. દરબારીઓ ઉશ્કેરાઈ ગયા અને સઘળાંઓએ એકસંપ કરી કોબાદને પદભ્રષ્ટ કીધો. તેઓએ તેને સુફ્રજાયના બેટા **જરમેહેરના** સ્વાધીનમાં સોંપ્યો કે તે પોતાના બાપનું વેર તેના પર લેય. પણ **જરમેહેરે** કોબાદને માફી બક્ષી અને બન્ને **ખુશનવાજની** દરબારમાં જઈ રહ્યા. કોબાદના પદભ્રષ્ટ થવાથી **મજદકનું** જોર કમતી થઇ ગયું. કોબાદના બીજા અમલમાં આખરે પ્રખ્યાત શાહજાદા **ખુસરો** (**નોશીરવાને**) એ ઈરાનના વિદ્વાન દસ્તુરો સાથે મળી **મજદકને** તકરારના મેદાનમાં માહાત કીધો અને કોબાદની પરવાનગી મેળવી **મજદકનો** તેના સઘળાં ચેલાઓ સાથે નાશ કીધો.

૫૦૨. પદભ્રષ્ટ શાહાનશાહ **કોબાદે હએતાલીઓના** પાદશાહની ૪૦,૦૦૦ માણસોના લશ્કરની મદદ મેળવી ઈરાન

પર ચહડાઇ કીધી. **જામાસ્પે** વગર લડાઇએ તખ્ત છોડી દેવાથી **કોબાદ** પાછો તખ્તનશીન થયો.

કોબાદનો બીજો અમલ ઘણોજ કીર્તિવંત હતો.

૫૦૨. ઇરાન અને રોમ વચ્ચે મ્હોટી લડાઈ જાગી.

લડાઇનું કારણ રૂમીઓની બેવચની હતી. ઇ૦ સ૦ ૪૪૨ માં રોમને **યજદેજર્દે** બીજા સાથ થયલી સુલેહની શરતો મુજબ કેસ્પીયન સમુદ્ર અને કોહેકાફ પર્વત વચ્ચે આવેલી દરબંદની 'પાસ'ના રક્ષણ માટે બાંધેલા બીરાપરાક નામે કિલ્લામાં જંગલી લુટારૂઓ સામે અટકાવ નાખવા ઇરાને રાખેલી ફોજનો અર્ધો ખર્ચ રૂમીઓએ આપવા કબૂલ કીધું હતું. એ વાતને ૬૦ વરસ ગુજરી ગયા છતા વચનભંગ રૂમીઓએ લવાજમ ભર્યું નહિ. આથી **કોબાદે** એલચીઓ મોકળી રૂમી શાહાનશાહ **એનસ્ટેશીયસ** પર બાકી લેહેણાંની સખ્ત ઉઘરાણી કીધી. **એનસ્ટેશીયસે** તે આપવાની સાફ ના પાડયાથી **કોબાદે** રૂમાઓ સાથે લડાઈ જાહેર કીધી.

૫૦૨. કોબાદે ઇરાની, **આ**રબ અને **હ**એતાલી લશ્કરો સાથે **રૂ**મી પ્રાંતો પર ચહડાઈ કીધી. **કોબાદે** **રૂમી-આર્મી**-ન્યાનાં પાયતખ્ત **થી**યોડોશીયોપોલીસને ઘેરો નાખ્યો. **રૂમી** હાકમ **કૉન્સ્ટેન્ટાઇન** તાબે થવાથી **કોબાદે** આખો પ્રાંત વેરાન કીધો.

રૂમી આર્મીન્યામાં લૂટ ચલાવી **કોબાદે** રૂમી-મેસોપોટેમ્યા પર ચહડાઈ કીધી.

૫૦૨. **કોબાદે** **અ**મીડાના પ્રખ્યાત મજબૂત કિલ્લાને ઘેરો નાંખ્યો. કિલ્લામાનાં લશ્કરને હરાવી કિલ્લો હાથ કરી ૮૦,૦૦૦ **રૂ**મીઓને કત્લ કીધા.

કિલ્લાનો ઘેરો ૮૦ દહાડા સુધી ચાલુ રહ્યો હતો. કિલ્લાના બચાવ માટે રૂમી શાહાનશાહ **એનસ્ટેશીયસે** ઘણું મ્હોટું લશ્કર ૪ સરદારોના હાથ તળે રવાના કીધુ હતું પણ તે મોડું આવી પુગ્યું. કોબાદ અમીડામાં થોડું લશ્કર રાખી સઘળી લૂટ નસીબન ખાતે લઇ

ગયો. અમીડાને ઘેરો નાખવાની રૂમી સરદાર એરીયોબીન્ડસની હિમ્મત ચાલી નહિ. એરીયોબીન્ડસે અરજનીનીનાં ઇરાની પ્રાંત પર હુમલો કીધો પણ કોબાદના આવી પુંગવાથી હિમ્મત હારી ન્હાઠો ને મેસોપોટેમ્યાનાં મૂખ્ય શેહેર કૉન્સ્ટેન્સ્યામાં ભરાઇ બેઠો.

૫૦૨. અરજ્નીનીનાં પ્રાંતમાં થયલી એક ખૂનખાર લડાઇમાં એકેએક રૂમી સીપાઈ માર્યો ગયો.

૫૦૨. ઇરાનીઓએ કૉન્સ્ટેન્સ્યાના મજબૂત શ્હેરને હાથ કરી સીર્યા પર ચહડાઇ કીધી.

૫૦૩. રૂમીઓની ઉશ્કેરણીથી હુએતાલી લોકોએ ખોરાસાનમાં દરોડો પાડયો.

આથી કોબાદને રૂમી ફત્તેહો પડતી નાખી મર્વ તરફ દોડવું પડયું. તેના ગયા પછી ઇરાની સરદારોએ રોમ સાથે લડાઈ ચાલું રાખી. હુએતાલીઓ સાથની લડાઈ ૧૦ વરસો સૂધી ચાલું રહી અને આખરે તેમના પર મ્હોટી જીતો મેળવી તેમને પુરેપુરા હરાવી ઇ૦ સ૦ ૫૧૩ મા કોબાદ પાછો ઇરાન ફર્યો.

૫૦૪. રૂમી સરદાર સીલરે અરજનીનીનાં ઇરાની પ્રાંત પર ચહડાઇ કરી લૂટફાટ ચલાવી કિલ્લાઓ તોડી નાખ્યા.

૫૦૪. રૂમી સરદારો હાયપેશ્યસ અને પેત્રીશ્યસે ઇરાની સરદાર ગ્લોન્સ સાથે દગો રમી અમીડા પાછું હાથ કીધું.

૫૦૫. રૂમીઓએ ૧૦૦૦ રતલ સોનાનો દંડ ભરવાથી લડાઇ બંધ પડી.

આ સુલેહથી રૂમીઓએ ઇરાને ફત્તેહ કરેલા સઘળાં પ્રાંતો અને શ્હેરો પાછાં મેળવ્યાં. આ લડાઈમાં રૂમીઓને મ્હોટો તોટો ખમવો પડયો હતો. સુલેહ ૭ વરસો સૂધી ચાલુ રાખવાના કોલકરારો થયા હતા.

૫૧૭. સરહદ ઉપર **રૂમીઓએ** '**હારા**'નો મજબૂત કિલ્લો બાંધ્યાંથી **કોબાદે** તકાદો કીધો. **રૂમી** શાહાનશાહ **એનેસ્ટેશીયસે** નાણાંની મ્હોટી રકમ ભરી લડાઇ થતી અટકાવી.

સરહદ ઉપર કિલ્લાઓ નહિ બાંધવા એવી શરતો ઈ૦ સ૦ ૪૪૨ માં રૂમીઓ અને ઈરાનીઓ વચ્ચે થઇ હતી.

૫૧૮. **એનેસ્ટેશીયસ** મરણ પામ્યો. **જસ્ટીન** કૉન્સ્ટેન્ટીનોપલની ગાદી પર બેઠો.

૫૧૮. **દરબંદની** "પાસની"ની રખેવાળી માટે **રોમે** **ઈરાનને** આપવા કબૂલ કીધેલું નાણું નહિ આપવાથી, **ઈરાન** તરફની **રોમની** સરહદ પર કિલ્લાઓ બાંધી ધારા કરતા વધું લશ્કર રાખવા માટે, અને **ઈરાનના** દોસ્તોને તેનાથી વિખુટા પાડી તેના શત્રુઓને તેની સામે ઉશ્કેરવા માટે **કોબાદે** **રૂમી** દરબારમાં વાધો ઉઠાવ્યો.

૫૨૨. ઈરાનનો તાબેદાર **લેજીકાનો** ખંડિયો રાજા **જાથ** **રૂમીઓને** પડખે ભરાયો.

૫૨૫. ઐબીર્યાના હાકમ **ગુરજીનીસે** (**ગુરગીને**) બળવો ઉઠાવ્યો.

મજદક અને તેના ચેલાઓનો સદંતર નાશ કીધા પછી શાહાનશાહ **કોબાદ** જરથોસ્તી ધર્મ પર એકીન લાવી ચૂસ્ત જરથોસ્તી બન્યો. જરથોસ્તી ધર્મનો ફેલાવો વધારવા હવે તેણે દરેક ઉપાયો લેવા માંડયાં. તેણે ઐબીર્યાના હાકમ **ગુરગીન** પર હુકમ મોકળી ઐબીર્યાના લાશ ડાટનારા લોકોના રવાનોને ડાટવાને બદલે દખ્મનશીન કરવા ફરમાવ્યું અને ખુદ **ગુરગીનને** પોતાને પણ ખ્રિસ્ટી ધર્મ છોડી જરથોસ્તી ધર્મ અંગીકાર કરવા ફરમાવ્યું. **ગુરગીને** તેમ નહિ કરતા રૂમીઓની કુમકથી બળવો ઉઠાવ્યો. રૂમીઓએ તેની મદદમાં **ક્રીમ્યાના** **તાતારી** લશ્કરની એક ફોજ મોકળી.

૫૨૫. ઇરાની સરદાર **બોઇસે** **ગુરગીનને** હરાવી **ઐબીર્યા** પાછું ફત્તેહ કીધું.

૫૨૫. બોઈસે લેજીકાના દગાલબાજ રાજા **જાથને** સજા કરવા **લેજીકાની સરહદ** પરના કિલ્લાઓ કબજ કીધા.

૫૨૬. રૂમીઓએ વચન તોડી **કોબાદની** માંગણી નાકબૂલ કીધી તેથી **રોમ** અને **ઇરાન** વચ્ચે પાછું મ્હોટું **યુદ્ધ** જાગ્યું.

૫૨૬. **રૂમીઓએ** ઈરાની-**આર્મીન્યા** અને **મેસોપોટેમ્યા** પર ચહડાઈ કાધી. ઈરાની સરદારો **એરેશીયસ** અને **નરસીએ આર્મીન્યામાં** એક મ્હોટી લડાઇમાં **રૂમી** સરદારો **બેલીસેયસ** અને **સીટાસને** હરાવ્યા.

એજ વખતે રૂમીઓના **થ્રેશીયન** સરદાર **લાઇસીલેર્યસે નસીબન** તરફ ચહડાઇ કીધી પણ વગર લડાઇએ હિમ્મત હારી નાઠો.

૫૨૭. રૂમી શાહાનશાહ **જસ્ટીન** મરણ પામ્યો; તેનો ભત્રીજો **જસ્ટીનીયન** તખ્તનશીન થયો (૧ લી ઑગસ્ટ.)

૫૨૮. રૂમીઓએ નસીબનની સરહદ ઉપર **ટેમીન્ડન** નામે કિલ્લો બાંધવા માંડયો. ઈરાની સરદારો **ફીરોજ** અને **કોબાદના** બેટા **જર્કસીસે** ૩૦,૦૦૦ માણસના લશ્કર સાથે **ટેમીન્ડન** પર હુમલો કરી **રૂમી** સરદાર **બેલીસેર્યસને** મ્હોટી લડાઈમાં હરાવ્યો અને કિલ્લાનો નાશ કીધો.

બેલીસેર્યસ દારા તરફ ન્હાઠો અને ત્યાં મ્હોટું લશ્કર ભેગું કીધું. સરદાર **ફીરોજ** પણ ૪૦,૦૦૦ માણસોના લશ્કર સાથે **દારાને** ઘેરો નાખવા તે તરફ ગયો.

૫૨૯. દારાની જબરી લડાઈમાં **રૂમી** સરદાર **બેલીસેર્યસે** ઈરાની સરદાર **ફીરોજને** હરાવ્યો.

આ લડાઇ જેમ લાંબી તેમ ખૂનખાર પણ હતી. તે બેવડી ત્રેવડી હતી. પ્હેલી લડાઇમાં ઈરાની તીરંદાજોએ રૂમી તીરંદાજોને હરાવ્યા. બીજી લડાઈમાં હાથોહાથ લડતા રૂમીઓજ હાર્યા, પણ ત્રીજી અને છેલ્લી ઝુંબેશમાં રૂમી લશ્કરમાંનાં **માસાગેટી** લોકોની બહાદુરીથી ઈરાનીઓ હાર્યા. આ લડાઇમાં ૫,૦૦૦ ઈરાનીઓ માર્યા ગયા.

૫૨૮-૫૩૦. રૂમીઓએ ઈરાની સરદાર **મરમોરીસને** **આર્મીન્યામાં** બે લડાઈઓમાં પરાજય કર્યો.

ઈ૦ સ૦ ૫૩૧ માં હીરાના ખંડિયા **આરબ** રાજા **મંજરે** **કોબાદને** મદદ આપી. તેણે ઈરાનીઓની ચાલુ હાર થતી **જોઈ** **કોબાદને** રૂમી **મેસોપોટેમ્યા** છોડી એકદમ **સીર્યા** પર ચહડાઈ કરવાની સલાહ આપી જે મૂજબ **કોબાદે** અમલ કીધો.

૫૩૧. હીરાના **આરબ** રાજા **મંજર** અને ઈરાની સરદાર **અજારેથે** (**અજારેથીસે**) ૧૫,૦૦૦ માણસોના લશ્કર સાથે **સીર્યા** પર ચહડાઈ કીધી.

ઈરાનીઓની હીલચાલ માલમ પડતાજ **બેલિસેર્યસે** ૨૦,૦૦૦ માણસોના લશ્કર સાથે **અંટાકીયા** (**એન્ટીઓક**) તરફ દોડી જઈ ત્યાં છાવણી નાખી.

૫૩૧. યુફ્રેટીસના કાંઠા પર ફેલીનાઈકસ (ફાલીનીઉસ) ની ભારે લડાઈમાં **મંજર** અને **અજારેથીસે** રૂમી સરદાર **બેલિસેર્યસને** હરાવ્યો (૧૯ મી એપ્રીલ.)

ઉપલી મ્હોટી હાર પછી **જસ્ટીન્યને** બેલિસેર્યસને બોલાવી લઈ **આફ્રીકા** વન્ડલ લોકો સામે લડવા મોકલ્યો. આથી **કોબાદે** રૂમી સરદાર **સીટાસ** સામે લડવા ૩ ઈરાની સરદારોને મોકલ્યા જેઓએ થોડીક ફત્તેહો મળવી પણ **કોબાદના** મરણથી ઈરાનમાં ગડબડ ઉઠી તેથી તેઓ પાછા ઈરાન ફર્યા.

૫૩૧. શાહાનશાહ **કોબાદને** લકવો થયો (૪થી સપટેમ્બર)

૫૩૧. હિમ્મતવાન, લડાયક, ચતુર, ખુબસુરત **કોબાદ** લકવાના મરજથી ૮૨ વરસની ઉમ્મરે મરણ પામ્યો (૮મી સપટેમ્બર.)

કોબાદે પૂષ્કળ **નેહેરો** બંધાવી, રાજ્યમાં સુધારો કરી, કરમાં ઘટાડો કરી, "આરસ," "બરદા," "ગંજાહ" વિ૦ શ્હેરો વસાવ્યા હતા.

'અનુશેરવાન.'

નોશીરવાન (આદેલ).

ઇ૦ સ૦ ૫૩૧-૫૭૯.—૪૭॥ વરસ.

કોબાદ ૧. નો સૌથી ન્હાનો બેટો.

૫૩૧. નોશીરવાનના વડા ભાઈઓએ તેની સામે તેનું તખ્ત હાથ કરવા પ્રપંચ રચ્યો. તેમનું કાવત્રું ઉઘાડું પડવાથી **નોશીરવાને** તેમને કેદ પકડી ફાંસીએ ચઢાવી મારી નાખ્યા.

કોબાદના **નોશીરવાન** કરતા વડા ત્રણ બેટાઓ (**કાઉસ, જામાસ્પ** અને **થસ્વરસસ** નામના) હતા પણ **નોશીરવાન** તેઓ કરતા જેમ ચાલાક તેમ **કોબાદનો** માનીતો હતો તેટલાં માટે **નોશીરવાનને** તખ્ત આપવા **કોબાદ** પોતાના વસીહતનામામાં લખી ગયો હતો.

૫૩૨. રૂમી શાહાનશાહ **જસ્ટીનયન**ની સુલેહ માટેની ભારે કાકલુદી **નોશીરવાને** બાહાલ રાખવાથી **રોમ** અને **ઈરાન** વચ્ચેની લાંબી લડાઈનો અંત આવ્યો.

આ સુલેહ "**જાવેદાન સુધીની સુલેહ**" ને નામે જણાયલી છે અને તે રોમે ૧૧,૦૦૦ રતલ સોનાનો દંડ ભરીને ખરીદી હતી. સુલેહની શરતો નીચે મૂજબ હતી:—

૧. કૉકેસસ પર્વતમાંની 'પાસ'ના બચાવ અર્થે રોમે ૧૧,૦૦૦ રતલ સોનું ઈરાનને ભરવું, અને તે 'પાસ' નો બચાવ ઇરાને કરવો.

૨. દારાના કિલ્લાને જેમનો તેમ રહેવા દઇ, મેસોપોટેમ્યામાં રૂમીઓનું મૂખ્ય મઠક દારાને બદલે કૉન્સ્ટેશીયા ખાતે રાખવું.

૩. ફરંજીયમનો પ્રાંત અને બૉલાનનો કિલ્લો રોમે ઈરાનને પાછો આપી દેવો, જેના બદલામાં ઈરાને લેઝીકામાં જીતેલા સઘળાં શહેરો રોમને પાછા સ્વાધીન કરવા.

૪. ઈરાન અને રોમે હમેશા દોસ્તી જારી રાખી અકેકને જરૂરને વખતે નાણાં અને લશ્કરની મદદ આપવી.

૫૩૯. ઈટલીના ઑસ્ત્રો-ગૉથ રાજા **વીટીજીસ**, **આર્મીન્યાનો** રાજા **બાસાસીસ** વિગેરે રાજાઓ **રોમ** સામે મદદ મેળવવા **મદાઇનની** દરબારમાં ભેગા મળ્યા.

ઈરાન સાથે ઈ૦ સ૦ ૫૩૨ માં થયલી સુલેહનો લાભ લઈ રૂમીઓએ આફ્રીકાનાં વૅન્ડૉલ રાજ્યનો નાશ કીધો, મુર લોકોને જીતી લીધા અને ઇટલીના ઑસ્ત્રો-ગૉથ રાજા **વીટીજીસને** હરાવી ઇટલી સર કર્યું. આ સઘળી ફત્તેહોથી ફુલી જઇ રોમે ઇરાનનો નાશ કરવાની છુપી વેતરણો કરવા માંડી. તેણે હુન અને ઈથ્યોપ્યન જેવી જંગલી પ્રજાઓ સાથે દોસ્તી પાડી અને ઈરાનના મિત્રોને તેનાથી વિખુટા પાડી તેના શત્રુઓને તેની સામે ઉશ્કેર્યા. આથી ઈરાને સાવચેતી વાપડી રોમ સામે લડાઈ જાહેર કીધી.

૫૩૯. ઈરાન અને **રોમ** વચ્ચે લડાઈ જાગી.

૫૩૯. **નોશીરવાને** યુફ્રેટીસ પસાર કરી **સીર્યા** પર ચડ્ડાઇ કીધી. **નોશીરવાને** **સરસીસ્યુમ**, **જે**નોબ્યા અને **કેલીનાઇકસ** શ્હેરો તાબે કીધા.

૫૩૯. **નોશીરવાને** **સુરોંનના** સરકશ શ્હેરને ઘેરો નાખ્યો; એક લડાઇમાં **સુરોંનનો** હાકમ હાર્યો અને માર્યો ગયો; ૨૦૦ રતલ **સોનાનો** દંડ ભરી સુરોંન શ્હેર **નોશીરવાનને** તાબે થયું.

૫૩૯. હાયરોપોલીસ અને **એલેપો** શ્હેર ૪૦૦૦ રતલ **સોનું** આપી **નોશીરવાનને** શરણ થયા.

૫૩૯. **એશિયાના** **રૂમી** પ્રાંતનાં પાયતખ્ત સુંદર શ્હેર **એન્ટીઓક** **નોશીરવાને** ઘેરો નાંખી ફત્તેહ કીધું.

રૂમી શાહનશાહ **જસ્ટીન્યને** **એન્ટીઓકના** બચાવ માટે પોતાના ભાણેજ **જરમેનસને** મોકલ્યો હતો તે તથા બીજા રૂમી સરદારો **નોશીરવાનની** સામે લડવાની હિમ્મત નહિ કરતા ન્હાસભાગમાં પડયા.

નોશીરવાન ફત્તેહ કરતો **એપેમ્યા** સુધી જઈ ત્યાંનો સઘળો કીંમતી ખજાનો લૂટી ઇરાન તરફ પાછો ફર્યો. પાછા ફરતા માર્ગમાં મળતા શહેરોમાંથી તેણે પુષ્કળ દોલત મેળવી.

૫૪૦. રૂમી મેસોપોટેમ્યાનાં મ્હોટા શહેરો **એડેસ્સા, કૉન્સ્ટેન્શીયા** તથા **હારા** સોનાનો દંડ ભરી **નોશીરવાનને** તાબે થયા.

૫૪૦. નોશીરવાને "જેબે ખુસરો" ("**રૂમીયા**") શહેર વસાવ્યું.

૫૪૧. લેજીકાના લોકોએ **રોમ** સામે બળવો ઉઠાવી **ઈરાનની** મદદ માંગી.

લેજીકા અસલ **ઈરાનની** શાહનશાહતને તાબે હતું; પણ ઈ૦ સ૦ ૫૨૨ માં ત્યાંનો ખંડિયો રાજા **જાથ** બેવફા થઇ રોમને પડખે ભરાયો. રૂમીઓએ પ્હેલા તો રાજા **જાથની** ઘણી મેહમાનદારી કીધી પણ પાછળથી **લેજીક** લોકોને દગો કરી તેઓએ **લેજીકા** પચાવી પાડવા માંડ્યું. તેઓએ **લેજીકાની** રાજધાની **પેત્રાના** કિલ્લામાં લશ્કર રાખી ત્યાં રૂમી હાકમ નેમ્યો અને **લેજીકાનો** સઘળો વેપાર એક હાથ કીધો. આ સઘળાંથી દુ:ખી થઈ **લેજીક** લોકો પાછા ઈરાનની તાબેદારી કરવા ખુશી થયા. **નોશીરવાને** પ્હેલા તો **લેજીક** લોકોની અરજ પર કશું ધ્યાન આપ્યું નહિ કારણ કે **લેજીકા** ઉજડ તેમજ ઉપજ વગરનો પ્રાંત હતો પણ લાંબો વિચાર કરતા **નોશીરવાનને** માલમ પડયું કે **લેજીકા** રોમ સાથની લડાઇમાં તેને ઘણો ઉપયોગી થઇ પડશે. એથી **નોશીરવાને લેજીક** લોકોની તાબેદારી સ્વીકારી તેમને મદદ આપી.

૫૪૧. લેજીક લોકોને **રૂમીઓ** સામે મદદ આપવા **નોશીરવાને લેજીકા** પર ચહડાઇ કીધી. **નોશીરવાને પેત્રાના** મજબુત કિલ્લાને ઘેરો નાખ્યો. લડાઇમાં **રૂમી** હાકમ **જોહાનીસ** માર્યો ગયો, **રૂમી** લશ્કર હથીઆર છોડી **નોશીરવાનને** શરણ થયું, અને **પેત્રાના** કિલ્લામાં ઇરાની લશ્કર રાખી **નોશીરવાને લેજીકા** ફત્તેહ કીધું.

૫૪૧. રૂમી સરદાર **બેલિસેર્યસે** ઈરાન પર ચહડાઈ કીધી.

ઈરાનીઓ સાથે લડાઇની છેડતી શોધવા માટે **બેલીસેર્યસે** રૂમી લશ્કરની એક ટુકડીને **નસીબન** તરફ મોકળી જેને કિલ્લામાંના ઈરાની લશ્કરે માર માડી ન્હસાડી તેનીપુઠ પકડી પણ ન્હાસતા દુશ્મનોની પુઠ પકડતા ઈરાની લશ્કર **બેલિસેર્યસ**ના મ્હોટા લશ્કરથી સપડાઇ ગયું. એથી ઈરાની લશ્કરને પાછું **નસીબન**નાં કિલ્લામાં ભરાઈ બેસવાની ફરજ પડી.

૫૪૧. **બેલિસેર્યસે** **નસીબન**ના ઈરાની કિલ્લાને ઘેરો નાખ્યો. કિલ્લો હાથ કરવામાં નિષ્ફળ થઇ **બેલિસેર્યસે** આગળ વધી **સીસારેનોન**નો કિલ્લો ફત્તેહ કીધો.

૫૪૧. રૂમીઓના તાબેદાર **ગાસાન**નાં **આરબ** રાજા **અરીથૉસે** **એસીર્યા** પર ચહડાઇ કરી લૂટફાટ ચલાવી.

૫૪૧. રૂમી સરદાર **બેલિસેર્યસ** નામોસી સાથે ઈરાની હદ છોડી ગયો.

૫૪૨. શાહાનશાહ **નોશીરવાને** **સીર્યા**ની ઉતરે આવેલા **કોમાજીની**ના રૂમી પ્રાંત પર ચહડાઈ કીધી.

નોશીરવાનની ઉપલી ચહડાઇની ખબર પડતાંજ રૂમી સરદાર **બેલિસેર્યસ** પાછો લડવા આવ્યો. તેણે યુફ્રેટીસ નદી પર આવેલા યુરોપસનાં ગામડામાં પોતાનું મૂખ્ય લશ્કરી મઠક કરી નદીની બન્ને બાજુએ લશ્કર ફરતું રાખ્યું.

૫૪૨. મરકી ફાટી નિકળવાથી **નોશીરવાન** પાછો ઈરાન ફર્યો. **નોશીરવાને** માર્ગમાં **કેલીનાઇકસ** શ્હેર સઘળાં રહેવાસીઓને કેદ પકડી ફના કીધું.

૫૪૩. **નોશીરવાને** રૂમી–**આર્મીન્યા** પર ચહડાઈ કીધી; તેનું લશ્કર 'પ્લેગ'થી ઘટી જવાથી અર્ધ–રસ્તેથી તે ઈરાન પાછો ફર્યો.

૫૪૩. રૂમી સરદારોએ ઈરાની–**આર્મીન્યા** પર ચહડાઇ કરી લૂટફાટ ચલાવી.

રોમને—ઇટલી ખાતે લડાઈ જાગવાથી—સરદાર **બેલિસેર્યસની** જરૂર પડી; આથી **બેલિસેર્યસને** રોમ* મોકળી **એશિયાના** ૩૦,૦૦૦ રૂમી લશ્કરની સરદારી ૧૫ સરદારોને સોંપી. **નોશીરવાન** મરકી ચાલવાથી ઇરાન પાછો ફર્યો હતો માટે તેની ગેરહાજરીનો લાભ લઇનેજ ઉપલા સરદારોએ **આર્મીન્યા** પર ચહડાઈ કીધી હતી.

૫૪૩. **એ**ંડલનના **ઇરાની** કિલ્લાના ૪૦૦૦ માણસોના બહાદુર **ઇરાની** સરદાર **નાબેડીસે રૂમી**ઓના ૩૦૦૦૦ માણસોના લશ્કર પર મહાભારત ફત્તેહ મેળવી; **રૂમી**ઓનો સરદાર **નરસી** માર્યો ગયો અને **ઇરાની**ઓએ મ્હોટી લૂટ મેળવી.

૫૪૪. **નોશીરવાને સીર્યા** પર ત્રીજી વાર ચહડાઈ કીધી. તેણે **એ**ડેસ્સાના પ્રખ્યાત મજબૂત કિલ્લાને ઘેરો નાખ્યો; ૫૦૦ રતલ સોનાનો દંડ ભરી રહેવાસીઓએ **નોશીરવાનને** રાજી કરવાથી તેણે ઘેરો ઉઠાવી લીધો.

૫૪૫. રૂમી શાહાનશાહ **જસ્ટીન્યનની** ભારે કાકલુદીને માન આપી **જસ્ટીન્યને** ભેટ મોકલેલું ૨૦૦૦ રતલ સોનું સ્વિકારી **નોશીરવાને** સુલેહ કરવા કબૂલ કીધાથી **રોમ** અને **ઇરાન** વચ્ચે સુલેહ થઇ.

૫૪૫. પાર્સીઓએ **હિંદી** મહાસાગરનો સઘળો વેપાર એકહાથ કીધો.

૫૪૯. **ઇરાન**ના ખંડિયા **આરબ** રાજા **મંજરને** તેના હરીફ રૂમના ખંડિયા **ગાસાનના આરબ** રાજા **અરીથા** સાથે લડાઈ જાગી. રૂમીઓએ વચન તોડી **અરીથાને** વગર બોલાવ્વે મદદ આપવાથી **ઇરાને મંજરને** મદદ આપી. **રોમ** અને **ઇરાન** વચ્ચે પાછું મ્હોટું યુદ્ધ સળગ્યું.

---

* જૂનું રોમ—ઇટલીની રાજધાણી.

૫૪૯. **લેજીકાએ** **ઈરાન** સામે બળવો ઉઠાવી **રૂમીઓની** મદદ માંગી.

ઈરાનીઓએ ઈ૦ સ૦ ૫૪૧ માં **લેજીકા** ફત્તેહ કર્યા બાદ તેઓએ ત્યાંનો વેપાર એક હાથ કરી લીધો તથા ત્યાં ઈરાની ધર્મ અને રાહરસમો ફેલાવવાની કોશિશો કરવા માંડી આથી **લેજીક** લોકો નારાજ થયા તેમાં **રૂમીઓની** ઉશ્કેરણીથી વધારો થતા તેઓએ બળવો ઉઠાવ્યો.

૫૪૯. રૂમી સરદાર **ડેજીસ્થયુસે** **લેજીકા** પર ચહડાઈ કરી **પેત્રાના** જબરા કિલ્લાને ઘેરો નાખ્યો.

કિલ્લામાં **નોશીરવાને** ૧,૫૦૦ માણસોનું લશ્કર રાખ્યું હતું. **રૂમીઓએ** ૮૦૦૦ માણસોના લશ્કર સાથે ઘેરો નાખ્યા બાદ કિલ્લાનો બચાવ કરતા ઇરાની લશ્કરની સંખ્યા ૪૦૦ ની થઈ. એટલામાં ઇરાની પેહેલવાન **જરમેહેરે** ૩૦,૦૦૦ માણસોના લશ્કર સાથે **લેજીકા** પર ચહડાઈ કરવાથી **ડેજીસ્થયુસ** ગભરાયો.

૫૪૯. **ડેજીસ્થયુસે** નિષ્ફળ થઈ **પેત્રાનો** ઘેરો ઉઠાવી લીધો.

જરમેહેરે કિલ્લામાં ૩૦૦૦ માણસો રાખી, ૫૦૦૦ માણસોનું ઈરાની લશ્કર લેજીકાના બચાવ માટે રાખ્યું અને પોતે ઇરાની-આર્મીન્યા પાછો ફર્યો.

૫૪૯. રૂમીઓએ **લેજીકાના** ૫૦૦૦ **ઈરાની** લશ્કરને હરાવી કેદ કીધું.

૫૫૦. **લેજીકામાં** **હીપીસ** નદીનાં કાંઠા પર થયલી લડાઇમાં **ઈરાનીઓએ** **લેજીક** લોકોને હરાવ્યા પણ લડાઈમાં તેમનો સરદાર **ઓર્યાનીસ** માર્યો ગયાથી **ઈરાનીઓ** **રૂમીઓથી** હાર્યા ને ન્હાસભાગમાં પડયા.

રૂમીઓએ **ડેજીસ્થયુસને** બરતરફ કરી તેની સરદારી **બેસ્સાસને** સોંપી.

૫૫૦. **રૂમી** સરદાર **બેસ્સાસે** **પેત્રાને** ઘેરો નાખ્યો.

રૂમી લશ્કરની સંખ્યા ૬૦,૦૦૦ ની હતી જ્યારે ઇરાનીઓ ફક્ત ૩,૦૦૦ હતા તે છતા ઇરનીઓએ ભારે બહાદુરીથી કિલ્લાનો બચાવ કર્યો. રૂમીઓ અનેક વખ્ત માર ખાઇ જ્યાં સુધી એકેએક દેશહીતકારી, બહાદુર શૂરા ઇરાની વીરો માર્યા ગયા નહિ ત્યાં સુધી કિલ્લો હાથ કરી શકયા નહિ.

૫૫૧. **રૂમીઓ** પેત્રાનો કિલ્લો હાથ કરી તેનો કબજો લઇ બેઠા.

૫૫૧. શૂરા ઇરાની સપેહસાલાર **જરમેહેરે** ૭૦૦૦૦ માણસોના ઇરાની, સ્કીથ્યન, ડીલેમાઇટ વિ૦ પ્રજાઓના લશ્કર સાથે લેજીકા પર ચહડાઈ કીધી. તેણે આખું લેજીકા તાબે કરી પેત્રા અને આર્ચ્યોપોલીસનાં કિલ્લાઓ સિવાય બાકીના સઘળાં રૂમી કિલ્લાઓ ફત્તેહ કીધાં.

૫૫૧. **જરમેહેરે** સ્કીમ્નીયા અને સ્વેન્યાનાં રૂમી પ્રગણાંઓ ફત્તેહ કીધાં.

૫૫૧. રૂમી શાહાનશાહ **જસ્ટીન્યને** ૨,૬૦૦ રતલ સોનાનો દંડ ભરી સુલેહ ખરીદ કીધી.

સુલેહની શરતોમાંથી લેજીકાના પ્રાંત અને ખંડિયા રાજાઓને બાકાત રાખેલા હોવાથી લેજીકામાં પાછી લડાઈ જાગી.

૫૫૩. **જરમેહેરે** ટેલીફીસનાં રૂમી કિલ્લા પર ધસારો કરી રૂમીઓને હરાવી ન્હાસભાગમાં નાખ્યાં. બહાદુર, શયાનો પેહેલવાન **જરમેહેર** મરણ પામ્યો; તેની જગો પર બેદરકાર ગર્વિષ્ટ સરદાર **નકોરગાન** નેમાયો.

૫૫૪. ૪૦૦૦ ઇરાનીઓના બહાદુર લશ્કરે ૫૦,૦૦૦ રૂમીઓના મ્હોટા લશ્કરને લેજીકામાં મહાભારત શિકસ્ત આપી.

રૂમીઓ સાથની લેજીકામાં ચાલતી લડાઈ ઇ૦ સ૦ ૫૫૬ સુધી ચાલુ રહી. એ દરમ્યાન રૂમીઓને લેજીક લોકો સાથે વાંધો ઉભો

થયો. આથી લેઝીક લોકો ઇરાનને તાબે થવાને તૈયાર થયા પણ આળસું નકોરગનની બેદરકારીથી તેઓએ રોમની બાહેંધરી તળે જવામાં ફાયદો જોયો.

૫૫૬. આર્ચોપોલીસને ફત્તેહ કરવામાં નિષ્ફળ થઇ **ફાસીસના રૂમી** કિલ્લાને **નકોરગાને** ઘેરો નાખ્યો. **રૂમી** સરદારો **જસ્ટીન** અને **મારટીનૂસે** દગાથી **નકોરગન**ને હરાવી **લેઝીકા** ફત્તેહ કીધું.

નકોરગનની બેદરકારીથી ઇરાને લેઝીકા ખોયું. આથી શાહનશાહ **નોશીરવાને નકોરગન**ને બરતરફ કરી ભારે સજા ફરમાવી. એજ વરસમાં સુલેહની શરતો નક્કી કરવા બન્ને શાહાનશાહતોનાં એલચીઓ ભેગાં મળ્યાં.

૫૫૭. ઈરાન અને રોમ વચ્ચે સુલેહ થઈ.

સુલેહની શરતો નીચે મૂજબ હતી:—

૧. ઇરાનીઓએ લેઝીકામાંથી પોતાનું લશ્કર બોલાવી લઇ લેઝીકા રૂમીઓને સ્વાધીન કરવું.

૨. રૂમીઓએ ઇરાનને દર સાલ ૫૦ વર્ષો સૂધી ૩૦,૦૦૦ સોનાનાં શીક્કા આપ્યા જવું.

૩. ઇરાનના ખ્રિસ્તીઓએ ગમે તે ધર્મ પાળવો પણ કોઇ પણ જરથોસ્તીને પોતાના ધર્મમાં વટલાવવાની કોશિશ બીલકુલ કરવી નહિ.

૪. બન્ને રાજયોએ વેપાર વ્યવહાર ચોક્કસ માર્ગે અને ચોક્કસ મથકો ખાતેજ ચલાવવો.

૫. બન્ને રાજયોએ છૂટથી સંદેશા ચલાવી અરસપરસના એલચીઓનો માલ વગર જગાતે પસાર થવા દેવો.

૬. દારાનો કિલ્લો એમજ રહેવા દઇ રૂમીઓએ તેમાંથી પોતાનું મૂખ્ય મથક કહાડી નાખી ત્યાંના લશ્કરની સંખ્યા ન્હાની કરવી અને બન્ને રાજયોએ પોતપોતાની સરહદ પર કિલ્લાઓ બાંધવાં નહિ.

૭. બન્ને રાજયો વચ્ચે ઉઠેલા વાંધાઓનો લવાદ કોરટોથી ચુકાદો કરવો.

૮. બન્ને રાજ્યોના મિત્રો અને તાબેદાર રાજાઓને પણ સુલેહના કોલકરારોમાં સામેલ કરવા.

૯. જંગલી લૂટારૂઓ સામે દરબંદની "પાસ"ની રખેવાલી ઈરાને કરવી.

૧૦. સુલેહ ૫૦ વર્ષો સૂધી કાયમ રાખવી.

૫૫૭-૫૬૧. નોશીરવાન પોતાના રાજ્યમાં ફરવા નિકળ્યો. **એલાનીઓ, બલુચીઓ, ઘેલાનીઓ** અને **વીલમીઓ** **નોશીરવાન**ને તાબે થયા અને ખંડણી આપતી કીધી.

૫૬૧. હબસીઓના પાદશાહ **નીગસ** સામે **યમન**ના હોમરાઇટ ટોળાનાં **આરબો**એ સ્વતંત્ર થવા બળવો ઉઠાવ્યો. બળવો બેસાડી દેવા **નીગસે અબ્રાહા** નામે ખ્રિસ્ટીને **યમન** મોકલ્યો. **અબ્રાહા**એ બળવો બેસાડી દઈ **યમન**માં પોતાનું રાજ્ય સ્થાપ્યું.

અબ્રાહાએ **યમન**ના છેલ્લા આરબ રાજા **સુ-યજમ**ની વીધવા સાથે લગ્ન કર્યું. **અબ્રાહા**ના મરણ બાદ ઉપલી રાણીને પેટનો તેનો બેટો તખ્તે બેઠો. તેનું નામ **મસરૂક** હતું. **મસરૂક**ને પોતાના સાવકા ભાઇ **સઈફ** સાથ તકરાર થતા **સઈફે** મદાઇન આવી **નોશીરવાન**ની મદદ માંગી. **નોશીરવાને** એક કાફલો તૈયાર કરાવી ૭,૫૦૦ ઈરાનીઓનું લશ્કર **સઇફ**ને સોંપી **યમન** તરફ મોકલ્યો. તેના આવ્યાની ખબર થતાંજ **આરબો**એ **મસરૂક** સામે બળવો ઉઠાવ્યો.

૫૬૫. સઈફના મદદગાર ઈરાની લશ્કરે **મસરૂક**ના હબસી લશ્કરને બે મ્હોટી લડાઈઓમાં હરાવી **મસરૂક**ને મારી **યમન**ની રાજધાની **મક્કા** હાથ કીધું. **સઈફ યમન**નાં તખ્તે બેઠો.

૫૬૫. સઈફનું ખૂન થયું. **નોશીરવાને યમન**ને ઈરાનની શાહાનશાહત સાથે જોડી દઈ ત્યાં **મરજબાન** નામે ઇરાની સૂબો નેમ્યો.

૫૬૫. રૂમી શાહાનશાહ **જસ્ટીન્યન** મરણ પામ્યો. **જસ્ટીન** ગાદીએ આવ્યો.

૫૬૭. **તુર્કસ્તાન**ના **તુર્કી** ખાન (પાદશાહ) **દિસાબુલે** પોતાના રાજ્યનો વેપાર વધારવા **નોશીરવાન**ની દોસ્તી કરવા બેમુળો કીંમતી હદિયો **ઈરાન** મોકલ્યો.

દિસાબુલ પૂર્વે કામટસ્ચાટકાના ભૂશ્લાકા સુધી, પશ્ચિમે **એર્જોવ**ના દરિયા સુધી અને દક્ષિણે **સીહુન** નદી સુધી ફેલાયલા બહોળા પ્રદેશનો પાદશાહ હતો.

૫૬૭. **હએતલ**ના પાદશાહ **ગાતકરે** **ઈરાન** અને **તુર્કસ્તાન** વચ્ચે બંધાતી દોસ્તી અટકાવવા **નોશીરવાન**ની જાણ વગર **દિસાબુલ**નો હદિયો જપત કરી એલચીઓને મારી નાખ્યા.

૫૬૭. પોતાને થયલું નુકશાન ભરાવી લેવા **દિસાબુલે** મ્હોટા લશ્કર સાથે **હએતલ** પર ચઢાઇ કરી **ગાતકર**ને હરાવી તેના રાજ્યનો નાશ કીધો અને **હએતલ**ની હાકમી **બેહરામ ગુર**ની ઓલાદના **ચગાન**ના સરદાર **ફેગાની**ને આપી.

૫૬૮. **દિસાબુલે** પોતાના ખંડિયા **સોગ્ડીઆના**ના હાકમ **માન્યાક**ને **રોમ** અને **તુર્કસ્તાન** વચ્ચે વેપાર વધારવા અને **ઈરાન** સામે મદદ મેળવવાના કોલકરારો કરવા **કૉન્સ્ટેન્ટીનોપલ** મોકલ્યો.

૫૬૯. **રોમ** અને **તુર્કસ્તાન** વચ્ચે **ઈરાન** સામે અરસપરસ મદદ આપવાના કોલકરારો થયા.

૫૬૯. **દિસાબુલે** ઈરાન પર ચઢાઇ કીધી.

દિસાબુલે ઈરાન તરફ આવતા માર્ગમાં **ફરગાના**, **સમરકંદ**, **બોખારા**, **કેશ**, **નસ્ફ** અને **ચાચ** વિગેરે શહેરો ફત્તેહ કીધા અને ચાચ શહેરમાં પોતાની લશ્કરી છાવણી નાખી. રૂમી એલચી **જેમાર્કસ** પણ તેની સાથે અર્ધા રસ્તા સુધી આવ્યો હતો.

૫૬૯. મહાત્મા શાહાનશાહ **નોશીરવાને** **દિસાબુલ** સામે ચઢાઈ કીધી. **દિસાબુલ** બીચકારો બની ઈરાનીઓથી ડરી **નોશીરવાન**ને તાબે થયો અને લડાઈનો મ્હોટો દંડ ભરી તેણે **ઈરાન**ને દર સાલ ખંડણી આપતી કીધી.

૫૭૦. **રૂમી** શાહાનશાહ **જસ્ટીને** **હિસાબુલ**ના **વારેસને** **ઇરાન** પર ચઢાઈ કરવા ઉશ્કેર્યો.

૫૭૨. **રોમ** અને **ઇરાન** વચ્ચે લડાઈ જાગી.

લડાઇનું કારણ રૂમી શાહાનશાહ **જસ્ટી**ની અદેખાઇ હતી. ઇરાની શાહાનશાહ **નોશીરવાન**ની બહોળી પ્રસિદ્ધ ફત્તેહો જોઈ તેને ભારે બળાપો થતો હતો. ઇ૦ સ૦ ૫૬૫ માં ગાદીએ આવ્યા પછી **૬થ વર્ષો સુધી** તો તેણે ઇરાનને દર વર્ષે ૩૦,૦૦૦ સિક્કાની ખંડણી ભર્યા કીધી પણ ઇ૦ સ૦ ૫૭૨ માં ઇરાન સાથે લડાઇની છેડતી શોધી ઇરાની એલચી **સેબોકથીસ**ને અપમાન કરી **અર્માની**ઓને ઇરાન સામે બળવો કરવા ઉશ્કેરી **નોશીરવાન** પર અપમાનભર્યું પત્ર લખ્યું. આથી ઇરાને રોમ સામે લડાઈ જાહેર કીધી.

૫૭૨. **રૂમી** સરદાર **મારશ્યને** **સરગાથન** આગળ **ઇરાની** લશ્કરને હરાવ્યું. **મારશ્યને** **નસીબન**ના **ઇરાની** કિલ્લાને ઘેરો ઘાલ્યો.

૫૭૨. મહાત્મા **નોશીરવાને** **રૂમી** પ્રાંતો પર ચઢાઈ કીધી. **રૂમીઓ** **નસીબન**નો ઘેરો ઉઠાવી ન્હાસી **દારા**ના **રૂમી** કિલ્લામાં ભરાયા. **નોશીરવાને** **દારા**ને ઘેરો નાખ્યો.

૫૭૨. **ઇરાની** સરદાર **આદરમાને** **સિરિયા** પર ચઢાઈ કરી **એન્ટીઓક**ની આસપાસનો મુલ્ક વેરાન કીધો. **આદરમાને** **સીલ સિરિયા** પર હુમલો કરી **એપેમ્યા**નું મ્હોટું શહેર જીતી ફના કીધું. **આદરમાન** **દારા** પાછો ફર્યો.

૫૭૨. **નોશીરવાન**ના **ખ્રિસ્ટી** રાણી **યુફેમીયા**ને પેટના **ખ્રિસ્ટી** બેટા **નોશીજાદે** કેદખાનેથી છુટી **શાપુરગર્દ**ના **ખ્રિસ્ટી** કેદીઓને છુટા કરી **ઇરાન**ની ગાદી મેળવવા બળવો કીધો.

જ્યારે ઇ૦ સ૦ ૫૭૨ માં **નોશીરવાન** રોમ પર ચઢાઈ લઇ ગયો ત્યારે કોઇ બદમાશે એવી બુમ ઉડાવી કે **નોશીરવાન** માર્યો ગયો છે. આથી **નોશીજાદ**ને બળવો કરવાનું શૂર છુટું. તેણે ૩૦,૦૦૦ **ખ્રિસ્ટી** કેદીઓ અને પાદરીઓનાં લશ્કર સાથે કેટલાક શહેરો ફત્તેહ કરી **ઇરાક** પર ચઢાઈ કીધી

૫૭૨. મદાઈનના સરદાર **રામબુર્જીને** બળવાખોરોને પરાજ્ય કીધો. **નોશીઝાદ** જખમી થઇ માર્યો ગયો.

૫૭૩. **નોશીરવાને** દારા ફત્તેહ કીધું.

ઉપલી હારથી નાસિપાસ થઇ **જસ્ટીને ટેબીર્યસને** તખ્ત હવાલે કીધું.

૫૭૪. **રૂમી** શાહાનશાહ **ટેબીર્યસે** ૪૫,૦૦૦ **સોનાના** સિક્કાઓનો દંડ ભરી એક વરસની મ્હેતલ (Truce) ખરીદી.

૫૭૫. ઉપલી મ્હેતલનો લાભ લઈ **ટેબીર્યસે** ૧,૫૦,૦૦૦ માણસોનું આગળ કદી નહિ મોકળેલું એવું મ્હોટું લશ્કર **ઇરાન** સામે મોકલ્યું.

૫૭૫. **અર્માની** બળવાખોરોને સજા કરવા **નોશીરવાને** ઈરાની-**આર્મીન્યા** પર ચઢાઇ કરી બળવાખોરોને હરાવી **આર્મીન્યા** પાછું તાબે કીધું.

૫૭૫. **નોશીરવાને રૂમી**-**આર્મીન્યા**માં ફત્તેહો મેળવી **કેપેડોશ્યા** પર ચઢાઇ કીધી.

રૂમીઓએ અર્માનીઓને ઉશ્કેરી ઇરાની-**આર્મીન્યા**માં બંડ ઉઠું કરાવ્યું હતું તેની સજા કરવા માટેજ **નોશીરવાને** કેપેડોશ્યા પર ચઢાઇ કીધી હતી. કેપેડોશ્યામાં રૂમી સરદાર **જસ્ટીન્યન નોશીરવાન**ની સામે થયો અને રૂમી લશ્કરના એક **સીથ્યન** સરદારે તેના લશ્કરની પાછળી સફો પર હલ્લો કરી તેનો અસબાબ લૂટી લીધો.

૫૭૫. **નોશીરવાને** રાતને વેળા **રૂમી** છાવણી પર છાપો મારી છાવણીનો નાશ કીધો. **નોશીરવાન મલટિયા (મેલીટીન)** શેહેર જીતી તેનો નાશ કરી **ઈરાન** પાછો ફર્યો.

૫૭૫. **નોશીરવાન**ની ગેરહાજરીમાં **રૂમી** સરદાર **જસ્ટીન્યને** ઈરાની-**આર્મીન્યા** પર ચઢાઈ કરી લૂટફાટ ચલાવી.

૫૭૬. **રૂમીઓએ** ૩ વર્ષોની મ્હેતલ માંગી તે **ખરીદ** કરવા **ઈરાનને** ૩૦,૦૦૦ **સોનાના** સિક્કાનો દંડ ભર્યો.

૫૭૬. નોશીરવાને રૂમી-આર્મીન્યા પર ચઢાઇ કરી તેના પાયતખ્ત **થિયેડોશિયો** પોલીસને ઘેરો નાખ્યો.

૫૭૬. ઈરાની સરદાર **તન-ખુસરોએ રૂમી** સેનાધિપતિ **જસ્ટીન્યન**ને મ્હોટી લડાઈમાં હરાવ્યો.

ઇ૦ સ૦ ૫૭૬ થી ૫૭૮ સૂધી ચાલેલી લડાઇઓ ફકત **આર્મીન્યા**માંજ થઈ હતી કારણ કે એ મુદ્દત દરમિયાન રૂમીઓ સાથ થયલી મ્હેતલમાંથી **આર્મીન્યા**ને બાકાત રાખ્યું હતું. પણ મ્હેતલની ૩ વરસની મુદ્દત પૂરી થતાજ સઘળે ઠેકાણે પાછી લડાઈ જાગી.

૫૭૮-૫૭૯. ઈરાની સરદારો **માહબુદ** અને **શાપુરે** ૨૦,૦૦૦ ઇરાની લશ્કર સાથે **રૂમી-આર્મીન્યા** પર ચઢાઇ કરી તેને ઉજડ કીધું. ઈરાની સરદાર **તન-ખુસરોએ આમીડા**ની આસપાસ લૂટ ચલાવી.

૫૭૯. રૂમી સરદાર **મૉરીસે** ઈરાની-**આર્મીન્યા** વેરાન કીધું. તેણે **અરજનીની**નો ઈરાની પ્રાંત હાથ કરી **અફુમોંન**નો મજબૂત કિલ્લો જીતી લીધો. **મૉરીસે** ઈરાની-**મેસોપોટેમ્યા**નો **સીંગારા**નો કસ્બો વેરાન કીધો. **સીથ્યન** સરદાર **કર્સે કુર્દીસ્તાન** પર ચઢાઈ કરી થોડા ગામડાંઓનો નાશ કીધો. **રૂમીઓ** ઈરાની હદ છોડી ગયા.

રૂમીઓએ ચલાવેલી આ સઘળી લૂટફાટ વખતે **નોશીરવાન** મદાઇન ખાતે માંદગી ભોગવતો હતો.

૫૭૯. બહાદુર, વચનપાળક, સાચ્ચો, ઇનસાફી, કાબેલ, ડાહ્યો, ભાગ્યશાળી, **ઈરાની** શાહાનશાહતનો ઝળકતો સૂર્ય મહાત્મા **નોશીરવાન 'અદલ'** મરણ પામ્યો.

નોશીરવાનના વખ્તમાં ઈરાની શાહાનશાહત આખી દુનિયામાં સૌથી વ્હોળી, સૌથી બળવંત અને દમામભરી હતી. ઇરાન, **અફગાનીસ્તાન, બલુચીસ્તાન, મધ્ય એશિયા** અને હાલના **અર્ધા એશિયાટીક તર્કી** પર ઇરાની ઝુંડો ફડફડતો હતો. આખી **રૂમી** શાહાનશાહત, **હિંદુસ્તાન**ના કેટલાક રાજ્યો, **તુર્કસ્તાન**નો **ખાકાન** વિગેરે ઇરાનને

ખંડણી આપતા હતા. ફક્ત **નોશીરવાન**નું નામજ દુનિયાના કોઈ પણ રાજ્યકર્તાને ધ્રુજાવી નાખવાને પુરતું હતું. દુનિયાનો કોઇ પણ સુધરેલો યા જંગલી તાજદાર **નોશીરવાન**ની દોસ્તી શોધવાને તત્પર રહેતો. **નોશીરવાને** પોતાના વ્હોળા રાજ્યમાં મ્હોટા ફેરફારો અને સુધારા કીધા; તેણે રાજ્યને ચાર ભાગમાં વ્હેંચી નાખી તેનો ઉત્તમ વહિવટ કીધો; નવા શ્હેરો સ્થાપી જુના શ્હેરો સુધાર્યાં; પુષ્કળ નેહેરો અને જળાશયો બાંધ્યા; રસ્તાઓ સુધારી રૈયતની સલામતીના સઘળાં ઉપાયો લીધા; અને સંખ્યાબંધ મ્હેસુલી અને ન્યાયખાતાઓ સ્થાપ્યા. એના વખતમાં ઈરાની શાહાનશાહત નિશાળો, પાઠશાળાઓ અને ધર્મના મકાનોથી ઉભાઇ જવા લાગી. સાહિત્ય, ઇતિહાસ, ફીલસુફી અને ધર્મ-શાનનો ઈરાનમાં વ્હોળો ફેલાવો થયો. **નીસાપુર**ની પાદશાહી પાઠશાળા આખી દુનિયાની કેળવણીનું મધ્ય-બિંદુ થઈ પડી. ઈરાનીઓ વેપાર અર્થે દુનિયાના સઘળાં ભાગોમાં જઈ વસ્યા. **નોશીરવાન**ના વખતમાં ઈરાનનું લશ્કરી ખાતું ઘણાજ ઉંચા પ્રકારનું હતું, એના વખતના મેહેલો આજે પણ સુધરેલી દુનિયાને હેરત કરે છે. એના વખતમાં પેગામ્બર સાહેબ **મહુમદ**નો જન્મ થયો તેટલા માટે તેવણ સાહેબ ભારે મગરૂરી સાથ **નોશીરવાન**નું નામ કોરાનમાં દેય છે. આજે **નોશીરવાન**નો કોઇ પણ દોસ્ત યા દુશ્મન એવો નહિ હશે કે જે તે મહાત્મા અમર પુરૂષનું નામ માન સાથે યાદ કરતો નહિ હશે! તેના જેવા તેજસ્વી સેતારાઓ, આ પૃથ્વી પરના ફરેસ્તાઓ, કીર્તિવંત મહા પુરૂષો, ધર્મ-રક્ષક શાહાનશાહો આ જેહાનમાં ઘણાજ થોડા હૈયાતી ભોગવી ગયા હશે.

'અઉહરમજી.'

હોરમજ ૪. ઇ૦ સ૦ ૫૭૯—૫૯૧.—૧૨ વરસ.

નોશીરવાનનો બેટો.

શાહાનશાહ **હોરમજ** શરૂઆતમાં ઘણોજ ઇનસાફી અને રૈયતોનો ખેરખાહ હતો. પણ તેના રયાનાં વિદ્વાન વજીર **બુજરચમેહેરના** મરણ બાદ તેની મતી ફરવાઇ. તેણે રૈયતો પર જૂલમ વરસાવી પોતાના વજીરોના ખૂન કરાવ્યા.

૫૭૯. **રોમ** અને **ઈરાન** વચ્ચે લડાઈ જાગી.

રૂમી શાહાનશાહ **ટેબીર્યસે** ઇરાની **આર્મીન્યા** પરનો દાવો છોડી દઇ **અરજેનીની**નો ઇરાની પ્રાંત પાછો ઇરાનને સ્વાધીન કરી તેના બદલામાં દારાનો કિલ્લો પાછો મેળવવાની પેચભરી માંગણી કરી જે **હોરમજે** નાકબૂલ રાખવાથી રોમ સાથે ઇરાનને લડાઇ જાગી. વળી રૂમીઓએ ઇરાનને અપાતી ખંડણી પણ બંધ કરવાથી આગમાં તેલ ઉમેરાયું.

૫૭૯. રૂમી સરદાર **મૉરીસે** ઇરાની પ્રાંતો પર ચઢાઈ કીધી. રૂમીઓએ **કુર્દીસ્તાન**માં લૂટફાટ ચલાવી.

મૉરીસે ઇ૦ સ૦ ૫૮૦ માં ઇરાનના તાબેદાર **હીરાના** આરબ રાજા **મંજરને** પોતાની પક્ષમાં ખેંચી લઇ એક દરિયાઇ કાફલો ઉભો કરી એકદમ **મદાઇન** પર ચઢાઇ કરવાની વેતરણો કીધી પણ **મંજરે** પાછી ઇરાનની તાબેદારી કબૂલ રાખી પોતાની ઇરાન તરફની વફાદારી બતાવી આપવાથી **મૉરીસ** પોતાની નેમમાં નિષ્ફળ થયો.

૫૮૦. ઇરાની સરદાર **આજરમેહાને (આઝરમાને)** રૂમી-**મેસોપોટેમ્યા** પર ચઢાઈ કરી **રૂમીઓને** આગળ વધતા અટકાવ્યા.

આ પછી રૂમીઓએ સુલેહ કરવા માંગી પણ તેની સરતો ઈરાનને લાભકારી નહિ હોવાથી સુલેહ થઇ નહિ.

૫૮૧. ઈરાની સરદાર **તામ-ખુસરોએ** **કૉન્સ્ટેન્શીયા** પર હુમલો કીધો. કૉન્સ્ટેન્શીયાની મ્હોટી લડાઈમાં **તામ-ખુસરો** **મૉરીસના** હાથ પર હાર્યો અને માર્યો ગયો.

૫૮૨. રૂમી શાહાનશાહ **ટૈબીર્યસ** મરણ પામ્યો. સરદાર **મૉરીસ** રૂમીઓનો શાહાનશાહ થયો.

મૉરીસની જગોએ રૂમી-સરદાર **જોહાનીસ** નિમાયો.

૫૮૩. નિમ્ફીયસ અને ટાઈગ્રીસ નદીના સમાગમ આગળ થયલી લડાઈમાં ઈરાનીઓએ **જોહાનીસને** હરાવ્યો.

આ જીત પછી ઈરાનીઓએ અકુમાનના કિલ્લાને ઘેરો ઘાલ્યો.

૫૮૩. સરદાર **જોહાનીસે** **અરબાસના** ઈરાની કિલ્લાને ઘેરો નાખ્યો. અરબાસની મ્હોટી લડાઇમાં રૂમીઓ હાર્યા અને ઘેરો ઉઠાવી નાઠા.

આ હારોથી કંટાળી શાહાનશાહ મૉરીસે જોહાનીસને બરતરફ કીધો અને તેની જગા સરદાર ફીલીપીકસને આપી.

૫૮૪. સરદાર **ફીલીપીકસે** ઈરાની પ્રાંતો પર ચઢાઇ કીધી.

ફીલીપીકસમાં ઇરાનીઓ સામે લડવા જેટલી હિમ્મત હતી નહિ. તે તો ફક્ત લૂટફાટ કરીનેજ સંતોષ પામતો હતો.

૫૮૫. મોનોકારટમ અને માર્ટીરોપોલીસના રૂમી શ્હેરો લેવામાં ઈરાનીઓ નિષ્ફળ થયા.

રૂમીઓએ સુલેહ માટે ચારવણી કીધી પણ નિષ્ફળ થયા.

૫૮૬. રૂમી સરદાર **ફીલીપીકસે** ઈરાની-મેસોપોટેમ્યા પર ચઢાઈ કરી સોલેખંનની મ્હોટી લડાઈમાં ઈરાનીઓને હરાવ્યા.

ઈરાનીઓ સોલેખંનથી ન્હાસી અરજેનીનીનાં પ્રાંતમાં ભરાયા ત્યાં સુધી રૂમીઓએ તેમનો કુંબાલો પકડયો પણ આજ નાઠેલા ઈરાનીઓએ પાછા ફરી રૂમીઓને હરાવી અમીડાના કિલ્લામાં તેમને આશરો લેવાની ફરજ પાડી.

૫૮૭. રૂમી સરદાર **હિરેકલિયસે** ટાઇગ્રીસ નદીની બન્ને બાજુનો ઇરાની મુલક ફના કીધો.

રૂમી સરદાર ફીલીપીકસ લશ્કરની સરદારી હિરેકલિયસને સોંપી કૉન્સ્ટેન્ટીનોપલ ગયો (૫૮૮.)

૫૮૮. ઇરાનીઓ કૉન્સ્ટેન્શીયા લેવામાં નિષ્ફળ થયા.

૫૮૮. **અરજેનીની**નાં પ્રાંતમાંથી રૂમીઓને ઇરાની સરદાર **મરૂજાસે** હાંકી કાઢ્યા. રૂમીઓની પુઠ પકડતા **મરૂજાસ** **માર્ટીરોપોલીસ** આગળ માર્યો ગયો.

૫૮૯. ઇરાનીઓએ **માર્ટીરોપોલીસનું** મ્હોટું રૂમી શહેર ફત્તેહ કીધું.

૫૮૯. રૂમી સરદાર **ફીલીપીકસે** માર્ટીરોપોલીસને ઘેરો નાખ્યો. **ફીલીપીકસ** માર ખાઈ નાઠો.

૫૮૯. **ફીલીપીકસે** માર્ટીરોપોલીસને બીજી વખતે ઘેરો નાખ્યો. ઇરાની સરદારો **મેબોડીસ** અને **અફ્રાઆટીસે** મ્હોટી લડાઇમાં **ફીલીપીકસને** હરાવ્યો.

મૉરીસે ફીલીપીકસને બરતરફ કરી રૂમી સરદાર કોમેન્ટીયોલસને તેની જગાએ નિમ્યો.

૫૮૯. ઇરાની સરદાર **અફ્રાઆટીસે** રૂમી સરદાર **કોમેન્ટીયોલસને** હરાવી ન્હસાડયો. રૂમી સરદાર **હિરેકલિયસે** ઇરાનીઓને હરાવી **અરબાસનો** ઇરાની કિલ્લો જીતી લીધો.

આ પછી થોડો વખત લડાઈ બંધ પડી.

૫૯૦. અરબસ્તાન અને હિંદુસ્તાનનાં ઇરાનના ખંડિયા રાજાઓએ ખંડણી અપાતી બંધ કરી બળવો ઉઠાવ્યો. ઍબીલોન્યા, સુસિયાના અને કેરમાનિયાનાં પ્રાંતોમાં બંડો ઉઠયાં. જંગલી ખજર લોકોએ ઈરાન પર ચઢાઇ કીધી. તુર્કસ્તાનના

ખાન **શાવેહશાહે** ઈરાન પર ચઢાઇ કરી બલ્ખ અને હેરાત સર કીધા.

ઈરાન પર આ રીતે સઘળી બાજુએથી હુમલા થયા અને ઈરાની શાહાનશાહતનો અંત આવે એવું ગંભીર રૂપ આ ચઢાઇઓએ લીધું; પણ **હોરમજ** મક્કમ મનનો હોવાથી આ સઘળી આફતોને તે ધીરજથી પુંગી વળ્યો.

૫૮૦. બહાદુર ઈરાની સરદાર **ખુરદાદે** ખજર લોકોને મારી કાઢી ઈરાની પ્રાંતોના સઘળાં બંડો બેસાડી દીધા. ખંડિયા રાજાઓ પાછા ઈરાનને તાબે થયા.

આ સઘળી આફતો કરતા તુર્કીખાનની ચઢાઈ કોઈ પણ રાજ્યકર્તાને દીવાનો બનાવવાને પૂરતી હતી. તે પોતાની સાથે ૪,૦૦,૦૦૦ માણસોનું લશ્કર લાવ્યો હતો અને તેને રૂમીઓની કુમક હતી. તેની સામે લડવા જવાને જ્યારે સઘળાં ઈરાની સરદારોએ ના પાડી ત્યારે **બેહરામ ચોબીન** નામનો રાક્ષસી કદ અને બળનો રએ પ્રાંતનો ચુનંદા હાકમ અને **હોરમજ**ના લશ્કરનો નામીચો સપેહસાલાર તૈયાર થયો.

૫૮૯. ચુનંદા ઈરાની પેહેલવાન **બેહરામ ચોબીને** ૧૨,૦૦૦ ઈરાનીઓના લડાયક જોદ્ધાઓ સાથે **શાવેહશાહ** પર ચઢાઇ કીધી.

બેહરામે મીડિયામાંથી પસાર થઇ હેરાત નદીના કાંઠા પર છાવણી નાખી. શાવેહશાહે લાંચ-રૂશવત તથા લાલચોથી તેને પોતાની પક્ષમાં લેવા ઘણી કોશેશો કીધી પણ દેશહિતકારી **બેહરામે** તેની માંગણીઓ ધીક્કાર સાથે તુચ્છકારી કાઢી.

૫૮૯. તુર્કી ખાન **શાવેહશાહે** ૧૨૦૦ હાથીઓ અને ગંજાવર લશ્કર સાથે ઈરાનીઓ પર હુમલો કીધો. એક ખનખાર મહાભારત યુદ્ધમાં તુર્કીઓ હાર્યા અને તેમનો ખાન **શાવેહશાહ** પોતાના બેટા **ફેગફુર** સહિત માર્યો ગયો.

આ યાદગાર ફત્તેહના બદલામાં **હોરમજે** હમેતલથી જીહુન નદી સૂધીના મુલકની હાકમી **બેહરામને** બક્ષી. આ જીત પછી **બેહરામે** **શાવેહશાહ**ના બીજા બેટા **પરમુદેહ**ની પુઠ પકડી અને રાત પડતા

એક બાગમાં આરામ કીધો. પરમુદેહે આ બાગને ઘેરી લીધો પણ બેહરામે યુક્તિથી ઈરાની લશ્કરને બાગમાંથી બહાર કાઢ્યું અને પરમુદેહ સાથે લડાઇ ચલાવી.

૫૯૦. બીજી જબરી લડાઇમાં **શાવેહશાહ**નો બેટો **પરમુદેહ** હાર્યો અને ઈરાનને તાબે થયો.

આ ફત્તેહોથી ઈરાનીઓને અતિ,કિંમતી ખજાને હાથ આવ્યો. શાહાનશાહ **હોરમજે** **પરમુદેહ**ની સરકશી માફ કરી તુર્કસ્તાનના થોડા મુલકની હાકમી તેને સોંપી. સપેહસાલાર **બેહરામ** પોતાની આ સઘળી ફત્તેહોથી ફુલી ગયો અને હવે તે હોરમજને ગણકાવવા લાગ્યો નહિ.

૫૯૦. શાહાનશાહ **હોરમજે** **બેહરામ**ને રૂમી પ્રાંત લેજીકા જીતવા મોકલ્યો. રૂમી સરદાર **રોમેનસે** **એરેકસિસ** નદીનાં કાંઠા પર **બેહરામને** હરાવ્યો.

કહે છે કે આ હાર માટે બેહરામને સજા કરવા **હોરમજે** તેને માટે એક બુઢી ઓરતનો પોશાક અને રૂ કાંતવાનો રેંહેંટયો ભેટ મોકલ્યો. આથી અપમાન લઈ બેહરામના લશ્કરે હોરમજને પાદશાહ તરીકે નહિ ગણવાનો ઠરાવ પસાર કીધો.

૫૯૦. **બેહરામ ચોબીને** **હોરમજ** સામે બળવો ઉઠાવી **હોરમજ**ના બેટા **ખુસરો**નાં સિક્કા પડાવી બાપ બેટાને અથડાવી માર્યા. **ખુસરો**ના મામાઓ **બંદુ** અને **બસ્તામ** (**ગુસ્તેહમ**) ને **હોરમજે** કેદ કીધા.

૫૯૦. બળવાખોર **બેહરામે** **મદાઇન** પર હુમલો કરવાની તૈયારીઓ કરવા માંડી.

૫૯૦. **બંદુ** અને **બસ્તામે** કેદખાનેથી છૂટી **હોરમજ**ના મેહેલ પર ધસી **હોરમજ**ને પદભ્રષ્ટ કરી આંધળો કરી બંદીખાને નાખ્યો. અમીરોએ શાહજાદા **ખુસરો**ને તખ્તનશીન કીધો.

'ખુસરૂઇ.'

મહાત્મા ખુસરો (પર્વિજ).

પ્હેલો અમલ: ઈ૦ સ૦ ૫૯૦. }
બીજો અમલ: ઈ૦ સ૦ ૫૯૧-૬૨૮. } ૩૮ વરસ.

હોરમજ ૪. નો બેટો.

૫૯૦. બળવાખોર **બેહરામે**. નેહરવાન (**હોલ્વાન**)ની લડાઇમાં **ખુસરોને** હરાવ્યો. **ખુસરો** મદદ મેળવવા **કૉન્સ્ટેન્ટીનોપલ** તરફ ગયો. **બેહરામ** ઈરાનની ગાદી પર બેઠો.

ખુસરો મદાઇનથી ન્હાસી કૉન્સ્ટેન્ટીનોપલ તરફ રવાના થયો. તેની સાથે તેના બન્ને મામાઓ બં'દુ અને બસ્તામ પણ હતા. પણ કદાચ ખુસરોની ગેરહાજરીમાં પદભ્રષ્ટ શાહાનશાહ હોરમજ પાછો તખ્તે આવે એવી બ્હીક રાખી ખુસરોના મામાઓએ મદાઇન જઈ હોરમજને તીરોથી વિંધીં મારી નાખ્યો અને પાછા ખુસરોને જઈ મળ્યા. બેહરામ ચોબીનના સરદાર બેહરામ શ્યાવક્ષે ખુસરોની પુઠ પકડી પણ બં'દુની યુક્તિથી ખુસરો છટકી ગયો. માર્ગમાં મળતા રૂમી શ્હેરોએ તેને હરખભર્યો આવકાર આપ્યો અને આખરે રૂમી શાહાનશાહ મૉરીસ પણ ખુસરોને મદદ આપવા તૈયાર થયો. તેણે પોતાની બેટી મરિયમ સાથે ખુસરોની શેહાદી કીધી અને ખુસરોને ૧,૦૦,૦૦૦ માણસનું લશ્કર ઈરાની સરદાર નરસીની સરદારી તળે સોંપ્યું.

૫૯૦. **રૂમીઓની** મદદથી **ખુસરોએ મદાઇન** પર ચઢાઇ કીધી.

૫૯૧. **બેહરામે** સરદાર **જાડસપ્રેટસને નસીબન** અને **મીરઅદુરીસ** (**મેહેર-આહર**)ને **એનેથોંન** જીતવા મોકલ્યા. **મીરઅદુરીસે એનેથોંન** જીતી લીધું. બન્ને સરદારોના લશ્કરો **બેહરામ** સામે બળવો ઉઠાવી **ખુસરોને** મળી ગયા.

૫૯૧. ખુસરોના લશ્કરે **બેહરામના** સરદાર **બરીજેશિયસને મોસલની** લડાઇમાં હરાવી કેદ કીધો.

આ ફત્તેહ પછી **ખુસરો** મ્હોટી **જાબ** નદી પસાર કરી, **આર્બેલા** થઈ ન્હાની **જાબ** નદીવાલા મુલકમાં આવ્યો. અત્રે **બેહરામ**ની નજર ચુકાવી તે પોતાના અર્માની લશ્કરને જઇ મળ્યો.

૫૯૧. **મદાઇન** અને **સોલ્યુશિયા** **ખુસરો**ના સરદાર **મેહબુદ**ને તાબે થયા.

૫૯૧. **આડિયાબીની**નાં મેદાનમાં **જાગ્રોસ** પર્વતની તલેટી આગળ **ખુસરો** અને **બેહરામ** વચ્ચે થયલી પ્હેલી લડાઈનાં **ખુસરો**ની હાર થઇ.

ઉપલી ફત્તેહ પછી **બેહરામે** **જાગ્રોસ** પર્વત ઓળંગી **ઉરૂમિયા** સરોવરની દક્ષિણે પોતાની છાવણી નાખી. **બેહરામને** આ વખતે **હિંદુસ્તાન** અને **તુર્કસ્તાન** તરફથી મદદ મળવાથી તેના લશ્કરની સંખ્યાં **૧,૦૦,૦૦૦** ની હતી જ્યારે **ખુસરો** પાસે **૯૦,૦૦૦** માણુસો હતા.

૫૯૧. **કન્જાકા** (**શીઝ**) શ્હેરની લડાઈમાં **બેહરામ** હાર્યો અને **ઈરાન** છોડી **તુર્કી** ખાન **પરમુદેહ**ની દરબારમાં ન્હાસી તેણે આશરો લીધો.

બેહરામને **પરમુદેહે** ઘણું માન આપ્યું. તેઓ બન્ને સાથે મળી **ઈરાન** પર ચઢાઈ કરવાની ગોઠવણો કરવા લાગા. **ખુસરોએ** **ખુરરાદ બુર્જીન** નામે એલચીને **તુર્કસ્તાન** મોકળી **પરમુદેહને** પોતાની તરફ ખેંચી લેવાની ઘણી કોશેશો કીધી પણ **ખુસરો** જ્યારે તેમાં નિષ્ફળ થયો ત્યારે **ખુરદાદ બુર્જીને** એક ખૂનીની મારફતે **બેહરામનું** ખૂન કરાવ્યું આથી **ઈરાન** પરની બીજી **તુરાની** ચઢાઇ અધુરે ગઈ.

૫૯૨. **ખુસરો** પાછો તખ્તનશીન થયો. તેણે **રૂમી** મદદના બદલામાં **ઈરાની-પૂર્વ-મેસોપોટેમ્યા**, **ઈરાની-આર્મીન્યા** અને શાહાનશાહ **કોબાદ**, **નોશીરવાન** તથા **હોરમજે** જીતેલા સઘળાં **રૂમી** શ્હેરો અને પ્રાંતો **રૂમીઓ**ને સ્વાધીન કરી **રૂમી** મદદગાર લશ્કરને વિદાય કર્યું.

કહે છે કે **ઈરાની-આર્મીન્યા** **રૂમીઓ**ને સ્વાધીન કરવાની આગમજ **ખુસરોએ** તેને વેરાન કરવાની મતલબથી **આર્મીન્યા**ના સઘળાં મર્દ રહેવાસીઓને પોતાના જંગલી શત્રુઓ સામે લડવા મોકળ્યા. પણ

અમીનીઓનો નાશ થવાને બદલે તેઓએ તો મહાભારત ફત્તેહો મેળવી. તેઓએ જંગલી હુએતાલી અને કુશાન લોકોનો અનેક લડાઈઓમાં પરાજય કર્યો; માઝન્દરાન અને તબ્રીસ્તાન સર કર્યા; અને તુર્કીસ્તાનના ૩,૦૦,૦૦૦ માણસોના મ્હોટા લશ્કરનો સંહાર કીધો.

૫૯૧. પોતાના મદદગાર મામા **બંદુને** મેહેલનો કારભારી બનાવ્યો. અને **બસ્તામને** **ખોરાસાન**ની હાકમી સોંપી.

ઉપર મુજબ બન્ને મામાઓને નવાજ્યા બાદ **ખુસરોએ** પોતાના બાપના આ બન્ને ખૂનીઓના જીવ લેવાની વેત્રણ કીધી. તેને તેમ કરવાને તેના મર્હુમ પેદરે આજ્ઞા કીધી હતી. **બંદુનો** તો સહેલાઇથી **ખુસરોએ** જીવ લેવાડયો પણ **બસ્તામને** તેની મતલબ માલમ પડી જવાથી તેણે **ખોરાસાન** ખાતે બળવો ઉઠાવ્યો. આ બળવો છ વરસ ચાલું રહ્યો. આ મુદ્દત દરમિયાન **બસ્તામે** કુશાનના બે રાજાઓને તાબે કરી પોતાની સત્તા વધારી મેળી.

૫૯૭. બેહરામ ચોબીનની બેન અને **બસ્તામ**ની રાણી **કરદીહાએ ખુસરો** સાથ પરણવાની લાલચથી **બસ્તામનુ** ખૂન કરવાથી **ખોરાસાન**નો બળવો બેસી ગયો. **ખુસરો કરદીહા** સાથે પરણ્યો.

૬૦૦. રોમને તાબેના **સરેસન આરબોએ યુફ્રેટીસ** નદી ઓળંગી ઇરાની પ્રાંતોમાં લૂટફાટ ચલાવી.

આ બનાવથી **રોમ** અને ઇરાન વચ્ચે લડાઇ જાગવાનો સંજોગ ઉભો થયો પણ **રૂમી** શાહાનશાહ અને ખુસરોના સસગ **મૉરીસે** પોતાના એલચી **જ્યૉર્જને ખુસરો** પાસે મોકળી તેને સમજાવી લેવાથી લડાઇનો બાહૂ નાબુદ થયો.

૬૦૨. રૂમી અમલદાર **ફોકસે** બળવો ઉઠાવી **રૂમી** શાહાનશાહ **મૉરીસનું** ખૂન કીધું.

પ્રથમ તો **ફોકસે** બળવો ઉઠાવી **મૉરીસને** પદભ્રષ્ટ કરવાથી **મૉરીસ એશિયા** ખાતે ન્હાસી આવ્યો. તેણે પોતાના બેટા **થીઓડોશિયસને** મદાઇન મોકળી ખુસરોની મદદ મંગાવી; પણ **થીયોડોશિયસ મદાઇન** આવી પુગે ત આગમજ તો **ફોકસે મૉરીસના** પાંચ

બેટાઓને **મૉરીસ**ની નજર આગળ કત્લ કરાવી **મૉરીસ**નું પણ ખૂન કરાવ્યું. **થીયોડોશિયસ** પણ શત્રુઓનો ભોગ થઇ પડયો.

૬૦૨. ખુસરોએ ફોકસના એલચી **લીલીયસ**ને અપમાન કરી બંદીખાને નાખ્યો.

૬૦૩. પોતાના સસરા **મૉરીસ**ના ખૂનનું વેર લેવા મહાત્મા **ખુસરોએ ફોકસ** સામે લડાઈ જાહેર કીધી. **દારા**ના કિલ્લાના રખેવાલ સરદાર **જરમેનસ** સામે ચઢાઈ કરી મહાત્મા **ખુસરોએ દારા**ની મ્હોટી લડાઇમાં **જરમેનસ**ને હરાવી સખ્ત જખમી કીધો.

જરમેનસ પોતાના જખ્મથી મરી ગયો અને તેની જગા પ **લિયોન્ટીયસ** નામે સરદાર નિમાયો.

૬૦૩. રૂમી સરદાર **લિયોન્ટીયસ**ને મ્હોટી લડાઇમાં હરાવી મહાત્મા **ખુસરોએ** તેના લશ્કરના મ્હોટા ભાગને કેદ પકડયો.

૬૦૫. ૯ માસના ઘેરા બાદ મહાત્મા **ખુસરોએ દારા**નો મજબૂત **રૂમી** કિલ્લો ફત્તેહ કીધો.

૬૦૫-૬૦૭. મહાત્મા **ખુસરોએ મરડીન, અમીડા, એડેસ્સા** અને **કારહી**ના પ્રખ્યાત **રૂમી** કિલ્લાઓ જીતી ફના કીધા અને આખું **મેસોપોટેમ્યા** સર કીધું.

૬૦૭-૬૧૧. મહાત્મા **ખુસરોએ સિરિયા** પર ચઢાઇ કરી **હાયરોપોલીસ, એલેપો, કૅલ્ચીસ** અને **એન્ટીઓક**ના મ્હોટા શ્હેરો હાથ કીધા.

મહાત્મા **ખુસરો**ના બીજા **ઈરાની** લશ્કરે **આર્મેન્યા** પર ચઢાઇ કરી **સટાલા** અને **થીયોડોશિયોપોલીસ**ના કિલ્લાઓ સર કરી **કેપેડોશિયા** પર હુમલો કરી તેના પાયતખ્ત **કૅયસરિયા**ને ઘેરો ઘાલ્યો. **ઈરાનીઓએ ફ્રીજ્યા** અને **ગેલેટિયાન રૂમી** પ્રાંતો જીતી લીધા.

૬૧૧. **રૂમીઓએ ફોકસને** પદભ્રષ્ટ કરી સરદાર **હિરેક્લિયસને** ગાદી આપી.

૬૧૧. મહાત્મા **ખુસરોએ સિરિયા** પર ચઢાઈ કરી **સિરિયાના** બચાવ માટે આવેલા **રૂમી** લશ્કરનો સદંતર નાશ કીધો અને **એન્ટીઓક** અને **એપેમિયાના** મ્હોટા શહેરોમાં લૂટ ચલાવી.

શાહાનશાહ **હિરેકલિયસે મૉરીસના** ખૂનીઓને સજા કરવાનું માથે લીધું પણ મહાત્મા **ખુસરોને** પોતાની ફત્તેહો અધુરી રાખવા ગમ્યું નહિ. આથી લડાઈ બંધ નહિ પડતાં વધુ જોશમાં આગળ ચાલી.

૬૧૨. મહાત્મા **ખુસરોએ કેપેડોશિયા** પર ચઢાઈ કરી તેની રાજધાની **કૃયસરિયા** ઘેરો નાખી જીતી લીધું.

૬૧૪. બહાદુર **ઈરાની** સરદાર **શેહેરબર્જે ડમાસ્કસ** હાથ કીધું.

૬૧૫. ચુનંદા સરદાર **શેહેરબર્જે પેલેસ્ટાઈન** પર ચઢાઈ કીધી. ૨૬,૦૦૦ **યહુદીઓએ ઈરાન** તરફથી લડી **જૉરડન** નદીની આસપાસના **રૂમી** પ્રાંતો અને **ગેલીલી** શહેર જીતી લીધાં. ૧૮ દિવસના ઘેરા બાદ બળવાન **શેહેરબર્જે જેરૂસલમનુ** પૂરાતન શહેર તાબે કીધું.

જેરૂસલમની ફત્તેહ બાદ **યહુદીઓએ ખ્રિસ્ટીઓ** તરફના પોતાના વેરભાવથી આખાં શહેરમાં લૂટ ચલાવી; તેઓએ **ખ્રિસ્ટી** દેવળો બાળી નાખી ૧૭,૦૦૦ **ખ્રિસ્ટીઓનો** નાશ કીધો. **શેહેરબર્જે** ૩૫,૦૦૦ રહેવાસીઓને કેદ કરી હજરત **જીસસ ક્રાઈસ્ટને** જે **ક્રોસ** (cross) પર ફાંસી દીધો હતો તે **ક્રોસ** પણ **ઈરાન** મોકલી દીધો.

૬૧૬. નામના ઉડાવનાર પેહેલવાન **શેહેરબર્જે આફ્રીકા** ખંડ પર ચઢાઇ કીધી. **"મિસર દેશની ચાવી-દરવાજો" પેલ્યુશિયમ** શહેર **શેહેરબર્જે** ફત્તેહ કીધું. **નાઇલ** નદીના મુખ આગળનો પ્રદેશ ફત્તેહ કરી **સીકંદરિયા** (**એલેકઝાન્ડ્રિયા**)નું મ્હોટું વેપારી શહેર ઘેરો નાખી તાબે કીધું. **શેહેરબર્જે** આખું

મિસર અને પશ્ચિમે કાર્થેજ અને દક્ષિણે ઈથ્યોપિયા સુધીનો આફ્રીકાનો મુલક જીતી લીધો.

૬૧૬. બીજા ઈરાની સરદાર નામીચા **શાહને (સઇનાએ) એશિયા માઈનર** ફત્તેહ કરી **ચૅલસીડનના** જગપ્રસિદ્ધ રૂમી શહેરને ઘેરો નાખ્યો.

ચૅલસીડન રૂમી શાહાનશાહતના પાયતખ્ત કૉન્સ્ટેન્ટીનોપલથી ફકત અર્ધો માઇલ દૂર હતું. એ બન્ને મ્હોટા શહેરોની વચ્ચે બૉસ્ફોરસની સાંકડી ખાડી આવેલી હતી. જ્યારે ઇરાનીઓએ ચૅલ્સાડનને ઘેરો ઘાલ્યો ત્યારે રૂમીઓની ધાસ્તીનો કશો પાર રહ્યો નહિ. રૂમી શાહાનશાહ સુલેહ ખરીદવા **શાહન** પાસે દોડતો આવ્યો પણ મગરૂર શાહાનશાહ મહાત્મા **ખુસરોએ** તેની માંગણી તુચ્છકારી કાઢી અને લડાઈ ચાલુજ રાખી.

૬૧૭. સરદાર **શાહને ચૅલસીડન** તાબે કીધું.

૬૧૭-૬૨૦. ઈરાનીઓએ કાળા સમુદ્રનો દક્ષિણ કોસ્ટો, **એન્કાઈરા (એંગોરા)** નો મજબુત કિલ્લો અને **રહોડસનો** ટાપુ ફત્તેહ કીધાં.

આ સઘળી ફત્તેહોથી મહાન હખામની શાહાનશાહ **કબૂજિયના** વખ્તમાં ઇરાની શાહાનશાહતનો જે વિસ્તાર હતો તે સઘળાં વિસતાર પર ઇરાની ઝુંડો પાછો ફડફડવા લાગો.

૬૨૦. **રૂમી** શાહાનશાહ **હિરેકલિયસની** ભારે કાકલુદીને માન આપી મહાત્મા **ખુસરોએ રૂમીઓને** સુલેહ બક્ષી. બળવંત **રોમન** શાહાનશાહત **ઈરાની** શાહાનશાહતનું ખંડિયુ રાજ્ય થઇ પડી.

રૂમીઓએ દર સાલ ઈરાનને ૧૦૦ સિક્કાઓ સોનાના, ૧,૦૦૦ રૂપાંના સિક્કાઓ, ૧,૦૦૦ તેજ ચાલના ઘોડાઓ, ૧,૦૦૦ કિંમતી રૂમી ઝભાઓ અને ૧,૦૦૦ ખુબસુરત સાહેલીઓની ખંડણી ભરવાને કબૂલ કીધું. ઈરાનીઓએ એશિયા અને આફ્રીકાના રૂમી પ્રાંતો પર ઈ૦ સ૦ ૬૨૦ થી ૬૨૯ સુધી ૧૦ વર્ષો તળક રાજ્ય કર્યું હતું.

૬૨૧-૬૨૨. રૂમીઓએ ઈરાન પર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી.

આ મૂદત દરમિયાન શાહાનશાહ **હિરેકલિયસે** મ્હોટું લશ્કર ભેગું કીધું અને પોતાના તાજ–તખ્ત ત્યાગ કરીને તેણે કૉન્સ્ટેન્ટીનોપલને છેલ્લું નમન કર્યું અને **સિરિયા** તરફની રાહ પકડી.

૬૨૨. રૂમી શાહાનશાહ **હિરેકલિયસે** ઈરાન સાથે લડાઈ જાહેર કરી **સિરિયા** પર ચઢાઈ કીધી. **આર્મીન્યાની** સરહદ પર થયલી મ્હોટી લડાઈમાં ઈરાની સરદાર **શેહેરબર્જ**નો પરાજય કરી **હિરેકલિયસ** પાછો કૉન્સ્ટેન્ટીનોપલ ફર્યો.

૬૨૩. જંગલી **ખ્ઝર** લોકોની મદદથી ૧,૨૦,૦૦૦ માણસોના લશ્કર સાથે **હિરેકલિયસે આર્મીન્યા** પર હુમલો કીધો.

આ વખ્તે ૪૦,૦૦૦ માણસોના લશ્કર સાથે મહાત્મા **ખુસરો આજરબાઇજાનના** કન્જાકા શ્હેર સૂધી આવ્યો. તેણે **સરદારો શાહન** અને **શેહેરબર્જ**ને **હિરેકલિયસ** સામે લડવા જવા હુકમ કીધો. પણ **હિરેકલિયસે** તેમની નજર ચુકાવી **આજરબાઇજાન** પર ચઢાઈ કરી **ખુસરો** સાથ લડવા ચાહ્યું. આથી **ખોસરૂ આજરબાઇજાન** છોડી **મેસોપોટેમ્યા** (દસ્તગર્દ) તરફ ચાલી ગયો. એથી **હિરેકલિયસ**ને ભારે નાસિપાસી ઉપજી.

૬૨૩. હિરેકલિયસે આજરબાઈજાન પર ચઢાઈ કરી આતશ ખાનાઓ, શ્હેરો અને ગામડાંઓનો નાશ કર્યો. ૫૦,૦૦૦ ઈરાની કેદીઓ પકડી **હિરેકલિયસ અલ્બાનિયા** ખાતે ગયો.

પાછળથી તેણે સઘળાં કેદીઓને છોડી મેલ્યા હતા.

૬૨૪. શાહાનશાહ **ખુસરો**એ **હિરેકલિયસ**ને **અલ્બાનિયા** છોડી પાછો ઈરાન પર ચઢાઇ કરતો અટકાવવા તેની સામે સરદાર **શેહેર અફ્ગન**ને મોકલ્યો.

૬૨૪. શાહાનશાહ **હિરેકલિયસે શેહેર અફ્ગાન** (Shahrapghakan) ની નજર ચુકાવી ઈરાની પ્રાંતો પર

ચઢાઈ કીધી. ઇરાની સરદારોને એકેકથી યુક્તિથી છુટા પાડી **હિરેકલિયસે** ઇરાની સરદાર **શેહેર અફ્ગાન** અને **શેહેર-બર્જને** પ્હેલી લડાઈમાં હરાવ્યા; **હિરેકલિયસે** બીજી લડાઈમાં ઇરાની સરદાર **શાહન**નો પરાજય કર્યો. **હિરેકલિયસે** શેહેરવાનની લડાઈમાં સરદાર **શેહેરબર્જ**નો પાછો સંહાર કરી તે પાછો **રૂમી** પ્રાંતમાં ફર્યો.

૬૨૫. હિરેકલિયસે માર્ટીરોપોલીસ અને **અમીડાન** મજબૂત કિલ્લાઓ પાછા સર કર્યા.

અમીડા ફત્તેહ કરી **હિરેકલિયસે** યુફ્રેટીસ ઓળંગી **સીલી-શિયામાં સારસ** નદીને કાંઠે છાવણી નાખી. અહિંઆ **શેહેરબર્જે** તેની ઉપર હુમલો કીધો.

૬૨૫. સારસ નદીની ખૂનખાર લડાઈમાં સરદાર **શેહે-રબર્જ**ની મ્હોટી હાર થઈ. **હિરેકલિયસ** કેપેડોશિયામાં દાખલ થયો (માર્ચ.)

૬૨૬. મહાત્મા **ખુસરોએ યુરોપમાં ડેન્યુબ** નદીની ઉત્તરે વસતા '**આવાર**' લોકો સાથે અરસપરસની મદદના કોલકરારો કરી **કૉન્સ્ટેન્ટીનોપલ** પર હુમલો કરવા તેમને ઉશ્કેર્યા ઇરાની સરદાર **શેહેરબર્જે કૉન્સ્ટેન્ટીનોપલ** પર ચઢાઈ કીધી. **ખુસરોએ** બીજા ઇરાની સરદાર **શાહનને એશિયા માઈનર રૂમીઓ** સામે લડવા મોકલ્યો.

હિરેકલિયસે પોતાના લશ્કરના ત્રણ ભાગો પાડી એકને કૉન્સ્ટેન્ટીનોપલના બચાવ માટે ત્યાં મોકલ્યો; બીજાને પોતાના ભાઇ **થીયોડોર**ની સરદારી હેઠળ **શાહન** સામે રવાને કીધો; અને ત્રીજા ભાગ સાથે પોતે પાછો **લેઝીકા** જઇ **ખઝર** લોકોના સરદાર **જાઇબેલ** સાથે દોસ્તી કરી તેની મદદ મેળવી.

૬૨૬. હિરેક્લિયસ અને **જાઈબેલે** ઈરાની શ્હેર **ટીફ્લીસને** ઘેરો ઘાલ્યો. ઈરાની સરદાર **શેહેરઅફ્ગને** તેમને **ટીફ્લીસથી** મારી હટાવ્યા.

૬૨૬. રૂમી સરદાર **થીયોડોરે** ઈરાની સરદાર **શાહ-નનો** પરાજય કર્યો. શાહાનુશાહ **ખુસરોની** ઈતરાજીનો ભોગ થઈ બહાદુર વફાદાર શૂરો **શાહન** હૃદયના ફાટવાથી (Heart break) મરણ પામ્યો.

૬૨૬. ઈરાનના મદદગાર '**આવાર**' લોકોએ **બલગેરિયન, સ્લેવ** અને **ગેપીડી** લોકો સાથે ૮૦,૦૦૦ માણસોના લશ્કર વડે **કૉન્સ્ટેન્ટીનોપલને** ઘેરો ઘાલ્યો. તેઓએ **થ્રેસના** રૂમી પ્રાંતને વેરાન કીધો. **કૉન્સ્ટેન્ટીનોપલ** લેવામાં તેઓ નિષ્ફળ નિવડયા.

ઈરાનીઓ પાસે દરિયાઈ બળ નહિ હોવાથી સરદાર **શેહેરબર્જ** કૉન્સ્ટેન્ટીનોપલ ખાતે જઈ શક્યો નહિ. અગરજો ઈરાનીઓ પાસ દરિયાઈ કાફલો હતે તો ઈ૦ સ૦ ૬૧૭ માંજ તેઓ કૉન્સ્ટેન્ટી-નોપલ જીતી લેતે અને રૂમી શાહાનશાહતનો નાશ થવે આખા સુધરેલા યુરોપ પર ઈરાની-પાર્સી ઝુંડો ફડફડી રહેતે. પણ હવે પાર્સી રાજ્યના દહાડા ભરાઈ ચુંકયા હતા. પાર્સીઓના નશીબમાં વધુ ફત્તેહો સરજાયલી નહિ હોવાથી તેઓએ ઈ૦ સ૦ ૬૨૦ આગમજ જેટલું સુખ અને જાહોજલાલી ભોગવી હતી તેટલું ઉપલા વર્ષ પછી દુઃખ અને કમનશીબી ભોગવી.

૬૨૭. હિરેક્લિયસે લેજીકા છોડી (સપ્ટેમ્બર) ૪૦,૦૦૦ ખજર લોકોના મદદગાર લશ્કર સાથે **આજરબાઈજાન** પર ચઢાઈ કીધી. ઈરાની સરદાર **રેહેજાદ રૂમીઓ** સામે લડવા ગયો. **નીનીવેહની** પડોશમાં થયલી વગર હાર–જીતની (Indecisive) લડાઈમાં સરદાર **રેહેજાદ** માર્યો ગયો. **હિરે-ક્લિયસે નીનીવેહ** ફત્તેહ કીધું. **રેહેજાદના** લશ્કરની સર-દારી મહાત્મા **ખુસરોએ શેહેરબર્જને ચેલ્સીડનથી** બોલાવી તેને સોંપી.

આ વખતે ખુસરો પોતાના મ્હોટા લશ્કર સાથે ઈરાનની નવી રાજધાની દસ્તગર્દનો બચાવ કરવા દસ્તગર્દ આતે ઊભો હતો. ખુસરોએ હિરેકલિયસને આગળ વધતો અટકાવવા દસ્તગર્દથી થોડેક દૂર ટોરનાની નેહેર આગળ રેહેજાદવાળું લશકર રાખ્યું હતું. આ લશકર પોતાની નેમમાં નિષ્ફળ ગયું. આથી ખુસરો દસ્તગર્દ છોડી મદાઇન અને મદાઇન છોડી સીલ્યુશિયા તરફ પોતાની પ્યારી માહેરદાર શીરીન અને તેણીના બે બેટાઓ સાથે નાઠો. ખુસરોનાં ન્હાસી જવા બાદ રેહેજાદવાળું લશકર પણ ટોરના છોડી મદાઇનથી ત્રણ માઇલને અંતરે નેહેરવાનની નેહેર આગળ છાવણી નાખી પડયું.

૬૨૮. **હિરેકલિયસે** દસ્તગર્દ પર હુમલો કરી દુનિયાને અજાયબીમાં નાખનારા સુંદર મેહેલોનો નાશ કરી, આખા ગામમાં લૂટ ચલાવી, પાદશાહી જાનવરખાનાઓ ફના કરી મ્હોટો ખજાનો મેળવ્યો. **હિરેકલિયસે** નેહેરવાન તરફ કુચ કરી લડાઈમાં ઉતરવાની હિમ્મત નહિ કરતા, મદાઈન જીતવાનું પડતું નાખી, કન્જાકા તરફની રાહ પકડી (૧૧ મી માર્ચ.) રૂમીઓ ઈરાન છોડી પાછા કૉન્સ્ટેન્ટીનોપલ ચાલી ગયા.

હવે રૂમીઓ સાથની લડાઈ બંધ પડી. તેઓની મહાભારત ફત્તેહો છતા મહાત્મા ખુસરોએ જીતેલા સખ્યાંબંધ રૂમી પ્રાંતોમથી એક પણ પ્રાંત તેઓ પાછો લઇ શકયા નહિ. ઈરાનીઓએ કબજામાં રૂમી પ્રાંતો ઇ૦ સ૦ ૬૨૯ સુધી પોતાના સ્વાધીનમાં રાખ્યાં અને જ્યાં સુધી તેઓએ તે પ્રાંતો રૂમીઓને પાછા આપ્યા નહિ ત્યાં સુધી રૂમીઓએ તે લેવાની હિમ્મત કીધી નહિ.

૬૨૮. ઈરાની ઉમરાઓએ બળવો ઉઠાવી મહાત્મા **ખુસરોને** પદભ્રષ્ટ કીધો (૨૪ મી ફેબ્રુઆરી.) તેઓએ **ખુસરોના** **મરિયમને** પેટના બેટા **કોબાદ** (શીરોય) ને તખ્તનશીન કીધો. **કોબાદે ખુસરોના** બીજા બેટાઓને તેની નજર આગળ કત્લ કરાવ્યા. નાફરમાન **કોબાદે સાસાની** શાહાનશાહોમાં સર્વથી ફત્તેહમંદ પણ સર્વથી કમનશીબ, લડાયક, હિમ્મતવાન પણ મગરૂર અને તુંદ મીજાજના નામચીન શાહાનશાહ મહાત્મા

ખુસરો પર્વિજનું મેહેર હોરમજ નામના કંગાલ ખૂની પાસે ખૂન કરાવ્યું (૨૮ મી ફેબ્રુઆરી.)

મહાત્મા **ખુસરો** સઘળાં ઈરાની શાહાનશાહોમાં સર્વેથી તવંગર હતો. તેની જાહોજલાલી અને ખજાનાનો કશો પાર હતો નહિ તેના પાદશાહી મેહેલોના નાદર ખંડિયરો આજે પણ સુધરેલા મુસાફરોને અજાયબીમાં ગરકાવ કરે છે. તેના મેહેલોનો ભપકો અને રેસાલો અચુક હતો. તેની નામના આખી સુધરેલી દુનિયા પર ફેલાયલી હતી. તેની સત્તા તે વખ્તે જણાયલા એશિયા અને આફ્રીકાના ખંડોના મ્હોટા ભાગપર ફેલીયલી હતી. ચીનનો શાહાનશાહ અને દખણનો મહારાજા **પુલીકરેન** ખુસરોના ખાસ દોસ્તો હતા. મહાન પાર્સી શાહાનશાહોમાં તે છેલ્લો હતો. તેના તેજસ્વી સૂર્યના અસ્ત પામવાથી આખી ઈરાની શાહાનશાહતમાં અંધકાર વ્યાપી રહયો કે જે અંધકારને ૨૦ મી સદીનો, સુધારો પણ નાબુદ કરી શકયો નથી.

ઈરાનના છેલ્લા નબળા શાહાનશાહો.

ઇ૦ સ૦ ૬૨૮ (ફેબ્રુઆરી) થી ૬૩૨ (જુન.)

૪ વરસ અને ૪ માસ.

૬૨૮. **ખુસરોનો** બેટો '**કુંવાત**' (**કોબાદ**) તખ્ત-નશીન થયો (૨૫ મી ફેબ્રુઆરી.)

૬૨૮. **કોબાદે** સરદાર **શેહેરબર્જે** લૂટેલો કુરૂસ (cross, રૂમી શાહાનશાહ **હિરેકલિયસને** પાછો આપી રૂમીઓ સાથે સુલેહ કીધી.

વળી **કોબાદે** મહાત્મા **ખુસરોએ** જીતેલા રૂમી પ્રાંતો (મિસર, એશિયા માઈનર, સિરિયા, પેલેસ્ટાઈન અને મેસોપોટેમ્યા) પાછા રૂમીઓને સ્વાધીન કરવા કબૂલ કીધું; પણ સરદાર **શેહેરબર્જ** જે એ પ્રાંતોનો હાકમ હતો તેણે એ પ્રાંતો રૂમીઓને સોંપવાને સાફ ના પાડી. અને શેહેરબર્જનો દમામ અને દરજ્જો ભારે હોવાથી રૂમીઓ તેને કશું કરી શક્યા નહિ.

૬૨૮. **કોબાદ** મર્કીથી મરણ પામ્યો. તેનો ૭ વરસનો ન્હાનો બેટો **અર્દશીર** ગાદીએ આવ્યો. ઈરાની અમીરોએ **પીરોજ-ખુસરોને** રાજ્યરક્ષક (Regent) નિમ્યો (નવેમ્બર.)

અર્દશીરની નેમણુંકથી **શેહેરબર્જ** ઘણો ગુસ્સે થયો. તેની મરજી ઈરાનનુ તખ્ત હાથ કરવા ની હતી. આથી તેણે રૂમી શાહાનશાહ હિરેકલિયસ સાથે દોસ્તી કરી ઈરાન પર ચઢાઈ કરવાની તૈયારીઓ કરવા માંડી. તેણે હિરેકલિયસ સાથે સગાઈ કરી ઈરાન ફત્તેહ થવે સઘળાં રૂમી પ્રાંતો તેને સ્વાધીન કરવા કબૂલ કીધું. હિરેકલિયસે ફેરાજ (શેહેરબર્જનું ફીરદોસીએ આપેલું નામ) ના બેટાને 'પેટ્રીશિયન' (ઉમરા)નો ભપકામંદ ખિતાબ બક્ષ્યો. આ પછી **શેહેરબર્જે** (**ફેરાજે**) **પીરોજ-ખુસરો** પર **અર્દશીરને** પદભ્રષ્ટ કરવા ધમકીભર્યું નામું લખ્યું.

૬૨૯. રાજ્યરક્ષક **પીરોજ-ખુસરોએ** નિર્દોષ શાહાન-શાહ **અર્દેશીરને** ગુંગલાવી મારી નાખ્યો. ઈરાની ઉમરાઓએ **શેહેરાન-ફેરોજ** નામના અનુભવી ઇરાની સરદારને તખ્ત આપ્યું.

૬૨૯. સરદાર **શેહેરબર્ઝે** ૬૦,૦૦૦ માણસોના લશ્કર સાથે ઇરાન પર ચઢાઈ કરી **શેહેરાન-ફેરોજને** પદભ્રષ્ટ કરી ખજાનો લૂટી પોતે ઈરાનના પાદશાહી તખ્ત પર બેઠો.

શેહેરાને ફક્ત ૫૦ દિવસ રાજ્ય ચલાવ્યું હતું. **શેહેરબર્ઝે** રૂમી પ્રાંતો રૂમીઓને પાછા સ્વાધીન કરી દીધા. તેનો અમલ બેદાદીભર્યો હતો તેથી તેની રૈયતો તેનાથી કંટાળી ગઇ. ઇરાને આપી દીધેલા રૂમી પ્રાંતો પર રૂમીઓ લાંબો વખ્ત હાકમી ભોગવી શકયા નહિ કારણકે ઇ૦ સ૦ ૬૩૦ માં આરબોએ સિરિયા પર ચઢાઈ કીધી અને થોડાક વર્ષોમાં તો તેઓ સિરિયા, મિસર મેસોપોટેમ્યા વિગેરે પ્રાંતોના માલેક થઈ પડયા.

૬૨૯. ઈરાની લશ્કરે બળવો ઉઠાવી **શેહેરબર્ઝને** કત્લ કીધો. મહાત્મા **ખુસરૂનો** નબીરો **ખુસરો (કસરા)** ગાદીનશીન થયો.

૬૩૦. ૩ માસ અમલ ભોગવી **ખુસરો** મરણ પામ્યો. મહાત્મા **ખુસરોની** બેટી **પુરાનદોખ્ત** તખ્તનશીન થઇ.

પુરાનદોખ્ત બેહદ ખુબસુરત અને ભણેલી હતી. તેણીનો લગભગ ૭ માસનો અમલ ખુબીભર્યો હતો. **પુરાનદોખ્તના** અમલની મૂદત નક્કી જણાઈ નથી.

૬૩૧. શાહાનશાહબાનું **પુરાનદોખ્ત** માંદગી ભોગવી મરણ પામી. તેણીનો પીત્રાઇ **શેહેનદેહ** ગાદીએ આવ્યો. (જાન્યુઆરી.)

૬૩૧. **શેહેનદેહ** મરણ પામ્યો. મહાત્મા **ખુસરોની** બીજી બેટી **આર્જેમીદોખ્ત** ગાદીનશીન થઇ (માર્ચ.)

આર્જેમીદોખ્તે પોતાના ટૂંક અમલમાં ઈરાનની હાલત સુધારવા તરફ ઘણી કોશેશો કીધી પણ **સરકશ** ઈરાની ઉમરાઓ અને છકેલ રૈયત આગળ તેણીની સઘળી રૂડી કોશેશો વ્યર્થ ગઇ.

૬૩૧. આર્જેમીદોખ્ત મરણ પામી. **જોહરમનો** શાહજાદો **ફ્રરોખજાદ** તખ્તે આવ્યો (મે.)

૬૩૧. ફ્રરોખજાદ મરણ પામ્યો. **ખુસરો** ગાદીએ બેઠો (જુલાઇ.)

૬૩૧. ખુસરો મરણ પામ્યો. **હોરમજ** પાંચમો ગાદીએ બેઠો (સપટેંબર.)

૬૩૨. હોરમજ મરણ પામ્યો. ઈરાની ઉમરાઓએ મહાત્મા **ખુસરો**ના બેટા **શેહેરયાર**ના બેટા **યજદેજર્દ**ને તેની છુપાવવાની જગોએથી શોધી કાઢી ઈરાનની ગાદીએ બેસાડયો (૧૬ મી જૂન: **અસ્પંદારમદ** માસ, **અશીશવંઘ** રોજ.)

"ઇસ્દીકતી."

યજદેજર્દ (શેહેરયાર) ૩.

ઈ૦ સ૦ ૬૩૨-૬૫૧.—૧૯ વરસ.

ઇરાનનો છેલ્લો સાસાની શાહાનશાહ.

૬૩૨. હજરત પેગમ્બર **મહુમ્મદ** મરણ પામ્યો.

મહુમ્મદનો જન્મ ૫૬૯ માં થયો હતો. એની આગમન અરબસ્તાનના રહેવાસીઓ (આરબો) ની હાલત ઘણીજ કંગાલ હતી. તેઓની હાલત ભટકતા જંગલીઓના જેવી હતી. તેઓ મૂર્તિપૂંજક હતા. તેઓ જાતે બહાદુર હોવા છતા કોઇ મહાન પુરૂષની ગેરહાજરીથી આપસઆપસમાં પુષ્કળ ખૂનરેજી કરતા. તેઓનો મ્હોટો ભાગ ઇરાનને તાબે હતો. પેગમ્બર સાહેબ **મહુમ્મદે** એવા જંગલી આરબોમાં પોતાનો એક ખોદાને માનવાનો ધર્મ ફેલાવી સઘળાં આરબોને ધર્મના ગાઠથી જોડી દીધા. આરબો અસલથીજ ઝનુની હતા તેમાં એક ખોદાને માનવાના આકીનથી વધારો થયો. તેઓ સઘળાં મૂર્તિપૂજકોને પોતાના ખોદાનાં દુશ્મનો સમજી તેમનો નાશ કરવામાં સવાબ સમજવા લાગ્યા. પેગમ્બર મહુમ્મદની રાહબરી તળે તેઓએ અરબસ્તાનને પરદેશી અમલની જુસર માંથી છુટું કર્યું. અરબસ્તાનને સ્વતંત્ર કરી તેઓએ ઇરાની અને રૂમી શાહાનશાહતો તરફ પોતાની નજર ફેરવી. એ બન્ને શાહાનશાહતો ફના કરવાનું તેઓના નશીબમાં સરજાયલું હોવાથી ઇરાનીઓ કે રૂમીઓ આ સુસવાટનું માસ ખાનારા જંગલીઓ સામે ટકી શકયા નહિ.

૬૩૨. અબુ બેકર ખલીફ (મહુમ્મદનો ધર્મ પાળી નારાઓનો વડો) નિમાયો.

અબુ બેકરે સિરિયા ફતેહ કરવા આરબ સરદાર અબુ ઓબી-દાહને ઈ૦ સ૦ ૬૩૪ માં મોકલ્યો. આરબો સામે રૂમીઓ ટકી શકયા નહિ.

૬૩૪. **હીરા**નો ખાંડિયો **આરબ** રાજા **મોસેન્ના** બળવો ઉઠાવી **આરબો**ને મળી ગયો. **આરબ** સરદાર **ખાલેદે** ૨,૦૦૦ માણસોના **આરબ** લશ્કર સાથે ઈરાની સરદાર **આસાદ** **સુબેહ**ના ન્હાના લશ્કરને હરાવી **હીરા** શ્હેર જીતી લીધું.

૬૩૪. **આરબો**ના ૧૮,૦૦૦ માણસોના લશ્કરે **ઓબો-લ્લા**ના મ્હોટા વેપારી શ્હેરના હાકમ **હોરમજ**ની ૨૦,૦૦૦ માણસોની ફોજને હરાવી **ઓબોલ્લા** ફત્તેહ કીધું. **ખાલેદે** **પેરીસાબોર** (**અંબાર**) શ્હેર હાથ કીધું.

આ ફત્તેહોથી **આરબો**ના હાથમાં ઈરાની અખાત અને યુફ્રેટિસ નદીપર આવેલા **હીટ** શ્હેર વચ્ચેનો ઈરાની મુલક આવ્યો. **આરબો**એ એ મુલકને 'સવાદ'નું નામ આપ્યું. આ ફત્તેહો પછી **અબુબેકરે** **ખાલેદ**ને સિરિયા મોકલ્યો.

૬૩૪. **અબુબેકર** મરણ પામ્યો. **ઓમર** ખલીફ નિમાયો.

૬૩૪. ખલીફ **ઓમરે** **આરબ** સરદાર **અબુઓ-બીદાહ-**બીન-**મસઉદ**ને ઇરાકનો ઈરાની પ્રાંત ફત્તેહ કરવા મોકલ્યો. **યઝદજર્દે** સરદાર **રૂસ્તમ**-ઇબ્ન-**ફરરોખજાદ**ને ૩૦,૦૦૦ માણસોના ઈરાની લશ્કર સાથે **આરબો** સામે લડવા મોકલ્યો. **રૂસ્તમે** સરદાર **જાબાન**ને **આરબો** સામે મોકલ્યો; **જાબાને** ૪૦૦૦ "**માહાજરીન**" **આરબો**ને કત્લ કીધા પણ લડાઈમાં હાર થવાથી **મુસલમાની** ધર્મ અંગીકાર કરી **આરબો** સાથે મળી ગયો. **જાબાન**ની જગોએ નિમાયલા સરદાર **જાલીનુસે** **આરબો**થી માર ખાધો.

રૂસ્તમે **જાલીનુસ**ની મદદે બહાદુર ઈરાની સરદાર **બહમન** **જાદુ**ને ૩૦,૦૦૦ સ્વારો સાથે મોકલ્યો. **આરબો**માં શરૂઆતમાં **બહમન**ના લશ્કરથી ભારે ખાસ્તી ફેલાઇ પણ તેમના સરદાર

અબુઓબીદાહે **યુફ્રેટિસ** પસાર કરવા તેના પર પુલ નાખ્યો, અને આરબો પુલ પસાર કરી **બહમન**ની ફોજ સાથ લડવા આવ્યા.

૬૩૪. 'પુલની' મહાભારત લડાઈમાં **આરબો**ની મ્હોટી હાર થઈ, તેમનો સરદાર **અબુ ઓબીદાહ** માર્યો ગયો, ૪૦૦૦ **આરબો**નો નાશ થયો અને **આરબો**એ ન્હાસી "**સવાદ**"માં આશરો લીધો.

૬૩૫. નવા **આરબ** સપેહસાલાર **મોસેન્ના**-ઇબ્ન **હારેસે** **મદીના**થી આવેલા **આરબ** લશ્કરની મદદથી **યુફ્રેટિસ** નદીની આસપાસનો ઇરાની મુલક લૂટયો.

૬૩૫. શાહાનશાહ **યજદેજર્દે** સરદાર **મેહેરાન**-બીન-**માહરૂએ**ને ૧૨,૦૦૦ બહાદુર સ્વારો સાથે **મોસેન્ના** સામે લડવા મોકલ્યો. **હીરા**ની પ્હેલી લડાઈમાં **આરબો** જબરો માર ખાઇ નાઠા. **હીરા**ની બીજી લડાઈમાં ચુનંદો **મેહેરાન** બહાદુરીથી લડતા માર્યો ગયાથી **ઈરાનીઓ** નાસિપાસ થઇ માર ખાઇ **મદાઇન** નાઠા.

૬૩૫. લુટારા **આરબો**એ **બગદાદ**નું મ્હોટું સોદાગરી બજાર લૂટયું.

૬૩૬. સરદાર **મોસેન્ના** મરણ પામ્યો. શાહાનશાહ **યજદેજર્દે** ઈરાની શાહાનશાહતના સઘળાં **આરબો**નો નાશ કરી **રૂસ્તમ**-ઈબ્ન-**ફરરોખજાદ**ને ૧,૨૦,૦૦૦ના મ્હોટા લશ્કર સાથે **આરબો** સામે લડવા મોકલ્યો.

આ વખ્તે નવા આરબ સરદાર **સાઆદ**—ઈબ્ન **અબુવકકાસે** **એલચી**ઓ મોકલી શાહાનશાહ **યજદેજર્દ**ને મુસલમાની ધર્મ અંગીકાર કરવા ઇજન કર્યું જે માંગણી **યજદેજર્દે** ધીક્કાર સાથ ના પાડી. આ પછી **રૂસ્તમે** 'સવાદ' પ્રાંતમાં, નદજફના સરોવરને પૂર્વ કિનારે આવેલા **કાદસિયા** ગામ તરફ કુચ કરી ત્યાં પોતાની છાવણી નાખી

રૂસ્તમનું લશ્કર જો કે મ્હોટું હતું તોપણ તેમાં કશો દમ હતો નહિ. રૂસ્તમને આરબો સાથે અત્રે લડાઈ થઈ. દરફ્શે કાવાનો યાદગાર ઝુંડો આ વખ્તે ઈરાની લશ્કર સાથે હતો.

૬૩૬. કાદસિયાનું જગપ્રસિદ્ધ મહાભારત યુદ્ધ ચાલ્યું. **"આરમાસ"** (પ્હેલા દિવસ)ની લડાઈમાં હાથીઓની મદદથી ઈરાનીઓ જીત્યા. **"એગવાસ"** (બીજે દિવસના) ના જંગમાં આરબોની મ્હોટી હાર થઈ. **"એગમાસ"** (ત્રીજે દિવસ)ના યુદ્ધમાં ઈરાનીઓએ ફત્તેહ મેળવી. ચોથે દિવસની કમનશીબ લડાઈમાં **આરબો**ની ફત્તેહ થઈ; સરદાર **રૂસ્તમ**-ઇબ્ન-**ફ્રરોખજાદ** **આરબો**ને હાથ કત્લ થયો; જગપ્રસિદ્ધ ઈરાની ઝુંડો-**દરફ્શેકાવાનો** **આરબો**એ નાશ કર્યો; બેસુમાર બેમુળો કિંમતી ખજાનો જંગલી **આરબો**એ હાથ કીધો; અને ઈરાની લશ્કર ન્હાસભાગમાં પડયું.

૬૩૬. **રૂસ્તમ**ની મદદે આવતા બહાદુર સરદાર **તુખારજાને** **આરબ** સરદાર **જુહીર**—બીન—**સલીમ**ના **આરબ** લશ્કરને હરાવ્યું પણ **તુખારજાન**ના કત્લ થવાથી ઈરાનીઓ ન્હાસભાગમાં પડયા. કાદસિયાથી ન્હાસતા **જાલીનુસ**ની સરદારી હેઠળના ઈરાની લશ્કરને **આરબ** સરદાર **સોહરાએ** **હરરાર**ની લડાઇમાં હરાવ્યું. **કીસ**—બીન—**જુહીરે** ઈરાની સરદાર **જલુસ**ના લશ્કરનો નાશ કીધો.

કાદસિયાની ફત્તેહથી આરબોના હાથમાં યુફ્રેટિસ નદીની ડાબી બાજુનો ઇરાની મુલક આવ્યો. એ ફત્તેહ પછી ઇરાનીઓ અને આરબો વચ્ચે ૧॥ વરસ સૂધી કશી લડાઇઓ થઇ નહિ.

૬૩૬. સવાદના **આરબ** પ્રાંતમાં '**બસરા**' નું નવું **આરબ** શ્હેર **એત્બેહ**-ઇબ્ન **ઓત્બેહે** બાંધવાનું શરૂ કર્યું.

૬૩૭. સરદાર **સાઆદે** કાદસિયા, કુફા, **અંબાર** પસાર કરી, યુફ્રેટિસ ઓળંગી **મદાઈન** તરફ કુચ કીધી. **યઝદેજર્દ** મદાઈનમાં **રૂસ્તમ**ના ભાઈ **ખુરઝાદ**ને શહેરનો બચાવ કરવા રાખી **મદાઇન** છોડી **જલુલા** ગયો. **સાઆદે** ૬૦,૦૦૦ **આરબો**ના મ્હોટા લશ્કર સાથે **મદાઈન** પર ચઢાઈ કરી **ખુરઝાદ**ને હરાવી. **મદાઇન**ને લૂટી બાળી તેનો નાશ કરી રૂપિયા ૨૫, ૨૦,૦૦,૦૦૦ ની કિંમતની લૂટ મેળવી.

ખુરઝાદ ન્હાસી હોલ્વાનના બચાવ માટે સરદાર **મેહેરાન** ઇબ્ન **બેહુરામ** રાજીની સરદારી તળે ભેગા મળેલા ઈરાની લશ્કરને જઈ મળ્યો. હોલ્વાન જાગ્રોસના પર્વતોની તળેટીમાં આવ્યું હતું.

૬૩૭. ઓમરના હુકમથી **સાઆદે આરબ** સરદાર **હાશમ**ને ૧૨,૦૦૦ આરબો સાથે હોલ્વાન જીતવા મોકલ્યો. તેણે **જલુલા**ની લડાઇમાં ઇરાનીઓને ભારે બહાદુરીથી લડવા છતા હરાવી મ્હોટો ખજાનો હાથ કીધો. **યઝદેજર્દ** હોલ્વાનના કિલ્લાનો બચાવ કરવા સરદાર **ખુસરૂ સુમ**ને હોલ્વાન રાખી પોતે એ શહેર છોડી **રએ** (**મીડિઆ**) ગયો.

૬૩૭. ઈરાની સરદાર **ખુસરૂ સુમે** હોલ્વાન છોડી (**આરબ**) **કુએકાએ** પર હુમલો કીધો. **કેસર—એ—શીરીન**ની લડાઇમાં **આરબ** સરદાર **કુએકાએ** ઈરાનીઓનો સંહાર કરી હોલ્વાન તાબે કીધું. **આરબોએ શીરવાન**, **તકરીત** વિગેરે શહેરો હાથ કીધા.

ઉપલી ફત્તેહોથી આરબો સુસાથી નિનિવેહ સુધીના ઇરાની મુલકના માલેક થયા. એ પછી પાછી ૧॥ વરસ સુધી લડાઇ બંધ પડી. આરબ સપેહસાલાર સાઆદને મદાઈનમાં થોભવાનો **ઓમરે** હુકમ કીધો પણ ત્યાંની હવા આરબોને માફક નહિ આવવાથી ખલીફની રજાથી સાઆદે હીરાની ઉત્તરે કુફા ગામમાં લશ્કરી મુકામ કીધો (૬૩૮.)

૬૩૮. **આરબોએ કુફા** શહેર વસાવ્યું.

૬૩૯. **બસરા**ના નવા **આરબ** હાકેમ **ઓત્બાએ** **સુસિયાના** પર ચઢાઈ મોકલાવી. **આરબો**એ **સુસિયાના**ના હાકેમ **હોરમજ**ને બે લડાઈઓમાં હરાવી **અહવાજ઼** અને **સુસિયાના**નો ઘણોક મુલક ફત્તેહ કીધો.

૬૩૯. **બાહરીન**ના ટાપુ અને પ્રાંતના **આરબ** હાકેમ **આલાએ** દરિયો ઓળંગી **પારસ**ના પ્રાંત પર ચઢાઇ કરી લૂટફાટ ચલાવી. **પારસ**ના બહાદુર હાકેમ **શેહરેગે** **આલા**ને હરાવી લૂટ પાછી મેળવી તેને કોસ્ટા તરફ ન્હસાડયો.

૬૪૦. **અહવાજ** (**સુસિયાના**)ના હાકેમ **હોરમજ઼ે** **આરબો**ને નબળા પાડયા. **પારસ**નો હાકેમ **શેહરેગ** **હોરમજ઼**ની મદદે આવ્યો. **હોરમજ઼** **આરબો**એ જીતેલા પોતાના પ્રાંતો પાછા મેળવતા નિષ્ફળ થઇ **શુશ્તર** શ્હેરમાં ભરાઇ બેઠો. **આરબો**એ **શુશ્તર**ને ઘેરો ઘાલ્યો. **આરબો**એ છ માસ સૂધી ઘેરો ચાલું રાખી ૮૦ હુમલા (લડાઇ) માં માર ખાઈ આખરે એક બદમાશ **ઈરાની**ના દગાથી કિલ્લો જીતી લીધો. **સુસિયાના** પ્રાંત **આરબો**એ ફત્તેહ કીધો.

૬૪૧. ખલીફ **ઓમરે** **સાઆદ**ને **મદીના** બોલાવી લઈ તેની જગાએ **અમ્માર**—ઇબ્ન—**યાસર**ને નિમ્યો.

૬૪૧. **ઈરાની** હાકેમોની મદદથી સરદાર **ફીરૂજાને** **નેહાવંદ**ના (**હમદાન**ની દક્ષિણે ૫૦ માઈલ દૂર) ગામડાંમાં ૧,૫૦,૦૦૦ માણસોનું **ઈરાની** લશ્કર ભેગું કીધું. ખલીફ **ઓમરે** **નોઅમાન**-ઇબ્ન-**મકરન**ને ૩૦,૦૦૦ **આરબો**ના લશ્કર સાથે **અમ્માર**-ઇબ્ન-**યાસર**ની મદદે મોકલ્યો. **નેહાવંદ**ની ખનખાર યાદગાર, જગપ્રસિદ્ધ મહાભારત લડાઇમાં **ઈરાનીઓ** હાર્યા અને **સાસાની** શાહાનશાહતની આખેરી આવી.

આ લડાઈમાં પ્રખ્યાત આરબ સરદારો **નોઅમાન** તથા **ઓમરૂ** **માઅદી કુરબ** અને પસિદ્ધ ઇરાની સરદાર **નોશજાન** માર્યા ગયા. આ ફત્તેહથી આરબોએ **નેહાવંદ**નું પ્રગણું ફત્તેહ કરી મ્હોટી લૂટ મેળવી.

૬૪૨. **નેહાવંદ**થી ન્હાસી **હમદાન** ખાતે ભેગા મળેલા **ઇરાની** લશ્કરનો **આરબ** સરદાર **હદીકે**એ પરાજય કર્યો. **હદીકે**ની જગાએ નિમાયલો સરદાર **નુહાઇમ-બીન-મકરીને** **હમદાન**ના દેશહિતકારી **ઇરાની** હાકમને હરાવી **હમદાન** હાથ કીધું.

૬૪૨. સરદાર **નુહાઈમે** **રએ** તરફ કુચ કીધી. શાહાનશાહ **યઝદેઝર્દ** **રએ**નો બચાવ કરવા નામાંકિત ચુનંદા હાકમ **સીયાવશ-બીન-બેહરામ**ને **રએ** રાખી પોતે **ઈસ્ફાહાન** તરફ નાઠો. **આરબો**એ **રએ**ના બેવફા, નીમકહરામ, તવંગર **ઈરાની** **જઇન**ના દગાથી **રએ** ફત્તેહ કીધું; દેશહિતકારી **સીઆવશ** **રએ**નો બચાવ કરતા બહાદુર મોતે મૂઓ; **આરબો**એ **જઇન**ને **રએ**ની હાકમી બક્ષી. **કુમ**, **દમગાન**, **ગોરગાન** અને **તબ્રીસ્તાન**ના પ્રાંતો **આરબો**ને તાબે થયા.

૬૪૨. **આરબો**એ **આઝરબાઈજાન** પર ચઢાઇ કરી, આતશખાનાઓ ભાંગી-બાળી નાખી, આખા પ્રાંતમાં લૂટ ચલાવી. **જરથોસ્તી** ધર્મગુરૂઓ (મુબદો-માજીઓ) ની નાશકારક કત્લ ચલાવી.

આ ફત્તેહો પછી આરબોએ કોહેકાફ પર્વતો વટાવી એ પર્વતોની પેલી મેર વસતા 'યાજુજ' અને 'માજુજ' લોકોના મુલક પર ચઢાઈ કરી તેમના "બુલંદ-શ્હેર" નામે કિલ્લાને ઘેરો નાખ્યો.

૬૪૨. "બુલંદ-શ્હેર"ની આસપાસ વસતા જંગલીઓએ **આરબ** સરદાર **અબદુલ રેહમાન** પર મ્હોટી ફત્તેહ મેળવી તેને કત્લ કીધો અને **આરબ** લશ્કરનો નાશ કરી તેને

ન્હાસભાગમાં નાખ્યું. **સેલમાન આરબ** લશ્કરનો સરદાર નિમાયો.

૬૪૨. ફીરોજ નામના ઈરાનીએ ખલીફ **ઓમરનુ** ખૂન કીધું. **ઉસ્માન** ગાદીએ આવ્યો.

૬૪૩. આરબોએ દક્ષિણ **ઈરાન**, **કેરમાન**, **સીસ્તાન**, **મક્રાન** અને **કુર્દીસ્તાન**ના પ્રાંતો જીતી લીધા.

ઈસ્ફહાને **આરબો**ને ઘણી બૂમ પડાવી પણ **આરબો** આગળ તેનું કંઈ વળ્યું નહિ. **યજદેજર્દ** આથી ઈસ્ફહાન છોડી ઇસ્તખ્ર નાઠો.

૬૫૧. ઈસ્તખ્રના ધર્મિષ્ટ જરથોસ્તીઓએ **આરબો** સામે બળવો ઉઠાવ્યો. **આરબોએ યજદેજર્દ**ને હરાવી **ઈસ્તખ્ર**ના હાકમ **શાહરેગ**ને કત્લ કીધો.

આ હારથી **યજદેજર્દ** નાસિપાસ થઇ **મર્વ** ખાતે નાઠો.

૬૫૧. યજદેજર્દ જીહુન ઓળંગી **ચીન** તરફ **તાતારી ખાન**ની મદદ મેળવવા ગયો. **તાતારીઓ યજદેજર્દ**ને મદદ આપવા **બલ્ખ** આવ્યા. કોઈ બદમાશના ભમાવ્યાથી તેઓ પાછા ફર્યા.

૬૫૧. યજદેજર્દ મર્વ (**ખોરાસાન**) છોડી **જીહુન** નદીપરનાં **મર્વ** તરફ નાઠો.

મર્વના હાકમ **માહુએસુરીએ** ઇરાની તખ્ત હાથ કરવાની મતલબથી **યજદેજર્દ** તરફ બેવફાઇ બતાવી પોતાના બુરા કામમાં મદદ કરવા **સમરકંદ**ના તુરાની (જરથોસ્તી) હાકમ **બેજન**ને ઇજન કર્યું.

૬૫૧. સમરકંદના પાદશાહ **બેજને જીહુન** ઓળંગી શાહાનશાહ **યજદેજર્દ** પર હુમલો કીધો. તેની સાથે ભારે

બહાદુરીથી લડતા બેશરમ **માહુના** દગાથી હાર પામી આ **સાસાની** લોહીના છેલ્લા ટીપા (**યજદેજર્દે**) એ **ખુસરો** નામના કંગાલ આટો દળનારાના તેવાજ કંગાલ ઝુપડાંમાં આશરો લીધો!! નાપાક **માહુની** ઉશ્કેરણીથી ચીઠડેહાલ મોહતાજ **ખુસરોએ ઈરાની** શાહાનશાહતના છેલ્લા વીર, **પારસીઓના છેલ્લા શાહાનશાહ,** કમનશીબ, દુ:ખી પણ દેશહિતકારી, ધર્મીષ્ટ **યજદેજર્દ શેહેરયારનું** કમકમાટભર્યું ખૂન કર્યું. **ઈરાની** શાહાનશાહતના છેલ્લા સેતારાના અસ્ત પામવા પછી **સાસાની–પારસી શાહાનશાહતનો અંત આવ્યો.** (૨૩ મી ઑગસ્ટ ૬૫૧, યજદેજર્દી સને ૨૦.)

યજદેજર્દના મરણ બાદ **માહુએ** ઈરાનના શાહાનશાહનો ઇલ્કાબ ધારણ કર્યો, પણ **સમરકંદના** હાકમ **બેજને યજદેજર્દનું** વેર લઈ માહુને ખરાબ મોને મારી નાખ્યો. **દગો કોઈનો સગો નહિ!**

સાસાની શાહાનશાહતની વંશાવળી.

(૧) અર્તશત્ર (બાબેગાન) ૧

(૨) શાહપુહરી ૧

(૩) અઉહરમજદી ૧.

(૪) વરહરાન ૧.

(૫) વરહરાન ૨.

(૬) વરહરાન ૩.

(૭) નરસહી.

(૮) અઉહરમજદી.

(૯) શાહપુહરી ૨.

(૧૦) અર્તહશત્રી ૨. (૧૧) શાહપુહરી ૩. (૧૨) વરહરાન ૪.

(૧૩) ઇસ્દીકર્તી ૧.

(૧૪) વરહરાન ૫.

(૧૫) યજદકર્તી ૨.

(૧૬) અઉહરમજદી ૩. (૧૭) પીરોજ. (૧૮) વલકાશી

(૧૯) કવાત ૧. (૨૦) જામાસ્પ

(૨૧) અનુશેરવાન

(૨૨) અઉહરમજી

(૨૩) ખુસરૂઇ

(૨૪) કવાત ૨. (૨૬) પુરાન દોખ્ત (૨૭) આર્જેમી દોખ્ત શેહેરિયાર

(૨૫) અર્તક્ષાત્ર (૨૮) યજદકર્તિ ૩.

વોલ્યુમ ૧ લું સમાપ્ત.